# નવતત્વ ચિંતન ભાગ-૪

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૩)

• લેખક-સંપાદક •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૭૬

# નવતત્વ ચિંતન ભાગ-૪

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૩)

**પ્રવચનકાર**

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**સંકલનકાર**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

**સહાયક**

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી

**પ્રકાશક**

પદાર્થ દર્શન ટ્રસ્ટ
૧૧૯૮, લક્ષ્મીનારાયણની પોળ,
રાજામહેતાની પોળમાં,
કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં- ૯૩૭૬૧૬૭૮૮૮

પુસ્તક-૭૬મું

**નવતત્વ ચિંતન ભાગ-૪**

**(પુણ્યતત્વ ચિંતન ભાગ-૩)**

વીર સં-૨૫૩૫

સને-૨૦૦૯

સંવત-૨૦૬૫

આસો સુદ-૧૩

કિંમત

**રૂા ૧૨૦.૦૦**

સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન

ટાઈપ સેટીંગ

**દિવ્યેશ શાહ**

મુદ્રક

**નવપ્રભાત**

**પ્રીન્ટીંગ પ્રેસ**

ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧.

ટે.ન.-૨૫૫૦૮૬૩૧

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે, સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ● ફોન નં- ૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨

મોબાઇલ નં. ૯૩૭૭૭૯૬૮૬૭ ● ઇ મેઇલ - bshah@metrotelworks.com

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફલેટસ્, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.

ઇ મેઇલ - nautam@nautam vakil.Com.

વેબસાઇટ - www.nautam vakil.Com.

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

૨૪, સ્નાત્ર ફ્લેટસ, ૩, જૈનનગર, સંજીવની હોસ્પીટલની સામે, પાલડી, અમદાવાદ-૭.

ફોન: ૨૬૬૦૦૮૭૫, મો.૯૩૭૪૨૧૨૨૦

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.

ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/O ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બીલેશ્વર ટાવર, મહાત્માગાંધી રોડ, પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.

ફોન નં-૯૨-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.

મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોકસી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.

ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

## આર્થિક સહયોગ

**શ્રી મુનિસુવ્રતસ્વામિ**

**શ્વે.મૂ.પુ.જૈન સંઘ**

વેલાણી એસ્ટેટ એ-૧૦૩, રાજેશપાર્ક,
પહેલે માળે, કેદારમલ રોડ,
મલાડ (ઇ), મુંબઇ-૪૦૦૦૯૭.

# પુણ્યતત્વ

## સંસ્થાન

સંસ્થાન એટલે આકૃતિ. સામાન્ય રીતે જગતમાં રહેલા પુદ્‌ગલોની આકૃતિ પાંચ પ્રકારની હોય છે. ૧. ગોળ, ૨. લંબગોળ, ૩. ચોરસ, ૪. ત્રિકોણ અને ૫. લંબ એટલે કે લાંબુ એટલે કે લાકડી જેવો આકાર. જ્યારે નામકર્મના ઉદયથી જીવો પોતાના શરીરની જે આકૃતિ પેદા કરે છે એ આકૃતિઓના છ પ્રકાર કહેલા છે. એમાંનો પહેલો પ્રકાર પુણ્યપ્રકૃતિ રૂપે કહેવાય છે કારણ કે એ આકૃતિને જોતા જીવનું મન સ્થિર થતું જાય છે અને જેમજેમ સ્થિરતામાં જીવ વિચારણામાં ચઢતો જાય છે તેમ તેમ એ આકૃતિને

વિષે એકાગ્ર થતો જાય છે. એનાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ અંતરમાં પેદા થતો જાય, મિથ્યાત્વ કર્મનો ક્ષયોપશમ ભાવ પણ પેદા થતો જાય અને જીવને મિથ્યાત્વ ગુણયુક્ત ગુણસ્થાનકમાં દાખલ કરીને એ આકૃતિ ગુણપ્રાપ્તિમાં સહાયભૂત થતો જાય છે અને જો સારો કાળ હોય તો જીવ ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી એમાંથી ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરી, ક્ષપક શ્રેણી માંડીને ચારિત્ર મોહનીયનો નાશ કરીને, વીતરાગ દશાને પામી ઘાતી કર્મોના નાશ કરી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને ત્યાર પછી અયોગી અવસ્થાને પ્રાપ્ત કરીને સકલ કર્મોથી રહિત થઇ સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે. માટે એવી આકૃતિનું દર્શન જ્ઞાની ભગવંતોએ પુણ્યપ્રકૃતિ રૂપે કહેલું છે. જૈનશાસનના તીર્થંકર પરમાત્માઓની સ્તવના નામ, સ્મરણથી પણ થાય છે, સ્થાપના રૂપે આકૃતિ બનાવીને પણ દર્શન થાય છે અને એની સ્તવના થાય છે. દ્રવ્યથી સંસારી અવસ્થાનું વર્ણન વિચારતા પણ એની સ્તવના કરી શકાય છે અને ભાવથી કેવળજ્ઞાનીના ગુણો અને નિર્વાણ પામ્યા પછી સિધ્ધ પરમાત્માના ગુણોને યાદ કરીને એની સ્તવના થાય છે. આ ચારે પ્રકારની સ્તવનાથી જીવ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. કેટલાક જીવો નામથી સ્તવના કરતાં કરતાં સિધ્ધિ ગતિમાં ગયા છે. કેટલાક જીવો સ્થાપનાની આકૃતિના દર્શન કરતાં કરતાં સિધ્ધિ ગતિમાં ગયેલા છે. કેટલાક જીવો દ્રવ્યથી એમની સંસારી અવસ્થાઓમાં એમનામાં જે ગુણો રહેલા હોય એ ગુણોની વિચારણા કરતાં કરતાં અને દેવોએ જે રીતે એમની ભક્તિ કરી એની વિચારણા કરતાં કરતાં કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયેલા છે અને કેટલાક જીવો ભાવથી ગુણોની વિચારણા કરતાં કરતાં પણ પોતાના દોષોનો નાશ કરી ગુણોની પ્રાપ્તિ કરીને સંપૂર્ણ ગુણોનું સ્વરૂપ પેદા કરી શક્યા છે. આવી રીતે અત્યાર સુધી અનંતા જીવો સિધ્ધિગતિમાં ગયેલા છે.

અત્યારે વર્તમાનમાં અરિહંત પરમાત્માના મંદિરોમાં જે આકૃતિવાળુ પ્રતિબિંબ એટલે કે મૂર્તિઓ મૂકવામાં આવે છે તે દરેક મૂર્તિઓ પદ્માસને રહેલી હોય છે. એ પદ્માસને રહેલી મૂર્તિઓની આકૃતિ આ પહેલા સંસ્થાનવાળી

જ હોય છે. એમાં એક દોરાભાર જેટલી પણ જો આઘી પાછી આકૃતિ હોય, ઓછી વધતી આકૃતિ હોય તો એ પ્રતિમા આપણે યોગ્ય ગણતા નથી. કારણ કે એ પ્રતિમાઓને જોતાં જોતાં જે સ્થિરતા પ્રાપ્ત થવી જોઇએ અને એકાગ્રતા પેદા થવી જોઇએ એ સ્થિરતા અને એકાગ્રતા પેદા કરી શકતી નથી. જો સારોકાળ હોય અને ચોથો આરો હોય તો એ પ્રતિમાઓના એટલે કે મૂર્તિઓની આકૃતિઓને જોતા જોતા જીવ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે છે અને પોતાના આત્મકલ્યાણમાં આગળ વધવામાં એ આકૃતિ ખૂબજ સહાયભૂત થાય છે, માટે જ્ઞાનીભગવંતોએ કહ્યું છે કે અત્યારે વર્તમાનમાં પણ સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાતા માછલાઓ રહેલા છે. એમાંના અસંખ્યાતા માછલાઓ ભગવાનની મૂર્તિના આકાર જેવા શરીરની આકૃતિવાળા હોય છે. આવી આકૃતિ કોઇ બીજા માછલાના જીવો અથવા મગરમચ્છના જીવો એને જુવે તો જોતાની સાથે જ એને વારંવાર જોવાની ઇચ્છા પેદા થતી જાય છે અને એ જોતાં જોતાં પોતાના જ્ઞાનના ક્ષયોપશમ મુજબ વિચારણા કરતો જાય છે. એ વિચારણા કરતાં કરતાં અંતરમાં એવો ભાવ પેદા થાય છે કે આવી આકૃતિ મેં જરૂર કોક જગ્યાએ જોયેલી છે. એમ એ આકૃતિના ધ્યાનમાં જેમ જેમ એકાગ્રતા પેદા થતી જાય છે તેમ તેમ અંતરમાં ઓહાપો કરતાં કરતાં જીવને જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એનાથી પોતાનો પૂર્વભવ દેખે છે અને પૂર્વભવમાં પાપ કરીને વર્તમાનમાં હું આ સમુદ્રમાં માછલા તરીકે અથવા મગર તરીકે ઉત્પન્ન થયેલો છું એમ જોઇ રહેલો હોય છે. એ જોતાની સાથે જ પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં ત્યાં ને ત્યાં જ ભગવાનની આકૃતિનું ધ્યાન કરતાં કરતાં અનશન કરે છે અને અનશન કરીને ત્યાંથી મરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આવી રીતે સ્વંયભૂરમણ સમુદ્રમાંથી ભગવાનની આકૃતિના આકૃતિવાળા માછલાઓને જોઇને કંઇક જીવો પોતાના આત્માનું કલ્યાણ સાધે છે. જે માછલાને એવી આકૃતિ પ્રાપ્ત થયેલી છે એ જીવોનું કલ્યાણ થાય જ એવો નિયમ નહિ. જેમ વર્તમાનમાં આપણું જ્ઞાન આપણા આત્માને માટે લાભ કરવામાં સહાયભૂત

થાય છે ખરું ? એટલે કે આત્મકલ્યાણમાં ઉપયોગી થઇ શકે છે ખરું ? જો આપણું જ્ઞાન આપણને પણ ઉપયોગી ન થતું હોય એવી જ રીતે આપણા શરીરની આકૃતિને જોતાં જોતાં જ્ઞાનથી આપણે એનો ઉપયોગ કરી શકતા ન હોઇએ તો પછી સ્વયંભૂ રમણ સમુદ્રમાં રહેલા માછલા આદિને પોતાનું સ્વરૂપ જોતાં પોતાની આકૃતિને જોતાં એને પણ લાભ થાય જ એવો નિયમ નથી. માટે આકૃતિનો રાગ ન વધી જાય એની આસક્તિ અને મમત્વ બુધ્ધિ પેદા ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવતાં થવું જોઇએ.

## પહેલું સંસ્થાન - સમચતુરસ્ત્ર

જે શરીરની આકૃતિને વિષે એ આકૃતિ પદ્માસને સ્થિર કર્યા પછી ડાબા ઢીંચણથી જમણા ઢીંચણનું અંતર જેટલું થાય એટલું જ માપ જમણા ઢીંચણથી ડાબા ખભાનું અંતર, ડાબા ઢીંચણથી જમણા ખભાનુ અંતર અને વચલું લલાપ થી પલાઠી સુધીના મધ્યભાગનુ અંતર આ ચારે એક સરખુ હોય એને સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય છે. સમચતુરસ્ત્ર એટલે લક્ષણ યુક્ત, પ્રમાણ યુક્ત સર્વ અવયવો સામુદ્રિક શાસ્ત્ર અનુસાર સર્વપ્રકારે શુભ હોય. પુરૂષ પોતાના અંગુલથી ૧૦૮ અંગુલ ઉંચો હોય છે. તીર્થંકરના આત્માઓને બાર અંગુલની શીખા રહેલી હોય છે તેથી ૧૨૦ અંગુલ ઉંચાઇ હોય છે.

સામુદ્રિક શાસ્ત્રના અનુસારે ગુલ્ફ એટલે એડી ઉપરનો ઢેકાનો ભાગ ચાર અંગુલ હોય છે. જંઘા ૨૪ અંગુલ હોય છે, ઢીંચણ એટલે ગુડાનો ઢેકો ૪ અંગુલ હોય છે, સાથળ ૨૪ અંગુલ હોય છે, બસ્તી એટલે કુલાનો ભાગ ૧૨ અંગુલ હોય છે, ઉદર એટલે પેટ ૧૨ અંગુલ હોય છે, છાતી ૧૨ અંગુલ હોય છે, ગ્રીવા એટલે ડોક ૪ અંગુલ હોય છે અને મુખ ૧૨ અંગુલનું હોય છે એમ કુલ ૧૦૮ અંગુલ થાય છે. પગનું તળીયું અંગુઠા સહિત ૧૪ અંગુલ દીર્ઘ હોય છે. ૬ અંગુલ વિસ્તારવાળું હોય છે, કેડની લંબાઇ ૧૮ અંગુલની હોય છે, છાતીનો વિસ્તાર ૨૪ અંગુલ, અંગુળીઓ સાથે હાથની લંબાઇ ૪૬ અંગુલ, મસ્તકની પરીધી ૩૨ અંગુલ, જંઘાની પરીધી ૧૮ અંગુલ, જાનુની પરીધી ૨૧

અંગુલ, સાથળની ૩૨ અંગુલ, નાભી નીચે ૪૬ અંગુલ, છાતી અને પીઠ મળી ૫૬ અંગુલ અને ગ્રીવાની ૨૪ અંગુલ પરીધી. અંગુલી આદિના બીજા પ્રમાણ પણ અનેક પ્રકારના છે.

આ રીતે ચારે અંતર એક સરખા માપવાળી આકૃતિ રૂપે થાય ત્યારે એ જીવને પહેલા સંસ્થાનની ઉદયમાં પ્રાપ્તિ થયેલી છે એમ કહેવાય છે. આ માપમાં એક દોરા જેટલો પણ ફેરફાર હોય તો એમાં આપણું મન સ્થિર રહી શકતું નથી. આજે મંદિરોને વિષે જે જે પ્રતિમાઓ રાખવામાં આવે છે તે બધી આજ આકૃતિવાળી રાખવામાં આવે છે. એવીજ રીતે ઘરની અંદર પણ જે જે પ્રતિમાઓ રાખવામાં આવે તે આવી સરખી આકૃતિવાળી હોય તો જ મનની એકાગ્રતા પ્રાપ્ત થઇ શકે છે. આજે લાણીઓમાં એટલે કે પ્રભાવનામાં જે જે પ્રતિમાઓ આપવામાં આવે છે એમાં એક સરખી આકૃતિ હોતી નથી. માટે એ પ્રતિમાઓના દર્શનથી મનની એકાગ્રતા પ્રાપ્ત થઇ શકતી નથી. કારણ કે એ પ્રતિમાઓ બનાવનારા એના બીબા તૈયાર રાખીને એના ઉપરથી પ્રતિમાઓ બનાવતા જાય છે અને જ્ઞાની ભગવંતોતો ત્યાં સુધી કહે છે કે એક સરખી આકૃતિવાળી પ્રતિમાજી જો ન હોય અને ઘરમાં રાખવામાં આવે તો ઘરમાં સરખાઇ રહેતી નથી. દરેક દેવતાઓનું સંસ્થાન એટલે શરીરનું માપ એટલે કે શરીરની આકૃતિ પહેલા સંસ્થાનવાળી જ હોય છે. આ કાળમાં આવા સંસ્થાનવાળા જીવો હોઇ શકે છે. પાંચમા આરાના છેડા સુધી છએ સંસ્થાન સંભવે છે. મોક્ષે જવા માટે પહેલું સંસ્થાન જ જોઇએ એવો નિયમ નથી. છએ સંસ્થાનમાંથી કોઇપણ સંસ્થાનની આકૃતિવાળો જીવ પુરૂષાર્થ કરીને મોક્ષે જઇ શકે છે. એટલે કે કેવળજ્ઞાન પામવા માટે જેમ પહેલુ સંઘયણ જ જોઇએ બાકીના સંઘયણમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી એમ સંસ્થાનને માટે હોતું નથી. દરેક તીર્થંકરના આત્માઓને છેલ્લે ભવે નિયમા પહેલું સંસ્થાન જ હોય છે. ભગવાનની મૂર્તિ એવી જ આકૃતિવાળી રહેલી હોવાથી દર્શન કરતાં જીવને આહ્લાદ પેદા થાય છે અને જેમ જેમ આહ્લાદ વધતો જાય તેમ તેમ એકાગ્રતા પેદા થતી જાય છે અને એ એકાગ્રતાથી જ સંસારના

સઘળાય પદાર્થો અંતરમાંથી ભૂલાઇ જવાથી ચિત્તની પ્રસન્નતા પેદા થતી જાય છે. આટલા વર્ષોથી ભગવાનના દર્શન કરીએ છીએ આવી રીતે દર્શન કોઇવાર થયેલું હોય એવું આપણને યાદ આવે છે ખરું ? પહેલા સંસ્થાનની પુણ્ય પ્રકૃતિ એટલા માટે કહેલી છે કે તેના દર્શનથી દર્શન ગુણની પ્રાપ્તિ કરવામાં એ સંસ્થાનની આકૃતિ સહાયભૂત થાય છે. એ આકૃતિમાં એવા ગુણો ભરેલા છે તેનું ધ્યાન ધરો તો તરત જ આપણને આપણા આત્મામાં રહેલા ગુણો યાદ આવતા જાય. માટે આપણા માટે સ્થાપના વિક્ષેપો ખૂબ જ ઉપયોગી થઇ શકે તેમ છે.

આ પહેલા સંસ્થાનનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે. આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે ક્ષપકશ્રેણીવાળા જીવ પુણ્યાનુબંધી પુણ્ય રૂપે આ પ્રકૃતિ ઉત્કૃષ્ટ રસે બાંધે છે અને એ બાંધેલો રસ એક અંતર્મુહૂર્ત પછી ઉદયમાં આવતા તીર્થંકર પરમાત્માઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાની સાથે જ આ રસ ઉદયમાં આવે છે કે જેના પ્રતાપે તીર્થંકર પરમાત્માની આકૃતિને જોતા જીવોના અંતરમાં એટલો બધો આનંદ પેદા થતો જાય છે કે છ મહિના સુધી એ આકૃતિને જોયા કરે અને એટલો કાળ પસાર કરે તો પણ એ જીવોને ભૂખ અને તરસ યાદ આવતા નથી અને લઘુકર્મી ભવ્યાત્મા જીવો એ આકૃતિના દર્શન કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા સત્તામાં રહેલા અશુભ કર્મો તીવ્રરસવાળા હોય એને મંદરસવાળા કરે છે. અશુભ કર્મો લાંબાકાળ સુધી ભોગવવા યોગ્ય હોય એને થોડાકાળમાં ભોગવીને નાશ કરી શકે એવી સ્થિતિવાળા બનાવે છે. શુભ કર્મોનો રસ તીવ્રરસે બાંધતા જાય છે. તેમજ સત્તામાં રહેલા શુભકર્મો મંદરસવાળા હોય તો તેને તીવ્રરસવાળા બનાવે છે અને સાથે સાથે આકૃતિના દર્શનથીજ કેટલાય ભવોની પરંપરા જીવ નાશ કરી શકે છે. માટે આ સંસ્થાન જીવને માટે સ્થાપના રૂપે હોવાછતાં પણ અનેક રીતે આત્મકલ્યાણમાં ઉપયોગી થતો હોવાથી પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

એક આકૃતિના દર્શનથી આટલો લાભ પેદા થતો હોય તો વીતરાગ

પરમાત્માના ગુણોનું ચિંતન કરવાથી તેની વીતરાગદશાનું ચિંતન કરવાથી કેટલો લાભ પેદા થાય એ વિચારજો. પણ આપણે આકૃતિના એટલે કે પ્રતિમાના દર્શન કરતાં આપણી સ્થિરતા કેટલો કાળ ટકે છે એ ખાસ વિચારવાનું છે. જો સ્થિરતા ન રહેતી હોય અને દર્શન કરતાં બીજા અનેક વિચારો સતાવતા હોય તો લઘુકર્મી ભવ્ય જીવોમાં આપણો નંબર આવશે નહિ. લઘુકર્મી ભવ્ય જીવો ભગવાનના ગુણો વિશેષથી જાણતા નથી. અરિહંત તરીકે કે ભગવાન તરીકેની હજી બુધ્ધિ પણ નથી છતાં પણ છ માસ સુધી સ્થિરતા પૂર્વક દર્શન કરતાં કરતાં ભૂખ અને તરસ ભૂલી જઇ અને દર્શનમાં તરબોળ થતો જાય છે. આ તરબોળતા એને આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતી જાય છે. એવી રીતે આટલા વર્ષોથી અરિહંત પરમાત્માનું દર્શન સ્થાપના રૂપે પ્રતિમાઓનું કરીએ છીએ તો આપણને એનાથી કાંઇક અધિક લાભ રોજ થતો હોય એવી અંતરમાં અનુભૂતિ પેદા થાય છે ખરી ? શાસ્ત્ર કહે છે કે ભગવાનની એક મૂર્તિ ભરાવે તો પોતાની પણ એ મૂર્તિના દર્શનથી દર્શન ગુણ પ્રાપ્ત થાય અને એ મૂર્તિના દર્શન જે લઘુકર્મી ભવ્ય જીવો કરતા જાય એને પણ દર્શનગુણની પ્રાપ્તિ થાય એ બધો લાભ મૂર્તિ ભરાવનારને પ્રાપ્ત થતો જાય છે અને એ મૂર્તિનું પછી જેટલું એ ધ્યાન ધરતો જાય, એ મૂર્તિ પ્રત્યે રાગ કરતો જાય, વારંવાર એનું દર્શન-પૂજન કરતો જાય એના સંસ્કાર વિશેષ પડવાથી એને વિશેષ ને વિશેષ લાભ પેદા થતો જાય છે. માટે પહેલા સંસ્થાનની આકૃતિવાળી અરિહંત પરમાત્માની મૂર્તિઓ સ્થાપના રૂપે રહેલી હોવાછતાં પણ અનેક જીવોને લાભ કરનારી બન્યા વગર રહેતી નથી. ગુણની પ્રાપ્તિ કરી, દોષોનો નાશ કરી, સંપૂર્ણ સુખ આપવાની તાકાત એ અરિહંત પરમાત્માની મૂર્તિની આકૃતિમાં રહેલી છે. માટે એ મૂર્તિ પ્રત્યે જેટલો બને એટલો પુરૂષાર્થ કરીને એમાં રસ પડે, રસ વધે, રૂચિ વધે, એનું મહત્વ સમજાતું જાય અને સ્થિરતા વધતી જાય અને સ્થિરતા લાવવા માટે મૂર્તિને જોયા જ કરવી એવો પ્રયત્ન કરતા રહીશું તો જ ભારેકર્મીમાંથી જરૂર લઘુકર્મીપણું પ્રાપ્ત કરી શકીશું.

જેમ કે અનાર્ય ક્ષેત્રમાં રહેલો આદ્રકુમાર એના બાપને આર્યદેશમાં રહેલા શ્રેણિક મહારાજાની સાથે મિત્રતા પેદા થયેલી હતી એ મિત્રતાના પ્રતાપે જ્યારે જ્યારે શ્રેણિક મહારાજાને ત્યાં કોઇ સારો પ્રસંગ આવે ત્યારે ભેટણા રૂપે અનાર્ય દેશમાં એ રાજાને ત્યાં માણસને મોકલીને કોઇ ભેટ-સોગાદ મોકલતા હતા. એમાં એકવાર રાજાનો માણસ ત્યાં ગયો અને આદ્રકુમાર જુવાનવય પામેલા છે તો તે વખતે ખાનગી આ માણસને મળે છે અને પૂછે છે કે શ્રેણિક મહારાજાને કોઇ દિકરો છે ? મારે એની સાથે દોસ્તી બાંધવી છે. ત્યારે શ્રેણિક મહારાજાના માણસોએ કહ્યું કે એમને અભયકુમાર નામનો દિકરો છે એટલે આદ્રકુમારે ખાનગી એ માણસોને અભયકુમાર માટે સારી વસ્તુ ભેટણામાં મોકલી અને કહ્યું કે એમને ખાનગી આપજો અને રાજાનો દિકરો તમારી સાથે મિત્રતા કરવા ઇચ્છે છે. આ રીતે જ્યારે અભયકુમારને ભેટણામાં એની ચીજ મળી એટલે અભયકુમારના અંતરમાં થાય છે કે મારી સાથે મિત્રતા કરવામાં એની ઇચ્છા થઇ તો જરૂર આ કોઇ લઘુકર્મી આત્મા હોવો જોઇએ. આથી હું પણ ફરીથી જ્યારે અમારા માણસો જાય ત્યારે ભેટણામાં એવી ચીજ મોકલું કે જેના પ્રતાપે એ આત્મા ત્યાં સમકિતની પ્રાપ્તિ કરી શકે. એટલે પોતાના માણસોને કહ્યું કે જ્યારે તમારે જવાનો વખત આવે એ પહેલા મને વાત કરજો. મારે પણ ભેટણામાં એને ચીજ મોકલવાની છે અને એ મોકલવા માટે અભયકુમારે અરિહંત પરમાત્માની મૂર્તિ સુંદર આકૃતિવાળી બનાવીને તૈયાર રાખી. પેટીમાં પેક કરી અલંકાર વગેરે પહેરાવીને તૈયાર કરેલી છે. જ્યારે એ માણસો જવા માટે તૈયાર થયા ત્યારે અભયકુમારે ખાનગી બોલાવીને કીધું કે ભેટણા રૂપે આ પેટી એને ખાનગી આપજો અને એમને કહેજો કે આ પેટી બધાની હાજરીમાં ખોલે નહિ. પણ જ્યારે તમે એકલા હોવ ત્યારે એકાંતમાં આ પેટી ખોલજો. આ રીતે વાત કરીને અરિહંત પરમાત્માની મૂર્તિ ભેટણા રૂપે મોકલી. આદ્રકુમારને એ પેટી મળતા અને વાત સાંભળતા ખૂબજ આનંદ પેદા થયો અને જ્યારે રાજસભાનો કારભાર બંધ થયો ત્યારે બપોરના સમયે પોતાના દીવાનખાનામાં

સુવા માટે જાય છે તે વખતે તે પેટી સાથે લઇને જાય છે. દીવનખાનાના દરવાજાઓ બંધ કરીને પેટી ખોલીને એ પ્રતિમાના દર્શન કરે છે. પણ જે પૂર્વભવના અરિહંત પરમાત્માના દર્શનના સંસ્કાર હતા તે અનાર્ય ક્ષેત્રમાં જન્મ લેવાથી એ સંસ્કાર બધા દબાઇ ગયેલા છે. પણ જ્યારે આ મૂર્તિ જોતા વિચાર કરે છે કે આ અલંકાર કેટલું સુંદર મને ભેટણામાં મોકલ્યું છે. એને માથા ઉપર મૂકિને આરિસામાં જૂવે છે, ગળે લટકાવીને પણ આરિસામાં જુવે છે પણ એને આ ઘરેણું બરોબર લાગ્યું નહિ. એમ કરતાં કરતાં વારંવાર એને જોતાં જોતાં જેમ જેમ પોતાનાથી થોડે દૂર મૂકીને જુવે છે તેમ તેમ એને વધુને વધુ આનંદ પેદા થતો જાય છે. આ રીતે જોતાં જોતાં એ અરિહંત પરમાત્માની મૂર્તિને પોતાનાથી ઉંચા સ્થાનમાં મૂકીને પોતે દીવાનખાનામાં દૂર ઉભો રહીને એને વારંવાર જોતા જોતા એમાં એકાગ્ર થતો જાય છે. આ એકાગ્રતાના પ્રતાપે જે સંસ્કાર દબાઇ ગયેલા હતા એ નાશ પામ્યા અને પૂર્વભવના પોતાના સંસ્કારો તરત જ યાદ આવ્યા. એના પ્રતાપે જાતિસ્મરણ જ્ઞાન પેદા થયું. એ જાતિસ્મરણ જ્ઞાન પેદા થતા પોતાનો પૂર્વભવ જોયો, પૂર્વભવમાં કરેલી આરાધના પણ જોઇ, એમાં વચમાં જે વિરાધના કરી એના પ્રતાપે અત્યારે હું અનાર્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છું એમ ખ્યાલ આવ્યો. જો અભયકુમારે ભેટણામાં જો ભગવાર્નની મૂર્તિ ન મોકલી હોત તેમને પોતાના સંસ્કાર તાજા થાત ખરા ? એ અભયકુમારનો ઉપકાર તો ભેટણામાં મૂર્તિને મોકલતા એને જોતા જોતા પોતાના બધા સંસ્કારો પેદા થઇ શક્યા. આ રીતે જાતિસ્મરણ જ્ઞાન પેદા થતાં વર્તમાનમાં પોતાના પિતાજીને એના પ્રત્યે કેટલો રાગ છે એ પણ જાણી શક્યા. એ રાગને દૂર કરવા માટે હવે મારે શું કરવું, કેવા ઉપાયો કરુ કે જેના કારણે મારા પ્રત્યેનો રાગ ઓછો થાય. પણ એ થઇ શકે એમ ન લાગતા પોતાના માણસોને ખાનગી રીતે વારંવાર બોલાવીને પૂછે છે કે આપણા દેશમાંથી આર્યદેશમાં જવા માટેના કેટલા કેટલા માર્ગો ક્યાં ક્યાં આવેલા છે એ પ્રમાણે વારંવાર પૂછી પૂછીને એ માર્ગ ઉપર વારંવાર જતાં જતાં પાછા આવતા જાય છે. એમાં એકવાર પોતાના અંગત માણસોને

તૈયાર કરીને આર્યદેશમાં જવાના માર્ગ ઉપર પહોંચીને ત્યાંથી પોતાના અંગત માણસો સાથે મા-બાપને કીધા વગર આર્યદેશમાં પ્રવેશ કર્યો અને આર્યદેશમાં આવીને વેષ પરિવર્તન કરી આર્યદેશમાં ફરી રહેલા છે. એમાં ગુરૂનો યોગ મળતા સંયમનો સ્વીકાર કર્યો એમની સાથે રહેલા અંગત માણસોએ પણ સંયમનો સ્વીકાર કર્યો. આ બધો લાભ એકમાત્ર સ્થાપના રૂપે ભેટણામાં ભગવાનની મૂર્તિ મોકલાવી એના કારણે પેદા થયો. તો આવું કંઇ આપણને દર્શન કરતાં કરતાં પેદા થાય એવું લાગે છે ખરું ? કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરી મહારાજા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ મહારાજાએ પણ અરિહંત પરમાત્માની આકૃતિઓ પાસે વારંવાર જઇ જઇને પોતાની વેદનાઓ ઠાલવી છે. પોતાના અંતરના ઉદ્‌ગારો કાઢીને મનની શાંતિનો અનુભવ પ્રાપ્ત કરતા હતા એટલે મનની શાંતિ પરમ શાંતિનો અનુભવ પોતાના અંતરના ઉદ્‌ગારોને ભગવાન પાસે કાઢીને એની અનુભૂતિ વારંવાર કરતા હતા. આવા મહાત્માઓ પાંચમા આરામાં પણ ભગવાનની મૂર્તિના દર્શનથી આવા લાભને પ્રાપ્ત કરી શકતા હોય તો આપણને કોઇ લાભ પેદા થાય છે એવું લાગે છે ખરું ? અરિહંત પરમાત્માનું દર્શન આટલું લાભકારી છે એટલું પણ યાદ આવે છે ખરું ? અને એની સાથે સાથે જો એની એકાગ્રતા પૂર્વક દર્શન કરવાનો પ્રયત્ન કરતા જઇએ તો એમના આત્મામાં રહેલી નિર્વિકારીપણાની જે દશા રૂપે ગુણ રહેલો છે એ આપણા આત્મામાં વિકાર પેદા કરનારા જે વિચારો ચાલી રહેલા છે એ બધા વિચારોને શાંત કરીને નાશ કરવામાં સહાયભૂત થતાં થતાં નિર્વિકારીદશા પેદા કરવામાં જરૂર સહાયભૂત થઇ શકે છે. આવી રીતે નિર્વિકારીપણાને પ્રાપ્ત કરવાના હેતુથી વારંવાર દર્શન કરવાનું મન થાય છે ખરું ? કે અરિહંત પરમાત્માની મૂર્તિ એકાગ્રચિત્તે જોવાનું મન, સ્થિરતાપૂર્વક ઉભું રહેવાનું મન આપણને પેદા થાય છે ? જ્ઞાની ભગવંતો કહે છે કે કેટલાય એવા જીવો કે જેનામાં કોઇપણ જાતના લક્ષણના ઠેકાણા નહોતા એવા ભારેકર્મી આત્માઓ પણ ભગવાનના દર્શનથી એવા એકાગ્ર બન્યા કે ત્યાંથી એમને ખસવાનું જરાય મન થતું નથી અને એની જ

વિચારણામાં ને વિચારણામાં ત્યાં ને ત્યાં જ એ દર્શનથી લઘુકર્મીપણાને પ્રાપ્ત કરી સારાકાળમાં એ આત્મા સમકીતની પ્રાપ્તિ કરે છે, ભાવથી સંયમની પ્રાપ્તિ કરે છે, અપ્રમત્ત ભાવ પેદા કરે છે, ક્ષપક શ્રેણી માંડે છે, મોહનો નાશ કરે છે, વીતરાગ દશાને પામી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી ત્યાંને ત્યાં જ પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરીને સિધ્ધિ ગતિમાં પણ જાય છે. આવા અત્યાર સુધીમાં અનંતા જીવો થઇ ગયા. માટે સ્થાપના રૂપે અરિહંત પરમાત્માની મૂર્તિની એટલે કે એમની આકૃતિની કેટલી કિંમત જ્ઞાનીઓને મન છે એ બરોબર આપણે સમજવાનું છે. બોલો આની અપેક્ષાએ આપણને એની આકૃતિની કિંમત કેટલી ? જેટલું મહત્વ અંતરમાં પૈસાનું ગોઠવાયેલું છે એનાથી અધિક આને સ્થાપન કરવું એટલે કે આ મૂર્તિના સ્થાનને અંતરમાં બરોબર સ્થિર કરવા પ્રયત્ન કરવો. પૂર્વે મહાત્માઓ પોતાના આત્મામાં રહેલી તમામ વેદનાઓ, એના ઉદ્‌ગાર ભગવાન પાસે ઠાલવતા હતા અને ભગવાન પાસેથી પરમ શાંતિનો અનુભવ કરતાં હતાં. આ પરમાત્માની શાંત, નિર્વિકારી મુદ્રાના દર્શનથી જે લાભ પ્રાપ્ત થાય તે લાભ પ્રાપ્ત કરાવવાની તાકાત બીજી કોઇપણ આકૃતિમાં નથી. માટે આપણે આગળ પણ કહી ગયા કે સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા આવીજ આકૃતિવાળા એટલે કે શરીરવાળા માછલાઓ અસંખ્યાતા હોય છે. એને જોઇને પણ અનેક જીવો એની વિચારણામાં ચઢતા ચઢતા જાતિસ્મરણજ્ઞાન પેદા કરી પોતાના આત્મકલ્યાણમાં આગળ વધતા જાય છે.

આવા અરિહંત પરમાત્માના દર્શન કર્યા વગર કોઇપણ પદાર્થ મોઢામાં નાંખવો નહિ એવો કોઇ નિયમ છે ? એવી સમજણ પણ અંતરમાં કેળવી છે કે દર્શન કર્યા વગર મોઢામાં કોઇ ચીજ નંખાય નહિ. આજે તો દર્શન કર્યા વગર ન ખાવું એવું જો કહેવામાં આવે તો એનો અર્થ એવો કરે છે કે દર્શન કર્યા પછી ખાવાની છૂટ મળે છે. એવો આજે લગભગ વ્યવહાર કરી દીધેલો છે. હવે આ વ્યવહારના પ્રતાપે આકૃતિમાં સ્થિરતા આવે ક્યાંથી ? એકાગ્રતા પણ પ્રાપ્ત થાય ક્યાંથી ? દર્શન એ અણાહારી પદ માટે કરવાનું વિધાન

કહેલું છે. એ અણાહારીપણાની વિચારણા કરવા માટે દર્શન કરો છો કે ખાવાની છુટ મળે માટે દર્શન કરો છો. મોહનીય કર્મના ઉદયના કારણે આપણને અન્ય પદાર્થોનું આકર્ષણ અનાદિકાળથી બેઠેલું છે તેમાં આપણે એકમેક એવા થઇ ગયેલા છીએ કે જેના પ્રતાપે દર્શન આદિ ક્રિયામાં પણ ખાવા-પીવા આદિની છૂટની જ વિચારણા પેદા થતી જાય છે. આ બધી વિચારણાઓ કરીને જો એમાં સુધારો કરવાનો પ્રયત્ન ન કરીએ તો સુધારો થઇ શકશે નહિ. આ બધો લાભ પુરૂષાર્થ કરતાં કરતાં ભારેકર્મીપણામાંથી જીવ લઘુકર્મી થતો જાય તોજ પેદા થતો જાય. એટલે ભારેકર્મીપણામાંથી લઘુકર્મી બનવા માટે પણ ભગવાનની મૂર્તિનું દર્શન વારંવાર કરવાનો પુરૂષાર્થ કરવો એ આવશ્યક રૂપે છે. ભગવાનના ગુણ ન આવડતા હોવાછતાં પણ આકૃતિને જોયા કરવાથી ગુણ પેદા થતાં જાય. સ્થાપના આકૃતિ રૂપે રહેલી મૂર્તિમાં આટલી તાકાત રહેલી છે. માટે જ જ્ઞાની ભગવંતોએ સ્થાપના વિક્ષેપો ખાસ મુકેલો છે. અનેક આત્માઓ તેના આલંબનથી આજસુધી તર્યાના દાખલા છે. આપણા પ્રયત્નમાં ખામી છે માટે આપણે એમના દર્શનથી તરી શકતા નથી. શુભ ચિંતનમાંથી જીવ શુધ્ધ પરિણામમાં જઇ શકશે, પણ એ આકૃતિનું દર્શન વારંવાર કરતો થશે તો. આ આકૃતિ એટલી બધી સહાયભૂત થઇ શકે તેમ છે કે એના સહારે જીવ ધીરે ધીરે આગળ વધવાનો પ્રયત્ન કરતો જાય તો જરૂર એ આગળ વધ્યા વગર રહી શકશે નહિ. પરમાત્માની ઉત્કૃષ્ટ વર્ણ, ઉત્કૃષ્ટ ગંધ, ઉત્કૃષ્ટ રસ, ઉત્કૃષ્ટ સ્પર્શવાળા પુદ્‌ગલો પ્રાપ્ત થયેલા છે. એ એમના પુણ્યના પ્રતાપે આવા ઉંચી કોટિના પુદ્‌ગલોને પ્રાપ્ત કરેલા હોવાછતાં પણ એ પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ એ જીવોને જરાય સ્પર્શ કરી શકતા નથી. આ બધી વિચારણા જેમ જેમ વારંવાર કરતા રહીએ તોજ આપણામાં નિર્વિકારી ગુણ પેદા કરાવ્યા વગર એ રહેતા નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે તીર્થંકર પરમાત્માઓને છેલ્લે ભવે ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યરસનો ઉદય એવો જોરદાર હોય છે કે એના જેવી સામગ્રી એમના જેવું શરીર, એમના જેવું શરીરનું બળ, એમના જેવું શરીરને વિષે વર્ણ-ગંધ-રસ

અને સ્પર્શ જે પ્રાપ્ત થયેલા હોય છે એવા બીજા કોઇપણ જીવને પ્રાપ્ત થઇ શકતા નથી. છતાં પણ એ આત્માનો વૈરાગ્ય ભાવ અંતરમાં એટલો બધો તીવ્ર અને સ્થિર રૂપે રહેલો હોય છે કે આવા ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા પુદ્ગલોને ભોગવવા છતાં એની સાથે રહેવા છતાં પણ રાગાદિ પરિણામ જરાય પજવી શકતા નથી. અવિરતિનો ઉદય હોવાછતાંય રાગાદિનો ઉદય હોવા છતાંય એ રાગાદિ પરિણામને તીવ્ર વૈરાગ્યના પ્રતાપે નિષ્ફળ બનાવતા જાય છે. એટલે કે એને આધીન થતા જ નથી.

જીવ લઘુકર્મી થાય તો ચરમાવર્તકાળમાં જ થાય છે. પણ જેટલા ચરમાવત કાળમાં જીવો રહેલા હોય એ બધા જ લઘુકર્મી બને એવો નિયમ નથી. એટલે કે જેટલા ચરમાવર્તમાં આવે એ બધા જીવો તે વખતે લઘુકર્મી થઇ જ જાય એવો નિયમ હોતો નથી. કારણ કે ચરમાવર્ત કાળમાં લઘુકર્મી ભવ્ય જીવો અને ભારેકર્મી ભવ્ય જીવો એમ બન્ને પ્રકારના જીવો હોય છે.

સુખને દુઃખરૂપ લગાડવામાં પણ દ્રષ્ટિકોણ એ જ પેદા કરવો જોઇએ કે આ અનુકૂળ પદાર્થોનું સુખ અને અનુકૂળ પદાર્થો મારા આત્મિક ગુણોને પેદા કરવામાં વિઘ્નરૂપ થાય છે. માટે જરૂર મારે એને દુઃખરૂપ લગાડ્યા વગર ચાલશે જ નહિ એવું લક્ષ જોઇશે. એ લક્ષ સિવાય બીજા અન્ય કારણોથી વર્તમાનમાં અનુકૂળ પદાર્થોને કેટલાય જીવોને છોડતા જોઇએ. તો એ જીવો ભલે ગમે તેટલા પદાર્થોને છોડીને પોતાનું જીવન જીવતા હોય તો પણ એ જીવોને માટે એ ત્યાગ કલ્યાણકારી બનતો નથી. જીવનમાં આવી રીતે ચિંતન વધારતા જાવ, જેટલું ભણ્યા છો એને વાગોળતા જાવ તેનાથી આત્માને લાભ પેદા કરવો છે એવી વિચારણા કરતા થાવ, મહાપુરૂષો આપણા માટે મહેનત કરી કરીને સાચવી સાચવીને અનેક પ્રકારના કષ્ટો વેઠીને આ બધું સાહિત્ય આપણા સુધીપહોંચાડ્યું છે. એમનો ઉપકાર જેટલો યાદ કરી કરીને માનીએ એ આપણા માટે ઓછો છે. એટલે કે એમનો ઉપકાર જરાય ભૂલાય એવો નથી. પણ એ ઉપકાર વાસ્તવિક રીતે ત્યારે જ ગણાય કે આ બધા સાહિત્યનો ઉપયોગ આત્માના લાભ માટે આપણે કરતા થઇએ તો. જો

આત્માના લાભ માટે અને ગુણો માટે પ્રયત્ન ન કરતાં હોઇએ તો એ મહાપુરૂષોનો ઉપકાર આપણને કોઇકાળે યાદ આવશે નહિ. સામાન્ય રસ-કસ વાળા પુદ્‌ગલોમાં હું આટલો મુંઝાતો હોઉં તો અરિહંત પરમાત્માના વર્ણાદિની ચિંતવનાથી આ મારી મુંઝવણ દૂર કરીને રાગાદિને ક્યારે તોડતો થાઉં એવી વિચારણા વારંવાર કરતા થવું પડશે. આ પદાર્થોના ચિંતનથી આત્માને ઘણો લાભ પેદા થાય છે કારણ કે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે પાંચમા આરામાં આપણા આત્માને માટે તરવાના સાધન તરીકે જો કોઇપણ ચીજ હોય તો જીનબિંબ અને જિનાગમ આ બે ચીજ કહેલી છે. એટલા જ માટે જ્ઞાની ભગવંતોએ ઘરમંદિર કરવાનું વિધાન કહેલું છે. આગળના કાળમાં કોક ઘર રહેતા હતા કે જ્યારે ઘરમાં એકબીજાને ગુસ્સો પેદા થાય ત્યારે તે વખતે ગુસ્સાને વધાર્યા વગર પોતાના ગુસ્સાને શાંત કરવા માટે એકલો કોક ઘરમાં જઇને બેસી જતો હતો અને જ્યાં સુધી એ ગુસ્સો શાંત ન થાય ત્યાં સુધી તેમાંથી બહાર નીકળતા નહોતા. એવીજ રીતે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે જ્યારે જ્યારે અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ વારંવાર મુંઝવણ પેદા કરતા હોય અને એ મુંઝવણ જરાય ઓછી થતી ન દેખાતી હોય અને વધતી જતી દેખાતી હોય તો તે વખતે સંઘના મંદિરો ચોવીસે કલાક ખુલ્લા રહેતા નથી પણ ઘરમંદિર ખુલ્લુ રહી શકે છે. જ્યારે ખોલવું હોય ત્યારે ઘરમંદિર ખોલીને બેસી શકાય છે માટે આ મુંઝવણના વિચારોને દૂર કરવા માટે એ આત્માઓ ઘરમંદિર ખોલીને મંદિરની અંદર બેસી ભગવાનની આકૃતિના દર્શન કર્યા જ કરતા હતા અને જ્યાંસુધી એ રાગાદિ પરિણામ શાંત ન થાય ત્યાંસુધી એમાંથી બહાર નીકળતા નહોતા. આ માટે ઘરમંદિર કરવાનું વિધાન કહેલું છે.

પહેલા સંસ્થાનનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે અને પહેલા સંસ્થાનની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. તીર્થંકરના આત્માઓ છેલ્લે ભવે આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે પહેલા સંસ્થાનનો રસ પુણ્યાનુબંધી પુણ્યરસ રૂપે તીવ્રરસે બાંધે છે એનો

ઉદય તેરમા ગુણસ્થાનકમાં ભોગવે છે. એ આત્માઓએ તીવ્રરસે બાંધેલું પહેલું સંસ્થાન જ્યારે એ આત્માઓ કાળધર્મ પામે અને મોક્ષે જાય તે વખતે એમના શરીરમાંથી પુણ્યાનુબંધી પુણ્યરૂપે ભોગવાતા પુદ્‌ગલો બહાર ફેંકાતા જાય છે. એ વખતે એમનું પુણ્ય એટલું તીવ્રકોટીનું હોય છે કે જેના પ્રતાપે ત્રણ ચોવીશી સુધી એમના સંસ્થાનની આકૃતિ સ્થાપના રૂપે બનાવીને એના દર્શનથી કેટલાય જીવો સમકીતાદિ પામીને મોક્ષે જાય છે અને કેટલાય જીવો લઘુકર્મીપણાને પામે છે. તેમજ કેટલાક જીવો સમકીતની પ્રાપ્તિ કરી પોતાનો સંસાર પરિમીત બનાવતા જાય છે. આથી એ નિશ્ચિત થાય છે કે તીર્થંકરના આત્માઓ જ્યારે કેવળજ્ઞાનને પામે અને કેવળીપણાનું જેટલું આયુષ્ય ભોગવે એમાં એ આકૃતિથી જેટલા જીવોને લાભ થાય એના કરતા વિશેષ લાભ એ આત્માઓની આકૃતિ સ્થાપના વિક્ષેપા રૂપે બનાવીને એના દર્શનથી થાય છે એટલે કે એમના દર્શનથી કેટલાય જીવો લાભ પ્રાપ્ત કરી શકે છે.

આજે સ્થાનકવાસી ધર્મની આરાધના કરનારા જીવોએ આ સ્થાપના નિક્ષેપો ઉડાડી દીધેલો છે તેને કારણે તેમના અનુયાયીઓને કેટલું બધુ નુક્શાન થાય છે તે આના ઉપરથી સમજી શકાય. ભગવાનના દર્શન કરવા એ પાપ છે એમ માને છે. કારણ કે અત્યારે ભગવાન હયાત નથી અને પોતાના માતા-પિતા આદિ કે ગુરૂ આદિ કાળ કરી જાય, તેમના ફોટાઓને સ્થાપના નિક્ષેપા રૂપે માનીને હાથ જોડે છે. આ કઇ રીતની માન્યતા ગણાય એજ ખબર પડતી નથી. માટે એ ધર્મને માનવો અને એ ધર્મ મુજબ આરાધના કરવી તે મિથ્યાત્વની પુષ્ટિનું કારણ બને છે કારણ કે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે જૈનશાસનમાં ચારે નિક્ષેપામાંથી કોઇ નિક્ષેપો ઉડાડી શકાય નહિ. કોઇપણ એકાદ નિક્ષેપાને પણ ન માને અને બાકીના ગમે તેટલા નિક્ષેપાને માને તો પણ જ્ઞાની ભગવંતો કહે છે કે સુંદરમાં સુંદર આરાધના કરવા છતાં પણ સમકિતની પ્રાપ્તિ જીવ કરી શકતો નથી. એ પોતે પણ મિથ્યાત્વને પામે છે અને એમાં રહેલા અનેક જીવો પણ મિથ્યાત્વની પુષ્ટિ કરતાં કરતાં અનેક જીવોને મિથ્યાત્વ પમાડતાં પમાડતાં સંસારની વૃદ્ધિ

કરે છે. એમાં કોઇ લઘુકર્મી ભવ્યાત્મા જીવ રહેલો હોય અને કદાચ એ અંતરથી આ ખોટું છે એમ જો માનતો હોય તો એ જીવને કદાચ લાભ પણ થઇ જાય, પણ બાકી મોટેભાગે જીવોને લાભ થવાની શક્યતા ઓછી છે.

ત્રણ ચોવીસી સુધી જે આકૃતિ એટલે કે સંસ્થાનથી સાક્ષાત તીર્થંકરની હાજરીમાં જેટલા જીવો તરે છે તેનાથી પણ અધિક જીવો સંસારસાગરને તરી શકે છે. તે તેમનામાં એટલે કે સ્થાનકવાસીમાં આરાધના કરનારા જીવો એનાથી વંચિત રહેવાના. જો સારો કાળ હોય અને જીવ આ સ્થાપના નિક્ષેપામાં એકાગ્ર બની આગળ વધતો જાય તો છેટ કેવળજ્ઞાન સુધી પહોંચી શકે છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં પણ સાક્ષાત તીર્થંકર પરમાત્માઓ વિચરતા હોવાછતાં પણ સ્થાપના નિક્ષેપો હોય છે કારણ કે મહાવિદેહ ક્ષેત્રમાં એકએક મહાવિદેહમાં ૩૨-૩૨ વિજયો હોય છે. આથી પાંચ મહાવિદેહ ક્ષેત્રના થઇને ૧૬૦ વિજયો થાય છે. એમાંથી માત્ર ૨૦ વિજયોમાંજ તીર્થંકર પરમાત્માઓ વિચરે છે. એમાં દરેક મહાવિદેહ ક્ષેત્રમાં ચાર-ચાર તીર્થંકર પરમાત્માઓ વિદ્યમાન રૂપે હોય છે. માટે ૨૦ તીર્થંકર પરમાત્માઓ થાય છે. બાકીની ૧૪૦ વિજયોમાં અને જે વિજયમાં તીર્થંકર પરમાત્માઓ વિચરતા હોય તે વિજયમાં પણ તીર્થંકર પરમાત્માઓના મંદિરો હોય છે, ત્યાં સેવા-પૂજા કરનારા જીવો પણ હોય છે અને શ્રાવકો સુંદર રીતે ભક્તિ કરતાં કરતાં સ્થાપના નિક્ષેપાથી સંસાર સાગરથી તરી રહેલા હોય છે. ત્યાં જે જે તીર્થંકર પરમાત્માઓના મંદિરો હોય છે તેમાં ત્યાંના ભૂતકાળના તીર્થંકર પરમાત્માઓનું પણ મંદિર હોય, ભવિષ્યકાળમાં થનારા તીર્થંકર પરમાત્માઓના મંદિરો હોય તેમજ પાંચ ભરત અને પાંચ ઐરવતમાં આ ચોવીશીમાં થયેલા તીર્થંકર પરમાત્માઓના મંદિરો હોય. એમ અનેક પ્રકારના મંદિરોથી એ અરિહંત પરમાત્માઓની ભક્તિ કરતાં કરતાં એ આત્માઓ સંસાર સાગરથી તરી શકે છે. એવી રીતે અહીંની ભૂતકાળની ચોવીશી તેમજ ભવિષ્યકાળની ચોવીશીઓના તીર્થંકર પરમાત્માઓના નામના મંદિરો પણ હોય છે. અકર્મભૂમિમાં તેમજ અંતરદ્વીપોમાં ત્યાં પણ તીર્થંકર પરમાત્માના મંદિરો

રહેલા હોય છે. ત્યાં શાશ્વત પ્રતિમાઓના મંદિરો હોય છે. એટલે એ જીવો પણ તીર્થંકર પરમાત્માઓની ભક્તિ કરતાં કરતાં સમકિતની પ્રાપ્તિ કરી શકે ત્યાંસુધી એ અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં રહેલા મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. આ દરેક ક્ષેત્રને વિષે જે પ્રતિમાઓ પદ્માસને રહેલી હોય છે એ પ્રતિમાઓના પુદ્‌ગલો તે તે તીર્થંકર પરમાત્માઓએ તેરમા ગુણસ્થાનકના અંતે તેમજ ચૌદમા ગુણસ્થાનકે એ પુદ્‌ગલોને છોડ્યા છે એ પુદ્‌ગલોનો આ મૂર્તિઓમાં અધિવાસ કરવામાં આવે છે. આપણા છોડેલા રાગાદિ પરિણામ એટલે કે રાગાદિ પરિણામવાળા પુદ્‌ગલો છોડેલા અને દ્વેષાદિ પરિણામવાળા જે પુદ્‌ગલો છોડેલા હોય તે પુદ્‌ગલોને દેહાંત થતા એટલે મરણ થતાં બાળી નાંખવામાં આવે છે. એ બાળી નાંખેલા પુદ્‌ગલો રાખ બનીને પવનથી ઉડીને જ્યાં જ્યાં જાય અને એનો સમુદાય જે ભેગો થયેલો હોય અને આપણે મરણ પામીને જે જે ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયા હોઇએ, જે જે કાળને વિષે ઉત્પન્ન થયા હોઇએ જે જે પુદ્‌ગલોના દ્રવ્યથી શરીરની પ્રાપ્તિ કરેલી હોય તો ત્યાં પણ એ રાગાદિ પરિણામવાળા પુદ્‌ગલોનો આપણને ભેટો થતા એ પુદ્‌ગલોના દ્રવ્યને જોતાની સાથેજ અંતરમાં રાગાદિ પરિણામો પેદા થતા જાય છે. એવી રીતે તીર્થંકર પરમાત્માઓએ છોડેલા પુદ્‌ગલો આપણને લાભકારી જરૂર બની શકે પણ ક્યારે ? મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વખતે ભગવાનના ગુણોમાં તન્મય બની વિધિ સહિત જેટલી આરાધના કરવામાં આવે અને તેનાથી નિર્વિકારીપણાની ભાવના પેદા થતી જાય તો જરૂર એ તીર્થંકર પરમાત્માઓના દર્શન, વંદનથી જીવોને લાભ પેદા થતો જાય છે. મંદિરમાં પ્રવેશ કરતા જ જીવ પોતાને કોઇ ખરાબ વિચાર ન આવી જાય એની કાળજી રાખવાનો પ્રયત્ન કરે છે. જીવને ખરાબ વિચારથી વર્તમાનમાં પણ જો બચાવનાર હોય તો મંદિર છે એમ તો આપણે જરૂર માનીએ છીએ. એવી રીતે સારા વિચારો પેદા કરવામાં પણ મંદિર જરૂર સહાયભૂત થાય છે. એમાં આગળ વધતાં વધતાં શુભ વિચારોમાંથી શુધ્ધ પરિણામ પેદા કરવાનો પુરૂષાર્થ કરે તેને પ્રાપ્ત પણ કરાવી શકે છે. અત્યાર સુધી તીર્થંકરો કેટલા થયા ? અનંતા.

કારણ કે અનંતા કાળથી તીર્થંકરો થતા જાય છે અને થયા છે. એમના દર્શન-પૂજનથી પણ અનંતા જીવો મોક્ષે ગયા, અનંતા જીવો સમકિત પામ્યા, અનંતા જીવો લઘુકર્મી બન્યા અને અનંતા જીવો એમનું ધ્યાન કરતાં કરતાં આત્મામાં જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા કરીને પોતાના ગુણોને ઓળખતા થયા અને એ ગુણોને પેદા કરવાનો પ્રયત્ન કરતા પણ થયા. માટે આપણે વિચાર કરો કે અરિહંત પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને આપણે ઓળખીએ છીએ ખરા ? નમો અરિહંતાણં પદ ઉપર ધ્યાન ધરવું હોય તો આપણે કેટલા કલાક સુધી ધ્યાન કરી શકીએ ? આપણે રાગાદિ પદાર્થોમાં એવા ગળાબૂડ છીએ કે દુનિયાના પદાર્થોમાં સદા માટે સળગેલા રહીનેજ જીવીએ છીએ. જો એમાં અરિહંત પરમાત્માનું ધ્યાન કરવા જઇએ તો તરત જ બેધ્યાન બની જઇએ છીએ. જો પુરૂષાર્થ કરતાં કરતાં અરિહંત પરમાત્માના ધ્યાનનો ટાઇમ વધારતા જઇએ તો જરૂર દુનિયાના પદાર્થોમાં ગળાડૂબપણે જે રહેલા છીએ એ રાગાદિ પરિણામ જરૂર ઘટતો જાય. માટે શાસ્ત્ર કહે છે કે દુનિયાના પદાર્થોમાં રાગનો જેટલો ઘટાડો કરતા જાય એટલા તમે સ્વની નજીક સ્વ એટલે પોતાના આત્માની નજીક જઇ શકો છો.

આજે દુનિયાની અનેક પ્રકારની આકૃતિઓ દોરતા દોરતા જીવો કર્મબંધ કરતાં જાય છે. આજે જે સ્કેચો દોરવામાં આવે છે અને સ્કેચો દોરવા માટેનો જે અભ્યાસ કરવામાં આવે છે અને એમાં સારા નંબરે પાસ થાય છે અને જેમ જેમ સારા સ્કેચો દોરતો જાય તેમ તેમ અંતરમાં આનંદ વિશેષ રીતે પેદા થતો જાય તો એની સાથેને સાથે જીવો કર્મબંધ પણ તીવ્રરૂપે અને વિકાચીત રૂપે બાંધતો જાય છે. એટલે કે અશુભ કર્મો તીવ્રરસે બાંધતો જાય છે. જ્યારે શાસ્ત્ર કહે છે કે ભગવાનની આકૃતિના સ્કેચો દોરવામાં આવે, મંદિરના સ્કેચો દોરવામાં આવે, ઉપાશ્રયોના સ્કેચો દોરવામાં આવે, શાસ્ત્રના ગ્રંથોને સારી રીતે સચવાય એ માટેના અનેક પ્રકારના સ્કેચો દોરવામાં આવે તો એનાથી જીવો અશુભ કર્મોનો નાશ કરતા કરતા શુભકર્મો તીવ્રરસે બાંધતો જાય છે અને પોતાના કલ્યાણમાં જીવ આગળ પણ વધતો

જાય છે. પણ આ બધા સ્કેચો દોરવામાં આનંદ આવે ખરો ? આ આકૃતિના સહારે ગુણપ્રાપ્તિનું લક્ષ કરતાં કરતાં આ કાળમાં જીવો સાતમા ગુણસ્થાનક સુધીના પરિણામને પ્રાપ્ત કરી શકે છે. આરાધના કરતાં કરતાં વર્તમાનમાં આપણે ક્યાંસુધી પહોંચ્યા છીએ એની રોજ આપણે તપાસ કરવી જોઇએ. આવો કોઇ અનુભવ આપણને અંતરમાં પેદા થયેલો છે ? જો ના હોય તો એનો અર્થ એ છે કે તીર્થંકર પરમાત્માની આકૃતિ હજી સુધી આપણને કિંમત પેદા થઇ નથી. આટલા વર્ષોથી દર્શન કરવા છતાંય એની કિંમતને આપણે સમજી શક્યા નથી. જેમ દુનિયામાં કહે છે કે મહેનત કરવાથી પૈસો મળે એ પ્રત્યક્ષ લાભ છે એમ અહીંયા પ્રત્યક્ષ લાભ શું ? અમે કહીએ છીએ કે ભગવાનના દર્શન કરતાં આવડે તો ભારેકર્મીમાંથી લઘુકર્મીપણું પ્રાપ્ત કરવું, પુરૂષાર્થ કરીને સમકિતની પ્રાપ્તિ કરવી એનાથી આગળ વધીને દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિ કરવી એ પણ એક લાભજ છે અને એ પ્રત્યક્ષ લાભ છે. આકૃતિની સાથે નામનું પણ મહત્વ મૂકેલું છે. માટે આકૃતિની સાથને સાથેજ ત્રણે ચોવીસી સુધીના તીર્થંકર પરમાત્માઓના નામ પણ સાથેજ રહે છે. ત્રણ ચોવીસી પૂર્ણ થાય ત્યારે વિચ્છેદ થયેલા પુદ્ગલો નાશ પામી જાય છે. છેલ્લા ભવે તીર્થંકર પરમાત્માઓ સંસારી અવસ્થામાં રહેલા હોવાછતાંય આવી ઉત્તમ પ્રકારની આકૃતિ પ્રાપ્ત થયેલી હોવાછતાંય એમના અંતરમાં તીવ્રકોટિનો વૈરાગ્યભાવ રહેલો હોવાથી રાગાદિ પરિણામમાં નિર્લેપ રીતે પોતાનું જીવન જીવતા હોય છે અને ૮૩ લાખ પૂર્વ સુધી એ આત્માઓ નિર્લેપ રીતે સંસારમાં રહીને પોતાનું જીવન જીવતા હોય છે. આ જીવન આપણા માટે આદર્શરૂપે રહેલું છે. કોઇ દિવસ આવી રીતે આપણે તીર્થંકર પરમાત્માની એના સંસારી અવસ્થાની વિચારણા કરીએ છીએ ખરા ? જો નામ અને સ્થાપનાથી જીવોને આટલો લાભ પેદા થતો હોય તો સાક્ષાત તીર્થંકર પરમાત્માઓના દર્શનથી અને એમની આજ્ઞામુજબ વિચરતા સાધુ ભગવંતોના દર્શનથી કેટલો લાભ થાય ? જો સ્થાપનાથી આપણને આંશિક પણ આનંદ પેદા થતો ન હોય તો સાક્ષાત તીર્થંકર પરમાત્માઓના દર્શનથી

આપણને વિશેષ આનંદ શું પેદા થશે ? આ પણ એક વિચારણીય છે.

વર્તમાનમાં પાપ તીર્થંકરોનું નામ વિશેષ રીતે રહેલું દેખાય છે. કારણ કે તેમના શિષ્યો કાળધર્મ પામીને દેવલોકમાં ગયેલા છે અને પોતાના ગુરૂઓની નામના, કીર્તિ, અને એમનો પ્રકૃષ્ટ પુણ્ય વધારવા પ્રયત્ન કરી રહેલા છે એના પરિણામથી એ તીર્થંકર પરમાત્માઓનું વર્તમાનમાં પુણ્ય વિશેષ રીતે કામ કરી રહેલું દેખાય છે. સ્થુલભદ્રજી મુનિ એમનું નામ ૮૪ ચોવીસી સુધી રહેવાનું છે. એ એમના બ્રહ્મચર્ય ગુણની અપેક્ષાએ છે પણ સર્વગ્રહી તીર્થંકરની જેમ નથી. એ આત્મા અત્યારે દેવલોકમાં છે પણ એ આત્માએ મનુષ્યપણામાં નિર્વિકારીપણાના સુખની અનુભૂતિ વેશ્યાના ઘરમાં રહીને પણ સારી રીતે અનુભવી માટે એમનું નામ ૮૪ ચોવીસી સુધી અમર રહેશે. શાસ્ત્રે કહ્યું છે કે જે જે જીવોને જે અનુષ્ઠાનમાં સમાધિ ટકે તે અનુષ્ઠાન તેના માટે લાભકારી બને છે. જૈનશાસનના તમામે તમામ અનુષ્ઠાનો એકજ જીવ માટે છે એવું નથી. ભવ્ય જીવોને પોતાનું તથાભવ્યત્વ ખીલવવા માટે એ અનુષ્ઠાનો જરૂર ઉપયોગી થાય છે માટે અનેક પ્રકારના અનુષ્ઠાનો કહેલા છે. કારણ કે કયા જીવોને કયા અનુષ્ઠાનથી એનું તથાભવ્યત્વ ખીલવાનું છે એ એને ખબર નથી. પણ જ્ઞાની ભગવંતો કહે છે કે કોઇ કોઇ જીવોને કોઇ કોઇ અનુષ્ઠાનથી એનું તથાભવ્યત્વ જરૂર ખીલતું હોય છે માટે આપણે પણ અનુષ્ઠાનોની આરાધના કરતાં કરતાં આપણું તથાભવ્યત્વ કયા અનુષ્ઠાનથી ખીલી રહેલું છે એ જોવાનું રોજ ચાલુ રાખવું જોઇએ. જે અનુષ્ઠાનથી આપણું કલ્યાણ થતું જણાય તે અનુષ્ઠાન આપણા માટે વિશેષ રીતે હીતકારી અને લાભકારી કહેવાય અને એ અનુષ્ઠાન આપણા માટે રાજમાર્ગ રૂપે ગણાય છે. અરિહંત પરમાત્માના આત્માઓ પણ ગૃહસ્થપણામાં આરાધના કરતાં કરતાં અનેક પ્રકારની આરાધનાઓમાંથી દરેકે દરેક તીર્થંકરો એક સરખી આરાધનાથી તીર્થંકર નામકર્મ નિકાચીત કરતા નથી. કેટલાક તીર્થંકરના આત્માઓ સાધર્મિક ભક્તિ કરતાં કરતાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરે છે, કેટલાક તીર્થંકરના આત્માઓ સાધુની વૈયાવચ્ચ કરતાં કરતાં તીર્થંકર નામકર્મની

નિકાચના કરે છે, કેટલાક આત્માઓ જ્ઞાનની વૃધ્ધિ કરતાં કરતાં તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે એમ વીશસ્થાનક પદની આરાધનામાંથી કોઇને કોઇ પદની વિશિષ્ટ રીતે આરાધના કરતાં કરતાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરી શકે છે. એવીજ રીતે એ તીર્થંકર પરમાત્માઓની અનેક રીતે ભક્તિ કરતાં કરતાં ગૃહસ્થપણામાં રહેલા શ્રાવકો કેટલાય સાધુની વૈયાવચ્ચ કરતાં કરતાં, કેટલાક જ્ઞાનની વૃધ્ધિ કરતાં કરતાં, કેટલાક સાધર્મિક ભક્તિ કરતાં કરતાં, દીક્ષા લીધા વગર મોક્ષે જાય એવું પણ બને છે. પણ દીક્ષા લેવાના ભાવ તો એમના અંતરમાં હોય જ. કારણ કે દીક્ષાના ભાવ વગર કોઇ જીવ મોક્ષે જઇ શકતો જ નથી. ભગવાનનું દર્શન કરતાં કરતાં ભગવાન જેવા બનવાનું મન ન હોય તો તે જીવ લઘુકર્મીપણાને પ્રાપ્ત કરી શકતો જ નથી. આ રીતે પહેલું સંસ્થાન પુણ્યપ્રકૃતિ રૂપે પૂર્ણ થાય છે.

## શુભ વર્ણનું વર્ણન

વર્ણ પાંચ પ્રકારના કહેલા છે. કાળો વર્ણ, લીલો વર્ણ, લાલ વર્ણ, પીળો વર્ણ અને સફેદ વર્ણ. આ પાંચ પ્રકારના વર્ણમાંથી કાળો અને લીલો આ બે વર્ણો અશુભ કહેલા છે. અશુભ વર્ણો પણ સારી સુગંધથી યુક્ત હોય, સારા રસથી ભરપૂર હોય અને શુભ સ્પર્શવાળા હોય તો એ અશુભ વર્ણ પણ શુભરૂપે બની શકે છે. એવી જ રીતે લાલ વર્ણ, પીળો વર્ણ અને સફેદ વર્ણ એ ત્રણ વર્ણો શુભવર્ણ રૂપે કહેલા છે છતાં પણ એ શુભ વર્ણો દુર્ગંધવાળા હોય, ખરાબ રસથી યુક્ત હોય અને અશુભ સ્પર્શવાળા હોય તો પણ તે શુભ વર્ણો અશુભ રૂપે પણ બની શકે છે. તેમજ અશુભ વર્ણોની સાથે અશુભ ગંધ, અશુભ રસ અને અશુભ સ્પર્શ ભરે તો એ અશુભ વર્ણ વિશેષ રીતે અશુભ બનતો જાય છે અને શુભ વર્ણોની સાથે શુભ ગંધ, શુભ રસ અને શુભ સ્પર્શ ભરતા જાય તો એ વિશેષ રીતે શુભ રૂપે બનતા જાય છે.

સામાન્ય રીતે સંસારી સઘળાય જીવોના શરીરને વિષે પાંચે વર્ણોનો ઉદય ચાલુને ચાલુ હોય છે. એ પદાર્થ પછી સચેતન હોય કે અચેતન હોય

દરેક પદાર્થ પાંચે વર્ણથી યુક્ત હોય છે. એ પાંચ વર્ણમાં જે વર્ણ વિશેષ રીતે રહેલો હોય એટલે કે જે વર્ણની પ્રધાનતા વિશેષ રહેલી હોય તે વર્ણવાળો એ પદાર્થ ગણાય છે અને બાકીના વર્ણો ગૌણરૂપે રહેલા હોવાછતાંય વ્યવહારથી આ વર્ણવાળો પદાર્થ છે એમ કહેવાય છે. જેમકે આ લાલ વર્ણવાળો પદાર્થ છે, આ કાળા વર્ણવાળો પદાર્થ છે, કાળા વર્ણવાળો દેખાય છે તેમાં કાળા ઉપરાંત બાકીના ચારે વર્ણ પણ રહેલા હોય જ છતાં પણ તે દેખાતા નથી. તો પણ કાળા વર્ણની પ્રધાનતાથી આ પદાર્થ કાળા વર્ણવાળો છે એમ કહેવાય છે. માટે કોઇપણ સચેતન અને અચેતન પદાર્થો પાંચે વર્ણથી મિશ્રિતજ થયેલા હોય છે. આપણા શરીરમાં પણ આ બધું વિદ્યમાન છે.

તીર્થંકર પરમાત્માઓના શરીરને વિષે પણ, શુભ વર્ણ પણ હોય છે અને અશુભ વર્ણનો ઉદય પણ હોય છે. માટે જ્ઞાની ભગવંતોએ સ્તુતિમાં લખ્યું- 'લો કાળા લો ધોળા' એમ તીર્થંકર પરમાત્માઓ માટે પણ શરીરના વર્ણની અપેક્ષાએ આવી રીતે સ્તુતિ કરવામાં આવે છે. છતાં પણ ઉપર કહ્યા મુજબ એમાં વર્ણને વિષે ગંધ રસાદિ શુભરસવાળા રહેલા હોવાથી અશુભ વર્ણ પણ શુભ રૂપે બનતો જાય છે. એટલે કે એ અશુભ વર્ણને પણ જોવામાં એકાગ્રતા પેદા થતી જાય છે. જેમકે નેમનાથ ભગવાનનું શરીર કાળા વર્ણવાળું હતું, પણ એ શરીરમાં રહેલી સુગંધ, એમાં રહેલો રસ અને એનો સ્પર્શ એવા શુભ રસાદિવાળા હતા કે જેના કારણે એમના શરીરને વારંવાર જોવાનું મન થયા જ કરતું હતું. ત્યાંથી આંખ પાછી ફેરવવાનું મન થતું નહોતું. માટે ગમે તેવા વર્ણવાળા તીર્થંકર પરમાત્માઓનું શરીર હોય છતાં પણ એમને જોવાનો આનંદ પેદા થતો જ જાય છે. એવા વર્ણાદિ એમના શરીરમાં ઉત્કૃષ્ટ રસવાળા રહેલા હોય છે. આવા વર્ણાદિનો ભોગવટો કરવા છતાં પણ એના આત્મામાં રહેલા તીવ્ર વૈરાગ્યભાવના કારણે એ વર્ણાદિને વિષે જરાય રાગાદિ પરિણામ પેદા ન થાય અને નિર્લેપ ભાવ કેમ વધતો જાય એનો પ્રયત્ન સતત ચાલુને ચાલુ જ હોય છે. એટલે કે રાગાદિનો ઉદય તીવ્રરસવાળો હોવાછતાં પણ એ રાગાદિને નિષ્ફળ કરવામાં સહાયભૂત તીવ્રકોટિનો વૈરાગ્યભાવ

કામ કરતો હોય છે. જ્ઞાની ભગવંતો કહે છે કે જીવ જેટલો વર્ણાદિના રાગાદિ પરિણામમાં મુંઝાતો જાય છે એટલે કે રાગાદિ પરિણામ કરતો જાય છે એનાથી પોતાનું સ્વરૂપ વર્ણાદિથી રહિતપણે રહેલું છે એટલે કે અવર્ણવાળું રહેલું છે એ સ્વરૂપને દબાવતો જાય છે અને સ્વરૂપને પેદા કરવાની ઇચ્છા પણ થતી નથી. એનો અર્થ એ થાય છે કે પદાર્થોને વિષે વર્ણાદિમાં જેટલા રાગાદિ પરિણામ તીવ્ર કરવામાં આવે એનાથી પોતાનું અવર્ણવાળું સ્વરૂપ વિશેષ રીતે દબાતું જાય છે. છતાં પણ જીવને એનો જરાપણ ખ્યાલ આવતો નથી. કારણ કે અનાદિકાળથી જીવ પોતાના વર્ણાદિને વિશે થતાં રાગાદિ પરિણામવાળુંજ મારું સ્વરૂપ છે એમ માને છે. પણ આ મારું વિરુપ છે એટલે મારું પોતાનું સ્વરૂપ નથી એવો એને જરાય ખ્યાલ આવતો નથી. આ ખ્યાલ ત્યારેજ જીવને પેદા થઇ શકે કે જીવ પુરુષાર્થ કરતો કરતો મારું સ્વસ્વરૂપ વર્ણાદિથી ભિન્ન કોટિનું છે એવો ખ્યાલ આવતો જાય તોજ. બાકી અનાદિકાળથી એ જીવ વર્ણાદિના પુદ્‌ગલોમાં સ્વસ્વરૂપને માનતો માનતો રાગાદિ પરિણામ કરતો કરતો પોતાના આત્માનો સંસાર વધારતો જ જાય છે. એને ખ્યાલ નથી આવતો કે આ વર્ણાદિની મુંઝવણથીજ હું મારો સંસાર વધારી રહેલો છું. જેટલો કર્મના પુદ્‌ગલોમાં વર્ણાદિ સ્વરૂપમાં મુંઝાઇશ એટલોજ અવર્ણાદિ રૂપે મારા સ્વરૂપને હું પેદા કરી શકીશ નહિ. મારૂં સ્વરૂપ વર્ણાદિ રૂપે નથી પણ અવર્ણાદિ રૂપે છે એવું પણ યાદ કરી શકીશ નહિ. સિધ્ધ પરમાત્માના આઠ ગુણો છે અથવા ૩૧ ગુણોનું પણ વર્ણન આવે છે. નવકારમંત્રના પાંચ પદના એટલે કે પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણો કહેલા છે માટે તેમાં સિધ્ધ પરમાત્માના ૮ ગુણોનું વર્ણન આવે છે જ્યારે બીજા સ્થાનોમાં એટલે કે બીજા શાસ્ત્રોમાં સિધ્ધ પરમાત્માના ૩૧ ગુણોનું વર્ણન આવે છે એમાં અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ એ પણ સિધ્ધ પરમાત્માના ગુણો રૂપે કહેલા છે. આજે તો લગભગ ખરીદી કરવા માટે જાય તો વર્ણાદિમાં પોતાને સમજણ ન પડે તો જેને વર્ણાદિમાં સારી સમજણ પડતી હોય એને સાથે લઇને જાય છે અને એ જે પ્રમાણે વધારે પસંદ કરે એ પ્રમાણે ચીજ

લઇને આવે છે અને એના વખાણ કરવામાં પણ જરાય થાક લાગતો નથી. આ ઉપરથી વિચાર કરો કે વર્ણાદિમાં આપણે કેટલા બધા મુંઝાએલા છીએ. જો આવીને આવી રીતે જીવ્યા કરીશું તો આપણે મરીને ક્યાં જઇશું એનો કોઇ પત્તો લાગશે નહિ. કારણ કે વર્ણાદિમાં જેટલા રાગાદિ કરીએ એટલું અવર્ણાદિનું સ્વરૂપ આપણાથી દૂરને દૂર થતું જાય છે અને અત્યાર સુધીમાં સંસારમાં અનંતા ચક્કર ભવચક્રના કરીને આવ્યા એમાં એક ચક્કર વધવાનું. આવી રીતે ચક્કર વધે તો આપણને વાંધો નથી ને ? જેવા તીવ્રભાવે પદાર્થોમાં વર્ણાદિના રાગાદિ કરો છો તેવા તીવ્રભાવે પ્રતિક્રમણમાં એનો પશ્ચાત્તાપ કરો તોજ કર્મ ખપે. પણ એવો પશ્ચાત્તાપ થાય છે ખરો ?

આરીસામાં પોતાનું પ્રતિબિંબ રસપૂર્વક જોતી વખતે જો આયુષ્યનો બંધ પડે તો કયું આયુષ્ય બંધાય ? એનો કોઇ દિ' વિચાર કર્યો છે ખરો ? મોટે ભાગે જો તે વખતે આયુષ્ય બંધાય તો તિર્યંચ કે નરકનું આયુષ્ય બંધાય. ખરેખર આરીસામાં મોં જોતા આવડે તો કલ્યાણ સાધી શકાય છે. જેમકે ભરત ચક્રવર્તી આરીસા ભુવનમાં વસ્ત્રાલંકાર પહેરવા માટે જતા હતા અને એ વસ્ત્રાલંકારથી પોતાનું શરીર સજ્જ કરીને આરીસા ભુવનમાં જે રીતે જોતા હતા એમાં એમની સાથે સમકિત રહેલું હોવાથી એમને તીવ્રરસવાળા કર્મનો બંધ થતો નહોતો. એમાં એકવાર આંગળીમાંથી વીંટી પડી ગઇ અને અનીત્ય અને અસરણ ભાવનામાં ચઢ્યા તો એ ભરત ચક્રવર્તીનો આત્મા ત્યાંને ત્યાં જ કેવળજ્ઞાનને પામ્યા. કારણ કે એક આંગળી વીંટી વગરની નાગી દેખાય છે તો આખું શરીર પણ એવાજ પ્રકારનું છે. એમ વિચારણા કરતાં કરતાં એક એક અલંકારો શરીર ઉપરથી ઉતારતા ઉતારતા વાસ્તવિક આ સ્વરૂપ મારૂં નથી, મારૂં સ્વરૂપ તો પોતાનું અરૂપીપણું છે એમ વિચાણામાં ચઢતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શક્યા. એવી રીતે જો આરિસામાં પોતાનું પ્રતિબિંબ એટલે મુખ જોતાં આવી વિચારણા કોઇકાળે પેદા થઇ છે ખરી ? આવી વિચારણા કરતો થાઉં એવી ભાવના પણ પેદા થઇ છે ખરી ? કારણ કે જે રીતે હું વર્ણાદિમાં મુંઝાઇ રહેલો છું એનાથી છુટવા માટે મારા અસલ

અવર્ણાદિ સ્વરૂપને મારે પામવું છે એ માટે સ્થાપના નિક્ષેપા રૂપે અરિહંત પરમાત્માનું દર્શન વારંવાર કરવાનું કહેલું છે. એવીજ રીતે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરવાનું પણ કહેલું છે અને એ ઉત્તમ દ્રવ્યોથી આંગી કરતાં વિચારવાનું કે આ આત્માની હું ભક્તિ શું કરું છું ? કારણ કે એ આત્મા જ્યારે રાજદરબાર ભરીને બેઠા હતા તે વખતે એમની પાસે જે સામગ્રી હતી અને જે ઉત્તમ દ્રવ્યો હતા છતાંપણ એમાંના કોઇપણ ઉત્તમ દ્રવ્યોમાં જરાય રાગાદિ પરિણામ થવા દીધો નથી. તો હું એમની ભક્તિ કરી કરીને એની અપેક્ષાએ શું કરી શકવાનો છું. ગમે તેટલા સારા ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરું તો પણ મારા રાગાદિ પરિણામ બાકીના દ્રવ્યો પરથી જરાય ઓછા થતા નથી. એ રાગાદિ પરિણામ એની આસક્તિ અને એનું મમત્વ ઘટે એ માટે જેટલા ઉત્તમ દ્રવ્યોથી હું ભક્તિ કરું એટલું મને આ રાગાદિ પરિણામ ન પજવે એવી શક્તિ આવે એ માટે હું કરી રહેલો છું અને એની સાથે સાથે એમનો જે વૈરાગ્યભાવ સંસારી અવસ્થામાં છેલ્લે ભવે રહેલો હતો એના અંશ જેટલો પણ વૈરાગ્યભાવ મારા અંતરમાં પેદા થાય અને એ માટે હું પ્રયત્ન કરતો કરતો આગળ વધું એ માટે હું આ અંગ રચના કરું છું. આવી પણ વિચારણા ભગવાનની અંગરચના કરતાં, ભગવાનની આંગી રચતા, આંગી કરાવતા ભાવ આવે છે ખરો ? કદાચ આંગી ન કરાવી હોય અને કોઇએ સુંદર અંગરચના કરાવેલી હોય તો એ ભગવાનની અંગરચનાના દર્શન કરતા અથવા આંગીના દર્શન કરતાં અંતરમાં શું ભાવ આવે છે ? એ આંગીના દર્શન કરતાં કરતાં પણ આંગીમાં રહેલા હીરા-માણેકના મુગટ વગેરે જોવાના નથી પણ આના કરતાં કઇ ગણી ઉંચી સામગ્રીમાં આ આત્મા બેઠેલો હતો તો પણ એ સામગ્રી પ્રત્યે જરાય રાગનો કણિયો ઉંચો ન થઇ જાય એની કાળજી રાખીને તીવ્ર વૈરાગ્યભાવના ઉપયોગમાં સતત જાગ્રત રહીને એ પદાર્થોનો ભોગવટો કરતા હતાં. માટે અંગરચનાના દર્શનથી એવા તીવ્ર વૈરાગ્યવાળા આત્માના દર્શન કરતાં કરતાં મારા આત્મામાં વૈરાગ્યભાવ પેદા કરવાની તાકાત આવે એ માટે અંગરચનાના દર્શન કરવાનું વિધાન છે.

આ પાંચે પ્રકારના વર્ણમાંથી સમયે સમયે જીવો પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત કોઇપણ એક વર્ણનો બંધ કર્યા જ કરે છે. જીવોનો જ્યારે અશુધ્ધ પરિણામ ચાલતો હોય અથવા અશુભ પરિણામ ચાલતો હોય ત્યારે એ જીવ અશુભ વર્ણાદિનો બંધ કરે છે તેમજ શુભ પરિણામ સ્વાર્થપૂર્વકનો ચાલતો હોય તો પણ જીવ અશુભ વર્ણનો બંધ કરે છે. એમાં એ ત્રણે પ્રકારના પરિણામની જેવી તીવ્રતા રહેલી હોય એ પ્રમાણે અશુભ વર્ણનો તીવ્રરસ બંધાયા કરે છે. જ્યારે જીવો નિઃસ્વાર્થ ભાવે શુભ પરિણામમાં વિદ્યમાન હોય ત્યારે શુભ વર્ણનો બંધ તીવ્રરસે કરે છે તેમજ નિઃસ્વાર્થ ભાવે શુભ પરિણામના વિચારમાંથી પુરૂષાર્થ કરીને શુધ્ધ પરિણામ પેદા કરતો જાય અને એ શુધ્ધ પરિણામમાં સ્થિરતા પામતો જાય ત્યારે એ જીવ શુભ વર્ણોનો તીવ્રરસ બાંધતો જાય છે. એ શુધ્ધ પરિણામની સ્થિરતાથી જીવ ગ્રંથીભેદ કરી સમકીતની પ્રાપ્તિ કરી દેશવિરતિ કે સર્વવિરતિના પરિણામને પામે અને એ શુધ્ધ પરિણતીની અનુભૂતિ કરતો કરતો પોતાનો કાળ પસાર કરી એ કાળમાં શુભ વર્ણાદિ તીવ્રરસે બાંધે છે. એ વર્ણોનો જે રસ બાંધેલો હોય એ રસ જીવોને ઉદયમાં આવે છે અને ઉદયમાં ભોગવતી વખતે એ પદાર્થો પ્રત્યે એટલે કે એ પદાર્થોના વર્ણાદિ પ્રત્યે રાગાદિ પેદા થઇ શકતા નથી અને એ પદાર્થોનો ભોગવટો કરવા છતાં પણ વૈરાગ્યની વૃધ્ધિ પેદા થતી જાય છે. બોલો નિઃસ્વાર્થભાવે શુભ પરિણામ આપણને આખા દિવસમાં કેટલો ટાઇમ આવે છે ? મંદિરમાં આવે એટલો ટાઇમ પણ નિઃસ્વાર્થભાવે શુભ પરિણામ ટક્યો રહે છે ખરો ? દીકરા માટે કે ઘરવાળા માટે કેસરની વાડકી તૈયાર કરવી તે સ્વાર્થ કહેવાય છે. એ ઘસીને મુકેલી વાટકી જો બીજો કોઇ સાધર્મિક લે તો અંતરમાં તરત જ ઝાટકો લાગે છે, ગુસ્સો પણ આવે છે, દ્વેષ પણ થાય છે અને દીકરો ના આવે ત્યાંસુધી મંદિરમાં એની રાહ પણ જોયા કરે છે અને તે વખતે જે ટાઇમે આવવાનો હોય એ ટાઇમ કરતાં મોડો આવે તો અંતરમાં અશુભ પરિણામો પણ પેદા થતા જાય છે. તે વખતે એ જીવ મંદિરમાં પણ અશુભ વર્ણાદિનો રસ તીવ્રરૂપે

બાંધતો જાય છે. પોતે પૂજાનું ઘી બોલ્યો હોય અને પોતાના સંબંધીઓને કહેવડાવ્યું હોય અને આવે નહિ અને રાહ જોવી પડે તો તે વખતે કોઇ સાધર્મિક પૂજા કરી દે તો અંતરમાં શું વિચાર આવે ? તે વખતે સમતાભાવ ટકે ખરો ? જો તે વખતે અશુભ પરિણામ આવતો જાય તો ભગવાનના મંદિરમાં પણ કાળો વર્ણ અને લીલો વર્ણ એ બે અશુભ વર્ણો કહેવાય છે એ તીવ્રરસે બાંધતા જાય.

પ્રશ્ન૦ લીલો વર્ણ વનસ્પતિમાં રહેલો હોય છે એને જોવો બહુ ગમે છે અને શરીરને પણ ફાયદાકારક ઘણી રીતે થાય છે તો પછી લીલો વર્ણ અશુભ શા માટે કહ્યો છે ?

આ વાત ગઇકાલે થઇ ગયેલી છે કે અશુભ વર્ણોની સાથે શુભ ગંધ, શુભ રસ અને શુભ સ્પર્શ રહેલો હોય તો તેમાં અશુભ વર્ણાદિ શુભરૂપે પણ ગણાય છે. આ બધો જીવના પરિણામ ઉપર આધાર રાખે છે અને એ જીવના પરિણામથી થતો કર્મના બંધ ઉપર આધાર રહેલો છે. આજે તો લગભગ જીવ વર્ણાદિમાં તાણાવાણાની જેમ વણાઇ ગયેલો હોય એમ લાગે છે. માટે એના કારણે એજ મારું વાસ્તવિક સ્વરૂપ છે એવી વિચારણાથીજ પોતાનું જીવન જીવી રહેલો છે. આના કારણે પોતાનું મૂળ સ્વરૂપ એને યાદ આવતું જ નથી. આપણા અને આપણા સ્નેહીઓના ફોટા જોતાં આનંદ આવે. આરીસામાં ઉભા ઉભા પોતાનું શરીર જોવામાં, શણગારવામાં જે આનંદ આવે છે તે રાગના પરિણામ છે એ પરિણામની તીવ્રતા મુજબ અશુભ વર્ણાદિનો બંધ જીવને થતો જાય છે કારણ કે એ અપ્રશસ્ત રાગાદિ કહેવાય છે અને પ્રશસ્ત રાગાદિનો વિચાર જીવ આ મારૂં પોતાનું સ્વરૂપ નથી પણ મારે ઘરની બહાર નીકળતા પહેલાં મારા પ્રતિબિંબને જોવું પડે છે કારણ કે કોઇ ડાઘ વગેરે રહેલો હોય તો એને દૂર કરીને નીકળું કે જેથી બાપદાદાની આબરૂ બગડે નહિ, કોઇ મશ્કરી કરે નહિ. એટલા પૂરતું જ મારે આરિસામાં મારા પ્રતિબિંબને જોવું પડે છે કે જો કદાચ કોઇ ડાઘ વગેરે રહી ગયેલો હોય તો સાફ કરીને બહાર નીકળી શકાય. આ સિવાય બીજો કોઇ હેતુ એને

આરીસામાં જોવાનો હોતો નથી. આજે વિચાર કરો તો આરીસા સામું જોવામાં કયા કયા વિચારો કરે છે અને તે વખતે શરીરને જોતાં જોતાં એને શણગારવામાં કેવી એકાગ્રતા રહેલી હોય છે એ જો વિચાર કરીએ તો આવી એકાગ્રતા હજી સુધી અરિહંત પરમાત્માના દર્શનમાં પણ પેદા થયેલી છે કે કેમ એ એક વિચારણીય છે. છોડવા લાયક રૂપી સ્વરૂપ આરીસામાં જોતાં મને આટલો આનંદ આપે છે તો મારૂં મૂળ સ્વરૂપ અરૂપીપણું રહેલું છે એ કેવું હશે ? એની વિચારણા કરું તો મને કેવો આનંદ પેદા થતો જાય આવી વિચારણા કરતાં થવાનું છે. અને આવી વિચારણા જીવ કરતો થાય તો એકસાથે નામકર્મના અનંતા કર્મનો ભુક્કો બોલાવી શકે છે. બાકી આ શરીરાદિ પુદ્‌ગલોને ગમે તેટલા સાચવો છતાં એ તમારા થવાના નથી. ઉપરથી આત્માની સ્થિતિ બગાડે છે. જો આ રીતે હું આવા તુચ્છ પદાર્થોમાં રાગાદિ કરતો રહીશ તો વીતરાગની ભક્તિ કરવા છતાં હું મારી વીતરાગતાને કઇ રીતે પેદા કરી શકીશ. સંસારના વર્ણાદિમાં રાગાદિ થાય છે એનાથી છુટવા માટે ઉંચા દ્રવ્યોથી ઉત્તમ કોટીના દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરવાની છે. આ રીતે જો ભક્તિ કરવામાં આવે તો પોતાની પાસે રહેલા પદાર્થોને સાચવવાની વૃત્તિ પેદા થાય નહિ અને વીતરાગ પરમાત્મા પ્રત્યે રાગાદિ પરિણામ વધારતો વધારતો પદાર્થો પ્રત્યેના રાગાદિને નિષ્ફળ બનાવતો જાય છે. આ રીતે જેટલું નિષ્ફળ પદાર્થો પ્રત્યે રાગાદિને કરતો જાય એટલી વીતરાગતા પોતાની જલ્દી પેદા થઇ શકે છે. બોલો આવો કોઇ વિચાર ભગવાનની ભક્તિ કરતા અત્યાર સુધી પેદા થયો છે ખરો ? જો આ રીતે જીવ વિચારણા કરતો થાય અને સુંદર રીતે અંગરચના બનાવતો જાય તો શાસ્ત્ર કહે છે કે સકામ નિર્જરા કરતો કરતો જન્મ મરણની પરંપરાનો નાશ કરતો જાય. આજે તો કહે છે કે આજે ભગવાનની ભક્તિ કરતા ખુબ આનંદ આવ્યો. પછી પૂછીએ કે બહુ આનંદ આયો એ આનંદ કેવો ? સંસારના પદાર્થો જે પોતાની પાસે રહેલા છે એના રાગાદિ પરિણામ ઓછા થયા એવો આનંદ કે એ રાગાદિના પરિણામો સ્થિર થયા એવો આનંદ ?

જેટલું આપણા શરીરને શણગારવામાં આનંદ આવે છે, ટાઇમ જાય છે એવો આનંદ ક્રમસેક્રમ વીતરાગ પરમાત્માના શરીરને શણગારવામાં પેદા થાય છે ખરો ? આપણા શરીરને ગમે તેટલું શણગારશું તો પણ એ તો જેવું છે તેવુંજ રહેવાનું છે. એને શણગારવામાં આ બધા બાહ્ય સુગંધી પદાર્થો આરીસાની સામે ઉભા રહી લગાડતા જઇએ અને ગઇકાલે કયા સુગંધી પદાર્થો લગાડ્યા હતા એ યાદ કરતો જાય, આજે કયા લગાડવાના છે એની વિચારણા કરતો જાય તો આ બધી વિચારણા મને મારનારી છે કારણ કે આ શરીરનું સ્વરૂપ એ મારૂં સ્વરૂપ નથી પણ મારું પોતાનું વિરૂપ સ્વરૂપ છે એવું લાગે છે ખરું ? તે વખતે તમને શું યાદ આવે ? વિચારો કે આમાં કેટલી બધી ગડબડ છે. ભગવાનના સ્વરૂપની સરખામણી કરી જે કર્મનિર્જરા કરવાની છે એ આ શરીરના રાગાદિના કારણે આપણે કરી શકતા નથી. આપણો શુભ ગર્વ પણ સ્વાર્થ રૂપે હોવો જોઇએ નહિ. જો સ્વાર્થવાળો ગર્વ પેદા થાય તો ભગવાનની ભક્તિથી પણ શાસ્ત્ર કહે છે તે શુભ વર્ણાદિનો બંધ થઇ શકે નહિ. પોતે આંગી કરાવી હોય, જે દિવસે સારી આંગી કરાવી હોય તો બહાર જઇને બધાને કહ્યા કરે, આજની આંગી આપણી છે, બહુ સુંદર બનાવી છે. તો શું બીજાની આના કરતા સુંદર નહોતી ? આપણી છે માટે સુંદર એ ભાવ સ્વાર્થના ઘરનો છે. સ્વદ્રવ્યથી ભગવાનની ભક્તિ આદિ કરતાં પણ તેમાં હું કરું છું નો ગર્વ ના આવવો જોઇએ. એમાં એમ થવું જોઇએ કે હું કરી કરીને શું કરું છું ? બોલો આવો વિચાર આવે છે ખરો ? પુણ્યના ઉદયથી આપણી પાસે કોઇપણ મનગમતો પદાર્થ આવે તો તે વખતે અંતરમાં શું વિચાર આવે ? આ તો પુદ્ગલની બાજી છે, આમાં જો રાગાદિ પરિણામ કરીશ તો મારો સંસાર વધશે એવું આપણને તે વખતે થાય ખરું ? આવું રટણ વારંવાર પેદા થાય એવો પ્રયત્ન કરતા થાવ. જો આવો પ્રયત્ન નહિ કરો તો આ પદાર્થ કેવો સરસ છે એમ થયા વગર રહેશે નહિ અને આવી રીતેજ એ પદાર્થોના વખાણ કર્યા કરીશ તો મરીને ક્યાં ચાલ્યો જઇશ એનો કોઇ પત્તો લાગશે નહિ. પાછળથી કોઇ આપણને યાદ કરવાનું નથી. જો ઉપરની વિચારણાં યાદ કર્યા કરશો

તો રાગાદિ પરિણામને તોડવાનો પ્રયત્ન કરતા થશો. પૈસાથી ખરીદીને ચીજ લાવો એ પછી બતાવવાની કોને ? જે તેના વખાણ કરે એને ને ? એ શું સૂચવે છે ? સાધુ પણ છદ્મસ્થ છે. અમને પણ કર્મના ઉદયે ગમે તેટલી ઇચ્છા થાય છતાં મંગાવતા પહેલા ઘણો વિચાર કરવો પડે. શ્રાવકને ખબર પડશે તો તેને સાધુ પ્રત્યે અભાવ થશે, બિચારો પતિત થશે માટે મારાથી આવી ચીજ મંગાવાય નહિ એમ વિચારણા થતાં એ પદાર્થોની વિચારણા અંતરમાંથી કાઢી શકે છે. માટે શ્રાવકો અમને સાધુપણામાં ટકાવી રાખવામાં આવી રીતે ખુબ સહાયભૂત થઇ શકે છે.

આપણે વર્ણાદિ પદાર્થોની વચ્ચે જીવવાનું એ પદાર્થોનો ભોગવટો કરવાનો, એ પદાર્થોને સાચવવાના અને ટકાવવાના પણ એના રાગાદિ પરિણામથી જેટલા બચ્યા એટલો બચવાનો પ્રયત્ન કરતા રહીએ તોજ આપણે આપણું પોતાનું અવર્ણાદિનું સ્વરૂપ વહેલી તકે પેદા કરી શકીએ. એટલે નિશ્ચિત એ થાય છે કે વર્ણાદિવાળા પદાર્થોની સાથે રહેવાનું, જીવવાનું છતાં પણ પુરૂષાર્થ કરીને જેટલો બને એટલો એના પ્રત્યે નિર્લેપભાવ કેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

દરેક જીવોને પોતે પેદા કરેલા શરીરને વિષે પાંચે વર્ણો રહેલા હોય છે, તેમાં જે જે જીવોના શરીરને વિષે જે વર્ણની પ્રધાનતા રહેલી હોય તે વર્ણરૂપે એ જીવોને વ્યવહારથી બોલાવવામાં આવે છે. આ પાંચે વર્ણનો ઉદય પહેલા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી ધ્રુવોદયી રૂપે રહેલો હોય છે એટલે કે સતત રહેલો હોય છે અને પાંચે વર્ણોની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. આ પાંચે વર્ણોની વિચારણા કરવા બેસીએ તો તેનું ધ્યાન અને અનુપ્રેક્ષા કરીએ તો કલાકોના કલાકો નીકળી જાય પણ એનું ધ્યાન અને અનુપેક્ષા કરતા આવડે તો. જેમકે આપણા શરીરને વિષે ચામડીના સાત પડ રહેલા છે. જેમ જેમ અંદરનું ચામડીનું પડ એક એક જોતા જઇએ તો એક એક કરતાં એક એક અંત્યંત કોમળરૂપે એ ચામડીનું પડ રહેલું છે, એ દરેકના વર્ણ પણ જુદા છે. એક આંખની કીકીમાં

પણ ત્રણ રંગ રહેલા છે. નશો પણ અલગ અલગ રંગવાળી હોય છે. એમ જો શરીરની વિચારણા કરીએ તો શરીરને વિષે પાંચે વર્ણાદિ રહેલા છે.

## શુભ ગંધ

ગંધના બે પ્રકાર છે. એક સુગંધ અને બીજી દુર્ગંધ. સુગંધ શુભરૂપે છે અને દુર્ગંધ અશુભરૂપે છે.

જીવો જેટલા સુગંધી પદાર્થોમાં મુંઝાયેલા હોય છે, રાગાદિ પરિણામ કરતાં કરતાં જીવતા હોય છે તેના પ્રતાપે ફરીથી શરીરને વિષે એવી સુગંધ પ્રાપ્ત થાય એવું કર્મ બંધાતું નથી. એટલે કે સુગંધી પદાર્થોના રાગાદિથી જીવ દુર્ગંધનામકર્મ બાંધે છે. આનાજ કારણે જીવોના શરીરો પોતાના કર્મના ઉદયથી એવા ભયંકર દુર્ગંધવાળા પેદા થાય છે કે દુર્ગંધ એ દુર્ગંધવાળા પદાર્થો અને એના પુદ્ગલો સુંઘવામાં આવે કે તરતજ માણસ મરી જાય છે. મનુષ્યનું શરીર દુર્ગંધવાળું વિષકન્યા રૂપે પ્રાપ્ત થાય છે. એવીજ રીતે દ્રષ્ટિવિષ સર્પ પણ પેદા થાય છે અને વિષપુરૂષ પણ હોઇ શકે છે પણ દાખલો વિષકન્યાનો અપાય છે. અત્યારે એવી કેટલીયે વનસ્પતિઓ છે કે જેના ગંધના પુદ્ગલો ચારે બાજુ બબ્બે માઇલ સુધી વિસ્તારમાં પ્રસરતા હોય તો ત્યાંથી જતા જીવો એ પુદ્ગલોને સુંઘે તો તરતજ એ ત્યાંને ત્યાં જ બેભાન થઇને મરી જાય છે. દુનિયામાં આવા પણ કોઇક જીવો દુર્ગંધથી ભરેલા પુદ્ગલોથી જીવે છે અને એમના શરીરથી અનેક જીવોના જીવન ખતમ થાય છે. જો આવી સ્થિતિમાં જવું ન હોય એટલે કે આવી સ્થિતિવાળું શરીર પ્રાપ્ત ન કરવું હોયતો સુગંધી પદાર્થોના રાગને તોડવાનો પ્રયત્ન કરતા થાવ. સુગંધી દ્રવ્યોમાં રાગાદિ કરીને લાંબાકાળથી સંસારને વધારતા જઇએ છીએ તો તેને તોડવા માટે પણ એટલે કે લાંબાકાળના સંસારને અલ્પકાળનો કરવા માટે સુગંધી દ્રવ્યોના રાગાદિને ઉપયોગ પૂર્વક લાંબાકાળ સુધી મહેનત કરવી પડશે. પ્રશસ્ત રાગાદિ આપણે બોલીએ છીએ પણ બોલવા માત્રથી પ્રશસ્ત રાગાદિ પેદા થઇ શકતા નથી એને માટે અંતર અવલોકનની જરૂર છે. જરાપણ સ્વાર્થ પોશાતો

હોય ત્યાં પ્રશસ્ત રાગાદિ રહેતા નથી. જ્ઞાનીની મહોરછાપ વગર તમે માની લીધેલા રાગાદિને પ્રશસ્તરૂપે કહો છો.એ વાસ્તવિક રીતે પ્રશસ્ત છે ? એ ખૂબ વિચારણીય છે.

જૈનશાસનમાં સુગંધ રૂપે પ્રાપ્ત થયેલું શરીર એ સુગંધના પણ અનંતા ભેદ પડે છે, એવી રીતે દુર્ગંધ રૂપે પ્રાપ્ત થયેલા શરીરના પણ અનંતા ભેદ પડે છે. જેમકે સામાન્ય સુગંધ એનાથી એક ગુણ અધિક સુગંધ એનાથી બે ગુણ અધિક સુગંધ એનાથી ત્રણગુણ અધિક સુગંધ એનાથી સંખ્યાતા ગુણ અધિક સુગંધ એનાથી અસંખ્યાતા ગુણ અધિક સુગંધ અને એનાથી અનંત ગુણ અધિક સુગંધ એમ એક એક ગુણ અધિક અધિક વધારતા વધારતા અનંતગુણ અધિક રૂપે અનંતાભેદ થઇ શકે છે. તીર્થંકર પરમાત્માઓનું શરીર સર્વઉત્કૃષ્ટ સુગંધવાળું હોય છે એમના શરીરમાંથી સુગંધીત પુદ્‌ગલો નીકળતા હોવાછતાં પણ સુગંધમય વાતાવરણ થતું હોવાછતાં પણ એ આત્માઓને સુગંધ પ્રત્યે રાગાદિ પરિણામ પેદા થતા નથી એવો ઉંચી કોટિનો વૈરાગ્યભાવ એમનામાં રહેલો હોય છે. ચોથા ગુણસ્થાનકે રાગાદિ પરિણામનો ઉદય હોવાછતાં પણ રાગાદિ પરિણામને નિષ્ફળ બનાવીને ૮૩ લાખ પૂર્વ વરસ સુધી ક્ષયોપશમ સમકિતના કાળમાં ચોથા ગુણસ્થાનકે પોતાનો કાળ પસાર કરે છે. આ રીતે સુગંધમય શરીરને ૮૩ લાખ પૂર્વવરસ સુધી ભોગવવા છતાં પણ જન્મ મરણની પરંપરા વધે એવો કર્મબંધ થતો નથી. બાંધેલા કર્મોને ભોગવીને નાશ કરતાં કરતાં સાથે સાથે બંધાતા કર્મોને પણ ઉદયમાં લાવીને ભોગવીને નાશ કરતાં જાય છે. આથી એ જીવોને સંસારની વૃધ્ધિ થાય એવો કર્મબંધ થઇ શકતો નથી. એમના શરીરની સુગંધ કરતા અનંતગુણ હીન સુગંધ ગણધર ભગવંતોના શરીરમાં હોય છે એના કરતા અનંતગુણહીન સુગંધ અનુત્તરવાસી દેવોના શરીરને વિષે રહેલી હોય છે. ત્યાર પછી ક્રમસર દરેક દેવોની શરીરમાં ઉત્તરોત્ત અનંતગુણહીન અનંતગુણહીન સુગંધ રહેલી હોય છે. એવી રીતે કેટલાક પુણ્યશાળી મનુષ્યો હોય છે કે જેમના શરીરમાંથી ચંદન જેવી સુવાસ સુગંધરૂપે રહેલી હોય છે. ઇલાચી કુમાર દોરડા ઉપર

નાચતા નાચતા સામે પદ્મિની સ્ત્રી કેસરીયા મોદક લઇને ઉભેલી છે અને મહાત્માને લાભ આપો એમ વિનંતી કરી રહેલી છે એ દ્રશ્ય જોતાની સાથે પોતાના આત્મામાં આત્માની વિચારણા કરતાં કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શક્યા. પદ્મિની સ્ત્રીના શરીરમાંથી કમળ જેવી સુગંધ નીકળતી હોવાછતાં મહાત્માને લાભ આપો લાભ આપો એમ વિનંતી કરતી હોવાછતાં આ મહાત્માની નજર ઉંચી કરીને જોવાનું મન પણ થતું નથી અને મોદક લેવાની ઇચ્છા પણ થતી નથી. એ જોઇને ઇલાચી કુમાર વિચારે ચઢ્યા કે આય મનુષ્ય છે અને હુંય મનુષ્ય છું. આ મનુષ્યરૂપે રહેલા મહાત્મા કેવા ઉંચી કોટિના કે જેને આંખનું પોપચું પણ ઉંચું કરવાનું મન થતું નથી અને હું આ નટડીના શરીરના રાગમાં અને મોહમાં ફસાયેલો છું આ ઇલાચી કુમારનો આત્મા પહેલા શ્રાવકના ઘરમાં રહેલો હતો અને શ્રાવકનો દિકરો હતો ત્યારે વૈરાગી જીવ હતો અને સમકીત પામેલા હતા, બાપનો એકનો એક દિકરો હતો બાપ એને સંસારના સુખોને ભોગવવા માટે વારંવાર જણાવતા હતા પણ દીકરાને મન થતું નહોતું માટે બાપે યુક્તિપૂર્વક મિત્રોને વાત કરીને રાગાદિ પેદા કરાવવા માટે પ્રયત્નો કરાવેલા તેમાં એ ઇલાચી કુમારને વારંવાર નાટક ચેટક બતાવતા હતા એમાં એકવાર નાટક જોતાં નટડીના રાગમાં એ બંધાઇ ગયા. ઘરે આવીને બાપને કહે છે કે મને એ લાવી આપો તોજ હું જીવી શકીશ. એના વગર નહીંતર હું મરણ પામીશ. બાપ એને ઘણું સમજાવવા પ્રયત્ન કરે છે પણ એકનો બે થતો નથી. બાપ એ નટડીના બાપની પાસે જાય છે વાત કરે છે, નટડીના બાપે કહ્યું કે અમારો રીવાજ છે કે તમારો દીકરો અમારી સાથે રહે, નાટક શીખે, ગામેગામ અને શહેરોમાં નાટક કરતો થાય અને રાજાને રીઝવીને પૈસા કમાવીને અમારી આખી નાતને જમાડે પછી હું એને મારી દીકરી આપું. તો દીકરો એના રાગના કારણે એ પણ કરવા તૈયાર થયો અને નટડી સાથે ફરતાં ફરતાં ગમે તેવા કપડા પહેરી નાટક શીખ્યો. અડધો ભૂખ્યો અને તરસ્યો પણ રહે એમ કરીને રાજાને રીઝવવા માટે પ્રયત્ન કરી રહેલો છે તેમાં આ મહાત્માને જોતાની સાથે વિચારણામાં ચઢ્યા ત્યાં પાછો વૈરાગ્યભાવ પેદા

થયો, સમકિતની પ્રાપ્તિ થઇ, સર્વવિરતિના પરિણામ પેદા થયા, અપ્રમત્વ ભાવ આયો, ક્ષપકશ્રેણિ માંડી મોહનીય કર્મનો નાશ કરી વીતરાગદશાને પામી ઘાતીકર્મનો નાશ કરીને દોરડા ઉપર નાંચતા નાંચતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. આ ઇલાચી કુમારના દ્રષ્ટાંતમાં એ ગંધના પદાર્થમાં રાગાદિ તોડવા માટે જે રીતે વિચારણા કરીને રાગાદિને તોડ્યા એવી વિચારણા કરતાં આપણે થવાનું છે એ માટે આ દ્રષ્ટાંત વારંવાર વિચારવાનું છે. ગંધવાળા ગમે તેવા પુદ્‌ગલો આપણી પાસે આવે એટલે કે સુગંધવાળા પદાર્થો આવે કે દુર્ગંધવાળા પદાર્થો આવે તો પણ એ પદાર્થોમાં રાજીપો અને નારાજી કર્યા વગર મારૂં સ્વરૂપ ગંધરહિત છે એમ વિચારણા કરતાં થવાનું છે. આ પદાર્થો તો પુદ્‌ગલની બાજી સમાન છે. એ પુદ્‌ગલોનો સ્વભાવ એવા પ્રકારનો છે માટે એમાં સુગંધ અને દુર્ગંધ રહેલી છે. જો હું એમાં રાગાદિ પરિણામ કરીશ તો જરૂર મારો સંસાર વધશે. માટે આવી વિચારણાઓ કરીને રાગાદિ પરિણામથી અટકવાનો પ્રયત્ન કરવો જોઇએ પણ અત્યાર સુધી આપણે એનાથી વિપરીત એટલે અવળી ટેવો પાડેલી છે માટે એ ટેવોને છોડવી ગમતી નથી. જો વૈરાગ્યભાવ પેદા થાય તો એ પુદ્‌ગલોથી દૂર થવામાં વાર લાગતી નથી. બોલો આપણા અંતરમાં કિંમત વધારે શેની ? પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ થાય છે એની કે વૈરાગ્યભાવની ? આટલા વર્ષોથી ધર્મ કરવા છતાં જો રાગાદિ પરિણામનીજ કિંમત ઉંચી રાખેલી હશે તો જિનેશ્વર પરમાત્મા આપણા માટે તારનારા નઇ બને. કોઇનો વૈરાગ્ય કોઇકાળે આપણા આત્માને માટે લાભદાયી બનવાનો નથી. તેમના પગ પકડી લઇશું અને તરી જઇશું એ વાતોથી કામ નઇ થાય. રાગાદિ પરિણામ ઘટાડવાનો પુરૂષાર્થ સ્વયં કરવાનો છે. જૈનશાસન તેને માટેજ આ જગતમાં રહેલું છે. ભગવાનના દર્શનથી માંડીને સાધુપણા માટેની બધીજ ક્રિયાઓ વૈરાગ્યને પેદા કરવા, પેદા થયેલા વૈરાગ્યને દ્રઢ કરવા અને વૈરાગ્યની તીવ્રતા પેદા કરીને લાંબાકાળ સુધીની સ્થિરતા પેદા કરવા માટે જ છે. પુણ્યના યોગે તમને સામગ્રી આ બધી ઉંચી કોટિની પ્રાપ્ત થયેલી છે. તેના ઉપયોગથી સચેતન કે અચેતન પુદ્‌ગલોના યોગમાં તમારા રાગાદિ પરિણામો

ઘટે છે કે નહિ ? એવું અવલોકન કરો. આ બધા સુગંધવાળા પુદ્‌ગલો પણ કાયમ માટે સુગંધપૂર્વકજ રહે એવા હોતા નથી. એમાં પણ અનિત્યાદિ ભાવનાઓ ભાવી શકાય તેમ છે. આપણું ચિંતન કયું ચાલે છે તેના પરથી વૈરાગ્ય છે કે વૈરાગ્ય પેદા કરવાની ભાવના પણ છે કે કેમ તે નક્કી થાય. આ ઉંચા આલંબનો પણ સદ્‌ધર્મ તરીકે આપણા આત્માને તારનારા ત્યારે જ બને જો વૈરાગ્યભાવ પેદા થાય તો.

ગંધ નામકર્મ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાયા કરે છે. જીવને જેવો પરિણામ પેદા થાય એ પરિણામ રૂપે સુગંધ અથવા દુર્ગંધ બંન્નેમાંથી કોઇપણ એક પરાવર્તમાન રૂપે બંધાયા કરે છે. સુગંધ અને દુર્ગંધનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે અને બંન્ને ગંધની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે.

સામાન્ય રીતે દરેક જીવોના શરીરમાં સુગંધ અને દુર્ગંધ બંન્ને પ્રકારના પુદ્‌ગલો ઉદયરૂપે રહેલા હોય છે. જે જીવોના શરીરમાં સુગંધના પુદ્‌ગલો વધારે હોય તો વ્યવહારથી એનુ સુગંધી શરીર છે એમ કહેવાય છે અને જે જીવોના શરીરમાં દુર્ગંધવાળા પુદ્‌ગલો વિશેષ હોય તો વ્યવહારથી એનું શરીર દુર્ગંધવાળું છે એમ કહેવાય છે. આ કારણથી બંને પ્રકારની ગંધમાંથી કોઇપણ પ્રકારના ગંધવાળા શરીરને વિષે રાગાદિ પરિણામ કરવા યોગ્ય નથી. જેટલા રાગાદિ પરિણામની તીવ્રતા ગંધની પ્રધાનતા રાખીને જીવો, શરીર પ્રત્યે કરતા જાય છે એટલું ૧૦-૧૦ ના ગુણાકારથી દુર્ગંધવાળું શરીર પ્રાપ્ત થાય એવા ભવોની પરંપરા વધારતો જાય છે. વૈરાગ્યભાવ પેદા કરીને રાગાદિની મંદતા કરતાં કરતાં જેટલો નિર્લેપભાવ પેદા કરતા જાય તેનાથી સંસારમાં જેટલા કાળ સુધી રહેવાનું હોય તેટલાકાળમાં ૧૦-૧૦ ના ગુણાકાર રૂપે સુગંધ અને સુગંધમય શરીરની પ્રાપ્તિ થતી જાય એ રીતે ભવોની પરંપરા વધારતો જાય છે અને વૈરાગ્ય સાથે રહેલો હોવાથી સુગંધી શરીરો પ્રાપ્ત થતા હોવાછતાં પણ રાગાદિ પરિણામ પેદા ન થતાં નિર્લેપતા સાથે રહેતી જાય છે અને નિર્લેપતા વધતી જાય છે. ભવની પરંપરાનો નાશ કરવામાં

આત્માની અનંતગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરવામાં એ સુગંધમય શરીરો સહાયભૂત થવાથી પુરૂષાર્થ કરીને જીવો પોતાના સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરી શકે છે માટે નિર્લેપતા જેટલી વધે તેટલો આત્મવિકાસ વધે. ગુણપ્રાપ્તિમાં નિર્લેપતા સહાયક બને છે. સુગંધીમાંથી અગંધરૂપે એટલે કે ગંધરહિતપણું આપણે પ્રાપ્ત કરવાનું છે. કેટલાક જીવો સુગંધમય વાતાવરણ પણ ધ્યાન પેદા કરવા માટે ઇચ્છે છે. ચિત્ત અને એકાગ્રતા પેદા કરવા માટે પણ એવા વાતાવરણની સહાયતા પ્રાપ્ત થાય એમ પણ ઇચ્છે છે. પણ એ ઇચ્છતા ઇચ્છતા આત્માની અનંતગુણ વિશુધ્ધિને પેદા કરવા માટે હું આ ઇચ્છિ રહેલો છું અને આ ગંધથી નિર્લેપતા ભાવ પેદા થતી જાય એ માટે હું આવી ગંધને ઇચ્છું છું તો એ પ્રશસ્ત ગંધ રૂપે ગણાય છે અને જેટલી એમાં ધ્યાન ધરતાં ધરતાં નિર્લેપતા પેદા થાય અને સ્થિરતા આવે તોજ પોતાનું અગંધ રહિત સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઇચ્છા અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. જો એ ધ્યાન ધરતાં ધરતાં સુગંધી દ્રવ્યોમાં લેપાય તો અપ્રશસ્ત ગંધ પેદા થયેલી છે એમ જાણીને એ આત્મા મર્યો સમજો. ધ્યાનમાં અનંતગુણવિશુધ્ધિમાં બેઠેલો હોય તેને સુગંધ કે દુર્ગંધની અસર પણ રહેતી નથી. છતાં સુગંધમય વાતાવરણમાં એકાગ્રતા જલ્દી પ્રાપ્ત થઇ શકે છે અને એકાગ્રતમાં જલ્દી જઇ શકાય છે માટે એવું વાતાવરણ ઉભું કરવાની જ્ઞાનીઓએ વાતો કહી છે. વૈરાગ્ય સાથે હોય, સમકિત સાથે હોય તેને કોઇ ફરક પડતો નથી. જેમકે કૃષ્ણ મહારાજાની સવારી નીકળી તે વખતે પોતે હાથી ઉપર બેઠેલા છે. અને રસ્તામાં એમની પરીક્ષા કરવા માટે દેવોએ ભયંકર દુર્ગંધવાળું કૂતરુ વિકુર્વીને મૂકેલું છે. એની દુર્ગંધ ચારેબાજુ એટલી બધી ફેલાય છે કે સવારીના માણસો એ દુર્ગંધથી પોતાનું નાક દાબીને જલ્દીથી દૂર જતા રહ્યાં. જ્યારે કૃષ્ણ મહારાજાનો હાથી ત્યાંથી પસાર થાય છે ત્યારે તે વખતે કૃષ્ણ મહારાજા એના શરીરને જુવે છે તો જોતાની સાથેજ એનામાં ગુણરૂપે જે સારી ચીજ રહેલી છે એના વખાણ કરે છે. કે ભલે આ કૂતરું સડેલું છે, ભયંકર દુર્ગંધ એનામાંથી નીકળે છે પણ એની દાંતની પંક્તિ કેવી સફેદ અને સુંદર છે. તે વખતે બીજા

બધા બોલે છે કે કૃષ્ણ મહારાજાને આ વળી શું સૂજ્યું કે આવા ટાઇમે પણ એમાં ગુણ શોધવાનો પ્રયત્ન કરે છે. પણ જ્ઞાનીઓ કહે છે કે ગુણગ્રાહી જીવનો આ સ્વભાવ હોય છે. આપણે કયો સ્વભાવ પાડ્યો છે.

આજે તો ઠીકરા જેવી ચીજ મળેલી હોય તો પણ અંતરમાં એવા વિચારો જીવ કર્યા કરે છે કે આજે તો આટલું સારૂં મલ્યું કાલે આનાથી વધારે સારૂં મલશે એની આશા રાખીને એ ઠીકરા જેવા પદાર્થમાં પણ આનાથી સારા પદાર્થની આશાથી રાગાદિ કરી કરીને રાગાદિની પુષ્ટિ કરીએ છીએ. આપણા રાગાદિની વિશેષ ખબર તો રસવાળા પુદ્‌ગલોનું વર્ણન આવશે એટલે ખબર પડશે. જે રસવાળો ખોરાક આપણે ખાધો હોય તે રસવાળા પુદ્‌ગલો ઉદયમાં હોય તો તેને પચાવીને સાત ધાતુમાં પરિણામ પમાડે પણ જો જે રસવાળા પુદ્‌ગલોનો આહાર કર્યો હોય પણ તે વખતે નિરસવાળો રસ ઉદયમાં હોય તો તે આહાર શક્તિ આપેજ તેવો નિયમ નહિ. એ આહાર આફરો ચઢાવે, ગેસ કરી નાંખે, ઝાડા પેદા કરી દે એમ અનેક પ્રકારે શરીરમાં કોઇને કોઇ વિકૃતિ પેદા કરે છે. જે આહારના પુદ્‌ગલોનો આપણે ઉપયોગ કરીએ છીએ, બીજાની પાસે કરાવીએ છીએ તેમાં આપણો આશય કયો ? શક્તિ પેદા કરીને સંસારના કાર્યો સારી રીતે કરે એ ? કે શક્તિ પેદા કરીને એ શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણમાં કરતો થાય એ ? આ ખૂબ વિચાર માંગે છે.

## રસનું વર્ણન

જૈનશાસનમાં રસના પાંચ ભેદ કહેલા છે પહેલો કડવો રસ, બીજો તીખો રસ, ત્રીજો તુરો રસ, ચોથો ખાટો રસ અને પાંચમો મીઠો રસ. લવણ એટલે મીઠું એને બધા રસમાં ગણેલું છે. પાંચેપાંચ રસનો સમાવેશ એ લવણમાં હોય છે માટે એને સબરસ કહેવાય છે. આ પાંચ રસમાંથી કડવો રસ અને તીખો રસ એ બે અશુભ ગણાય છે. કારણ કે એકલા કડવારસવાળા પદાર્થો ખાવામાં આવે તો એનાથી પેટ ભરાતું નથી અને એકલા તીખા રસવાળા

પદાર્થો ખઇ શકાતા નથી. એટલે એનાથી પણ પેટ ભરાતું નથી માટે એ બે રસને અશુભ ગણેલા છે. તુરો રસ, ખાટો રસ અને મીઠો રસ એ ત્રણે રસવાળા પદાર્થો એક એક જુદા જુદા રૂપે ખાવામાં આવે તો પણ જીભ એનાથી પોતાનું પેટ ભરી શકે છે માટે એને શુભરસ ગણાય છે. વનસ્પતિને વિષે કડવા રસવાળા વનસ્પતિઓ અનેક પ્રકારની હોય છે, તીખા રસવાળી વનસ્પતિઓ પણ અનેક પ્રકારની હોય છે એવી જ રીતે તુરા રસવાળી વનસ્પતિઓ પણ અનેક પ્રકારની હોય છે, ખાટારસવાળી વનસ્પતિઓ પણ અનેક પ્રકારની રહેલી હોય છે અને મીઠારસવાળી વનસ્પતિઓ પણ જગતને વિષે અનેક પ્રકારની રહેલી હોય છે જેમ વનસ્પતિના શરીરમાંથી પાંચે પ્રકારના રસમાંથી કોઇને કોઇ રસ વનસ્પતિના શરીરમાં હોય છે એમ જગતમાં રહેલા જીવો જે જે શરીરોથી યુક્ત હોય છે એ જીવોના શરીરમાં પાંચે રસ એક સાથે રહેલા હોય છે. એમાં પાંચે રસવાળા પુદ્ગલો શરીરમાંથી બહાર નીકળતા પણ હોય છે. પેશાબ રૂપે પુદ્ગલો બહાર નીકળે, સંડાસરૂપે પુદ્ગલો બહાર નીકળે અને પરસેવા રૂપે પણ પુદ્ગલો બહાર નીકળે છે. કેટલાક જીવોના શરીરમાંથી પરસેવા રૂપે મીઠો રસ નીકળતો હોય તો તેની આસપાસ માંખીઓ ચારેબાજુ બણબણે છે. એટલે કે એ જીવોના શરીરમાંથી પરસેવા રૂપે સુગંધ પ્રસરતી જાય છે. તીર્થંકર પરમાત્માની લઘુનીતિ એટલે પેશાબ અને ગુરૂનીતિ એટલે સંડાસ કોઇપણ જોઇ શકે નહિ કારણ કે તેમના શરીરમાંથી એકદમ સુગંધમય પુદ્ગલો નીકળે છે. દેવતાઓના શરીરમાંથી પણ એ સુગંધી રસવાળા પુદ્ગલો નીકળે છે. નારકીના શરીરમાંથી દુર્ગંધરસવાળા પુદ્ગલો નીકળ્યા જ કરે છે. મનુષ્ય અને તિર્યંચોના શરીરમાં બધા રસવાળા પુદ્ગલો રહેલા હોય છે માટે જેને જેવા રસની પ્રધાનતા હોય એવા રસવાળું શરીર વ્યવહારમાં કહેવાય છે. આ વિચારણા કરીને વૈરાગ્ય કેળવવાનો કહેલો છે.

પ્રશ્ન૦ ખાટા રસથી પેટ ભરાય ?

જરૂર ભરી શકાય. થોડું થોડું ખાટું ખાટું ખાતો જાય તો એને ખાવામાં

કંટાળો આવતો નથી.

પ્રશ્નઃ કડવો રસ અશુભ કહેલો છે તો પણ શરીરને માટે ગુણકારી છે ?

આપણા શરીરની રચના જ એવા પ્રકારની છે માટે એ કડવો રસ ગુણકારી બને છે. જ્ઞાની ભગવંતોએ આ બધી વાતો સાપેક્ષભાવે કહેલી છે. વ્યવહારથી એ ગુણકારી બોલીએ છીએ તે શરીરની અપેક્ષાએ એની સાથે બીજા પુદ્ગલો પણ પરિણામ પામતા જાય છે ત્યારે એ ગુણકારી બની શકે છે. કાળો અને લીલો અશુભ કેમ કહ્યો છે ? જોવામાં ગમે તે શુભ એવો નિયમ જૈનશાસનનો નથી. માંજરી આંખોવાળા લીલા રંગને જોઇ નહિ શકે.

રસનામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાયા કરે છે માટે તે ધ્રુવબંધી પ્રકૃતિ કહેવાય છે. રસ નામકર્મનો ઉદય પહેલા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી સતત હોય છે માટે તે ધ્રુવોદયી પ્રકૃતિ કહેવાય છે. રસનામકર્મની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે માટે તેને ધ્રુવસત્તા પ્રકૃતિ કહેલી છે. દરેક જીવોના શરીરમાં મોટેભાગે પાંચે રસ રહેલા હોય છે પણ જે રસ વિશેષ રીતે રહેલો હોય એની પ્રધાનતા રાખીને એનું શરીર એવા રસવાળું છે એમ બોલાય છે અને બાકીના રસોને ગૌણ કરાય છે.

## સ્પર્શ નામકર્મ

સ્પર્શના કુલ આઠ ભેદ કહેલા છે. પહેલું લઘુ એટલે હલકો સ્પર્શ, બીજો ગુરૂ એટલે ભારે સ્પર્શ, ત્રીજુ શીત એટલે ઠંડો સ્પર્શ, ચોથો ઉષ્ણ એટલે ગરમ સ્પર્શ, પાંચમો સ્નિગ્ધ એટલે ચીકણો સ્પર્શ, છઠ્ઠો રૂક્ષ એટલે લુખ્ખો સ્પર્શ, સાતમો મૃદુ એટલે કોમળ સ્પર્શ, આઠમો કર્કશ એટલે ખરબચડો સ્પર્શ. આ આઠે સ્પર્શમાંથી લઘુ, શીત, સ્નિગ્ધ અને મૃદુ આ ચાર સ્પર્શ શુભ ગણાય છે. એટલે પુણ્ય પ્રકૃતિ રૂપે ગણાય છે અને ગુરૂ, ઉષ્ણ, રૂક્ષ અને કર્કશ આ ચાર સ્પર્શ અશુભ ગણાય છે. જ્યારે જીવો સ્પર્શ નામકર્મનો બંધ

કરતા હોય છે ત્યારે આઠમાંથી કોઇપણ એક સ્પર્શનો બંધ કરતો હોય છે. સામાન્ય રીતે દરેક જીવોના શરીરને વિષે જે સ્પર્શ રહેલો હોય છે તેને તેનો પ્રતિપક્ષી સ્પર્શ રહેલો હોતો નથી. એવીજ રીતે જીવોને શરીરને વિષે જે કોઇ સ્પર્શ પેદા થાય છે તે આઠે આઠ સ્પર્શો રહેલા હોય છે છતાં પણ પ્રધાન અને ગૌણની વિવક્ષાથી પ્રધાન સ્પર્શની મુખ્યતા રાખીને એનો વ્યવહાર ગણાય છે. જેમકે શરીરનો અમુક ભાગ કઠણ હોય છે, અમુક ભાગ કર્કશ હોય છે, કેટલોક ભાગ કોમળ હોય છે. હાથના અને પગના તળીયામાં રૂક્ષતા રહેલી હોય છે, શરીરનો કેટલોક ભાગ શીત હોય છે, કેટલોક ભાગ ઉષ્ણ હોય છે અને સ્નીગ્ધતા આખા શરીરની સરખી હોતી નથી. પગના તળીયામાં જેટલી રૂક્ષતા રહેલી હોય છે તેટલી રૂક્ષતા બધે હોતી નથી. લઘુ એટલે હલકુ એ અંદરની ચામડી એટલે કે ચામડીના સાત પડ હોય છે એમાં અંદરની ચામડી લઘુરૂપે હોય છે. એક જગ્યાએ સ્નિગ્ધતા હોય અને એક જગ્યાએ રૂક્ષતા પણ હોય છે. આઠે સ્પર્શ ઉદયરૂપે શરીરમાં આપણે ભોગવી રહેલા છીએ છતાં પણ અપેક્ષાએ જે સ્પર્શ પ્રધાન હોય તેને ધ્યાનમાં રાખીને કોઇ એક સ્પર્શની વાત વ્યવહારમાં કરીએ છીએ. જ્યારે જીવ ટેન્શનમાં હોય તો તેના માથા ઉપર હાથ મૂકવામાં આવે તો અગ્નિ સળગતો હોય એટલો ઉષ્ણ સ્પર્શ લાગે છે. આંખોમાં હંમેશા કોમળ સ્પર્શ જણાય છે. આ સ્પર્શ નામકર્મ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાય છે માટે તે ધ્રુવબંધી કહેવાય છે. ઉદય ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી સતત હોય છે માટે ધ્રુવોદયી કહેવાય છે અને સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી સતત સત્તામાં રહેલી હોય છે માટે ધ્રુવસત્તા કહેવાય છે.

જીવો આહારના પુદ્‌ગલો જે ગ્રહણ કરે છે એ પુદ્‌ગલો સદા માટે ચાર સ્પર્શવાળાજ હોય છે. પ્રતિપક્ષી કોઇપણ ચાર સ્પર્શ પુદ્‌ગલોમાં રહેલા હોય છે, એનોજ આહાર જીવ ગ્રહણ કરી શકે છે.

આ ચારે પ્રકારના વર્ણાદિ એટલે કે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જેવા જેવા વર્ણાદિ રૂપે જીવોએ બાંધેલા હોય એવા રસવાળા વર્ણાદિ પુદ્‌ગલો

કર્મરૂપે થયેલા હોય તે ઉદયમાં આવીને ભોગવાય છે. શુભવર્ણ બાંધતો હોય ત્યારે શુભરસ, શુભગંધ અને શુભસ્પર્શ બંધાયજ એવો નિયમ હોતો નથી. જીવના પોતાના પરિણામની તરતમતાના કારણે કોઇપણ એક શુભ બંધાય તો બાકી બધા અશુભ પણ બંધાય, બે શુભ બંધાય અને બે અશુભ પણ બંધાય, ત્રણ શુભ બંધાય અને એક અશુભ પણ બંધાય અને કોઇ વાર ચારે ચાર શુભરૂપે પણ બાંધી શકે છે. એવી રીતે અશુભ વર્ણાદિમાં પણ કોઇવાર એક અશુભ બંધાય તો ત્રણ શુભ બંધાય, કોઇવાર બે અશુભ બંધાય તો બે શુભ બંધાય, કોઇવાર ત્રણ અશુભ બંધાય અને એક શુભ બંધાય અને કોઇવાર ચારે ચાર અશુભ પણ બંધાય છે. આ વર્ણાદિને વિષે જેટલા રાગાદિ પરિણામ કરતાં જઇએ અને પરિણામની તીવ્રતામાં રહીને આનંદ કરતાં જઇએ તો એનાથી પોતાનું અવર્ણાદિ રૂપે જે સ્વરૂપ છે એ સ્વરૂપ દબાતું જાય છે અને એના કારણે મારું પોતાનું આ વર્ણાદિ રૂપે સ્વરૂપ નથી એવો ખ્યાલ પણ આવતો નથી અને એના કારણે પોતાના સ્વરૂપને પેદા કરવાની, પોતાના સ્વરૂપને પેદા કરવાની ઇચ્છાઓ પણ પેદા થઇ શકતી નથી. કારણ કે અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો અનંતીવાર સન્ની પર્યાપ્ત મનુષ્ય રૂપે જન્મને પામીને ધર્મની આરાધના કરવાછતાં પણ જીવો પોતાના શરીરના વર્ણાદિને વિષે અત્યંત રાગાદિ પરિણામ કરતાં કરતાં આ મારું સ્વરૂપ નથી, કર્મથી પેદા થયેલું સ્વરૂપ છે, આ સ્વરૂપ મારા આત્માને માટે વિરુપ દશારૂપે ગણાય છે તો પણ એ વિરૂપ દશાવાળા સ્વરૂપને પરસ્વરૂપ માનવાને બદલે સ્વસ્વરૂપ માનીને પોતાના સ્વરૂપને જાણવાની ઇચ્છા પણ પેદા કરતો નથી અને આટલું જાણવા છતાં પણ પોતાના સ્વસ્વરૂપને પેદા કરવા માટે સ્વસ્વરૂપની અભિમુખ પણ થતો નથી. આના કારણે ગમે તેટલી સારામાં સારી જાણકારી પેદા કરેલી હોય તો પણ તે જાણકારી પોતાને ઉપયોગી ન થતી હોવાથી એનું જાણેલું જ્ઞાન પોતાના આત્માને માટે અજ્ઞાનરૂપે બને છે. એ અજ્ઞાનને પુષ્ટ કરતો કરતો ધર્મ આરાધનાની સુંદર રીતે ક્રિયાઓ કરવા છતાં પણ એ ક્રિયાઓ આત્મિક ગુણ પેદા કરવામાં ઉપયોગી

બનતી ન હોવાથી નિષ્ફળ થાય છે એટલે કે સંસારવૃધ્ધિનું કારણ બને છે. આ રીતે વર્ણાદિમાં મુંઝાયેલા જીવો અનંતીવાર મનુષ્યજન્મ પામવા છતાં પણ પોતે પોતાનું કલ્યાણ સાધી શકતા નથી અને કલ્યાણના માર્ગે ચઢી પણ શકતા નથી અને પોતે જ પોતાની ધર્મક્રિયાઓના દીધેલા દાનના, પાળેલા શીલના, કરેલા તપના અને શુભ ભાવોના વખાણ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે. એનાથી પોતાના આત્માનું જરાય કલ્યાણ સાધી શકતા નથી. ઉપરથી અકલ્યાણનો વધારો કરીને મનુષ્યપણાને ગુમાવી દે છે. બોલો આપણે વર્ણાદિમાં મુંઝાયેલા છીએ એમાં ના નહી પણ આટલા બધા ગળાડુબ તો નહી ને ? વર્ણાદિના સંયોગોમાં રાગાદિ થઇ જાય છે એની ના નહિ પણ આપણે એ વર્ણાદિના રાગાદિમાં ભાન ભૂલેલા જેવા તો નથી ને ? કે જેના કારણે આપણને આપણું સ્વરૂપ યાદ ના આવે ? આટલા વર્ષોથી આપણે આરાધના કરીએ અને વિરુપદશાનેજ સ્વરૂપદશા માનીને ચાલતા હોઇએ તો પછી આપણું કલ્યાણ થશે કઇ રીતે ? રાગાદિ થઇ જાય કે તરત જ આપણને આપણા સ્વરૂપને દબાવતા દબાવતા આ વર્ણાદિ ભયંકર નુક્શાન કરે છે એટલું પણ યાદ આવે છે ખરું ? આપણી આરાધનાનું આપણને શું ફળ મળે છે ? જો આરાધના કરતાં કરતાં રાગાદિમાં ગળાડુબ થવાતું હોય તો એ આરાધના આત્મકલ્યાણ માટે થતી નથી પણ આરાધના કરીને આપણે આપણા આત્માનું ગુમાવી રહેલા છીએ અને જેમ અનંતા ભવો ગુમાવ્યા એમાં આ એક ભવનો વધારો થશે એવું આપણને લાગે છે ખરું ? અનાદિનો સંયોગ છે, વર્ણાદિમાં રાગાદિ બેઠેલા છે પણ.હવે આટલા વર્ષોની આરાધનાથી એ પરસ્વરૂપ રૂપે લાગે છે ખરા ?

સભા૦ પરસ્વરૂપ યાદ જ આવતું નથી.

તો પછી આપણે મોક્ષમાર્ગમાં દાખલ થયેલા છીએ એ કેવી રીતે કહેવાય ? મોક્ષમાર્ગમાં દાખલ થયા છીએ એ આપણે ઉપરથી બોલીએ છીએ એમ કહેવાય. આવું બોલતા રહીએ તો જ્ઞાનીઓને આપણી દયા આવે છે અને એમને હસવું પણ આવે છે. આ શરીરથી હું ભિન્ન છું તો તેમાં

રહેલા વર્ણાદિ મારા નથી એ યાદ આવે કે નહિ ? પોતાની જાણકારી પોતાના આત્માના માટે ઉપયોગમાં આવે તો તે જ્ઞાનરૂપે કહેવાય છે અને જો બીજાના ઉપયોગમાં આવે અને પોતાના ઉપયોગમાં ના આવે તો પોતાનું જ્ઞાન અજ્ઞાનરૂપે ગણાય છે. જાણકારી પંડિતાઇ પ્રાપ્ત કરાવી શકે પણ એ જાણકારી અંતરને સ્પર્શે પણ નહિ એવું પણ બને. જેમકે કાચુપાણી રાગથી પીએ તો પાણીમાં અસંખ્યાતા જીવો છે એની જાણકારી મેળવેલી હોવાછતાં એનું જ્ઞાન અજ્ઞાનરૂપે ગણાય છે. માટે એ જાણકારીવાળા જીવોને કાચુપાણી પીતા પીતા પણ અંતરમાં એને દુઃખ થવુંજ જોઇએ કે આ અસંખ્યાતા જીવોનો હું નાશ કરી રહેલો છું. જ્ઞાની ભગવંતો કહે છે કે અજ્ઞાનને માથે કંઇ શીંગડા થોડા ઉગે છે ? પોતાનું જીવન જીવતા જીવતા જે વિચાર પ્રકરણ ભણ્યા પછી જે જે જીવોની હિંસા થતી હોય તો તેમાં એને અરેરાટી પેદા થાય કે નહિ ? જૈનોમાં પંડિત થયા છે તે બધાને નથી થતું તે બીજાને જ્ઞાનપણ આપે છે પણ પોતાના વર્તનમાં કોઇ ફેરફાર જણાતો નથી. તેના અને આપણા જ્ઞાનથી બીજાનું કલ્યાણ થાય પણ તેને ખુદને તો પાપાનુબંધી પુણ્ય બંધાય એનાથી કોઇ વિશેષ લાભ એને પેદા થઇ શકે નહિ. કદાચ એની પાસેથી જ્ઞાનની જાણકારી મેળવીને સામો જીવ યોગ્ય હોય તો લઘુકર્મી બનીને પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે. પણ જ્ઞાન આપનાર જીવને તો ભારેકર્મીપણું રહેલું હોવાથી એ જીવોને કોઇપણ પ્રકારનો લાભ પેદા થતો નથી અને ઉપરથી એ આત્મા પોતાનો સંસાર વધારતો જાય છે. જેમકે અભવ્ય જીવો દુર્ભવ્યજીવો, ભારેકર્મી ભવ્ય જીવો સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન ભણેલા હોય તેની પાસેથી અનેક જીવો જ્ઞાન પ્રાપ્ત કરે તેનાથી કોઇ યોગ્ય આત્મા લઘુકર્મીપણું પામીને પોતાના આત્માનું કલ્યાણ સાધી પણ જાય પણ અભવ્યાદિ જીવોને શું લાભ ? માટે આ બધું ખૂબ વિચારવા લાયક છે.

શરીર એ મારું પોતાનું સ્વરૂપ નથી. અહીંથી હું ચાલ્યો જઇશ એટલે લોકો તેને ઉપાડીને લઇ જશે અને બાળી નાંખશે. શરીર મારું નથી તો તેમાં રહેલા વર્ણાદિ મારા ક્યાંથી હોય ? તેમાં મુંઝાઇને હું ખોટો ફસાયો છું એમ

રોજ વિચારણા કર્યા કરવાની. આપણા આત્માના મૂળ સ્વરૂપને કોઇપણ પ્રકારનું રૂપ નથી તો પછી વર્ણાદિએ મારા ક્યાંથી હોય ? આવો ઉપયોગ નિરંતર રાખવાની ઇચ્છા થાય છે ખરી ? નથી રહેતો એનું ખરેખર દુઃખ છે ? આજે લગભગ આપણી સ્થિતિ શું છે ? શુભ વર્ણાદિમાં વૈરાગ્ય જીવંત રાખવાનો અને અશુભ વર્ણાદિમાં દિન નઇ બનવાનું એટલે દુઃખી થવાનું નઇ. ગુણસેન અને અગ્નિશર્મા એનું જે જીવનચરિત્ર જ્ઞાની ભગવંતોએ લખેલું છે એમાં અગ્નિશર્માના જીવનું શરીર કર્મના ઉદયથી એવા પ્રકારનું પ્રાપ્ત થયું છે કે એ શરીરને જે કોઇ જુવે એને હસવું જ આવે. એના બધા અંગોપાંગો વાંકાચુંકા કોઇ પણ જાતના લક્ષણ વગરના અને જોવા પણ ન ગમે એવા. જે પહેલા ગુણસ્થાનકમાં દાખલ થયેલા નથી એવા જીવોને એનું શરીર જોઇને હસવાનું મન થાય. એટલે કે અગ્નિશર્માના શરીરને જોઇને જેને હસવું આવે એ જીવ પહેલા ગુણસ્થાનકમાં પણ દાખલ થયેલા નથી એમ જ્ઞાની ભગવંતો કહે છે. જે પહેલા ગુણસ્થાનકમાં ગુણયુક્ત ગુણસ્થાનકમાં દાખલ થયેલા હોય છે તેમને તો એ અગ્નિશર્માના શરીરને જોઇને એની દયા આવે અને અંતરમાં વિચારણા પેદા થાય કે ભૂતકાળમાં કેવું જોરદાર અશુભ નામકર્મ બાંધીને આવ્યો છે તેના પ્રતાપે એ જીવ આવા શરીરને પામ્યો છે. જેમ અંગોપાંગ વાંકાચુંકા છે એમ એના શરીરના વર્ણાદિ પણ તીવ્ર અશુભરસવાળા ઉદયમાં રહેલા છે અને આવી દયા જીવને મોક્ષમાર્ગ તરફ આગળ લઇ જવામાં સહાયભૂત થાય છે. એ અગ્નિશર્માનો જીવ જ્યાં સુધી નગરમાં રહ્યો અને જ્યારે એ તૈયાર થઇને બહાર નીકળે ત્યારે રાજાનો દિકરો અને એના મિત્રો એની એવી ભયંકર મશ્કરીઓ કરે છે કે એના અંતરમાં તે વખતે વિચારણા પેદા થાય છે કે હું અહીંથી ક્યાંક ભાગી જાઉં અને એવી જગ્યાએ જાઉં કે જેના કારણે મારા શરીરની કોઇ મશ્કરી કરે નહિ. રોજેરોજ આ રીતે રાજાનો દીકરો અને એના મિત્રો વારંવાર મશ્કરી કરીને ભયંકર કોટિના કર્મો બાંધી રહેલા છે તો પણ અગ્નિશર્માના જીવને એમના પ્રત્યે ગુસ્સો આવતો નથી. પણ પોતે એકવાર એવો કંટાળી ગયો કે કીધા કર્યા વગર એકલો નગર

છોડીને જંગલમાં ભાગી ગયો છે. તે વખતે જંગલમાં જતાં જતાં કોઇ તાપસોનો આશ્રમ આવ્યો એ આશ્રમ પાસે પોતે પહોંચે છે તે વખતે એ આશ્રમમાં રહેલા તાપસોમાં એક બાળતાપસ આશ્રમની બહાર રહેલા છે. એમને આ અતિથિને આવતા જોયા એટલે અગ્નિશર્માની પાસે દોડતાં દોડતાં જઇને પધારો પધારો તમે અમારા અતિથિ છો અમારે ત્યાં આવીને અમને લાભ આપો એમ કહી રહેલો છે અને સ્વાગત કરે છે અને આ રીતે કહીને પોતાના આશ્રમ પાસે લાવે છે. તે વખતે અગ્નિશર્માના અંતરમાં વિચાર આવે છે કે નગરને વિષે મારા શરીરને જોઇને અનેક લોકો મારી મશ્કરી કરતા હતા તો આ બાળ તાપસ મારા શરીરને જોઇને મશ્કરી કરવાને બદલે મારું આ રીતે સ્વાગત કરી અને મને સાથે લઇ જાય છે. હું અત્યારે ક્યાં આવેલો છું ? જંગલમાં વળી આવા સ્થાનમાં ક્યાંથી આવી ગયો ? હું કોઇ ભ્રમમાં તો પડેલો નથી ને ? એવી વિચારણા કરે છે તે વખતે બાળ તાપસે તેનું સ્વાગત કરી પોતાના આશ્રમમાં લઇ જઇ એની આગતાસ્વાગતા કરે છે. વિચાર કરો કે આ આશ્રમમાં રહેલા તાપસો પોતાના તાપસોને કેવા સંસ્કાર આપતા હશે કે જેના કારણે નાનામાં નાના તાપસમાં પણ આવા શરીરને જોઇને જરાય મશ્કરી કરવાનું કે હસવાનું મન થતું નથી. આના ઉપરથી એમ વિચારી શકાય કે એ તાપસ આશ્રમમાં રહેલા તાપસો ગુણયુક્ત મિથ્યાત્વ ગુણસ્થાનકને પામેલા છે એમ કહી શકાય. આજે આપણને આવા શરીરવાળા કોઇપણ જીવ જોવામાં આવે, કદરૂપા જોવામાં આવે તો આપણને તે વખતે અંતરમાં વિચારણા શું થાય ? જો હસવાનું મન થાય અથવા મશ્કરી કરવાનું મન થાય તો સમજવું કે આટલા વર્ષોથી આરાધના કરવા છતાં પણ આપણે ગુણયુક્ત મિથ્યાત્વ ગુણસ્થાનકને પણ પ્રાપ્ત કરી શક્યા નથી. આ તાપસોને મશ્કરી કરવાનું મન ન થતાં વાત્સલ્યથી સંબોધન કરવાનું મન થયું તે એજ સૂચવે છે કે એનામાં ગુણયુક્તતા છે તે દર્શાવે છે અથવા બતાવે છે. આવા જીવો સારા વર્ણાદિના પુદ્ગલોને જુવે તો તેમાં એમને રાજીપો પેદા ન થાય અને ખરાબ વર્ણાદિના પુદ્ગલો એટલે કે પદાર્થોને જુવે તોએમાં એમને દ્વેષાદિ પરિણામ પણ થઇ શકે નહિ. જો અભ્યાસ

કરતાં કરતાં આ રીતે આપણે સાધીશું નહિ તો પછી આપણે ક્યારે સાધીશું એનો કંઇ વિચાર કરીએ છીએ ખરા ? આજે આપણા જીવનમાં આળપંપાળ વધારે શાની છે ? આજે સ્નાન કરવા બેસે તો સ્નાન કરીને ૨૦ મિનિટે બહાર નીકળે પછી કપડા પહેરતાં આ પહેરું કે આ પહેરું એવી વિચારણા કરતાં કરતાં એમાં પાછી ૨૦ મિનિટ જાય. એના પછી તૈયાર થવામાં અડધો કલાક જાય આમાં આટલો બધો રાગ ઉંચુ-નીચું કરતો જાય, કપડા પણ ઉંચા-નીંચા કરતો જાય ખોલતો જાય અને વળી પાછા ઘડીવાળીને મૂકી દે. આ બધો ટાઇમ શરીરની સાધનામાં કાઢતા રહેશો તો આત્મ સાધનાનો સમય આપણી પાસે રહેશે કેટલો ? વિચાર કરો કે આજે શરીરની સાધનાનો સમય વધારે જાય છે કે આત્માની સાધનાનો સમય વધારે કરવાનું મન થાય છે ? દેવ, ગુરૂ, ધર્મની આરાધના તમે તમારી શક્તિ મુજબ તો કરો છો કદાચ શક્તિ મુજબ ન કરતા હો તો કુલાચારથી જેટલી થતી હોય એટલી આરાધના તો જીવનમાં કરી રહેલા છો. પણ એ આરાધના કરતાં કરતાં તમારું લક્ષ શું છે ? એનો કોઇ દિ' વિચાર કરો છો ખરા ? જો આરીતે જ જીવન પસાર થતું રહેશે તો એનાથી શાસ્ત્ર કહે છે કે આરાધનાનું કોઇ ફળ મળવાનું નથી. ઉપરથી વિરાધનાનું ફળ પ્રાપ્ત કરીને પાપાનુબંધી પુણ્ય બાંધીને જન્મ મરણની પરંપરા વધારીને સંસારની વૃધ્ધિનું ફળ પ્રાપ્ત કરતા રહેશો.

શાસ્ત્ર કહે છે કે પોતે સારું કરેલું કાર્ય કોઇની પાસે વારંવાર બોલવું એટલે કે મેં આમ કર્યું, મેં તેમ કર્યું, મેં આવી રીતે કર્યું એમ ગર્વથી વારંવાર બોલતો જાય તો એને અનુમોદના કહેવાતી નથી પણ પોતેજ પોતાના વખાણ કરી રહેલો છે માટે એને વખાણ કહેવાય છે. જો તમારી કરેલી સારી પ્રવૃત્તિની અને આરાધનાની કોઇ જીવ જોતાં જોતાં એના વખાણ કરે તો એ અનુમોદના કહેવાય છે. આજે લગભગ પરિસ્થિતિ શું છે ? જીંદગીમાં પહેલું આંયબિલ કર્યું હોય તે આંયબિલ આખા દિવસમાં કોની પાસે કેટલી વાર બોલે એક આખી નવકારવાળી ગણાઇ જાય. જ્ઞાની ભગવંતો કહે છે કે પોતાને સારા વિચાર પેદા થયા હોય તો એની અનુમોદના સાચી ત્યારે જ કહેવાય કે સારા

વિચારો રાગાદિ પરિણામને ઘટાડવામાં સહાયભૂત થતા હોય, કે આવા વિચારો મને પેદા થતાં થતાં જે પદાર્થો પ્રત્યે અંતરમાં રાગાદિ પરિણામ હતા એ મારા હવે ઘટતા જાય છે એવી અનુભૂતિ પેદા થતી જાય છે. કદાચ રાગાદિ પરિણામ ઓછા ન થતાં હોય તો એનો ખટકો અંતરમાં પેદા થતો જાય તોજ શાસ્ત્ર કહે છે કે આત્મસાધના કરવામાં એને જે શક્તિ જોઇએ છે એ શક્તિ વધતી જાય. બાહ્ય પદાર્થો બ્રાહ્મી જો ખાવામાં આવે તો બુધ્ધિનો ક્ષયોપશમ ભાવ વધારવામાં સહાયભૂત થાય છે અને દારૂ પીવામાં આવે તો બુધ્ધિનો નાશ કરે છે. જો આ બાદર એવા જડ પદાર્થો આત્મા ઉપર આટલું કામ કરી શકતા હોય તો સૂક્ષ્મ એવા જડ કર્મોની આત્મા ઉપર એની અસર જોરદાર વર્તાતી જાય એમાં નવાઇ શું ?

## આનુપૂર્વી નામકર્મ

ચૌદરાજલોક જગતને વિષે જગતમાં રહેલા જીવો એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રને વિષે મરણ પામીને એક સ્થાનેથી બીજે સ્થાને જતાં એટલે કે જીવોને જે પ્રમાણે આયુષ્યનો બંધ પડેલો હોય એ આયુષ્યકર્મ જે ક્ષેત્રને વિષે ભોગવવાનું હોય તે ક્ષેત્રને વિષે પહોંચાડવામાં સહાયભૂત થાય તેને આનુપૂર્વીનામકર્મ કહેવાય છે.

૧. ચૌદ રાજલોકની બરાબર મધ્યભાગમાં એકરાજ પહોળી અને ચૌદ રાજ ઉંચી ત્રસનાડી આવેલી છે. એ ત્રસનાડીમાં ત્રસજીવો ઉત્પન્ન થયેલા જીવોને મરણ પામીને ત્રસનાડીમાંજ ઉત્પન્ન થવાનું હોય તો જઘન્યથી એક સ્થાનેથી બીજે સ્થાને જતાં એક સમય લાગે છે અને ઉત્કૃષ્ટથી એકસ્થાનેથી બીજે સ્થાને જતા એટલે કે પહોંચતા ત્રણ સમય લાગે છે.

૨. ત્રસનાડીની બહારના ભાગમાં રહેલા એકેન્દ્રિય જીવોને એક સ્થાનેથી બીજે સ્થાને જતા ત્રસનાડીની બહારના ભાગમાં એને એજ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાનું હોય તો જઘન્યથી એક સમય લાગે છે અને ઉત્કૃષ્ટથી બે સમય લાગે છે. જ્યાં જીવ રહેલો હોય ત્રસનાડીની બહારના ભાગમાં ત્યાંથી

ત્રસનાડીમાં ઉત્પન્ન થવું હોય તો જઘન્યથી બે સમય લાગે છે અને ઉત્કૃષ્ટથી ચાર સમય લાગે છે અને ત્રસનાડીની બહારના ભાગોમાંથી ત્રસનાડીની બીજી બાજુ બહારના ભાગમાં ઉત્પન્ન થવું હોય તો ચાર સમય અને ઉત્કૃષ્ટથી પાંચ સમય લાગે છે. આ રીતે આનુપૂર્વી નામકર્મ જીવોને એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચાડવામાં સહાયભૂત થાય છે. જ્યારે જીવો સિધ્ધિ ગતિમાં જતા હોય ત્યારે એ જીવો સકલ કર્મથી રહિત થયેલા હોવાથી જે સમયે સઘળા કર્મોનો નાશ કરે છે એજ સમયે એ આત્માઓ સિધ્ધિ ગતિમાં પહોંચી જાય છે માટે એ જીવોને અસ્પૃશ્ય ગતિ કહેવાય છે. એટલે કે અહીંથી સાતરાજ ઉંચે સિધ્ધિ ગતિમાં જતા વચમાં કોઇપણ પદાર્થનો એ જીવોને સ્પર્શ થતો નથી અને પોતે જે સ્થાનેથી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પામતો હોય એ સ્થાનને વિષેજ સિધ્ધિ ગતિમાં એનો આત્મા ઉત્પન્ન થઇને સદા માટે ત્યાંજ રહે છે. આના ઉપરથી જીવને પોતાને એટલું ધ્યાન રાખવાનું કે સ્પર્શવાળી ગતિ એ મારા પોતાનું સ્વરૂપ નથી. મારા પોતાનું સ્વરૂપ તો અસ્પૃશ્ય ગતિ છે. જ્યાંસુધી સ્પર્શવાળી ગતિમાં હું જીવતો રહું છું અને જીવતો રહીશ ત્યાંસુધી જન્મ મરણની પરંપરા મારી ચાલુને ચાલુ જ રહેવાની છે. જ્યારે હું અસ્પૃશ્ય ગતિને પ્રાપ્ત કરીશ ત્યારે મારી જન્મમરણની પરંપરા સંપૂર્ણ નાશ પામશે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે અસ્પૃશ્ય ગતિને પ્રાપ્ત કરવા માટે જીવોએ મરણથી ગભરાવવાને બદલે જન્મની પરંપરા ન વધી જાય એનો ગભરાટ રાખીને જીવન જીવવું જોઇએ. આત્માની જેટલી જન્મમરણની પરંપરા વધે એવી પ્રવૃત્તિ કરતો જાય એનાથી પોતાને સ્વાભાવિક રીતે અસ્પૃશ્ય ગતિ દબાતી દબાતી જલ્દી પ્રાપ્ત થઇ શકતી નથી. બોલો સિધ્ધિ ગતિમાં જલ્દી જવું છે કે જ્યારે જવાય ત્યારે નીરાતે જવું છે. અહીં ભગવાન પાસે રોજ આપણે ભાવનામાં કહીએ છીએ કે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ મલજો, સીમંધર સ્વામિ ભગવાન જે ક્ષેત્રમાં વિચરતા હોય ત્યાં મારો જન્મ થજો. આઠ વર્ષે સંયમને પ્રાપ્ત કરી નવમા વર્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થજો એવું આપણે ભગવાન પાસે ભાવના રૂપે બોલીએ છીએ અને માંગણી પણ

કરીએ છીએ તો ખરેખર સિધ્ધિ ગતિમાં જલ્દી જવાની ઇચ્છા છે ખરી ? એ મંદિરમાંથી ઘેર જઇને આત્માને એકાંતમાં બેસીને રોજ પૂછવું જોઇએ. એ ખાલી ભાવના રૂપેજ છે કે એને પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન પણ કરીએ છીએ ? જો આપણે ખરેખર પ્રાપ્ત કરવું હોય તો શું કરવું જોઇએ ? જ્ઞાની ભગવંતો કહે છે કે અંતરમાં જેટલો મરણનો ભય છે, ગભરાટ છે એની બદલીમાં જન્મ ન વધી જાય એનો ભય અને ગભરાટ સતત પેદા કરવો જોઇએ. એટલે કે કોઇપણ પ્રવૃત્તિ કરતા હોઇએ તો એ પ્રવૃત્તિથી મારા જન્મ મરણની પરંપરા કેટલી વધશે કે નઇ વધે એની વિચારણા તરતજ કરવી જોઇએ. બોલો આ વિચારણા ચાલે છે ખરી ? તો આપણને અસ્પૃશ્ય ગતિ જલ્દી મેળવવાનું મન થાય. જ્યારથી આપણે જન્મ્યા છીએ ત્યારથી આપણું મરણ ક્યારે, કયા દિવસે કયા વારે, કયા ટાઇમે કયા ક્ષેત્રમાં, કઇ રીતે થવાનું છે એ બધું નિશ્ચિત કરીને આવેલા છીએ. તો પછી મરણથી ગભરાવાનું મન શા માટે કરવું જોઇએ ?

સભા૦ મરણનો ગભરાટ તો રહે છેજ.

તો પછી આપણી અસ્પૃશ્ય ગતિ જલ્દી નઇ થાય પછી ગમે તેટલી રાડો પાડીને ભગવાન પાસે 'આપો આપોને મહારાજ શિવસુખ આપો' એમ બોલતા હોઇએ તો પણ કંઇ ભગવાન આપણને શિવસુખ આપી દેવાના નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે મરણથી જે ગભરાટ એ ધર્મ આરાધના કરવા છતાંય ધર્મને પામી શકે નહિ. તે ધર્મક્રિયા કરી શકે, ડગલે ને પગલે જેતે પ્રવૃત્તિ જીવનમાં કરીએ તેમાં જન્મની પરંપરા ન વધે એની કાળજી રાખવીજ જોઇએ અને એ જો કાળજી રાખવાનો પ્રયત્ન ન કરીએ તો કરેલી આરાધના જે કરી રહેલા છીએ તે આત્મગુણ પેદા કરવામાં અને આગળ વધારવામાં એ સહાયભૂત થઇ શકશે નહિ. માટે જન્મની પરંપરા વધે એનો જૈનશાસનમાં નિષેધ કીધો છે. કેમકે આ બધી આરાધના અજન્મા બનવામાં સહાયભૂત થાય એવી છે. અને એજ આરાધનાથી જન્મની પરંપરા વધારીએ તો આપણે કેવા કહેવાઇએ ? એનો પણ વિચાર કરવા જેવો છે. બોલો

જન્મની પરંપરા વધે એવી રીતે જીવનમાં આરાધના કરતા તો નથી ને ? અને આરાધના સિવાયનું બાકીનું જીવન જન્મ મરણની પરંપરા વધે એવી રીતે કરતા તો નથી ને ? આમાં શું કહેવું છે ? માનો કે જ્યાં સુધી તમને જાણકારી પેદા થઇ નહોતી ત્યાં સુધી જે કંઇ આરાધના કરી અને જીવન જીવ્યા એ ક્ષમતવ્ય રૂપે ગણીએ. પણ જ્યારથી જાણકારી પ્રાપ્ત થઇ ત્યારથી તો તમે આરાધના અજન્મા બનવા માટે જ કરું છું અને જીવન પણ જન્મ મરણની પરંપરા ન વધી જાય એ રીતે જ જીવી રહેલો છું એમ તો કહી શકો ને ? કે એય નથી, આ મંજૂર છે. જ્ઞાની ભગવંતો જીવન જીવવાની ના નથી પાડતા. જેટલું આયુષ્ય આપણે પેદા કરીને આવ્યા છીએ અને મેળવેલું છે એ આયુષ્યમાં જીવન જીવવા માટેની સામગ્રી પુણ્યથી મળેલી છે એમાં જીવવાની પણ ના નથી પાડતા. પણ એ સામગ્રીમાં કેવી રીતે જીવવું જોઇએ એમ જ્ઞાનીઓ પૂછી શકે તો ખરા ને ? જીવન એવી રીતે જીવતાં બનાવવું જોઇએ કે જેથી જન્મ મરણની પરંપરા કપાતી જાય. બોલો કઇ સ્થિતિ છે ? બધાનું થશે એમ મારું થશે એમ વિચારો છો ? અહીંથી મરીને ગમે ત્યાં જવું પડે તો એની ચિંતા નથી ?

સભા૦ ચિંતા છે.

નથી બોલતા માટે શંકા થાય છે. આનુ પૂર્વીનામકર્મ આપણને આપણા પોતાની અસ્પૃશ્ય ગતિને યાદ આવવા જ દેતું નથી. આનુપૂર્વીનો ઉદય તો કોઇ જીવને પાંચ સમયથી અધિક રહેતો નથી. બાકી તો એ આનુપૂર્વીની સાથે જે ગતિનો ઉદય હોય એ ગતિ એને વિશેષ રૂપે ભોગવાય છે. એટલે કે મનુષ્યાનુપૂર્વીનો ઉદયવાળા જીવને મનુષ્યાનુપૂર્વીનો ઉદય ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી જ રહી શકે છે. બાકીના ભોગવટાના કાળમાં મનુષ્યગતિના પુદ્‌ગલોનેજ ભોગવે છે. તો એ મનુષ્યગતિને ભોગવતા ભોગવતા અસ્પૃશ્ય ગતિને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપે બને છે કે વિઘ્નરૂપે બનતી નથી. જે સારી ગતિમાં લઇ જાય તેને વ્યવહારની અપેક્ષાએ પુણ્યપ્રકૃતિ કહેવાય છે. સુખની અપેક્ષાએ દુ:ખની ન્યુનતાની અપેક્ષાએ આ સદ્‌ગતિ કહેવાય છે. આત્મિક

ગુણ પેદા કરવાના ઉપયોગપૂર્વકનો પ્રયત્ન આપણે નથી કરતા તેના કારણે જ આપણા આત્માની જન્મની પરંપરા વધ્યા કરે છે. પદાર્થોમાં જેવો રાગ થાય કે તરત જ યાદ આવવું જોઇએ કે સાવધ થઇ જા નહિતર જન્મની પરંપરા વધી જશે. આવી વિચારણા ચાલુ રહે તો જ બચી શકાય. યુ.એસ.એ ની ચીજ છે એમ સાંભળવા મળે કે એ પદાર્થ પ્રત્યે આકર્ષણ વધી જાય છે પણ એ પદાર્થો મને મારનાર છે એવું યાદ આવે ખરું ? જેમકે ઘડિયાળ છે, યુ.એસ.એ. ની છે એ તો સમય જોવાનું સાધન છે પણ એ ઘડિયાળ યુ.એસ.એ. ની સાંભળતાની સાથે જ આપણા અંતરમાં રાગાદિ પરિણામ વધારવામાં સહાયભૂત થાય અને એ પ્રમાદ વધારતાં એ પદાર્થને સાચવવાનું મન જ થયા કરે તો એ ઘડિયાળ જેવી ચીજ મને સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો કે અનંતા ભવોનો કાળ પેદા કરનારો થયો. એવું તે વખતે યાદ આવે ખરું ? જન્મની પરંપરા ઘટાડવાના હેતુથી નિર્લેપ થવાનો પ્રયત્ન હોય તો તેને આત્મિક ગુણો પેદા કરવામાં એ પદાર્થો સહાયભૂત થઇ શકે. પરંતુ જો નિર્લેપ ભાવે જીવન પણ આ રીતે જીવીશ તોજ ભવાંતરમાં દેવલોક આદિ મેળવેલી અધિક સુખની સામગ્રી આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થઇ શકશે. પણ અધિક અધિક પદાર્થો મેળવવાની આશા હોય અને એ આશા ફળીભૂત થાય તે માટે પદાર્થોનો ત્યાગ કરતો જાય અને એ ત્યાગમાં લોકો વખાણ કરે એનો આનંદ આવતો જાય, સ્ટેટસ વધારવા માટે દાન દે, શીલ પાળે અનેક પ્રકારના તપ કરી તપસ્વીનું બિરુદ મળે એ માટે જીવનમાં અનેક પ્રકારના તપનો અભ્યાસ પાડે તો પછી એનાથી નિર્લેપ થવાનો ભાવ ક્યાંથી પેદા થવાનો ? અજ્ઞાન જીવો એવા તપ કરનારાને ધનના કાકંબીનું બીરુદ પણ આપી દે કે આ કાળના ધનના કાકંબી છે એ સાંભળતા સાંભળતા પોતાનો માન કષાય વધતો જાય તો આવા આશયોથી કરાતો ધર્મ જન્મ મરણની પરંપરા વધારનારો બને એમાં શું નવાઇ ? એનાથી પુણ્ય બંધાય, કદાચ સામગ્રી પણ સારી મળે પણ એ સામગ્રીમાં રાગાદિ પરિણામ પેદા કરીને એ સામગ્રી જીવને દુર્ગતિમાં ધકેલે. ધર્મસામગ્રી યુક્ત સદ્ગતિ મેળવવી

હોય તો જન્મ ન વધી જાય એનો ગભરાટ જોઇએજ. તે સિવાય ધર્મસામગ્રી યુક્ત સદ્ગતિ મળે નહિ. ભગવાનના આત્માએ ધર્મસામગ્રી યુક્ત સદ્ગતિ દેવલોકમાં સાગરોપમના આયુષ્યવાળી પ્રાપ્ત કરેલી. મનુષ્યપણામાં પણ ૮૩ લાખ પૂર્વવરસનું આયુષ્ય સંસારમાં રહીને નિર્લેપ રીતે જીવન જીવીને ભોગાવલી કર્મો ભોગવીને જન્મ મરણની પરંપરા ન બંધાય અને ભોગાવલી નાશ થાય એવી રીતે ભોગવીને આપણા માટે એવા જીવનનો આદર્શ મૂકીને ગયા છે. એમને જીવન જીવી બતાવ્યું છે, ભોગની સામગ્રીની વચ્ચે પણ ભોગવવા છતાંય જન્મની પરંપરા જરાય ન વધે એ રીતે કેવી રીતે જીવાય એવું આપણે જો કહેતા હોઇએ તો આપણા માટે એ ખોટું ઠરે છે. આપણે જેમને દેવ તરીકે માનીએ, બાપ તરીકે માનીએ, ઉપકારી તરીકે માનીએ એ જો પોતે આવી રીતે જીવન જીવી ગયા હોય અને જીવન જીવીને આદર્શ મૂકી ગયા હોય અને એમના દીકરા તરીકે ગણાતા આપણે, સેવક તરીકે ગણાતા આપણે, દાસના દાસ તરીકે ગણાતા એવા આપણે આવું જીવન કેમ જીવાય એવું આપણાથી બોલાય ખરું ? તીર્થંકરના આત્માઓ આઠ વર્ષે જ દીક્ષા લઇ લે છે એવું નથી. એમનું તો જ્યાંસુધી ભોગાવલી કર્મ ભોગવવાના બાકી હોય ત્યાંસુધી સંસારનો ત્યાગ કરી શકતા નથી. કારણ કે પૂર્વભવમાં આરાધના કરતાં કરતાં નિકાચીત ભોગાવલી એવુ બંધાયેલું છે કે એ કર્મો ભોગવીનેજ ખપાવવા પડે. માટે એ ભોગાવલી કર્મને ભોગવતાં તીવ્ર વૈરાગ્યના કારણે નિર્લેપભાવ પણ કેવી ઉંચી કોટિનો રાખી શકતા હતા એજ ખરેખર વિચારવાનું છે. પૃથ્વીચંદ્ર ગુણસાગરના આત્માઓ એકવીશમા ભવે મોક્ષે જવાના છે, પણ અત્યારે એ જે રીતે જીવે છે એ એમનું જીવન વૈરાગ્યપૂર્વકનું અને ઉત્તરોત્તર જેમ જેમ સુખની સામગ્રી વધતી જાય છે તેમ તેમ એમના જીવનમાં પણ નિર્લેપભાવ વધતો જાય છે. મનુષ્યપણાને પ્રાપ્ત કરે છે ત્યારે રાજા, મહારાજા તરીકે જ પેદા થાય છે, પણ સામાન્ય મનુષ્ય તરીકે પેદા થતા નથી છતાં પણ એ રાજા મહારાજાની સામગ્રીમાં પણ નિર્લેપ ભાવે પોતાનું જીવન જીવતાં હોય છે કે જેના કારણે ભોગની સામગ્રીમાં જીવવા

છતાં પણ જન્મ મરણની પરંપરા વધતી નથી. ઉપરથી તીવ્ર વૈરાગ્યના કારણે અને નિર્લેપભાવની સ્થિરતાના કારણે જન્મ મરણની પરંપરાનો ભુક્કો બોલાવતા જાય છે. ભગવાનના શ્રાવકોની વાતો આવે છે તે પણ આવીજ રીતે જીવન જીવતા હતા એ રીતની જ વાતો આવે છે. એટલે કે ભોગ સામગ્રીમાં જીવે છતાંય જન્મ મરણની પરંપરા ન વધે એનું લક્ષ રાખીને જ જીવન જીવતા હતા, ત્યારે એમનું જીવન મહાપુરૂષોએ શાસ્ત્રોની અંદર લખ્યું છે. પાંચમા આરામાં પણ આવું જીવન જીવનારા ઘણા દ્રષ્ટાંતો હોય છે આજે આપણે જે ક્ષેત્રમાં રહીને ધર્મની આરાધના કરતાં કરતાં જીવન જીવી રહેલા છીએ તે ક્ષેત્રોને વિષે આવું જીવન જીવનારા કોકજ હોય એમ લાગે છે. બાકી આ ભરતક્ષેત્રને વિષે સાડી પચ્ચીશ આર્યદેશોની અપેક્ષાએ ભગવાન મહાવીરનું શાસન સાડા પચ્ચીશ આર્યદેશમાં રહેલું હોવાથી બાકીના દેશોમાં પણ ચતુર્વિસંઘ છે સુંદર રીતે આરાધના કરી રહેલો છે અને પોતાના આત્માનું કલ્યાણ સુંદર રીતે સાધી રહેલા છે. એ અપેક્ષાએ આ ભરતક્ષેત્રમાં આવા દ્રષ્ટાંતો આ કાળમાં પણ ઘણા મળી શકે એમ છે. દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં રહીએ અને સાથે સાથે બાકીનું જીવન જીવતાં જીવતાં જન્મ મરણની પરંપરા વધે એવું જીવન જીવતાં રહીએ એ કેમ ચાલે ? જેમકે શ્રીપાળ અને મયણાના જીવે શ્રીપાળ અને મયણાના ભવમાં એવી આરાધના કરી અને વૈરાગ્યભાવ પેદા કરીને રાજાદિ રાજ થયેલા હોવાછતાં પણ એ રાજાદિ રાજની સામગ્રીમાં નિર્લેપ ભાવ એવી રીતે રાખ્યો કે નવમે ભવે સિધ્ધિ ગતિમાં જશે. જો આવા જીવો આવી ઉંચી કોટિની સામગ્રીઓમાં પણ નિર્લેપ ભાવ રાખીને જીવન જીવી શકતા હોય, મનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકતા હોય, ચિત્તની એકાગ્રતા, દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં પેદા કરી શકતા હોય અને દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં વીર્યોલ્લાસ વધારતા જતા હોય તો પછી એ જીવોની અપેક્ષાએ વર્તમાનમાં આપણી જે અનુકૂળ પદાર્થોની સામગ્રી છે એ એમની અપેક્ષાએ કેવી ગણાય ? તો આવી સામગ્રીમાં પણ વૈરાગ્યભાવ પેદા કરી શકીએ નહિ ? અને એ વૈરાગ્ય ભાવ પેદા કરતાં

કરતાં નિર્લેપભાવ લાંબા કાળ સુધી ટકાવવાનો પ્રયત્ન કરીએ તો ટકાવી શકીએ નહિ ? આ ખૂબ વિચારણીય છે. જો આ રીતે પ્રયત્ન કરતા રહીશું તોજ મોક્ષની ઇચ્છા, મોક્ષની રૂચિ, મોક્ષની તાલાવેલી અંતરમાં અહિંયાની છે એમ કહેવાશે અને જે કંઇ આરાધના કરી રહેલા છીએ તે મોક્ષમાર્ગમાં રહીને કરીએ છીએ એમ અંતરથી આપણને જરૂર વિશ્વાસ પેદા થશે. આવું કંઇ પ્રાપ્ત કરવાનું મન ખરું ? જ્ઞાની ભગવંતો કહે છે કે જેમ લાભ વધે તેમ લોભ વધે. જ્યાંસુધી જીવ સમજણના ઘરમાં ન આવ્યો હોય તેને સંસારના અનુકૂળ પદાર્થોનો લોભ વધ્યા જ કરવાનો અને જે જીવો સમજના ઘરમાં દાખલ થયેલા હોય એને લોભ પેદા થાય તો જ્ઞાનનો લોભ વધતો જતો હોય. એટલે કે સંસારના ઘરમાં રહેલો હોય તેને લોભ, ધન અને ભૌતિક સુખોનો હોય અને સમજણના ઘરમાં રહેલા જીવોને એટલે કે મોક્ષમાર્ગમાં દાખલ થયેલા જીવોને લોભ હોય તો જ્ઞાન પ્રાપ્ત કરવાનો, દર્શન શુધ્ધિ કરવાનો અને એમ કરતાં કરતાં જે કંઇ અનુષ્ઠાનોની ક્રિયા કરે છે એમાં સ્થિરતા પ્રાપ્ત કરવાનો અને આગળ વધીને ચારિત્રની પ્રાપ્તિ કેમ જલ્દી થાય એનો લોભ એના અંતરમાં ચાલ્યા જ કરતો હોય.

સભા ૦ સવારના પોરમાં સાડા છ વાગે દોડી દોડીને અહીં આવીએ છીએ તો એ શું અમારો જ્ઞાનનો લોભ બતાવતું નથી ?

એ ત્યારેજ કહેવાય એટલે જ્ઞાનનો લોભ ત્યારે જ કહી શકાય કે અહીંથી ગયા પછી બાકીના સમયમાં જે કંઇ તમે તમારું જીવન જીવો છો એ જીવન જીવતાં જન્મ મરણની પરંપરા ન વધી જાય એના ઉપયોગ પૂર્વક જીવાતું હોય તો, એવો પ્રયત્ન કરવાનું મન હોય તો. એવું લક્ષ અંતરમાં પેદા કરવાનો ભાવ હોય તો તમને જ્ઞાનનો લોભ છે એમ હું કહું બાકી નહિ. બાકી તો એમ કહે કે સાહેબ તમે જે કહો છો એ બધી વાત બરાબર પણ તે માટે તો મારે સાધુપણું લેવું પડે ને ? એ સાધુપણું અમારે અત્યારે લેવું નથી. તો પછી જન્મ મરણની પરંપરા તમારી જીવન જીવતાં ઘટે કઇ રીતે ? અને એનાજ કારણે જ્ઞાનનો લોભ તમને પેદા થઇ શકતો નથી અને પોતાનો

સ્વભાવ સંસારમાં એવો સેટ થઇ ગયો છે કે એમાંથી બહાર નીકળવાનું મન પણ થતું નથી.

સભા૦ અહીં આવેલા કેટલાય જીવોએ આ જન્મમાં ચારિત્ર ન મળે ત્યાંસુધી કેટલાય પદાર્થોનો ત્યાગ કરેલો છે. તો તે જીવ હલુકર્મી થયો એમ કહેવાય ને ?

ના. એમ પણ કહેવાય નહિ. કારણ કે તે ચીજ જે છોડેલી છે એના સિવાયની બીજી ચીજો ટેસથી અને મજેથી ખાય છે અને રોજે રોજ જમતી વખતે સંયમ યાદ આવે એવી રીતે ચીજોનો ત્યાગ કરેલો હોય એવા જીવો કેટલા ? આ તો જે ચીજનો ત્યાગ કરેલો હોય એ ચીજો ક્યાં પોતાને ભાવતી ન હોય, શરીરને અનુકૂળ ના આવતી હોય એટલે કે પ્રતિકૂળતા પેદા કરતી હોય માટે એ ચીજોનો ત્યાગ સંયમ ન મળે એવા ઇરાદાથી ત્યાગ કરેલો હોય. પણ ભાવતી ચીજ મનગમતી ચીજ શરીરને અનુકૂળ ચીજ અને રોજ વારંવાર જમવામાં આવે એવી ચીજ સંયમ માટે ત્યાગ કરનારા કેટલા ? આપણે હવે નક્કી કરી દો કે જન્મ મરણની પરંપરા વધારનારું જીવન આપણને જોઇએ જ નહિ. પછી જીવન એ ત્યાગનું હોય કે ભોગનું હોય ? ભોગનું જીવન કે ત્યાગનું જીવન જન્મ મરણની પરંપરા તોડે એવું અવશ્ય હોવું જોઇએ. બોલો આજથી એ નક્કી ને ? છેલ્લે પછી કોઇ કહે કે પહેલા પેલો મોક્ષે જશે તો આપણે એના પગ પકડી લઇશું એમ વિચાર કરીને પણ મોહરાજા આવા વિચારો પેદા કરાવે, આપણને પાછા પાડે છે અને આગળ વધવા દેતાં નથી.

સભા૦ પહેલાં કાંઇજ થતું નહોતું એની અપેક્ષાએ આટલું તો કરે છે અને આટલું કરી રહેલા છીએ અને આટલી જાગૃતિ આવી એટલું તો થયું. એટલું તો સાચું ખરું ને ?

તમારી વાત મંજૂર પણ એય જે કાંઇ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાનું જીવન જીવતાં થયા અને સમજતાં થયા એ જન્મ મરણની પરંપરા ઘટાડવા અને જન્મ મરણની પરંપરા ન વધી જાય એવો ભાવ અંતરમાં ખરો ? આવી પ્રતિતિ કર્યા વગર કોઇ દિવસ આપણો ઉધ્ધાર થવાનો નથી. જ્ઞાની ભગવંતો

કહે છે કે આરાધના કરતાં કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવને પેદા કરવાનું લક્ષ તો જોઇએજ અને એકવાર વૈરાગ્યભાવ પેદા થયા પછી જો કર્મના ઉદયથી રાગાદિ પરિણામ પેદા થયા તો પાછા સંસારમાં રખડવા માટે ગયા જ સમજજો. માટે સતત આત્માને જાગૃત રાખવાનો છે. દરેક પદાર્થોના જીવનમાં આત્માને સજાગ રાખીનેજ જીવન જીવતા થવાનું છે. તોજ કલ્યાણ સાધી શકીશું.

## દેવાનુપૂર્વી નામકર્મ

અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો, સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો આ ત્રણે પ્રકારના જીવો જ્યારે દેવાયુષ્યનો બંધ કરતા હોય ત્યારે દેવગતિની સાથે દેવાનુપૂર્વી નામકર્મનો બંધ કરે છે અને જ્યારે આ ત્રણે પ્રકારના જીવોને પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં દેવાયુષ્યનો ઉદય થાય ત્યારે એ દેવાયુષ્યને ભોગવવા માટે તીર્ચ્છાલોકના ક્ષેત્રમાંથી દેવગતિ તરફ લઇ જનારું જે કર્મ એટલે કે દેવગતિના ક્ષેત્ર તરફ લઇ જવામાં સહાયભૂત થનારું જે કર્મ અને દેવગતિમાં જે સ્થાને પહોંચવું છે તે સ્થાને પહોંચાડે એવું જે કર્મ તે કેટલાક જીવોને એક સમયમાં એક સ્થાને પહોંચાડે છે કેટલાક જીવોને બે સમયે એ સ્થાને પહોંચાડે છે અને કેટલાક જીવોને ત્રણ સમયે એ સ્થાને એટલે દેવગતિના સ્થાને પહોંચાડે છે એ કર્મને દેવાનુપૂર્વી નામકર્મ કહેવાય છે.

મરુદેવા માતાનો જીવ હાથીની અંબાડી ઉપર બેસીને પોતાના દીકરાને વંદન કરવા માટે જાય છે તે વખતે દીકરાની રિધ્ધિ સિધ્ધિ જોઇને એકજ મિનિટમાં એટલે કે એક મિનિટના અંતર્મુહૂર્તમાં પહેલા ગુણસ્થાનકથી ગ્રંથીભેદ કરી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી તરત જ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પામી, સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી, ક્ષપકશ્રેણિ માંડી, મોહનીય કર્મનો નાશ કરી, વીતરાગ દશાને પામી, જ્ઞાનાવરણીય -દર્શનાવરણીય-અંતરાય કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને, યોગ-નિરોધ કરીને અયોગી અવસ્થાને

પ્રાપ્ત કરી, પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ કરી અને સિધ્ધિ ગતિને પામ્યા છે. આ બધું જે કાંઇ કર્યું એ એકજ મિનિટમાં થયેલું છે. આ એક મિનિટની કિંમત કેટલી છે એ સમજો. એ વખતનો વીર્યોલ્લાસ એટલો બધો તીવ્રરૂપે હોય છે કે જીવને તે વખતે બીજી કોઇ વિચારણા અંતરમાં પેદા થઇ શકતી નથી. એવીજ રીતે એક સમયમાં સાતમી નારકીના નીચેના ભાગમાં અધોલોકના તળીયે રહેલો જીવ છેક ઉર્ધ્વલોકના શિખરે પહોંચી શકે છે. માટે દરેક જીવોની સ્પર્શનાનું વર્ણન ભિન્ન ભિન્ન રીતે જાણકારી મેળવવા અને વિચારણા કરવા માટે આગમોમાં એનું વર્ણન સુંદર રીતે આપેલું છે. એકના એક પદાર્થની જુદી જુદી અપેક્ષાએ એની પ્રધાનતાથી વિચાર કરતા જઇએ તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ અંતરમાં વધતો જાય છે. જ્ઞાની ભગવંતોએ એટલું બધું આપણા માટે મૂકી ગયા છે કે એ પદાર્થોની વિચારણા કરતાં જઇએ, એનો અભ્યાસ કરતાં જઇએ તો આયુષ્ય સુધી ખૂટે નહિ એટલું મૂકીને ગયેલા છે અને એ વર્ણન પણ એટલું બધું સુંદર છે કે જો ખરેખર એને ગોખીને દ્રઢ કરીને, ઉપસ્થિત કરતાં થઇએ અને જો આત્મામાં સ્થિર બને તો ગમે તે પ્રવૃત્તિ કરતાં એના સિવાય બીજી વિચારણા અંતરમાં પેદા થઇ શકે નહિ અને દરેક ગ્રંથોને વિષે ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ણન આવે છે. એ બધા પદાર્થોનું વર્ણન ભેદરૂપે ભેગું કરીને જો આપણે વિવક્ષાથી એને જુદા જુદા રૂપે વિચારવા માંગીએ અથવા લખવા માંગીએ તો જૈનશાસનના બધા પદાર્થો અને એ બધા ભેદોનું વર્ણન આજના કાળમાં પાંચ ચીજોમાં ઉતારી શકાય એમ છે. પહેલું ચૌદગુણસ્થાનકને વિષે બધા પદાર્થોની વિચારણા કરવી, બીજું ચૌદ જીવભેદને વિષે દરેક પદાર્થોની વિચારણા કરવી, ત્રીજું પાંચસોને ત્રેસઠ જીવભેદને વિષે દરેક પદાર્થોની વિચારણા કરવી, ચોથું ચોવીશ દંડકને વિષે દરેક પદાર્થોની વિચારણા કરવી અને પાંચમું બાસઠ માર્ગણાઓને વિષે દરેક પદાર્થોની વિચારણાઓ કરવી. આવી રીતે એક એકને વિષે જેટલા જેટલા ગ્રંથોમાં, જેટલા જેટલા દ્વારો રૂપે જે જે પદાર્થોનું વર્ણન આવતું હોય એ દરેક પદાર્થોનું વર્ણન આ પાંચેમાં

વિચારવાનો પ્રયત્ન કરીએ તો એનાથી આ કાળમાં પણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ જરૂર વધતો જાય અને એનાથી લઘુકર્મીપણું એવું પ્રાપ્ત થાય કે રાગાદિ પરિણામનો ઉદય હોવાછતાંય કોઇપણ પદાર્થમાં રાગાદિના વિચારો પેદા થઇ શકે નહિ, એને પજવી શકે નહિ અને નિર્લેપભાવની અનુભૂતિ કરતાં કરતાં એનો સ્થિરતાનો અનુભવ પ્રાપ્ત કરીને એનો આનંદ અનુભવતો થાય. જેમ દાખલા તરીકે બાસઠ માર્ગણાઓમાંથી કેટલી માર્ગણાવાળા જીવો મોક્ષે જઇ શકે એવી વિચારણા કરીએ તો બધી માર્ગણાઓ એકવાર વિચારણાથી ફેરવવી પડે. આવી રીતે દરેક દ્વારો સમજવા.

જીવ જ્યારે એકસ્થાનેથી બીજે સ્થાને મરણ પામીને જતો હોય ત્યારે પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે એ જીવ સૌથી પહેલાં ઉર્ધ્વરૂપે બને છે એટલે કે ઉંચો જાય છે એટલે કે ઉર્ધ્વગતિ તરફ જવાનું બને છે. ત્યાર પછી એને જે રીતે કર્મ બાંધેલા હોય અને આયુષ્યની સાથે ઉદયમાં આવેલા હોય એ કર્મ એને એ ગતિ તરફ અને એ ક્ષેત્ર તરફ લઇ જવામાં સહાયભૂત થાય છે. એટલે કે ઉર્ધ્વગતિ તરફ એ જીવને જવા દેતો નથી. તિર્છો જવાનો હોય તો તિર્છા તરફ, અધોગતિમાં જવાનો હોય તો અધોગતિ તરફ અને ઉર્ધ્વગતિમાં પણ સીધો ન જવાનો હોય તો વળાંકમાં લઇ જવામાં એ કર્મ એને સહાયભૂત થાય છે માટે સદ્ગતિમાં લઇ જનાર જે કર્મ આવું કામ કરે તેને શુભઆનુપૂર્વી નામકર્મ કહેવાય છે અને દુર્ગતિ તરફ લઇ જનાર જે કર્મ તે કર્મને અશુભઆનુપૂર્વી નામકર્મ કહેલું છે. જીવે બાંધેલા કર્મો જીવના પરિણામના આધારે એકમાંથી બીજામાં સંક્રમિત સમયે સમયે થતા જ રહે છે. શુભ કર્મની તીવ્રતા કરતાં અશુભ કર્મની તીવ્રતા હોય તો શુભ કર્મો અશુભ કર્મોને વિષે સંક્રમીત થતાં થતાં ટ્રાન્સફર થઇ શકે છે. કારણ કે અશુભનો અભ્યાસ જીવને અનાદિથી પડેલો છે એટલે એને માટે પ્રયત્ન કરવાનો વિચાર વારંવાર ના આવે એવું બનતું નથી. એને એ વિચાર ચાલ્યા જ કરતાં હોય છે માટે અશુભની તીવ્રતા વધતી જાય છે. જ્યારે તેની સામે શુભકર્મ પુરૂષાર્થથી પેદા કરવાના હોય છે. માટે પ્રયત્ન

કરતાં કરતાં શુભકર્મોની તીવ્રતા પેદા થાય એવો અભ્યાસ કરવામાં આવશે તોજ શુભની તીવ્રતાના કારણે અશુભ કર્મો શુભમાં સંક્રમીત થઇને અને એ સંક્રમિત થયેલા કર્મો જો જીવ મોક્ષમાર્ગમાં દાખલ થયેલો હશે તો એને આત્મિક ગુણોને પેદા કરવામાં સહાયભૂત થશે. શુભની તીવ્રતા કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ ખરા ? કારણ કે શુભની તીવ્રતા પેદા કરવા માટે વારંવાર શુભવિચારમાં અને લાંબાકાળ સુધી શુભવિચારમાં સ્થિર થઇએ એવો પ્રયત્ન કરવો પડે. તોજ શુભનો સંસ્કાર મજબૂત થાય. આજે આપણો સંસ્કાર અશુભનો તીવ્ર છે કે શુભનો તીવ્ર છે જો અશુભનો તીવ્ર સંસ્કાર તોડવો હોય તો પ્રયત્ન કરીને શુભ વિચારોની લાંબાકાળ સુધી સ્થિરતા પેદા કરી એના સંસ્કારને મજબૂત કરવાનો પ્રયત્ન કરવો જ પડે.

દેવાનુપૂર્વીનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. દેવાનુપૂર્વીનો ઉદય પહેલા ગુણસ્થાનકે, બીજા ગુણસ્થાનકે અને ચોથા ગુણસ્થાનકે હોય છે કારણ કે આ અનુપૂર્વીનો ઉદય દેવગતિની સાથે જ હોય છે. દેવગતિમાં જવા માટે જીવો ક્યાં પહેલું ગુણઠાણું લઇને જતાં હોય છે, ક્યાં બીજું ગુણસ્થાનક લઇને જતા હોય છે અને ક્યાં ચોથુ ગુણસ્થાનક લઇને જતાં હોય છે. અને એ દેવાનુપૂર્વીનો ઉદય મરણ પામતી વખતે જીવને દેવગતિના સ્થાન સુધી પહોંચાડવા પૂરતોજ હોય છે. એ સ્થાનમાં પહોંચ્યા પછી આનુપૂર્વીનો ઉદય હોતો નથી એટલે કે નાશ પામે છે. દેવાનુપૂર્વીની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે.

## મનુષ્યાનુપૂર્વી નામકર્મ

તેઉકાયમાં રહેલા જીવો અને વાઉકાયમાં રહેલા જીવો તેમજ સાતમી નારકીમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે રહેલા જીવો પોતાના તથા સ્વભાવના પરિણામથી મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વીનો બંધ કરતા જ નથી અને આ જીવો મરીને મનુષ્યપણાને પ્રાપ્ત પણ કરતા નથી. સાતમી નારકીમાં રહેલા

જીવો પહેલે ગુણસ્થાનકે જ મરણ પામે છે એટલે ત્યાં સમકીત પામેલા જીવો ચોથા ગુણસ્થાનકે અસંખ્યાતા હોય છે તો પણ જ્યારે પોતાનું આયુષ્ય પૂર્ણ થવા આવે એની પહેલા પરભવનું આયુષ્ય બંધાતુ હોય ત્યારે એ જીવો પહેલા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે અને પહેલે ગુણસ્થાનકે તિર્યંચનું આયુષ્ય બાંધીને નિયમા તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. જ્યારે તેઉકાય અને વાઉકાયના જીવો તથા સ્વભાવથી ત્યાંથી મરીને મનુષ્યમાં આવી શકતા જ નથી. આ ત્રણે પ્રકારના જીવો સિવાય બાકીના જીવો મરણ પામીને મનુષ્યગતિમાં ઉત્પન્ન થઇ શકે છે એટલે કે બાકીના જીવો મનુષ્યાયુષ્યનો બંધ કરીને મનુષ્યગતિમાં આવી શકે છે. આથી જ જે ક્ષેત્રમાંથી જે જીવો મરણ પામીને મનુષ્યક્ષેત્રને વિષે ઉત્પન્ન થવાના હોય અર્થાત્ ઉત્પન્ન થતા હોય ત્યારે મનુષ્યગતિ તરફ મનુષ્ય ક્ષેત્રમાં લાવવા માટે સહાયભૂત થનાર જે કર્મ એને મનુષ્યાનુપૂર્વી નામકર્મ કહેવાય છે. આ મનુષ્યાનુપૂર્વીનો બંધ એકથી ચાર ગુણસ્થાનક સુધી થાય છે. એમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે ચારે ગતિના જીવો જ્યારે મનુષ્યગતિનો બંધ કરતા હોય ત્યારે એની સાથે મનુષ્યાનુપૂર્વીનો બંધ કરે છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે દેવતા અને નારકીના જીવો નિયમા મનુષ્યગતિનો જ બંધ કરતા હોવાથી મનુષ્યગતિની સાથે મનુષ્યાનુપૂર્વીનો બંધ નિયમા કરે છે. જ્યારે મનુષ્ય અને તિર્યંચના જીવો ત્રીજા ગુણસ્થાનકથી દેવગતિનો જ બંધ કરતા હોવાથી એની સાથે દેવાનુપૂર્વી બંધાતી હોવાથી મનુષ્યગતિ કે મનુષ્યાનુપૂર્વીનો બંધ કરતા નથી. મનુષ્યાનુપૂર્વીનો ઉદય પહેલા, બીજા અને ચોથા ગુણસ્થાનકે હોય છે. કારણ કે એક સ્થાનેથી મરણ પામીને મનુષ્યગતિમાં ઉત્પન્ન થવા માટે પહેલું, બીજુ અને ચોથુ એ ત્રણ ગુણસ્થાનક લઇને જીવ ઉત્પન્ન થઇ શકે છે માટે એ ત્રણ ગુણસ્થાનકમાંથી જે જે જીવોને જે જે ગુણસ્થાનક હોય તે ગુણસ્થાનક લઇને મનુષ્યગતિ તરફ અને મનુષ્યના ક્ષેત્રમાં ઉત્પન્ન થવા માટે સહાયભૂત મનુષ્યાનુપૂર્વી કામ કરે છે. મનુષ્યાનુપૂર્વીની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધીના ઉપાંત્ય સમય સુધી હોય છે અને કેટલાક

આચાર્યોના મતે પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી એની સત્તા હોય છે.

## વિહાયોગતિ નામકર્મ

વિહાય એટલે આકાશ. એને વિષે જે ગતિ તેને વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. આ નામકર્મનો ઉદય જે જીવોને ત્રસનામકર્મનો ઉદય હોય એ જીવોને આનો ઉદય હોય છે. એ ત્રસજીવો એક સ્થાનેથી બીજે સ્થાને જતા હોય તે વખતે પોતાને જે સ્થાનમાં દુઃખની પ્રાપ્તિ થયેલી હોય એ દુઃખનો નાશ કરવા અને સુખને મેળવવાની આશાથી એટલે કે પોતાને ઇચ્છિત સુખના પદાર્થોને પ્રાપ્ત કરવાના હેતુથી એક સ્થાનેથી બીજે સ્થાને જ્યારે જીવ જતો હોય તે વખતે આ વિહાયોગતિ નામકર્મ એને કામ કરી રહેલું હોય છે. વર્તમાનમાં આપણે પણ અત્યારે એક સ્થાનેથી બીજે સ્થાને શા માટે દોડાદોડ કરીએ છીએ એ પણ જો વિચારીએ તો જે સ્થાને રહેલા હોઇએ એ સ્થાનમાં જે કંઇ સુખની પ્રાપ્તિ થયેલી હોય એમાં ક્યાં ઓછાશ લાગે અથવા કંઇક દુઃખની પ્રાપ્તિ જેવું લાગે અથવા વધારે ટાઇમ થયો હોય એ સ્થાનમાં કંટાળા જેવું લાગે કે જેના કારણે મનની અંદર કોઇપણ વિચાર પ્રાપ્ત થતાની સાથેજ ત્યાંથી ઉઠીને ઇચ્છિત અનુકૂળતા મેળવવા માટે બીજા સ્થાને જવા માટેનો પ્રયત્ન કરીએ છીએ. એ ઉઠીને બીજે સ્થાને જવા માટેની જે પ્રવૃત્તિ કરીએ છીએ તેને વિહાયોગતિ નામકર્મનો ઉદય કહેવાય છે. આ વિહાયોગતિ નામકર્મના શુભ અને અશુભ એમ બે ભેદ કહેલા છે. એમાં બેઇન્દ્રિય જીવોને તેઇન્દ્રિય જીવોને ચઉરીન્દ્રિય જીવોને અને અસન્ની પંચેન્દ્રિય જીવોને જે પર્યાપ્તા થયેલા હોય એવોને અશુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય હોય છે. નરકગતિમાં રહેલા નારકીના જીવોને નિયમા અશુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય હોય છે. દેવગતિમાં રહેલા દેવોના જીવોને નિયમા શુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય હોય છે. મનુષ્ય અને તિર્યંચોને વિષે શુભ વિહાયોગતિ અને અશુભ વિહાયોગતિ બંન્નેમાંથી કોઇપણ વિહાયોગતિ નામકર્મનો ઉદય

રહ્યા કરે છે. જે જીવોની સ્વાભાવિક ચાલ હોય તે જીવોની શુભ વિહાયોગતિ કહેવાય છે અને જે જીવોની ઉતાવળ ચાલ હોય અને ગમે તે રીતે ચાલતો હોય તે અશુભ વિહાયોગતિની ચાલ કહેવાય છે. જ્યારથી તમે આહાર વાપરતા થયા ત્યારથી તમારી ચાલવાની શક્તિ ગઇ. ઇર્યાસમિતિ જીવ ત્યારે જ પાળી શકે કે જો તે તેની સ્વાભાવિક ચાલથી ચાલતો હોય તોજ. ઉતાવળ ચાલે જો એ ચાલતો થાય તો ઇર્યાસમિતિ વાસ્તવિક રીતે પાળી શકતો નથી. હંસ અને હાથી જેવી ગતિ એટલે ચાલ તે શુભ વિહાયોગતિ કહેવાય છે અને ગધેડા જેવી ચાલ તે અશુભ વિહાયોગતિ કહેવાય છે. શુભ વિહાયોગતિમાં એનું પગલું હંસની જેમ અને હાથીની જેમ પડતું હોય. ઉતાવળમાં હંસ અને હાથીના બદલે ખર (ગધેડો) જેવી ચાલ થઇ જાય. એટલે શુભના બદલે અશુભ ચાલે ચાલે છે એમ કહેવાય છે. આ કારણથી જેટલી રમત-ગમતો છે જેમકે લંગડી-દોડ વગેરે હુતુતુ, ખોખો, ક્રિકેટ વગેરે આ બધુજ અશુભ વિહાયોગતિ નામકર્મ તીવ્રરસે બાંધવાનું કારણ કહેલું છે. સંસારમાં રખડપટ્ટી કરવી હોય તો એ પ્રમાણે જીવ્યા કરો. આમાં અપવાદ કોઇ છે નહિ. જો રખડપટ્ટી અટકાવવી હોય તો સુધરવા માંડો. ચાલવામાં સ્પીડ પકડે તો વાંધો નઇ પણ તેની ચાલમાં ફરક પડવો જોઇએ નહિ. ઉતાવળે પગ મુકતા જતા હોય અને કીડી દેખાય તો તરત જ પગ અટકાવી શકશો. તેટલા કંટ્રોલમાં ચાલતા હોય તો તમારી ચાલે સ્પીડ પૂર્વક ચાલો છો એમ ગણાય. વિહાર સૂર્યોદયથી એક કલાક પહેલા શરૂ થાય. ઇર્યાસમિતિનું લક્ષ એ ગુણપ્રાપ્તિ માટે છે. શુભ વિહાયોગતિવાળો ઇર્યાસમિતિના લક્ષ વગરનો હોય તો તેને અશુભ વિહાયોગતિનો બંધ થયા જ કરે. શુભ વિહાયોગતિવાળાનેજ કેવળજ્ઞાન થાય એવું નથી. ગુણપ્રાપ્તિમાં શુભ અને અશુભ બંન્ને પ્રકારની વિહાયોગતિ અવરોધક રૂપે બનતી નથી. આપણી જે નોર્મલ ગતિ હોય તેનાથી ઉતાવળે ચાલીએ એટલે સમજવું કે આપણને અશુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય શરૂ થયો. કેટલીકવાર અનિવાર્ય કામ આવે તો સ્પીડમાં ફેરફાર થાય, દોડતો પણ દેખાય. સાવદ્ય પ્રવૃત્તિમાં ઉતાવળથી ચાલતો હોય

તો અશુભ વિહાયોગતિ નામકર્મથી બંધાય. સાવધમાં શુભ વિહાયોગતિ સાથે ચાલતો હોય અને ઇર્યાસમિતિ સાથે ચાલતો હોય છતાં કર્મ અશુભ બંધાતું જાય અને નિર્વદ્ય સાથે ઇર્યાસમિતિ પૂર્વક શુભ વિહાયોગતિ સાથે ચાલતો હોય તો શુભકર્મ બંધાતુ જાય અને નિર્વદ્ય વ્યાપારમાં ઇર્યાસમિતિ વગર ચાલતો હોય તો અશુભ વિહાયોગતિ પૂર્વક ચાલતો હોય તો તે વખતે પણ અશુભ વિહાયોગતિ નામકર્મનો બંધ કરે છે. જગતને વિષે જે કંઇ બધી દોડાદોડ ચાલે છે તે જીવ અને પુદ્ગલની જ છે. બેમાંથી એકેય ઝપીને બેસતાજ નથી. કોઇ જગ્યાએ ગયો હોય ઘડી બે ઘડી થઇ નથી ત્યાં દોડાદોડ ચાલુ. કોણ જાણે શું એનું લુંટાઇ જાય છે એજ ખબર પડતી નથી.

અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એકેન્દ્રિયપણામાં અનંતોકાળ પસાર કરેલો છે. એ એકેન્દ્રિયપણાનું શરીર જીવોને સ્થાવર નામકર્મના ઉદયથી સ્થિર પણે પ્રાપ્ત થયેલું હોવાથી વિહાયોગતિ નામકર્મનો ઉદય ત્યાં હોતો નથી છતાં પણ આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાથી એ જીવો જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા હોય એની આજુબાજુ કે થોડેક દૂર પરિગ્રહ દટાયેલો હોય તો પોતે પોતાનું શરીર વધારતો વધારતો જમીન ફોડીને જ્યાં પરિગ્રહ રહેલો હોય એ સ્થાનને વિષે જઇ પોતાનું શરીર મોટું કરીને ચારેબાજુથી પરિગ્રહને ઢાંકી દે છે છતાં પણ એ જીવોને વિહાયોગતિ નામકર્મ કહેવાતું નથી. કારણ કે એ ગતિ કર્મના ઉદયથી પેદા થયેલી નથી પણ સંજ્ઞાની પ્રધાનતાના કારણે જ પોતે પોતાનું શરીર વિસ્તારવાળું બનાવીને, જમીન ફોડીને ગયેલો છે. જ્યારે બેઇન્દ્રિય પર્યાપ્તા, તેઇન્દ્રિય પર્યાપ્તા, ચઉરીન્દ્રિય પર્યાપ્તા જીવો ત્રસનામકર્મના ઉદયવાળા હોવાથી આહારાદિ પ્રાપ્ત કરવા માટે એક સ્થાનેથી બીજે સ્થાને જે ગતિ કરે છે તે અશુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. નારકીમાં રહેલા જીવો પોતાના આવેલા દુઃખથી બચવા માટે તેમજ કોઇ મારવા માટે આવતું હોય તો એ દુઃખથી બચવા માટે એક સ્થાનેથી બીજે સ્થાને દોડાદોડ કરે છે એ અશુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો મોટેભાગે અશુભ વિહાયોગતિ

નામકર્મના ઉદયવાળા હોય છે. દેવતાઓ મોટેભાગે શુભ વિહાયોગતિ નામકર્મના ઉદયવાળા હોય છે. અહીં મોટેભાગે શબ્દ એટલા માટે કહેવાય છે કે જ્યારે એ દેવોના જીવો ઉત્તર વૈક્રિય શરીર બીજું બનાવે તે વખતે એ શરીરમાં ગમે તેવી ચાલ પણ પેદા કરી શકે છે અને એ અશુભ ચાલ પણ ચાલી બતાવે છે. તો તે વખતે એને અશુભ વિહાયોગતિ નામકર્મનો ઉદય છે એમ કહેવાય છે માટે અહિંયા મોટેભાગે શબ્દ કહેલો છે. જ્યારે સન્ની પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પર્યાપ્તા મનુષ્યોને બંન્ને પ્રકારની વિહાયોગતિ નામકર્મનો ઉદય હોય છે. જે જે જીવોને સ્વાભાવિક રીતે ચાલ પ્રાપ્ત થયેલી હોય એનાથી અધિક ચાલે ચાલે, વાંકા-ચુકા ચાલે એ બધી અશુભ વિહાયોગતિ નામકર્મ છે અને જે જીવોની ચાલ હંસ જેવી હાથી જેવી શુભ પ્રાણીઓ જેવી હોય તેની ચાલ શુભ વિહાયોગતિ નામકર્મવાળી કહેવાય છે. દરેક જીવોને દરેક વખતે શુભ વિહાયોગતિ રૂપે ચાલ હોય એવો નિયમ નથી. કોઇવાર અશુભ વિહાયોગતિ રૂપે પણ ચાલ હોય છે અને કોઇવાર શુભ વિહાયોગતિ રૂપે પણ ચાલ હોય છે. પોતાની ચાલથી અંતરમાં રાગાદિ પરિણામ પેદા થાય તો તે જીવોને અશુભવિહાયોગતિ નામકર્મ બંધાય છે. જેમકે બધા જીવો સાથે ચાલતા હોય એમાં પોતે સારૂ ચાલીને સૌથી આગળ ચાલી શકતો હોય એટલે જઇ શકતો હોય તો પોતાને આનંદ થાય કે આ બધા કરતા મારી ચાલ કેવી સરસ છે. આવી ચાલ મારી કાયમને કાયમ રહે એ રીતે હું પ્રયત્ન કરું અને પોતાની ચાલનો આનંદ પામતો જાય તો એનાથી જીવો અશુભ વિહાયોગતિ નામકર્મ બાંધે છે. પોતાની ચાલે ચાલવા છતાં પણ જેને ગર્વ આદિ પેદા ન થાય તો ચાલતા ચાલતા પણ શુભવિહાયોગતિ નામકર્મ બાંધતો જાય છે. ખ્યાલ આવ્યો ? જેમકે હું જે રીતે ચાલું છું એ મારી ચાલને અનેક જીવોને જોવી ગમે છે, મારા જેવી ચાલ બીજા કોઇની નથી વગેરે વિચારો કર્મ બંધાવે છે. જગતને વિષે સૌથી શ્રેષ્ઠ કોટીની ચાલ તીર્થંકર પરમાત્માઓની હોય છે. એ તીર્થંકર પરમાત્માઓ છેલ્લે ભવે જ્યારે ચાલતા હોય છે ત્યારે એમની ચાલ જોવા માટે દેવતાઓ પણ અનેક પ્રકારના રૂપો કરીને દોડાદોડ

કરીને આવતા હોય છે છતાં તીર્થંકર પરમાત્માઓના આત્માને પોતાને જરાય ગર્વાદિ અને રાગાદિ પરિણામ પેદા થતા નથી. એ જ્યારે રમવા જતા હોય ત્યારે દેવતાઓને જોવું ખૂબ ગમે છે અને એ આત્માઓ જ્યારે રમવા જતા હોય છે તે વખંતે પણ એમની પરિણામની ધારા જરાય બદલાતી નથી. જ્યારે આપણે કોઇપણ કામ કરતા હોઇએ ત્યારે અંતરની ઉત્સુક્તા ચિત્તની ચંચળતા, અંતરમાં પેદા થયા જ કરે છે અને એ જ આપણી ચાલને અશુભ વિહાયોગતિ રૂપે બનાવી દે છે. આના ફળ તરીકે અન્ય ભવમાં અશુભ વિહાયોગતિ મળવાની. વાંકો-ચુંકો ચાલે ચાલે એક પગ લાંબો અને એક પગ ટૂંકો મળશે એવું પણ બની શકે. ઝાડ પર રહેલા ફળો આહારસંજ્ઞાના કારણે ઢાંકણાવાળા હોય છે. કોઇપણ પક્ષી આદિ એ ઢાંકણા ઉપર બેસે એટલે તરત જ.ઢાંકણુ ખુલી જાય છે. પક્ષી અંદર પડે છે અને પછી એ ઢાંકણુ બંધ થઇ જાય છે. અંદરથી પક્ષી ગમે તેટલું બહાર નીકળવા પ્રયત્ન કરે તો પણ બહાર નીકળી શકતું નથી. જ્યારે એ ફળ એ પક્ષીનું લોહી, માંસ વગેરે આહાર રૂપે લઇને પુરુ કરે અને પક્ષીમાં કાંઇ રહે નહિ ત્યારે એ ફળનું ઢાંકણુ ખુલીને ફળ ઉંધુ થઇ જાય છે અને એ પક્ષી બહાર પડી જાય છે. આવી રીતે એકેન્દ્રિય જીવો પણ માંસાહારી હોય છે. એમ આજના વૈજ્ઞાનિકો પણ કહે છે.

જલ્દી કામ કરીને પાછા આવો અને કોઇ વખાણ કરે તો અંતરમાં તે વખતે શું થાય ? આ તો હું જ કરી શકું, આટલું જલ્દી તો હું જ કરી શકું, ગમે ત્યારે આવુ કામકાજ હોય તો મને કહેજો આવા બધા અનેક પ્રકારના વિચારો અને ભાવો અંતરમાં પેદા થાય છે એ માનકષાયના ઘરના છે. તેનાથી જીવ કેટલા ચીકણા કર્મો બાંધે છે એ એને ખબર પડતી નથી. કોઇ રમતગમતમાં હોંશિયાર હોય તો પણ એના વખાણ ન થાય.

સભા૦ ભવ આલોચના લઇ લીધી હોય તો આ બધા પાપો ખપી જાય ને ?

ભવ આલોચના લેનારા કેટલા અને તે વખતે પણ આ બધુ યાદ

કરીને પ્રાયશ્ચિત કરનારા કેટલા ? જ્ઞાની ભગવંતો કહે છે કે જે જાય છે તે મારું નથી અને મારું છે તે જતું નથી. આનું રટણ અંતરમાં જો શ્રધ્ધાથી કરવામાં આવે અને સતત ચાલુ રહે તો અંતરમાં રાગાદિ પરિણામ જરૂર ઓછા થયા વગર રહે નહિ, ઉત્સુક્તાભાવ પણ નાશ પામ્યા વગર રહે નહિ, ચિત્તની ચંચળતા દૂર થયા વગર રહે નહિ. આજે આની શ્રધ્ધા છે ? શ્રધ્ધા નથી માટે દોડાદોડ કરો છો, અધિરાઇ કરો છો, પૈસાના લોભે ઉતાવળા થાવ છો, ભગવાનના વચન ઉપર પુણ્ય ઉપરની શ્રધ્ધાની ખામી તમને ભગવાનની આજ્ઞા પાળવામાં કટીબધ્ધ થવા દેતા નથી. હંમેશા પુણ્યપાપની શ્રધ્ધાવાળો હોય એનું જીવન કેવું હોય ? એની આના ઉપરથી ખબર પડે. સમકિતિનું જીવન આવું જ હોય કે પુણ્ય પાપની શ્રધ્ધાથી પોતે પોતાનું જીવન સુંદર રીતે જીવતો હોય છે. તેરમા ગુણસ્થાનક સુધી અશુભ વિહાયોગતિનો ઉદય હોય છે. સમકિતીને જીવનમાં નિયમો જ ઉંચા હોય છે. એ સમકિતી જીવ યુધ્ધમાં જાય છતાં પણ એ જીવોને નિયમ જ હોય છે કે જ્યાંસુધી સામો દુશ્મન હથિયાર ઉપાડે નહિ ત્યાંસુધી મારે એ હથીયાર ઉગામવાનું નહિ. તમારે આવો કોઇ નિયમ છે ખરો ? આજીવિકા માટે વ્યવસાય કરતો હોય અને અવિરતિના ઉદયે સંસારમાં બેઠો હોય તો એ પોતે પોતાના નિયમમાં અડગ રીતે જીવન જીવતો હોય છે. તમે જે કોઇ ચરિત્ર વાંચો તો તેના મર્મ સુધી પહોંચો એ રીતે વાંચતા શીખશો તો જ આત્મકલ્યાણ કરી શકશો. નહિતર શાસ્ત્ર અને શાસ્ત્રનું વાંચન શસ્ત્ર રૂપે બની જશે. એ ચરિત્રોને વિષે પાપની પ્રવૃત્તિઓનું પણ વર્ણન આવે અને પુણ્યની પ્રવૃત્તિઓનું પણ વર્ણન આવે અને તે દરેકના ધ્યેય કયા કયા છે એ બધું જ વિચારવું પડે એમને પાપની પ્રવૃત્તિઓ કરી માટે આપણે પણ પાપની પ્રવૃત્તિઓ કરતા રહીએ તો વાંધો નહિ એણ કોઇ દિ' વિચાર કરાય નહિ. એવીજ વિચારણા કરીને ચરિત્રોનું વાંચન કરતો હોય તો કોઇ કાળે એ જીવ ધર્મની પ્રાપ્તિ કરી શકતો નથી. દુનિયાના જીવો કેવા કેવા પાપો કેવા કેવા ભાવોથી અને પરિણામથી કરે છે એનું વર્ણન પ્રાયશ્ચિતના ગ્રંથોમાં આવે છે.

એ બધુ તમે પચાવી શકો એવી તાકાત નથી માટે તમે વાંચવાનો નિષેધ કરેલો છે. કારણ કે જગતના જીવો કેવા કેવા પ્રકારના પાપો કરીને આવેલા હોય અને કેવા કેવા પરિણામથી પાપો કરતા હોય છે એનુ બધુંજ વર્ણન જૈનશાસનમાં પ્રાયશ્ચિત્તોના ગ્રંથોમાં આપવામાં આવેલું છે. આવુ બીજી કોઇ જગ્યાએ કોઇ દર્શનમાં મળશે નહિ. એવી રીતે પુણ્યની પ્રવૃત્તિઓ અને પુણ્ય કયા પરિણામોથી જીવ કરે છે એનું પણ વર્ણન આવે છે. પ્રાયશ્ચિત લેવા માટે આવે તેને પહેલા અંતરમાં પશ્ચાતાપ પેદા કરાવવો પડે જે પાપ થઇ ગયું તેનું પ્રાયશ્ચિત છે તેને તેનું ચાલે ત્યાં સુધી એ પાપ ફરીથી નહિ જ કરું એવો નિર્ણય પેદા કરાવવો પડે છે. જો કદાચ એ પાપને કરવાનું છોડી ન શકે તો દુઃખતે હૈયે, ડંખતે હૈયે જ્યારે કરવાનો વખત આવે ત્યારે બને ત્યાંસુધી આના વગર ચાલતુ હોય તો નજ કરવું અને કદાચ કરવું જ પડે તો કરવા પૂરતું કરીને એને છોડી દેવું પણ એના વખાણ કરવા નહિ અને કર્યા પછી એનો પશ્ચાતાપ અંતરમાં ચાલુ રહે એવો પ્રયત્ન કરતો રહે એ રીતે અમારે શીખામણ આપીને પ્રાયશ્ચિત આપવાનુંવિધાન કહેલું છે. પ્રાયશ્ચિત લેનારના અંતરમાં પાપનો ડર સૌથી પહેલા જોઇએ. આજે તો બાર બાર વ્રત લેનારા શ્રાવકો એ વ્રતમાં એટલી બધી ખુલ્લી બારીઓ રાખે છે કે આખી જીંદગી પોતે જીવે તો પણ એને પોતે લીધેલા વ્રતોને જોવાની જરાય જરૂર પડે નહિ. પોતાની પાસે જેમકે પાંચલાખ પરિગ્રહ રૂપે રહેલો હોય અને એ પરિગ્રહ પરિમાણ વ્રત એક કરોડ રૂપિયાનુ ખુલ્લુ રાખીને લે તો એ જીવ બાકીના ૯૫ લાખ રૂપિયા ભેગા કરવા માટે દોડાદોડ કરતો રહેશે અને એને માટે ગમે તેવા પાપ કરવા પડે તો એને પાપ કરવામાં આંચકો પણ લાગશે નહિ. તો એવા જીવોને એ પરિગ્રહ પરિમાણ વ્રત લીધુ અને એ વ્રતવાળો શ્રાવક કહેવાય ખરો ? માટે જ્ઞાની ભગવંતો કહે છે કે પોતાની પાસે જેટલો પરિગ્રહ હોય એનાથી વધારે પરિગ્રહ નહિજ કરું એ રીતે વ્રત લેનારા કેટલા ? આજે લગભગ અનીતિથી ધન ભેગું થાય છે. જે લોકો ગર્ભશ્રીમંત છે એટલે કે બાપદાદાથી ચાલી આવતી મૂડિ પોતાની પાસે રહેલી છે તે કદાચ અનીતિથી

બચી શકતા હોય એવું બને. બાકી મોટેભાગે આજે લખપતિમાંથી કરોડપતિ થનારા કઇ રીતે થાય છે એ વિચારવા જેવું લાગતું નથી ? અને જે અનેક પ્રકારની બારીઓ ખુલ્લી રાખીને વ્રતને ગ્રહણ કરે અને વ્રતધારીનું બિરુદ ગર્વ લઇને કરાય એમ લાગતું નથી. એને એમ વિચારવું પડે કે હું આ વ્રતનો અભ્યાસ પાડવાના પ્રયત્ન રૂપે વ્રત પાળું છું. વ્યાજમાંથી જીવન ચાલે તેટલું રાખેલું હોય ત્યાંસુધી અમે ટીકાટીપ્પણ કરતા નથી તેનાથી અધિક રાખેલું હોય વધારવાનો પ્રયત્ન કરતો હોય તો મને અંતરમાં લોભ પેદા થયેલો છે એના કારણે મેં અધિક રાખેલું છે તો તો હજી કાંઇક સંમતવ્ય ગણીએ બાકી નિયમ પરિગ્રહ પરિણામનો લે અને પોતે કરોડ રૂપિયા ખુલ્લા રાખ્યા હોય તો કરોડપતિ થવા માટે જે કાંઇ પાપ કરવા પડે તે મજેથી કરે એને વ્રતધારી તરીકે કહેવાય કઇ રીતે ? આજે સમયાંતરે વ્યાજના દર ઘટતા ગયા કરેલા પરિગ્રહ પરિમાણમાં બે જણનું પણ પુરુ ન થાય એવી સ્થિતિ પેદા થઇ જાય તો એવા જીવો ગુરૂમહારાજ પાસે પણ આવ્યા હતા. ગુરુમહારાજે એની વાત સાંભળી જીંદગીભરનો નિયમ લીધેલો છે અને આ સ્થિતિ પેદા થયેલી છે તો હવે શું કરવું ? એણ ગુરુમહારાજને પૂછે છે ત્યારે ગુરુમહારાજે જણાવ્યું કે જુવો ભાઇ પહેલા નંબરે તો જે નિયમ લીધો છે એ નિયમ શક્તિ હોય તો બંન્ને જણાથી સારી રીતે પાળી શકાય એ રીતે જ પ્રયત્ન કરવો જોઇએ. એને માટે દૂધ અને ઘી બે આજથી બંધ કરી દો. તો પછી નિયમ મુજબ જીવાશે કે નહિ એ વિચારો. ત્યારે બંન્નેએ વિચારીને કીધું કે એ બંધ કરવાથી જરૂર જીવાશે તો તહત્તી કરીને તરતજ એ બે દ્રવ્યો જીંદગીભરસુધી બંધ કરી દીધા અને પોતાનું જીવન નિયમધારી રૂપે સારી રીતે જીવીને પોતાનું કલ્યાણ સાધી ગયા. આવા કેટલા મળે ? એમાં આમાંથી કોઇનો નંબર આવે ખરો ? અપરિગ્રહી થવા માટે હું આ પરિગ્રહનો નિયમ લઉં છું એવું ધ્યેય કેટલાનું ? આજે તો મોટેભાગે પરિગ્રહ પરિમાણનું વ્રત લેનારાના અંતરમાં એવું ધ્યેય હોય છે કે હું પરિમાણ કરીશ તો જરૂર મને મારા ધાર્યા જેટલો પૈસો મળશે અને હું સુખી થઇ શકીશ. માટે મોટો ભાગ

આજે પરિગ્રહનું પરિમાણ વ્રત ગ્રહણ કરે છે અને જો અપરિગ્રહી થવા માટે જ આ નિમય લઉ છું એવું જો ધ્યેય હોય તો ધીરે ધીરે પોતાની પાસે રહેલો પરિગ્રહ ઓછો કરવાનું મન થાય કે વધારવાનું મન થાય ? સૌથી પહેલા નિયમ લેતા પહેલા અંતરમાં આ ધ્યેય પેદા કરવાનું છે અને પરિગ્રહ ઓછો કરતાં કરતાં મારે સાધુપણું મેળવવાનું છે એવું ધ્યેય સતત અંતરમાં ચાલુ રહેવું જોઇએ. શ્રાવક બાર વ્રત કેમ લે છે ? પાંચ મહાવ્રત લઇ શકતો નથી અને એનું પાલન કરવાની તાકાત નથી એમ એને લાગે છે માટે એ બારવ્રતને ગ્રહણ કે છે ને ? કે જેના કારણે આ રીતે પણ પાલન કરતાં કરતાં પાંચમહાવ્રતના પાલનની શક્તિ પેદા થાય એ માટે જ બારવ્રત ગ્રહણ કરે છે ને ? આ ખૂબ વિચારવાનું છે.

તીર્થંકર પરમાત્માઓની ચાલ ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળી હોય છે. એ આત્માઓ સંસારમાં રહેતા હોવાછતાં પણ જે સ્થાને બેઠા હોય અથવા જે સ્થાને ઉભેલા હોય એ સ્થાનેથી અમે કોઇપણ પ્રયોજન ન હોવાથી પોતે સ્વયં કોઇપણ કાર્યને માટે ચાલતા નથી. પણ માતાપિતાની ઇચ્છાથી અથવા કોઇ જીવને રાજી કરવાની ઇચ્છાથી અથવા માતાની આજ્ઞાથી આજુબાજુના પાડોશમાં છોકરાઓની સાથે રમવા જવું પડે એ માટે પોતે ચાલે છે. તો પણ એમનો ઉપયોગ ચાલતા ચાલતા ઇર્યાસમિતિ પૂર્વકનો હોય છે. કેમકે કોઇ જીવ મારાથી દુઃખી ન થાય અને સૌને મારાથી સુખ ઉપજે એ ધ્યેયથી એ રમત રમતા હોય છે. આના કારણે સમકીતી દેવો અને સમકીતી ઇંદ્રો તીર્થંકર પરમાત્માની જે કોઇ પ્રવૃત્તિ એમના જીવનમાં ચાલતી હોય એ જોવા માટે દોડાદોડ કરતા હોય છે અને એમની પ્રવૃત્તિઓને જોતાં જોતાં અંતરમાં આનંદ પામતા જાય છે કે બાલક્રિડા રૂપે રમત રમવા છતાં રમતથી કેટલા નિર્લેપ રીતે પોતાનું જીવન જીવી રહેલા છે અને વૈરાગ્યભાવના બળે પોતાના આત્મિક ગુણોને વિષે શ્રુતજ્ઞાનના ઉપયોગમાં એમનું મન કેવુ એકાગ્ર છે એ જોતા જાય છે અને આનંદ પામતા જાય છે. ખ્યાલ આવ્યો ? વૈરાગ્યના બળે તેઓ પોતાનું નાનપણનું પણ જીવન જીવે છે. જે ક્રિયાઓ કરે છે તે

માત્ર કરવા ખાતર કરે છે, અંતરના આનંદથી નહિ અને કરવાના ઉમળકાથી પણ નહિ. જેના કારણે એ ક્રિયાઓ કરવા છતાં પણ શુભ વિહાયોગતિ નામકર્મ પુણ્યાનુબંધી પુણ્યરસે બાંધતા જાય છે અને એના કારણેજ દેવતાઓ ઉપયોગ મૂકીને ભગવાનની ક્રિયાઓને જોતાં જોતાં એમના વિચારો મનના કેવા પ્રકારના છે એ પણ જોતા જાય છે. ભગવાન ચારિત્ર ન લે ત્યાંસુધીના સંસાર વાસમાં માતાપિતાની આજ્ઞાનું જરાય ઉલ્લંઘન કરતાં નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ત્રણ જ્ઞાનના ધણી હોવાછતાંય ઇંદ્ર મહારાજા આવીને સ્તવના કરે છે. ૫૬ દિપકુમારીકાઓ આવીને એમનો જન્મ મહોત્સવ કરે છે એનાથી માતાને ખબર પડે છે કે આ ભગવાનનો જીવ છે. તો પણ માતાની આજ્ઞાનું કોઇપણ ઉલ્લંઘન કરતાં નથી. માતાની આજ્ઞા ખાતર લગ્ન કરવા પડતા હોય તો કરે છે. નેમનાથ ભગવાનને ભોગાવલી કર્મ નહોતું માટે એમણે લગ્ન કર્યા નહોતા. તોય માતાને દુઃખ ન થાય એવા શબ્દોથી સમજાવવાનો પ્રયત્ન કરે છે. ભગવાનનો સંસારમાં ઉંચામાં ઉંચો ગુણ ગણાતો હોય તો ઔચિત્ય ગુણ છે કે જે માતાની ભક્તિ માતા જ્યારે બુમ મારીને જમવા માટે બોલાવે તો તરત જ તે હાજર થઇ જાય છે અને જમવા બેસાડે અને જે આપે તે ખાઇ લે છે. એમાં પણ કશુ બોલતા નથી. ત્રણ જ્ઞાનના ધણી હોવાછતાંય એમની માતા પોતાનાથી અજ્ઞાની છે એમ જાણે છે છતાં પણ મારા ઉપકારી છે એ બુધ્ધિએ પોતાનું જ્ઞાન ગમે તેટલું હોવાછતાંય માતાની આગળ એ મારું જ્ઞાન ચાલે નહિ એમ વિચારે છે. આ કેટલી લઘુતા છે એ વિચારો. એ આજ્ઞામાં કોઇવાર કષ્ટ વેઠવું પણ પડે તો પણ વેઠવા તૈયાર થાય છે પણ આજ્ઞાનુ ઉલ્લંઘન કરવાની એમની તૈયારી નથી. આવુ સંસારી જીવન જોવા અને તે વખતે મને આ પસંદ છે અને આ પસંદ નથી એવી વિચારધારા પણ એમના મનમાં કોઇકાળે પેદા થતી નથી. આ બધુ દેવતાઓ ઉત્સુક્તાથી જોવા માટે વારંવાર અનેક પ્રકારના રૂપો કરીને ભગવાન પાસે આવે છે અને અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકીને એમના પરિણામ જોયા કરે છે. આવી રીતે ક્રિયાઓ કરવી પડતી હોવાથી એ કરતા હોય છે માટે એમને

જન્મમરણની પરંપરા વધે એવું કોઇપણ પ્રકારનો કર્મબંધ થતો નથી. એમના રમતગમતના ચિત્રો જુવો તો એમાં એમની ચાલ નોર્મલ જ હોય છે. જ્ઞાનનો ઉપયોગ એમનો કેટલો બધો સ્થિર હોય છે તે આના ઉપરથી ખબર પડે, જરાય ગર્વ નહિ. માતાપિતાની સામે ઉંચા સ્વરે કદીયે બોલાય નહિ. તીર્થંકર પરમાત્માના જીવનમાં આ જે ગુણો છે એને જોતા જોતા આપણે તેને મેળવવાનો પ્રયત્ન કરવાનો છે માટે તેમનું જીવન પણ અનુપમ ગણાય છે. એમનું બાળપણનું જીવન પણ અનુપમ હોય છે. એમના પછી અનુત્તર વિમાનમાં રહેલા દેવોને તેત્રીસ સાગરોપમ સુધીનો કાળ આયુષ્યરૂપે રહેલો હોય છે તો તે વખતે શુભનામકર્મ વિહાયોગતિનો ઉદય પણ હોય છે અને એમને અહમ ઇંદ્રપણું પ્રાપ્ત થયેલું હોવાથી જીદંગીભર સુધી એ વિહાયોગતિ નામકર્મનો એ જીવો ઉપયોગ કરતા નથી. આપણે તો મનમાં જરાક કીડો સળવળ્યો એટલે ઉઠવાનું મન થયા વગર રહેતું નથી. માટે આપણું જ્ઞાન અધુરુ કીધું છે અને અજ્ઞાનરૂપે કહેલું છે. વિચાર કરો કે બાળપણમાં તીર્થંકર પરમાત્માનું જીવન આવા પ્રકારનું હોય તો પછી એમનું ચારિત્ર પછીનું જીવન કેવું હશે એ કલ્પના કરી જુવો. બોલો આપણી સ્થિતિ કેવી ? જ્યાં બેઠા હોય ત્યાંથી ઉઠવાનું મન નહિને ? ઓફીસમાં બેઠા હોય અને દશ મિનિટમાં કીડો સળવળે એટલે ઉભો થઇને ચાલવા માંડે. ફલાણો આવી ગયો હશે એને મળી આવું. ધર્મમાં પણ એક પ્રવૃત્તિ એક વિચારથી કરતા હોઇએ તે વખતે બીજા વિચાર તમને પજવે નહિ ને ? જો આપણને બીજા વિચાર પજવતા હોય તો આપણું ઠેકાણું પડશે ક્યારે ? વિહાયોગતિમાં આંખ સામે આ રાખવાનું છે.

તમને જેટલો ટાઇમ મળે દશ કે પંદર મિનિટ એટલા ટાઇમમાં બધા ભગવાનની પૂજા કરીને હું બહાર નીકળું એવી વિચારણા કરીને મંદિરમાં જે પેસવામાં આવે છે એનાથી મનની સ્થિરતા અને એકાગ્રતા કોઇકાળે પ્રાપ્ત થતી નથી. એની બદલીમાં જેટલો ટાઇમ હોય એટલા ટાઇમ સુધીમાં એક ભગવાનની અષ્ટપ્રકારી પૂજા સુંદર રીતે કરીને બહાર નીકળો તો એમાં કંઇ વાંધો આવે એમ છે ? એ એક ભગવાનની પૂજા જે સ્થિરતાપૂર્વક થશે અને

એમાં જે લાભ થશે એની બદલીમાં બધા ભગવાનની પૂજા કરીને બહાર નીકળવામાં એટલો કે એનાથી વિશેષ કાંઇ લાભ થાય એવું લાગે છે ખરું ? માટે જે કંઇ ક્રિયા કરો, જેટલા ટાઇમ પૂરતી કરો એ સ્થિરતાપૂર્વક કરવાનો પ્રયત્ન કરો તોજ તમને પોતાને મને આવી એકાગ્રતા પેદા કરવામાં શું શું નડે છે, વિઘ્ન રૂપે શું શું થાય છે એ તમને ખ્યાલ આવશે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે ધર્મની પ્રવૃત્તિમાં જેટલી ઉતાવળ એ મોટામાં મોટો દોષ છે. તેર કાંઠીયામાંહેલો એક દોષ કહેલો છે અને એ ક્રિયાઓ જલ્દી પતાવી દેવાની વૃત્તિ આત્માને લાભને બદલે નુકશાન કરે છે. આ કાઠીયાઓને મોહરાજા મોકલે છે અને એ સાથે લઇને જ મંદિરમાં આવતા હોય તો સ્થિરતા આવે ક્યાંથી ? અને આમાંથી છૂટવાનું મન પણ આપણને થતું નથી. તીર્થંકર પરમાત્માઓ સંસારમાં જે કાંઇ પ્રવૃત્તિ કરે છે એમાં એમની ચાલ અશુભ વિહાયોગતિ રૂપે કદિ બનતી નથી. આટલા બધા જ્ઞાની હોવાછતાંય માતાને દુઃખ ન પડે એની વારંવાર મને બોલાવવા ન પડે એની સતત કાળજી રાખે છે. આની અપેક્ષાએ આપણી શું સ્થિતિ છે એ ખૂબ વિચારવાનું છે.

શુભ વિહાયોગતિનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. એનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે અને તેની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. આ રીતે પીંડ પ્રકૃતિઓના ૨૦ ભેદ નામકર્મના પૂર્ણ થયા. પીંડ એટલે સમુદાય પ્રકૃતિ એટલે સ્વભાવ સમુદાય રૂપે રહેલો જે સ્વભાવ એને પીંડ પ્રકૃતિ કહેવાય છે. એટલે કે એક એકની સાથે બીજી પ્રકૃતિઓ પણ રહેલી હોય છે માટે એ પીંડ પ્રકૃતિ રૂપે કહેવાય છે.

## પ્રત્યેક પ્રકૃતિઓના ભેદોનું વર્ણન

પુણ્ય પ્રકૃતિ રૂપે પ્રત્યેક પ્રકૃતિઓના સાત ભેદ કહેલા છે. કુલ પ્રત્યેક પ્રકૃતિઓ આઠ હોય છે. એમાંની એક ઉપઘાત નામકર્મ સિવાયની સાતે પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિ રૂપે કહેલી છે. જૈનશાસન ક્રિયાને પ્રધાનતા

આપતું નથી પણ ઉપયોગને વધારે મહત્વ આપે છે અને ઉપયોગપૂર્વકની જેટલી ક્રિયા એજ વિશેષ રીતે એટલે કે પ્રધાન રૂપે ઉપયોગી બને છે. ક્રિયા જરૂરી ખરી પણ ઉપયોગપૂર્વકની હોય તો ? સાવધ પ્રવૃત્તિ કરતી વખતે નિર્વધ પ્રવૃત્તિનો ઉપયોગ હોય તોજ એ સાવધ પ્રવૃત્તિ અલ્પબંધ કરાવીને સંસારનો નાશ કરાવવામાં સહાયભૂત થાય છે. જેમકે વિજય શેઠ અને વિજયા શેઠાણીએ વિચાર શું કર્યો ? પૂર્વના રૂણાનુબંધના કારણે બંન્નેનો પતિ પત્ની તરીકે સંયોગ થયો છે એમાં એકને શુક્લપક્ષનો એટલે કે શુક્લપક્ષના પંદર દિવસ સુધીનો બ્રહ્મચર્યનો નિયમ લીધેલો છે. બીજાએ વદ પક્ષના પંદર દિવસનો બ્રહ્મચર્યનો નિયમ લીધેલો છે અને કર્મના સંયોગથી એકબીજાનો પતિ પત્ની તરીકેનો સંયોગ પેદા થયેલો છે. જ્યારે પંદર દિવસ પુરૂષના પૂર્ણ થયા તે વખતે એ એની પત્ની પાસે આવે છે ત્યારે પત્નીએ કહ્યું કે આજથી મારે બ્રહ્મચર્યનો પંદર દિવસ સુધીનો નિયમ છે માટે પંદર દિવસ પછી એનો આપણે વિચાર કરીશું. ત્યારે વિજય શેઠે કહ્યું કે મારે શુક્લપક્ષનો નિયમ છે આથી બંન્ને જણાએ જીંદગીભર સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું એવો નિર્ણય લીધો અને માતાપિતાને ખબર ન પડે એ રીતે આપણે જીવન જીવવું એ રીતે અંતરમાં મનથી અભિગ્રહ કર્યો અને જે દિવસે માબાપને ખબર પડે એના બીજા દીવસે આપણે દીક્ષા લઇશું એમ નક્કી કર્યું છે. આ રીતે સંસારમાં જીવન જીવવા છતાં પોતાના વિષયોના વિચારોને સંયમીત કરીને એવુ સુંદર જીવન જીવ્યા કે જેના પ્રતાપે તીવ્રરસે પુણ્યપ્રકૃતિનો બંધ કર્યો. જન્મ મરણની પરંપરાનો નાશ કર્યો અને એટલા માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે કોઇ શ્રાવક ૮૪ હજાર સાધુઓને ગોચરી વહોરાવે અને જેટલું પુણ્ય બાંધે એટલું પુણ્ય વિજય શેઠ અને વિજ્યા શેઠાણીને સાધર્મિક ભક્તિ તરીકે જમાડવાથી બંધાય છે. સંસારમાં બેઠેલા છે છતાં સમકિત સાથે છે પાંચમુ ગુણસ્થાનક છે તો પોતાનું જીવન કેવી રીતે જીવતા હશે એનો વિચાર કરો. આ જૈનશાસન છે. ૮૪ હજાર સાધુઓની સાથે જ્ઞાનીઓએ જ્ઞાનથી જોઇને એની તુલના કરેલી છે. વિહાયોગતિ શુભ બાંધવી હોય તો પરિણામ

કેવા જોઇએ એ આના ઉપરથી વિચારવાનું છે.

(૧) પરાઘાત નામકર્મ (૨) ઉચ્છવાસ નામકર્મ (૩) આતપ નામકર્મ (૪) ઉદ્યોત નામકર્મ (૫) અગુરૂલઘુ નામકર્મ (૬) નિર્વાણ નામકર્મ અને (૭) જિન નામકર્મ.

## (૧) પરાઘાત નામકર્મ

પોતે શરીરથી નબળો હોવાછતાં સામો માણસ શરીરથી બળવાન હોવાછતાં કોઇપણ કારણસર નબળાને હેરાન કરવા માટે બળવાન માણસ એની સામે આવે તો પણ નબળા માણસના શરીરને જોઇને બળવાન માણસ પાછો જતો રહે. એને પેલા માણસને જોતાની સાથેજ કાંઇ કરવાનું મન ન થાય એ નબળા માણસનું પરાઘાત નામકર્મ કહેવાય છે. આ પુણ્યપ્રકૃતિ કહેવાય છે. ઘણા એવા પુણ્યશાળી હોય છે કે તેના શરીરની આકૃતિજ એવી હોય કે તેની સામે કશુજ બોલી શકે નહિ. એને છોડીને બહાર નીકળે તો બહાર જઇને અનેક પ્રકારની બડાશો મારતો હોય. તેના માટે ઘણું ઘણું બોલતો હોય આમ કરી નાંખીશ તેમ કરી નાંખીશ એ મળે એટલી વાર આવી બધી વિચારણાઓ કરી કરીને અનેકની પાસે વચન બોલવા છતાં જ્યારે એની પાસે આવીને ઉભો રહે એટલે એને જોતાની સાથેજ થીજી જાય. આની પાસે બોલવાનું છે ને ? મારે કાંઇ કહેવું નથી. તે તેના નબળા શરીરની દયા રૂપે નહિ પણ તેના શરીરનું એવું તેજ હોય એનું વ્યક્તિત્વ એવા પ્રકારનું દેખાય કે જેના કારણે પરાઘાત નામકર્મનો ઉદય પુણ્યોદય રૂપે એના શરીરમાં કામ કરતો હોય છે. માટે સામા માણસના અંતરમાં થાય કે આવા નબળા માણસને મારે હેરાન કરવો નથી. એ રીતે સમજીને જતુ કરવાનો પરિણામ એ રાગાદિ પરિણામના કષાયે છે. શ્રીપાળનું પરાઘાત નામકર્મ ખ્યાલ છે ? ધવલ શેઠીયાને દોરડાથી બાંધેલો છે તે વખતે ધવલ શેઠીયાના બધા માણસો ભાગી ગયેલા છે. રાજાએ ધવલ શેઠીયાને ઝાડ સાથે બેલે બાંધીને પોતે ઘોડા ઉપર જઇ રહેલો છે તે વખતે શ્રીપાળ વહાણમાંથી

બહાર નીકળીને દોડતો દોડતો ધવલ શેઠીયા પાસે જાય છે અને તે વખતે એમને કહેછે કે તમને અત્યારે આ બંધનમાંથી છોડાવે તેને તમે શું આપો ? ત્યારે ધવલ શેઠીયો કહે છે કે મારી પાસે જે કરિયાણું છે એને અડધું કરીયાણું હું આપી દઉ. ત્યારે શ્રીપાળ જે રાજા ઘોડા ઉપર પોતાના ગામ તરફ જઇ રહેલો છે ત્યારે મોટી રાડ પાડીને રાજાને કહે છે કે હજી હું બાકી છું. યુધ્ધ ભૂમિમાંથી આવી રીતે ચાલ્યા જવાય નહિ. ત્યારે રાજા પાછળ જુવે છે તો સોળ વર્ષનો બાળક દેખાયો અને એના પરાઘાત નામકર્મના ઉદયથી રાજાને મનમાં થાય છે કે આની સાથે શું યુધ્ધ કરું ? આને મારવાથી મને શું લાભ થવાનો ? માટે એ રાડ સાંભળીને રાજા પાછો જાય છે. ત્યાં શ્રીપાળ ફરીથી કહે છે કે આવી રીતે જતા રહેવાય નહિ એટલે રાજા ફરીથી આયો અને એની સાથે યુધ્ધ કરે છે અને તે વખતે શ્રીપાળે રાજાને ઘોડા ઉપરથી નીચે ઉતારી બંધનથી બાંધી ધવલશેઠીયા પાસે લઇ આવે છે. શ્રીપાળ પોતે પોતાના બળથી અને પોતાના પુણ્યના ઉદયથી આ રીતે પરાક્રમ દેખાડી શકે છે. એમાં રાજાને જે પાછા જવાનું મન થયું એ શ્રીપાળનું પરાઘાત નામકર્મ કામ કરે છે. આટલુ ઉંચી કોટિનું પુણ્યરૂપે પરાઘાત નામકર્મ રહેલું હોવાછતાંય એનામાં જે ગુણો રહેલા છે એ ગુણો પણ કેવા ઉંચી કોટિના છે એ પણ ખાસ વિચારવાનું છે. ચરિત્ર વાંચીયે અને એમાં આવતા ગુણો મેળવવાનો અને પામવાનો દ્રષ્ટિકોણ પણ જો પેદા ન કરીએ તો ચરિત્રો આપણને શું લાભ કરશે ? અને તે વખતે ધવલ શેઠીયાના બંધન છોડીને એના માણસો બધા પાછા આવી ગ્યા અને તે વખતે શ્રીપાળ પાલક પિતા એવા ધવલશેઠીયાને પૂછે છે કે બોલો રાજાનું શું કરવું છે ? ત્યારે અધમ વિચારવાળા ધવલશેઠીયાએ કહ્યું કે વ્રજભૂમિ ઉપર લઇ જઇ એનો નાશ કરો. શ્રીપાળ તે વખતે કહે છે કે દુનિયાનો નિયમ છે કે શરણે આવેલાને મરાય નહિ. માટે શ્રીપાળ પોતેજ એના બંધન છોડી અને કહે છે કે તુ તારે તારા ગામમાં જા અને તારું રાજ ભોગવ. આ જોતાની સાથેજ રાજાના અંતરમાં થયું કે હું આટલો મોટો હોવાછતાંય અને આ નાનું બાળક તરીકે હોવાછતાંય એનામાં

આટલી ઉંચી કોટિના ગુણો રહેલા છે અને મારામાં એમાનું કાંઇજ નથી માટે આ ઉંચી કોટિનો જીવ લાગે છે. એને ગામમાં આવવાનું નિમંત્રણ આપી રાજા ગયો છે, ગામમાં બોલાવીને પોતાની દીકરી પરણાવી અને દહેજમાં અનેક ચીજો આપીને ઠેઠ સમુદ્ર કિનારા સુધી વળાવવા માટે આવે છે. બીજાનો ઘાત કરું એને પણ પરાઘાત નામકર્મ કહેવાય છે. જે મહાપુરુષોએ પ્રાચીન કર્મગ્રંથોની રચના કરી છે તેમાં પરાઘાત નામકર્મનો અર્થ બીજાનો ઘાત કરવો એ રીતે પણ વર્ણનરૂપે લખેલું છે. એનો વિચાર કરતા એમ જણાય છે કે બળવાન જીવ નબળાનો ઘાત કરવા આવે તો પણ નબળા જીવને પરાઘાત નામકર્મનો ઉદય હોય તો બળવાન જીવના અંતરમાં નબળાને જોતાની સાથેજ ઘાત કરવાના વિચારો નાશ પામે છે એને પરાઘાત નામકર્મ કહેવાય છે. આ પરાઘાત નામકર્મ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે. પરાઘાત નામકર્મનો ઉદય પર્યાપ્ત નામકર્મવાળા જીવોનેજ હોય છે. એટલે કે જે જીવો પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા હોય ત્યારથી પરાઘાત નામકર્મનો ઉદય શરૂ થાય છે. અપર્યાપ્ત નામકર્મના જીવોને પરાઘાત નામકર્મનો ઉદય હોતો જ નથી. માટે પહેલે ગુણસ્થાનકે બંન્ને પ્રકારના જીવો હોય છે. અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા અને પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા બીજા ગુણસ્થાનકે પણ બંન્ને પ્રકારના જીવો હોય છે અને ચોથા ગુણસ્થાનકે પણ બંન્ને પ્રકારના જીવો હોય છે. જ્યારે બાકીના ગુણસ્થાનકોમાં પર્યાપ્ત નામકર્મના ઉદયવાળાજ જીવો હોય છે. એટલે પરાઘાત નામકર્મનો ઉદય પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવોનેજ હોવાથી એકથી તેર ગુણસ્થાનક સુધી એનો ઉદય હોય છે. અને એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી એની સત્તા હોય છે.

પરાઘાત નામકર્મનો ઉદય આત્મિક ગુણોને પેદા કરવામાં સહાયભૂત થાય તો જીવોને પુણ્યાનુબંધી પુણ્ય બાંધતો બાંધતો અનંતગુણ અનંતગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરતો કરતો સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરવામાં સહાયભૂત થાય છે. અને જો એ પરાઘાત નામકર્મના ઉદયને આત્મિક ગુણ પેદા કરવામાં

સહાયભૂત તરીકે ઉપયોગમાં લેવામાં ન આવે તો એ પુણ્યપ્રકૃતિના ઉદયથી જીવ પોતેજ પુરૂષાર્થ કરીને જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. કારણ કે જેટલો પરાઘાત નામકર્મનો ઉદય તીવ્રરૂપે હોય એટલો પાપાનુબંધી પુણ્યના ઉદયથી સુખની સામગ્રીમાં રાગાદિ પરિણામ કરીને અને જીવો પ્રત્યે દ્વેષાદિ પરિણામ પેદા કરીને વૈરાનુબંધ બાંધતો બાંધતો જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. માટે વર્તમાનમાં આપણને પરાઘાત નામકર્મનો ઉદય જો ચાલતો હોય તો એનો આપણે કઇ રીતે ઉપયોગ કરવો એ આપણે સૌએ વિચારવા યોગ્ય છે.

## (૨) ઉચ્છવાશ નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને જગતમાં રહેલા શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી શ્વાસ રૂપે ઉચ્છવાસ રૂપે અને ઉચ્છવાસ નિઃશ્વાસ રૂપે બનાવીને વિસર્જન કરવાની શક્તિ પેદા થાય એને ઉચ્છવાશ નામકર્મ કહેવાય છે. જગતમાં રહેલા સઘળાય જીવો અપર્યાપ્તા રૂપે રહેલા હોય કે પર્યાપ્તા રૂપે રહેલા હોય તે દરેક જીવોને ઉચ્છવાશ નામકર્મનો ઉદય હોય છે. આ પુણ્યપ્રકૃતિની તરતમતા જીવ વિશેષ રૂપે અનેક પ્રકારે હોય છે. મંદરસે, મંદતર રસે , મંદતમ રસે, તીવરરસે, તીવ્રતર રસે, તીવ્રતમ રસે એમ એક એકમાં અનંતા અનંતા ભેદો પ્રાપ્ત થઇ શકે છે. જે જીવોએ જેવા રસે આ કર્મ બાંધેલું હોય એવા રસેજ આ કર્મ ઉદયમાં ભોગવાય છે અને મોટેભાગે જે ભવને વિષે જે રીતે ભોગવવા યોગ્ય રસપૂર્વક પુદ્ગલો ગોઠવેલા હોય તે પ્રમાણેજ ઉચ્છવાશ નામકર્મના પુદ્ગલો ભોગવાય છે. જેમકે મનુષ્ય જન્મને વિષે ગર્ભમાં રહેલો હોય ત્યારે ઓછા પુદ્ગલો શરૂઆતમાં હોય છે. પછી સમયે સમયે અધિક અધિક પુદ્ગલોની ગોઠવણ કરેલી હોય એ પ્રમાણે ભોગવાતા જાય છે એમાં જો ગર્ભમાંજ કાળ કરવાનો હોય તો અધિક અધિક પુદ્ગલોને ગોઠવીને એને ભોગવતો ભોગવતો એક અંતર્મુહૂર્તમાં લાંબાકાળ સુધીનું ભોગવવા લાયક આયુષ્ય આ પુદ્ગલોને ભોગવતા ભોગવતા નાશ

પામી જાય છે. આ શ્વાસોશ્વાસ પુદ્‌ગલોને ભોગવવા માટે જ્યાંસુધી બીજી પર્યાપ્તિઓની શક્તિ બરાબર રહેલી હોય ત્યાંસુધી સારી રીતે ભોગવાય છે અને જેમ જેમ પર્યાપ્તિઓની શક્તિ નાશ પામતી જાય અને શરીરની તાકાત પણ ઓછી થતી જાય તો શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ભોગવતા કોઇકવાર શ્વાસ વધી જાય છે, કોઇકવાર શ્વાસ ઘટી જાય છે ઇત્યાદિ અનેક પ્રકારની તકલીફો જીવોને પેદા થતી દેખાય છે તે વખતે સમજવું કે ઉચ્છ્‌વાશ નામકર્મ મંદરસે ઉદયમાં ચાલે છે અને એમ કરતાં કરતાં ઉચ્છ્‌વાશ નામકર્મના પુદ્‌ગલો એ ભવમાં ભોગવવા લાયક સંપૂર્ણ પૂર્ણ થાય ત્યારે જીવોના બાકીના દ્રવ્ય પ્રાણો એક સાથે ભોગવાતા નાશ પામે છે. એટલે જીવનું મરણ થયું એમ ગણાય છે. અપર્યાપ્ત અવસ્થામાં રહેલા જીવોને અપર્યાપ્તાવસ્થામાં મરણ પામવાના હોય તો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ શરૂ કરી શ્વાસોશ્વાસના પુદ્‌ગલોને ગ્રહણ કરી સંપૂર્ણ પરિણમાવ્યા વગર પોતાનું આયુષ્ય પૂર્ણ થયે મરણ પામે છે. એટલે એ જીવ સંપૂર્ણ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર મરણ પામે છે એમ કહેવાય છે. જે જીવોને પુણ્યાનુબંધી પુણ્યરૂપે ઉચ્છ્‌વાસ નામકર્મ બાંધેલું હોય તો એ જીવોને મરણ વખતે શ્વાસોશ્વાસની કોઇ તકલીફ પેદા થતી નથી. એટલે કે હાંફ પણ ચઢતી નથી વચમાં વચમાં શ્વાસ અટકી પણ જતો નથી અને એક સરખી રીતે જેવા રસે ભોગવવા યોગ્ય ઉચ્છ્‌વાસ નામકર્મના પુદ્‌ગલો ગોઠવેલા હોય એ પ્રમાણે જ છેક સુધી ભોગવાતા જાય છે.

જગતમાં જેટલો વાહનોનો ઉપયોગ વધારે કરવામાં આવે એના કારણે ઉચ્છ્‌વાશ નામકર્મની શક્તિ ક્ષીણ થતી જાય છે. કારણ કે ચાલવાથી જે શક્તિનું બળ પ્રાપ્ત થાય છે તે વાહનના ઉપયોગથી એ બળ નાશ પામતું જાય છે. માટે એવા જીવોને ચાલવું હોય તો પણ પછી જલ્દી ચાલી શકાતું નથી. પગથીયા ચઢવા હોય તો જલ્દી ચઢી શકાતા નથી કેમકે જે રોજ લીફ્ટનો ઉપયોગ કરીનેજ ચઢવા ઉતરવાનો પ્રયત્ન કરતો હોય છે એને જ્યારે લીફ્ટ બંધ હોય ત્યારે ચઢવા ઉતરવામાં કેવી તકલીફ પડે છે એ તો એજ જાણે. એટલે કે પગથીયા જલ્દી ચઢી શકાતા નથી અને ઉતરતા પણ

જલ્દી ઉતરી શકાતું નથી. ચાલવાની અને ચઢવાની રોજની જે પ્રેક્ટિસ, ચાલવું હોય તો એકસરખી રીતે ઉચ્છવાસ નામકર્મ ચાલતું હોય એમાં વાહનના ઉપયોગથી ચાલવા અને ચઢવાની શક્તિમાં ઉચ્છવાસ નામકર્મની ફેરફારી થતી જાય છે. આજે નાના છોકરાઓને પણ નાનપણથીજ સ્કુલ આદિમાં જવા આદિમાં વાહનોનો વપરાશ વિશેષ રીતે ચાલુ થઇ ગયેલો દેખાય છે. માટે નાના છોકરાઓને પણ થોડું વધારે ચાલવામાં આવે તો એ થાકી જાય છે. ક્યાં શ્વાસ ચઢે ક્યાં હાફ ચઢે ઇત્યાદિ અનેક પ્રકારની તકલીફો આજે વધતી દેખાય છે. જૈનશાસનની આ થીયરી છે કે જે અંગોપાંગ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયા હોય એનો એ પ્રમાણે જો ઉપયોગ કરવામાં આવે તો પછી લાંબાકાળ સુધી એ શક્તિઓ સારી રીતે જળવાઇ રહે છે. આત્મિક ગુણના વિકાસમાં ઉપયોગમાં લેવામાં આવે તો શ્વાસોશ્વાસ નામકર્મ એને ઘણો ઉપયોગી થઇ શકે એમ છે. પોતે સ્વાધ્યાયાદિ કરતો હોય તો એને કોઇ ખલેલ પાડી શકે નહિ એવી રીતે સ્વાધ્યાયમાં મગ્ન રહેતો હોય તો આ ઉચ્છવાશ નામકર્મ તીવ્રરસે બાંધતો જાય છે. આ કર્મ તીવ્રરસે બાંધવા માટે દેવ, ગુરૂની ભક્તિ નિઃસ્વાર્થ ભાવે માતા-પિતાની ભક્તિ કોઇપણ પ્રવૃત્તિ કરવામાં સ્વાર્થબુધ્ધિ ન હોય તો સારી રીતે પુણ્યરૂપે બંધાય છે. કોઇનું પણ કામ કરતાં ભાવિમાં મને આ કામ લાગશે એ મને સાચવશે, મારી કાળજી લેશે એવી વિચારણા અંતરમાં પેદા થવી જોઇએ નહિ. મારી શક્તિ છે માટે મારી ફરજ સમજીને મારે એનું કામ કરી લેવું જોઇએ. જ્યારે જરૂર પડે ત્યારે એ મારું કામ કરેય ખરો અને ન પણ કરે એની કોઇપણ જાતની ચિંતા અંતરમાં પેદા થવી જોઇએ નહિ. તોજ કામ કરતાં પુણ્યાનુબંધી પુણ્યરસે પરાઘાત નામકર્મ અને ઉચ્છવાસ નામકર્મ બાંધતો જાય એની સાથે સાથે આત્મકલ્યાણનો હેતુ પણ જોઇએ. મઝીયારા ઘરમાં રહેતા હોય તો એમાં કાળજી લેવાય તો કોની લેવાય ? પોતાનો છોકરો બીમાર પડે અને ભાઇનો દિકરો બીમાર પડે તો બેમાં કાળજી લેવામાં ફરક પડે છે ? તમારા ઘરમાં કોઇપણ બીમાર પડે તો ઓફીસે જવાનુ બંધ એવુ કંઇ હોય છે ? કે તમારા ગણાતા બીમાર પડે તો

ઓફીસે ન જાવ અને ભાઇ બેનાદિ બીમાર પડે, ભાઇના દીકરા આદી બીમાર પડે તો તે વખતે ઓફીસે જવાનુ બંધ થાય ખરું ? આ આપણા પ્રત્યક્ષ પરિણામનો નમુનો છે માટે કુટુંબમાં મઝીયારામાં એક સરખો પરિણામ રાખવો જોઇએ. મારે તો મારાનીજ કાળજી રખાય એ ભાવવાળું કોઇ દિવસ પુણ્યાનુબંધી પુણ્ય રૂપે શુભ પ્રકૃતિઓનો બંધ કરી શકતો નથી. નબળા સ્વાર્થી વિચારોને આધીન થઇને જીવાતા જીવનમાં સારા પુણ્યકર્મ બાંધી શકાતા નથી. બાંધેલા અવળા કર્મોમાં એટલે કે ઓછા રસવાળા કર્મોમાં ફેરફાર પણ થઇ શકે પણ એ ફેરફાર ક્યારે થાય ? તો વિચારો આપણા બદલાતા જાય તો. આપણા વિચારો પુણ્યના અનુબંધને બાંધવામાં સહાયભૂત થાય એવા તો થતા નથી. પરંતુ પુણ્ય કર્મોને કરતા કરતા એ પુણ્ય જે બંધાય તે પાપકર્મોમાં ફેરફાર થાય એવા વિચારો લગભગ ચાલતા હોય છે. જેમકે સ્કૂલમાં જતા છોકરાને નાસ્તાનો ડબો આપવામાં આવે ત્યારે શું કહીને આપવામાં આવે છે ? એકલો ખાજે કોઇને આપીશ નહિ. એ આગળ જતા મોટો થાય અને એ દિકરાવાળો થાય અને એ તમને પણ ન રાખે એમાં નવાઇ નહિને ? અને તમને કોઇ ચીજ ના આપે એમાં નવાઇ પામવા જેવું નથી ને ? જ્યારે પુણ્યાનુબંધી પુણ્યવાળાને થોડામાંથી થોડું બીજાને આપીને પોતાને ભોગવવાનું મન થાય. એમાં બીજાને આપતા એને જે આનંદ થાય તે એને એકલાને ભોગવતા એને આનંદ પેદા થતો નથી. આવા જીવોને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મ અને મોહનીય કર્મનો ક્ષયોપશમભાવ પેદા થતો જાય છે અને પોતે પોતાના જીવનમાં દૈનિક ક્રિયાઓ જે રીતે કરતો હોય છે એનાથી પણ આઠે કર્મ ઉપર સારી એવી અસર પડે છે. જો આ રીતે જીવન જીવવામાં ના આવે તો આયુષ્ય ઉપર પણ શ્વાસોશ્વાસની અસર એવી જોરદાર પડે છે કે જેના કારણે જલ્દી ભોગવાઇ જાય. માટે જ્ઞાની ભગવંતોએ કામઅવસ્થાના દશ વિચારો એટલે અવસ્થાઓ કહેલી છે. છેલ્લામાં છેલ્લી અવસ્થા મરી જવાની કહેલી છે. એટલે જ જ્ઞાની ભગવંતો કહે છે કે વિષયોના વિચારોથી પર થઇને લાંબાકાળ સુધી એવા વિચારોમાં

સ્થિર રહેવાનો પ્રયત્ન કરીને વૈરાગ્યભાવ પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ જેટલો વૈરાગ્યભાવ પેદા કરતો જાય એટલું પોતાનું આયુષ્ય ઓછુ થઇ શકતું નથી. કોઇપણ જીવને પોતાનું આયુષ્ય ઓછુ કરવું એ પસંદ હોતું નથી. ખોરાક લે અને પરિણમન ન પામે ધાતુમાં રૂપાંતર ન થાય તો અનેક પ્રકારના રોગો પણ પેદા કરી શકે છે. ટી.વી જોતા જોતા ખાતો જાય તો તેને તે વખતે ખાવાના પદાર્થોમાં જે વિચારણા રહેતી નથી એના કરતાં ટી.વીમાં આવતા જે હાલતા ચાલતા ચિત્રો હોય છે એના રાગાદિ પરિણામની વિચારણા અંતરમાં ચાલ્યા કરતી હોય છે. એના પ્રતાપે ખાધેલું પાચન ન થાય એનાથી ગેસ થાય, આફ્રો ચડે એમ શરીરને અનેક પ્રકારની તકલીફો પેદા કરવામાં સહાયભૂત થાય છે. એવીજ રીતે આત્માને મોહરાજાના ઉદયના પ્રતાપે રાગાદિ પરિણામના અનેક પ્રકારના વિચારો અંતરમાં ફેરફારી રૂપે ચાલતા હોવાથી હાસ્યાદિ મોહ કર્મો અને એની સાથે ચારિત્ર મોહનીય કર્મ તીવ્રરસે બંધાતુ જાય છે. આવા વખતે જો એ જીવ આ બધા ચિત્રો જોવાનો ત્યાગ કરીને આત્મિક ગુણને કેમ પેદા કરવા અને વૈરાગ્યભાવ પેદા કરીને કેમ સ્થિર કરવો એવી વિચારણા કરીને પોતાનું જીવન જીવતો થાય તોજ રાગાદિ પરિણામ સંયમિત થતા જાય છે અને જે જીવોને રાગાદિ પરિણામ સંયમિત થાય છે એ જીવોનો શ્વાસોશ્વાસ નામકર્મ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયરૂપે એકસરખો ચાલતો હોય છે. જ્યારે પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને શ્વાસોશ્વાસ નામકર્મ એક સરખી રીતે ચાલતો નથી. શ્રી સ્થુલભદ્રજી મહારાજાને વેશ્યાને ઘેર ચોમાસું રહ્યા કોષા વેશ્યાએ ગમે તેટલા હાઉભાવ દેખાડ્યા તો પણ એક વિકારનું રૂવાટું પણ પેદા થયું નથી. એ વિકારને પેદા કરવા માટે આહારમાં સારા સારા જાણકાર વૈદોને પૂછીને ઉંચી કોટીની દવાઓ નાંખીને ગોચરી વહોરાવતા હતા તો પણ સ્થૂલભદ્રજી એને વાપરવા છતાં વિકારનું રૂવાટું પણ પેદા થઇ શક્યું નથી. શાથી ? કારણ કે એ સ્થૂલભદ્રજીનો આત્મા આત્મિક સુખની જે અનુભૂતિ કરી રહેલો છે એ સુખની આગળ આ સુખ કાંઇ જ નથી. તુચ્છ રૂપે છે એવું

બુધ્ધિમાં સ્થિર થયેલું છે અને આના કારણે એમનો શ્વાસોશ્વાસ નામકર્મ પણ એક સરખી રીતે ચાલ્યા કરે છે. આજે વિચાર કરો તો ખ્યાલ આવશે કે જેમ જેમ વિષયોનો ભોગવટો વિશેષ કરવામાં આવે તેમ તેમ એની અસર શ્વાસોશ્વાસ નામકર્મ ઉપર પણ તરત પડે છે. કોઇકને ઉચ્છવાશ વધી જાય, કોઇને નિઃશ્વાસ વધી જાય અને કોઇને શ્વાસોશ્વાસ પણ વધી જાય, કોઇનો ઉચ્છવાસ મંદ પડી જાય, કોઇનો શ્વાસોશ્વાસ મંદ પડી જાય અને કોઇનો નિઃશ્વાસ મંદ પડી જાય એવું પણ બને છે. આ રીતે જો વિચારણા કરવામાં આવે તો જરૂર તત્વજ્ઞાન રૂપે પુણ્યપ્રકૃતિઓ આત્મામાં પરિણામ પામતાં પામતાં રાગાદિ પરિણામનો નાશ કરવામાં સહાયભૂત થાય. જેમકે હોસ્પિટલમાં રહેલા દર્દિઓને તત્વજ્ઞાનની દ્રષ્ટિથી જો જોવામાં આવે તો જણાવેલી બધી વિચારણા અંતરમાં પેદા થતી જાય. જો એ જીવ વિષયના દશ અવસ્થાઓની વિચારણામાં ક્રમસર ચડતો જાય તો દશમા વિચારે એ જીવ મૃત્યુ પામ્યા વગર રહેતો નથી. અનાદિકાળથી જીવોને સ્પર્શેન્દ્રિયના સંસ્કારો એકદમ જોરદાર રહેલા હોય છે. બીજી ઇન્દ્રિયોના સંસ્કારો એટલા જોરદાર અને તીવ્રરૂપે હોતા નથી. કારણ કે એકેન્દ્રિયપણામાં જીવ અનંતો કાળ જન્મ મરણ કરતો કરતો સ્પર્શેન્દ્રિયના સહવાસમાં રહીને પોતાનું જીવન પસાર કરતો જાય છે. આ બધુ વિચારીએ તો આપણને લાગે કે જ્ઞાનીભગવંતોએ આપણા માટે કેટલું ઉંચી કોટિનું જીવન જીવવા માટેનું મૂકીને ગયેલા છે અને કેટલું તત્વ એક એક પુણ્યપ્રકૃતિઓમાં ભરેલું છે એ આપણને દેખાય. ૮૦ વર્ષનો બુઢ્ઢો પાંચ કિલો વજન લઇને અથવા પાંચ માઇલ આસાનીથી ચાલી શકે છે. અને આજનો પંદર વર્ષનો છોકરો જો એને ઉંચકવાની વાત કરીએ તો ઉંચકી શકતો નથી. તો આનું કારણ શું ? એનો કોઇ દિ' વિચાર કર્યો ? ટી.વી. એ જેટલું નુક્શાન કર્યું છે એટલું બીજા કોઇ સાધનોએ નુક્શાન કર્યું નથી. નાના બાળકોને પણ અનાદિ કાળથી આ બધી વાસનાઓ અને એના સંસ્કાર પડેલા છે. એ જીવો એમાં ને એમાં જ મુંઝાયા કરે છે. બોલી શકે નહિ કાંઇ કરી શકે નહિ અને એના વિચારોમાં ને વિચારોમાં પોતાની

શક્તિને ક્ષીણ કરતો જાય છે. તેને વળી ભગવાનની ભક્તિ આદિના અનુષ્ઠાનોમાં રસ પડતો નથી, એકાગ્રતા આવતી નથી, દેવલોકમાં અને મનુષ્યલોકમાં ઘણા એવા જીવો નિર્લેપ રીતે પોતાનું જીવન જીવનારા છે. દેવલોકમાં અસંખ્યાતા સમકીતી દેવો નિર્લેપ રીતેજ પોતાનું જીવન જીવે છે અને મનુષ્યલોકમાં પણ સમકિતી જીવો નિર્લેપ રીતે જીવન જીવી રહેલા છે. આજે પણ શ્વાસોશ્વાસ નામકર્મના દડીયા સમયે સમયે ગ્રહણ કરીએ છીએ ઉચ્છવાશ નિઃશ્વાસ રૂપે પરિણમન પમાડીને શ્વાસોશ્વાસ નામકર્મ રૂપે એને વિસર્જન પણ કરીએ છીએ. પણ આપણને એ શ્વાસોશ્વાસ નામકર્મ નોર્મલ રીતે ચાલતા હોય એવું લાગે છે ખરું ? અને દીર્ઘકાળ સુધી ચાલ્યા કરે એવી રીતે જીવન જીવવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા ? જો એ પુદ્ગલો ઉતાવળથી લેવાય તો જલ્દી ખલાસ થઇ જાય છે. આજે મોટેભાગે જે જે મનુષ્યોના માયકાંગલા શરીરો છે તે આ ટી.વી. ના કષાયે લગભગ પ્રાપ્ત થયેલા છે. પછી એ માયકાંગલા શરીરવાળા જીવોને અનેક પ્રકારના રોગો પેદા ન થાય તો થાય શું ?

ઉચ્છવાશ નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. ઉચ્છવાશ નામકર્મનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે. તેરમા ગુણસ્થાનકના અંતે શ્વાસોશ્વાસનો નિરોધ કરે ત્યારે એનો ઉદય વિચ્છેદ થાય છે. ઉચ્છવાશ નામકર્મની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. દ્રવ્ય પ્રાણોના નાશમાં છેલ્લામાં છેલ્લા પ્રાણોનો નાશ શ્વાસોશ્વાસ નામકર્મનો થાય છે અને જ્યારે એનો નાશ થાય ત્યારે જીવનું મરણ થયું એમ ગણાય છે. જ્યારે એ જીવ એક સ્થાનેથી બીજે સ્થાને મરણ પામીને ઉત્પન્ન થયેલો હોય તે વખતે આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ અને ઇંદ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ પર્યાપ્તિની શરૂઆત કરે છે અને એ જીવ લાંબા આયુષ્યવાળો હોય તો પર્યાપ્ત નામકર્મનો ઉદય પોતાના આયુષ્યકાળ સુધી ભોગવાય છે અને ત્યાં સુધી સમયે સમયે એ શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ

કરીને ઉચ્છવાશ નિ:શ્વાસ રૂપે શક્તિ પેદા કરીને ઉચ્છવાશ નામકર્મ શ્વાસોશ્વાસ રૂપે એક સરખી રીતે રાખવાનો પ્રયત્ન કરે છે અને પોતાની શક્તિ બરોબર જળવાઇ રહે એ પ્રમાણે જીવન જીવે છે. જેટલી શક્તિની વધઘટ પેદા થાય એ પ્રમાણે ઉચ્છવાશ નામકર્મમાં પણ ફેરફાર થાય છે એટલે કે કોઇવાર શ્વાસ વધારે ચડે. લાંબાકાળ સુધી વધારે શ્વાસ રહ્યા કરે, કોઇવાર શ્વાસ ઘટી જાય, લાંબાકાળ સુધી મંદ શ્વાસે જીવ પોતાનું જીવન જીવતો હોય એવી રીતે શ્વાસોશ્વાસ નામકર્મ પણ ચાલ્યા કરે છે. માટે જેવું ઉચ્છવાશ નામકર્મ બાંધેલું હોય તેવારસે ઉદયમાં આવીને જીવને શ્વાસોશ્વાસ પેદા કરાવી શકે છે.

[પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને જન્મ પામે ત્યારથી શરૂ કરીને મરણ ન પામે ત્યાં સુધી એક સરખો શ્વાસોશ્વાસ ચાલે છે. એટલે કે એવા જીવોને પોતાના જીવન દરમિયાન શ્વાસોશ્વાસની કોઇ તકલીફ પેદા થતી નથી. જેટલા અંશે શ્વાસોશ્વાસની તકલીફ વારંવાર થયા કરે એને એટલે અંશે પાપના અનુબંધ રૂપે પુણ્યપ્રકૃતિ બાંધેલી છે એમ કહેવાય છે.

આજે આપણી સ્થિતિનો વિચાર કરીએ તો લગભગ આપણી સ્થિતિ આવી કોઇકવાર કાંઇક ઉતાવળથી કામ કરીએ એટલે શ્વાસ ચડે અને પાછી ગોળી લઇએ એટલે ઠેકાણું પડે. એટલે કે ગોળી લેવામાં આવે ત્યારે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલો લેવામાં જે તકલીફ પડતી હતી તે દૂર થઇ જાય છે. માટે આજે આપણને પાપાનુબંધી પુણ્યરૂપે ઉચ્છવાસ નામકર્મ ચાલે છે એમ કહી શકાય.

દેવતાઓને કોઇકાળે શ્વાસોશ્વાસની તકલીફ થતી નથી. યુગલિક મનુષ્યોને, યુગલીક તિર્યંચોને પણ શ્વાસોશ્વાસની તકલીફ થતી નથી એવી રીતે ૬૩ સલાકા પુરૂષ જીવોને પણ જન્મે ત્યારથી શરૂ કરીને મરણ ન પામે ત્યાંસુધી એક સરખો જ શ્વાસ રહેલો હોય છે. નારકીના જીવોને સદા માટે હાંફ ચડતી હોય છે. એવો શ્વાસોશ્વાસ ચાલુને ચાલુ હોય છે અને બાકીના મનુષ્ય અને તિર્યંચોને કોઇવાર સરખો શ્વાસોશ્વાસ ચાલે, કોઇવાર મંદ

શ્વાસોશ્વાસ ચાલે અને કોઇવાર અધિક શ્વાસોશ્વાસ ચાલતા ચાલતા હાંફ જેવો પણ શ્વાસોશ્વાસ ચાલુ છે. આ બધુજ પોતાના શરીરની રચના વિશેષમાં શ્વાસ લેવા મુકવાની ક્રિયા એના શરીરની શક્તિના આધારે ચાલે છે.

શ્વાસનળીની આસપાસના પુદ્ગલો યોગ્ય રીતે ગોઠવાઇને એક સરખો શ્વાસોશ્વાસ ગમે તેવી પ્રવૃત્તિઓમાં પણ ચાલવા માંડે તે પ્રકારની પુણ્યપ્રકૃતિઓ એમાં કામ કરે છે. યુગલિકોને બગાસુ આવે અને જીવ મરણ પામી જાય છે. આથી મરણ પામે પણ શ્વાસોશ્વાસમાં ફેરફાર થતો નથી. યુગલિકો પણ પુણ્યબંધ કર્યાજ કરે છે તે એના મંદ કષાયના કારણે જ કરે છે. એક દેવગતિનોજ બંધ કરે છે, બીજી ગતિઓ બાંધતા નથી. અહીં જેમ ઉંમર વર્તાય છે એવું દેવલોકમાં ઉંમર જેવું કાંઇજ નથી. બાલ્યાવસ્થા, કુમારવસ્થા, યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા જેમ મનુષ્યોમાં દેખાય છે એમ દેવલોકમાં કોઇકાળે દેખાતું નથી. ત્યાં તો જન્મ્યો ત્યારથી જેવી સ્થિતિ રહેલી હોય તેવી સ્થિતિ મરણ પામતા સુધી રહે છે. અહીં બાળકને જેવા શ્વાસોશ્વાસ હોય તેવા શ્વાસોશ્વાસ યુવાનને ન હોય. યુવાનને જેવા શ્વાસોશ્વાસ હોય તેવા વૃધ્ધને શ્વાસોશ્વાસ ન હોય તેવું બને છે. જ્યારે દેવોને આમાંનુ કોઇપણ કશુંજ થતું નથી. મનુષ્યપણામાં બાલ્યાવસ્થા આદિ પરિવર્તન રૂપે ફેરફારી થાય છે માટે વૃધ્ધાવસ્થામાં એ ગમે તેટલી દવાઓ લે છતાં પણ તેને કોઇપણ પ્રકારની તાકાત પેદા થતી નથી. મનુષ્યમાં મોટેભાગે આજે શરીરને સાચવી સાચવીને કામ લેવું પડે તેવી સ્થિતિ છે. દરેકના શરીરની તાકાત એક સરખી હોઇ શકતી નથી, રોગીષ્ટ માણસની વાત જુદી છે. વિરુધ્ધ ઋતુનો આહાર પણ નિરોગી કોઇ વ્યક્તિને પચી શકે અને કોઇ વ્યક્તિને ન પણ પચે એવું પણ બને છે. તીર્થંકર પરમાત્માઓના અતિશય બીજાને માટે જે ઋતુ સમકાલીન રૂપે વર્તતી લાગે તે પોતાના માટે કોઇપણ જાતની અસર કરતી નથી. જેમ દુનિયામાં કહેવાય છે કે રામનામે પથ્થર તરે એ બીજાને માટે પણ રામને માટે નહિ. ભગવાનનું તો જીવનજ એવું હોય કે રાગાદિનો સંયમ એટલો બધો હોય કે એમને કોઇપણ પ્રકારની ઇચ્છાઓ થાય નહિ. શિયાળાના

કપડા સાચવવાનો, ઉનાળાના કપડા જુદા એવું એમને કોઇપણ પ્રકારનો બાધ આવતો નથી. આપણે તો શિયાળો પુરો થાય એટલે કપડા સાચવીને મુકી દેવા પડે. પાછા આવતા શિયાળામાં કામ લાગશે, એ મમત્વ બુધ્ધિ પણ અંતરમાં બેઠેલી છે અને જો ઠંડા પ્રદેશમાં જવું હોય તો પાછા ગરમ કપડા બેગો ભરીને લઇ પણ જાય.

પ્રશ્નઃ બાવીસ પરિષહો સાધુને એટલે જ સહન કરવાના છે ?

બાવીસ પરિષહો સાધુઓને એકલાનેજ સહન કરવાના નથી. સાધુ અને શ્રાવકોને ઉભા કરીને વેઠવાના કહ્યા છે. આપણું શરીર કેવુ તકલાદી કાચના ભાજનને સાચવવું સારૂં. એક જગ્યાએ કાચનું ભાજન મૂક્યું એટલે સચવાઇ રહે જ્યારે આ શરીરને સાચવવું એ બહુજ કઠણ કામ છે. તો પછી એ શરીરને સારૂં શા માટે રાખવાનું ? આરાધનામાં સારી રીતે ઉપયોગી થાય એ માટે શરીરને સાચવવાનું વિધાન કહેલું છે. આરાધનાની બુધ્ધિથી શરીરને સાચવે તો એને મમત્વ બુધ્ધિ ગણાતી નથી. સુખ મેળવવા અને સુખ ભોગવવા માટે શરીરને સાચવે તો તેમાં મમત્વ બુધ્ધિ ગણાય છે.

ગમે તેવા સંયોગોમાં આપણે શરીરથી આરાધના સારી રીતે કરી શકીએ એવું શરીર પ્રાપ્ત થયેલું હોય તેમાં મનની એકાગ્રતા કેમ સારી રીતે પ્રાપ્ત કરી શકું એ ધ્યેય રાખીને આરાધના કરતા થવાનું છે. શરીર ગમે તેટલું સારૂં રાખવા પ્રયત્ન કરીએ તો પણ એ રહેવાનું નથી. આ શરીર તો કોઇ દિ સારૂં રહે, કોઇ દિ' બગડે. કારણ કે આ તો ગધેડાની જાત રૂપે શરીર કહેલું છે. સમયે સમયે ક્ષીણ થયા કરે એનું નામ શરીર. ઉંટના અઢાર વાંકાની જેવી સ્થિતિ આપણા શરીરની છે. માટે એની ચિંતા કર કરવાની નહિ. જેવું છે તેવું છે એની પાસેથી કેવી રીતે કામ લેવાય એવો જ પ્રયત્ન કરતા રહેવાનો. જો શરીર સારૂં થશે પછી હું આરાધના કરીશ એવી વિચારણા રાખે તો એ જીવ કોઇકાળે આરાધના કરી શકતો નથી.

આપણું શરીર સાડા ત્રણ કરોડ રોમરાજીવાળું છે. એટલે કે સાડા ત્રણ કરોડ કાણાવાળું છે. એમાંથી લોમાહાર રૂપે પુદ્‌ગલોને ગ્રહણ કરીને એ

શરીરમાં પરિણમાવીને પછી વિસર્જન કરે છે ત્યારે એ શરીર ટક્યું રહે છે. જે ખોરાક રૂપે આહાર લેવામાં આવે છે એની સાથે આ લોમાહારના પુદ્ગલો અનુકૂળ રૂપે પરિણામ પામે તો એ ખોરાકના પુદ્ગલો સાતધાતુરૂપે પરિણામ પામે. મનુષ્યના શરીરમાં એવી કોઇ સારી ચીજ નથી કે જે ચીજ પ્રાપ્ત કરવા જેવી હોય. કારણ કે કોઇપણ વખત એક સરખી રીતે પુદ્ગલો પરિણામ પામતા નથી. હવામાન બદલાય અને શરીરમાં એકદમ ફેરફારો થતા જાય માટે શરીરને વિષે રાગાદિ પરિણામ કરવા જેવા નથી. એક એક રૂવાંડે પોણા બે રોગો પેદા થતા જ જાય છે. એ નારકીના જીવોની અપેક્ષાએ જાય, ઔદારિક શરીરની અપેક્ષાએ એ વાત નથી.

ચક્રવર્તિના જીવો જ્યાંસુધી સંયમ ના લે ત્યાંસુધી આગલા દિવસ સુધી ચક્રવર્તિનો આહાર ગ્રહણ કરે છે. એમનો આહાર પણ એવો ઉંચી કોટિનો હોય છે કે ચક્રવર્તિ સિવાય બીજાને એ આહાર પચી શકતો નથી. જો બીજા જીવો એ આહાર કરે તો અનેક પ્રકારના વિકારોના વિચારો અંતરમાં પેદા થયા વગર રહેતા નથી અને એ ચક્રવર્તીના જીવો જે દિવસે સંયમ ગ્રહણ કરે એના બીજા જ દિવસે ગોચરી માટે નીકળે અને ગોચરીમાં અંત પ્રાંત અને તુચ્છ અંત એટલે છેલ્લો એંઠવાડમાં કાઢી નાખવાવાળો, પ્રાંત એટલે દાઝેલો, અને તુચ્છ એવો આહાર વહોરીને લઇને આવે છે અને તે આહાર કરતાં સંયમના આગલા દિવસે જે આહાર ગ્રહણ કર્યો હતો એ આહાર એમને જરાય યાદ આવતો નથી. ઉપરથી આવો આહાર ગ્રહણ કરીને વાપરતા અંતરમાં એવો આનંદ પેદા થાય છે કે જ્ઞાની ભગવંતોના જણાવ્યા મુજબ આજે મને આહાર મળ્યો અને એ આહારથી શરીરને ટકાવીને જેટલું લેવાય એટલું આત્મિક ગુણ પેદા કરવામાં એ શરીરથી કામ લેતો જાઉં એનો આનંદ એમને પેદા થતો જાય છે. એ આનંદ એવા પ્રકારનો હોય છે કે કેવલી ભગવંતો પણ એ આનંદને શબ્દથી વ્યક્ત કરી શકતા નથી. બોલો આપણી શું સ્થિતિ છે ? આપણું ઠેકાણું પડશે એવું લાગે છે ખરું ? ચક્રવર્તિઓ સ્વેચ્છાએ ચક્રવર્તિની રિધ્ધિ-સિધ્ધિનો ત્યાગ કરે છે, સ્વેચ્છાએ

આવો તુચ્છ આહાર લાવીને વાપરે છે. આપણે પણ રસની લોલુપતા તોડવા માટે આવા જીવોને આદર્શ તરીકે આંખ સામે રાખીએ તો કંઇ વાંધો આવે ખરો ? મીઠા વગરની દાળ હોય અને ખાંડ વગરની ચાહ હોય તો તેમાં મોઢું બગડે નહિ ને ? અનુકૂળ કે પ્રતિકૂળ કોઇપણ જાતની વિચારણા કરવાની નહિ. સંયમની સાધના માટે જે મળ્યું તે વાપરી જવાનું. આ રીતે પણ અત્યારે જીવનારા દરેક સમુદાયમાં સાધુ ભગવંતો પણ વિદ્યમાન છે. કારણ કે આ જૈનશાસન છે, એકવીશ હજાર વરસ સુધી ભગવાનનું શાસન રહેવાનું છે. આ બધો સંયમ કેળવતા શીખીશું તોજ આરાધનાનું કંઇક લક્ષ અંતરમાં ધ્યેયરૂપે પેદા થશે અને સ્થિર થતું જશે. જેટલા આપણે આહારાદિમાં રાગાદિ કરીએ છીએ એટલો જ આપણે આપણા હાથે સંસાર વધારીએ છીએ. અંત એટલે બળેલું અને પ્રાંત એટલે શરૂઆતનું એટલે શરૂઆતની બળેલી રોટલી લગભગ કાઢી નાંખવામાં આવે છે અને તુચ્છ એટલે ફેંકી દેવા લાયક આવો આહાર બેંતાલીશ દોષ રહિત શોધીને ચક્રવર્તિઓ લાવે અને સારી રીતે અમૃત ભોજન માનીને એને વાપરે છે. ઉપધાનમાં ઉંચો આહાર વપરાવવામાં આવે છે એ એની પાસે રોજ સો સો ખમાસમણા ઉભા ઉભા દેવડાવવાના હોય છે એટલા માટે હોય છે. સારો આહાર લઇએ તો આત્મકલ્યાણ સારી રીતે કરી શકીએ એવું જૈનશાસનમાં નથી કારણ કે માલપાણીનો આહાર જે દિવસે લીધેલો હોય એ દિવસથી એને પચાવવા માટે કેટલાક જીવોને સાંજનું જમવાનું પણ છોડી દેવું પડે છે. કેટલાક જીવોને બીજે દિવસે ઉપવાસ પણ કરવો પડે છે. માટે માલદાર આહાર વાપરીએ તોજ શક્તિ આવે એવો નિયમ નથી. જ્ઞાની ભગવંતોએ છએ વિઘઇયોને બલાત્કારે જીવને ખેંચીને દુર્ગતિમાં લઇ જનારી કહેલી છે. માટે સાધુ અને શ્રાવકને બને ત્યાંસુધી વિઘઇનો આહાર લેવાનો નિષેધ કરેલો છે. જ્યાંસુધી વિઘઇ વગર સ્વાધ્યાયમાં એકાગ્રતા રહેતી હોય ત્યાંસુધી વિઘઇની ઇચ્છા કરવી એ પણ દોષ છે. જ્યારે એ એકાગ્રતા ન રહે અને કદાચ વિઘઇનો ઉપયોગ કરવો પડે તો જ્ઞાનીઓએ અપવાદ રૂપે છુટ કહેલી છે. પચ્ચખાણ ભાષ્યમાં એનું વિસ્તારથી

વર્ણન આપેલું છે. આજે આપણે એવો અભ્યાસ પાડ્યો છે કે વિઘઇ વગરનું લગભગ ફાવતું નથી. બાફેલું આયંબિલનું ક્યાંસુધી ખવાય ? બોલો કેટલા દિવસ સુધી બાફેલા અનાજથી જીવી શકીએ ? આમાં કેટલી મુશ્કેલી છે ? શરીરની તાકાત જાળવવી હોય તો વિઘઇથી કદી ટકવાની નથી. બાફેલા અનાજથી જે એકાગ્રતા પ્રાપ્ત થઇ શકે એ પારણુ કર્યા પછી વિઘઇ પેટમાં પડવાથી જીવને પ્રમાદ પેદા થયા વગર રહેતો નથી. અને એ પ્રમાદ સ્વાધ્યાદિમાં વિક્ષેપ પાડે જ છે. વિઘઇ ખાઇને સુઇ જવાનું કહેલું નથી. સ્વાધ્યાયથી વિઘઇને પચાવવાની કહેલી છે. એક સાધુ મહાત્મા સ્વાધ્યાય ઘણો કરતા હતા તે સ્વાધ્યાય કરતા કરતા દુબળા થઇ ગયા. એમાં એમના સગા સ્નેહીઓ આવ્યા અને ગુરૂમહારાજને કહે છે કે આમને કાંઇ વપરાવતા લાગતા નથી આમનું શરીર કેવું થઇ ગયું છે ? ત્યારે ગુરૂ મહારાજે એક પાત્ર ભરીને ઘી મંગાવી એમને વપરાવી દીધું તો પણ સ્વાધ્યાયના કારણે એ બધું એમને પચી ગયું પણ કોઇપણ જાતની વિકૃતિ એમના શરીરમાં પેદા થઇ નહિ. આ બધી વિચારણા રાગાદિ પરિણામની મંદતા કરવા માટે છે. જેટલા રાગાદિ પરિણામ મંદ કરતા જઇએ એટલી આરાધનાની શરૂઆત થઇ એમ ગણાય છે અને પછી એ રાગાદિ પરિણામની મંદતા લાંબાકાળ સુધી ટકાવી રાખીએ તો આરાધના પણ લાંબાકાળ સુધી ટકી રહે છે.

## ૩. આતપ નામકર્મ

આતપ નામકર્મનો ઉદય માત્ર એકેન્દ્રિયજીવોને વિષે સૂર્યના વિમાનમાં રહેલા બાદર પર્યાપ્તા પૃથ્વીકાય જીવોનેજ હોય છે એ સિવાય કોઇપણ જીવોને આ નામકર્મનો ઉદય હોતો નથી. સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોનું શરીર ઠંડુ હોવાછતાંય જેમ જેમ એના પ્રકાશના કિરણો દૂર દૂર સુધી ફેલાતા જાય તેમ તેમ એમાં ગરમી વધતી જાય છે એનેજ આતપ નામકર્મ કહેવાય છે. માટે જૈનશાસનની થીયરી મુજબ પૂર્વ દિશામાં જેમ જેમ એટલે કે સૂર્યની દિશામાં જતા જઇએ તેમ તેમ ગરમી ઓછી લાગે છે. એટલે

કે સૂર્યની નજીક જેમ જેમ જવામાં આવે તેમ તેમ ગરમીનો અનુભવ ઓછો થતો જાય છે અને સૂર્યના વિમાનને હાથ અડાડીયે તો એકદમ ઠંડક લાગે છે. આતપ નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકમાં રહેલા તિર્યંચ અને મનુષ્યો એકેન્દ્રિયમાં જવાલાયક એટલે કે બાદર પર્યાપ્તા પૃથ્વીકાયને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે કરી શકે છે. પણ બાદર પર્યાપ્તા પૃથ્વીકાયને લાયક એકેન્દ્રિયપણાની પ્રકૃતિઓનો બંધ કરી એ બધાજ જીવો આતપ નામકર્મ બાંધેજ એવો નિયમ હોતો નથી. તેમજ ભવનપતિના દેવો વ્યંતર જાતિના દેવો, જ્યોતિષી દેવો અને વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો પહેલા ગુણસ્થાનકમાં રહેલા હોય અને બાદર પર્યાપ્તા પૃથ્વીકાયને લાયક એકેન્દ્રિયપણાનો કર્મબંધ કરતા હોય ત્યારે આતપ નામકર્મનો પણ બંધ કરી શકે છે, પણ આતપ નામકર્મ બાંધેજ એવો નિયમ નહિ. કારણ કે કેટલાક દેવો બાંધી શકે છે અને કેટલાક બંધ કરતા પણ નથી. અશુભ પ્રવૃત્તિમાં કાંઇક સારા વિચારો પ્રાપ્ત થાય ત્યારે એ જીવ આતપ નામકર્મનો બંધ કરી શકે છે. કારણ કે આતપ નામકર્મમાં પુણ્યપ્રકૃતિ છે માટે સારા વિચાર કાંઇક પ્રાપ્ત થાય તોજ એનો બંધ થઇ શકે માટે અશુભ પ્રવૃત્તિમાં દયાનો પરિણામ પેદા થયેલો હોય દાનનો પરિણામ પેદા થયો હોય, વિનયાદિ કરવાનો પરિણામ પેદા થયેલો હોય તો તે વખતે અશુભ પ્રવૃત્તિથી એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ કરતો હોય અને સાથે આતપ નામકર્મનો પણ બંધ કરી શકે છે. એવી રીતે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં માતા-પિતાના રાગના કારણે પતિ-પત્નીના રાગના કારણે દીકરા-દીકરીઓના રાગના કારણે એ રાગને રાખીને આરાધના કરવામાં આવે તો એકેન્દ્રિયમાં જવાલાય કર્મબંધ જીવ કરે છે. એમાં પૃથ્વીકાયમાં જવાલાયક કર્મબંધ કરતો હોય તો એની સાથે આતપ નામકર્મનો પણ બંધ કરી શકે છે. આમાં ખ્યાલ આવ્યો ? પૂજા કરતાં કરતાં ઘરવાળા જેટલા મેમ્બર હોય એ બધાને યાદ કરી કરીને પૂજાની ટિલિ કરો છો એ ટિલિ કરતાં કરતાં એકેન્દ્રિયજાતિમાં જવાલાયક કર્મબંધ થાય છે કારણ કે નિઃસીહિ બોલીને મંદિરમાં પ્રવેશ કરો

છો એટલે ઘરના બધા મેમ્બરોના વિચારોને બહાર મૂકીને આવો છો. રંગમંડપમાંથી ગભારામાં પૂજા કરવા માટે જાવ છો ત્યારે પણ નિ:સીહિ બોલીને અંદર પ્રવેશ કરો છો તે વખતે રંગમંડપના બધા વિચારો બહાર મૂકીને અંદર પ્રવેશ કરો છો. તો તે વખતે જો કુટુંબના વિચારો કરવામાં આવે તો એ રાગથી વિચારો થતા હોવાથી એના નામની પૂજા કરવાથી તે વખતે કર્મબંધ થાય તો એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ થાય છે. તમે યાત્રા કરવા જતા હો તો તે વખતે યાત્રા કરતા યાદ કરજો એટલું કહેવાય છે એનો અર્થ એ કે દેવદર્શન કરતાં યાદ કરજો. પૂજા કરતા યાદ કરવાનું કહે તો પૂજામાટેની જે સામગ્રી જોઇએ એના પૈસા એને આપવા પડે અને એ યાત્રામાં ગયેલો જીવ ઘણા ફુલ લઇને ભગવાનની ભક્તિ કરતો હોય તો તે વખતે બોલતો જાય કે આમાં મારા એકલાના ફૂલ નથી, પણ અનેકના ફૂલો છે. એટલે કે હું આ ફૂલોથી એકલો ભક્તિ કરતો નથી પણ અનેકના પૈસાથી ફૂલો લીધેલા છે માટે અત્યારે એ ફૂલોથી હું ભક્તિ કરું છું તો દોષ લાગે નહિ. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરે ૩૬ પ્રશ્નોના જવાબો આપ્યા છે તેમાં આ વાતનો ઉલ્લેખ આવે છે કે માતા-પિતા આદિના રાગના કારણે ભગવાનની ભક્તિ કરવામાં આવે તો એકેન્દ્રિયમાં જવાલાયક કર્મ બંધાય છે અને એ એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધાય તો ઉત્કૃષ્ટથી ૨૨ હજાર વરસનું આયુષ્ય એ પૃથ્વીકાય જીવોનું બંધાય છે. ઉપકારી તરીકેનું સ્મરણ ભગવાન પાસે કરવાનું આવતું નથી. એ સ્મરણ તો મંદિરની બહાર નીકળ્યા પછી સાવદ્ય પ્રવૃત્તિ કરતાં કરતાં એ ઉપકારીના ગુણોનું સ્મરણ કરીએ તો સાવદ્ય પ્રવૃત્તિ રાગ વગર થતી જાય અને એ ગુણોને મેળવવાનું મન થાય એ માટે યાદ કરવાનું વિધાન છે.

આતપ નામકર્મના ઉદયે શરીર તો એવું મળ્યું છે કે જે પોતે ઠંડુ હોવાછતાંય એના પ્રકાશના કિરણો જેમ જેમ દૂર ફેંકાય તેમ ગરમી વધતી જાય. એ ગરમીથી અનેક જીવો પોતાનું જીવન જીવતા હોય છે અને અનેક જીવોને એ ગરમીથી લાભ પણ પેદા થાય છે. માટે આતપ નામકર્મના

ઉદયવાળાને હું અનેક જીવોને લાભ કરનારો બનું આવી ભાવના કે વિચારણા હોતી નથી માટે એ જીવોને પુણ્યબંધ થતો નથી. ગભારામાં પૂજા કરતાં કોઇ બહારથી ફૂલ આપે અથવા ચઢાવવાનું કહે તો એ કશુ સાંભળવાનું નહિ કારણ કે એ સાંભળતાં અથવા એની પાસેથી ફૂલ લેતા નિઃસીહિનો ભંગ થાય છે એટલે કે નિઃસીહિના ભંગનો દોષ લાગે છે. જો કદાચ ફૂલ લેવાની ઇચ્છા થાય તો ગભારાની બહાર નીકળી જવું પડે અને રંગમંડપમાં જઇ એના ફૂલ લઇ અને પછી નિઃસીહિ કહીને ફરીથી ગભારામાં પ્રવેશ કરે. ઘરડા માણસોએ પણ કહ્યું હોય કે મારા વતી પૂજા કરજો તો પણ તેમની પાસેથી પૈસા લઇ લેવાના. જેને કુટુંબમાં અલગ મૂડી પોતાની ન હોય એની પૂજા કરતાં એ પ્રમાણે બોલવાનું કે આ પરિવાર વતી હું પૂજા કરું છું અને સંયુક્ત મૂડીમાંથી કરું છું. મારા એકલાનું છે એવો ભાવ પણ મનમાં લવાય નહિ. આજે આ બધું એટલું બધું ચાલ્યું છે કે આમાં કશુંજ કહી શકાય એવું નથી. શ્રાવકોને ઉપાશ્રયમાંથી બહાર નીકળે કે દેરાસરમાંથી બહાર નીકળે તે વખતે આવશ્યહી બોલીને નીકળવાનું વિધાન નથી. કારણ કે એ પાપપ્રવૃત્તિ કરવા માટે જાય છે અને પાપપ્રવૃત્તિ અવિરતિના ઉદયથી એના જીવનમાં ચાલુ જ છે. માટે આવશ્યહી સાધુ ભગવંતોને મકાનની બહાર નીકળતા હોય ત્યારે બોલવાનું વિધાન છે કારણ કે એ બહાર નીકળીને પણ નિર્વદ્ય પ્રવૃત્તિ જ કરવાના હોય છે. શ્રાવકોને પૌષધમાં હોય ત્યારે ઉપાશ્રયની બહારના ભાગમાં જવાનું થાય તો આવશ્યહી કહીને બોલીને જવાનું વિધાન છે, બાકી પૌષધ વગરના શ્રાવકોને આવશ્યહી બોલવાનું વિધાન નથી. એ આવશ્યહીનો અર્થ એ છે કે ભગવાનની આજ્ઞાથી, ભગવાનની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવા માટે બહાર નીકળું છું, જે ક્રિયા કરતો હતો દેરાસરમાં કે ઉપાશ્રયમાં એના સિવાયની બીજી ક્રિયા બહારની જે કરવાની હોય એ કરવા માટે જઇ રહેલો છું માટે આવશ્યહી બોલવાનું વિધાન કહેલું છે. માટે શ્રાવકોએ દેરાસરમાં અને ઉપાશ્રયમાં પેસતા નિઃસીહિ બોલવાનું વિધાન ખરું, પણ બહાર નીકળતા આવશ્યહી બોલવાનો વિધિ નથી. કારણ કે

પાપની ક્રિયા કરવા જવામાં જ્ઞાની ભગવંતો કદી આજ્ઞા આપતા નથી. એટલે કે આજ્ઞા આપેજ નહિ. જેમકે શ્રાવકોને સામાયિક લેવા માટેની આજ્ઞા ખરી. સાધુ ભગવંતો સામાયિક લેવા માટેના આદેશો આપે, પણ સામાયિક પાળતી વખતે જ્યારે એ જીવ મુહપત્તિ પડિલેહણ કરીને સામાયિક પાળુ એમ કહે તો સાધુ ભગવંતો ફરીથી કરવા યોગ્ય છે એમ કહે છે, તુ પાળ એમ કહેતો નથી. પુનરવિકાયવ્વમ્ એનો અર્થ ફરીથી કરવા યોગ્ય છે એમ થાય છે. એટલે શ્રાવક બીજો આદેશ માંગે છે કે સામાયિક પાળ્યું ત્યારે સાધુ ભગવંતો કહે છે કે આયારો ન મુત્તવ્વો એટલે કે આચાર મુકવા જેવો નથી. એટલે શ્રાવક તે વખતે કહે છે કે તહત્તિ હું તે પ્રમાણે કરીશ. એનો અર્થ એ થાય છે કે અહીંથી ગયા પછી મને જ્યારે ટાઇમ મળશે, નવરો હોઇશ તે વખતે જરૂર હું સામાયિક કરીશ. આમાં સામાયિક તમે પાળો એવું સાધુ ભગવંતો કહેતા નથી. કારણ કે સામાયિક પાળવાનું કહેવું એ પાપની ક્રિયા રૂપે થાય છે. કેમકે સામાયિક પાળીને શ્રાવક સાવધ પ્રવૃત્તિ કરવા જવાનો છે પણ સાધુની જેમ કે પૌષધમાં રહેલા શ્રાવકની જેમ નિર્વધ પ્રવૃત્તિ કરવાનો નથી. માટે આ બધુ વિધાન જે પ્રમાણે જ્ઞાનીઓએ કહેલું છે એ પ્રમાણે જાણકારી મેળવીને જીવન જીવતા શીખો તોજ ક્રિયા કરવામાં ઉલ્લાસ પેદા થતો જશે.

## ૪. ઉદ્યોત નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને પોતાનું શરીર શીત હોવા છતાં એના પ્રકાશના કિરણો જેમ જેમ દૂર ફેંકાતા જાય તેમ શીતતા પેદા કરે તેને ઉદ્યોત નામકર્મ કહેવાય છે. ઉદ્યોત નામકર્મનો બંધ પહેલા અને બીજા ગુણસ્થાનકે થાય છે. જ્યારે જ્યારે જીવો એકેન્દ્રિયપણાને લાયક કર્મબંધથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચપણાને લાયક કર્મબંધ કરતો હોય ત્યારે એની સાથે ઉદ્યોત નામકર્મનો બંધ પણ કરી શકે છે. ઉદ્યોત નામકર્મનો ઉદય તિર્યંચ ગતિમાં રહેલા જીવોનેજ હોય છે. એ એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય તિર્યંચ સુધીના કોઇપણ જીવોમાં ઉદ્યોત નામકર્મનો ઉદય હોઇ શકે છે.

તિર્યંચગતિ સિવાય બીજી કોઇપણ ગતિમાં ઉદ્યોત નામકર્મનો ઉદય હોતો જ નથી. જેમકે દેવતાઓને વૈક્રીય શરીર હોય છે એ શરીરમાં એકદમ ઉદ્યોત જેવો પ્રકાશ પણ પેદા થાય છે છતાં પણ જ્ઞાની ભગવંતોએ એ પુદ્ગલોજ એવા પ્રકારના છે માટે એ પ્રકાશવાળા રહેલા હોય છે. પણ એવા ઉદ્યત નામકર્મનો ઉદય કામ કરતો નથી. એવી રીતે મનુષ્ય અને તિર્યંચોને વૈક્રીય શરીર કરેલું હોય તે વખતે એ શરીર પ્રકાશવાળું હોય છે. પણ એ શરીર પ્રકાશવાળું હોવાછતાંય એમાં ઉદ્યોત નામકર્મનો ઉદય હોતો નથી. ઉદ્યોત નામકર્મનો ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી તિર્યંચોનેજ હોય છે. કેટલાક વૈક્રીય શરીરવાળા તિર્યંચોને ઉદ્યોત નામકર્મનો ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી હોઇ પણ શકે, પણ મનુષ્યને તો હોતો જ નથી. આ ઉદ્યોત નામકર્મના પ્રકાશથી જગતમાં બીજા જીવોને પ્રકાશ પ્રાપ્ત થતો હોવાથી એ પ્રકાશમાં અનેક જીવો હિંસાદિ પાપો કરીને કર્મબંધ કર્યા કરે છે. એનાથી ઉદ્યોત નામકર્મના ઉદયવાળા ચંદ્રના વિમાનમાં, તારાના વિમાનમાં, નક્ષત્રના વિમાનમાં, ગ્રહોના વિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને કર્મબંધ થતો નથી. એ જીવો પોતાના રાગાદિ પરિણામથી જેટલો કર્મબંધ કરતા હોય એ પ્રમાણે કર્મબંધ કરે છે પણ જગતના જીવો એના પ્રકાશથી જે કંઇ હિંસાદિ પાપો કરે એનો કર્મબંધ એને લાગતો નથી. કારણ કે હું બીજા જીવોને પ્રકાશ આપું એવો ભાવ એ જીવોને રહેલો હોતો નથી. એકેન્દ્રિયપણામાં રહેલા હીરા, માણેક, મણિ, અનેક જાતના રત્નો એ બધા પ્રકાશવાળા હોવાથી ઉદ્યોત નામકર્મના ઉદયવાળા કહેવાય છે. ચંદ્રકાંત મણિ પણ આવે છે એ પોતે શીત છે અને શીતળતા પેદા કરે છે. એ ચંદ્રકાંત મણિને હાથમાં રાખીને ગમે તેવા ભડભડતા અગ્નિમાં હાથ રાખવામાં આવે તો મણીની શીતળતાથી અગ્નિ પણ ઠંડો થઇ જાય છે એટલે જરાય હાથને ગરમી લાગતી નથી. એવીજ રીતે સૂર્યકાંત મણિ પણ આવે છે કે જે ઠંડીમાં ગરમી પેદા કરે છે. એટલે કે ગમે તેવી ઠંડકમાં સૂર્યકાંત મણિ હાથમાં રાખીને બેસીએ તો હાથમાં ગરમી પેદા થાય છે પણ ઠંડક લાગતી નથી. મનુષ્યલોકમાંજ એટલેકે અઢીદ્વીપ અને બે

સમુદ્રોમાંજ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા ફરતા હોય છે. એ ૪૫ લાખ યોજન પછીના બાકીના દ્વીપ અને સમુદ્રોને વિષે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાના વિમાનો સદા માટે સ્થિર હોય છે. અપ્કાયના જીવો પણ ઉદ્યોત નામકર્મના ઉદયવાળા પણ હોઇ શકે છે. બેઇન્દ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો, ચઉરીન્દ્રિય જીવો અને પંચેન્દ્રિય તિર્યંચો એમાં ઘણાખરા જીવો ઉદ્યોત નામકર્મના ઉદયવાળા પણ હોઇ શકે છે. કેટલાક સર્પના માથે મણિ રહેલો હોય છે કે તેના પ્રતાપે એનું મમત્વ કરતો કરતો એ સાપ મોટે ભાગે મરીને ચોથી નારકી સુધી જાય છે. એ સાપના માથા ઉપરથી મણિ લેવો હોય તો જીવતા લઇ શકાતો નથી. એવીજ રીતે નાનુ છોકરું જન્મેલું હોય એને પણ મમત્વ બુધ્ધિ એટલી બધી પેદા થયેલી હોય છે કે એની પાસે રહેલી મનગમતી ચીજ છોડાવવી હોય તો એ છોડતો નથી. ભલે એનામાં સમજણ નથી છતાં પણ મમત્વ એવું ગાઢ હોય છે કે એ ચીજ માટે પ્રાણ જાય તો પ્રાણ આપી દેતો હોય છે પણ એ ચીજ છોડવા તૈયાર થતો નથી. આ મમત્વનો સંસ્કાર અનાદિ કાળથી આપણે મજબૂત કરેલો હોય છે. તેના સંસ્કારને તોડવા માટે આ મનુષ્યજન્મ મળ્યો છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધના એની ભક્તિ આ મમત્વને ઘટાડવા એને તોડવા અને નિર્લેપ ભાવ પેદા કરીને તેનાથી રહિત થવા માટે જ કરવાની છે. જેને આ બધા પદાર્થોનું મમત્વ તૂટે એને પછી કોઇ ચીજમાં એટલે કે અનુકૂળ પદાર્થોને વિષે રાગાદિ પરિણામ અને આસક્તિ એટલા પજવતા નથી અને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષાદિ પરિણામ એને હેરાન કરતા નથી, એને પોતાની મનગતમી અનુકૂળ ભવિષ્યમાં હું એને ભોગવીશ એવી બુધ્ધિથી રાખેલી હોય અને એ ચીજ ચાલી જાય તો એને તે વખતે અંતરમાં દુઃખ પેદા થતું નથી. પણ વિચાર આવે કે હાશ ઉપાધી ઓછી થઇ. ઉદ્યોત નામકર્મના ઉદયથી પોતે પોતાના શરીરના પ્રકાશથી દેખાતી ચીજોમાં મમત્વ કરીને રાગાદિ પરિણામ કરતો કરતો જગતના જીવો પોતપોતાનો સંસાર વધારે છે. સંજ્ઞાઓને આધીન બને છે અને એના શરીરના પ્રકાશને પામીને અન્ય જીવો પણ મમત્વ પેદા કરતાં કરતાં હિંસાદિ પરિણામો પેદા

કરીને કર્મબંધ કરતા થાય છે.

સ્થિતિબંધ સૌથી વધારે સન્ની પંચેન્દ્રિય જીવોને થાય છે. એકેન્દ્રિય જીવો ભાવમનથી રાગાદિ પરિણામો કરીને રસબંધ ચાર ઠાણીયા રૂપે પેદા કરી શકે છે પણ સ્થિતિબંધ તો એક સાગરોપમથી અધિક બાંધી શકતા નથી. પરિણામોની તરતમતાના આધારે રસબંધમાં પણ તરતમતા પેદા થાય છે. આ મનુષ્યજન્મ કર્મોથી છૂટવા માટેનો અવસર ગણાય છે. આ બધી સામગ્રી આજે આપણને પ્રાપ્ત થઇ છે એ સામગ્રીની આરાધનાથી સંપૂર્ણ કર્મોથી છૂટી શકીએ એવી આપણી તાકાત નથી પણ કર્મો બાંધવામાં સહાયભૂત થનારા અને અશુભ કર્મો તીવ્રરસે બંધાવનારા જેટલા જેટલા પદાર્થો પુણ્યથી મળેલા છે એ અશુભ કર્મનો બંધ તીવ્રરૂપે બંધાતો અટકાવીને મંદરસવાળો કરવો હોય એટલે કે મંદરસવાળા અશુભ કર્મોને બાંધવા હોય કે સત્તામાં રહેલાને મંદરસવાળા કરવા હોય તો વર્તમાનમાં મળેલી આરાધનાની સામગ્રી ખૂબ ઉપયોગી થાય એવી છે કે જેના કારણે સંસારમાં પરિભ્રમણ કરવા છતાં દુઃખની પરંપરા પેદા થવા દેતી નથી અને સુખની પરંપરામાં રાગાદિ પરિણામમાં વૈરાગ્યભાવ પેદા કરાવીને આત્માને નિર્લેપ ભાવ પેદા કરાવતો કરાવતો આત્મિક ગુણોની અનુભૂતિ પેદા કરાવવામાં સહાયભૂત થાય છે. માટે દેવ, ગુરૂ, ધર્મની સામગ્રી અનાદિકાળથી જે સંસ્કાર પડ્યો છે એને તોડવા માટેનો ખરેખરો આ મનુષ્યજન્મમાં અવસર છે. એ તોડવા માટે મનજી ભાઇને જીતવાનો પ્રયત્ન કરવો પડે.

ઉદ્યોત નામકર્મનો ઉદય એકથી પાંચ ગુણસ્થાનક સુધી સન્ની પર્યાપ્તા તિર્યંચોને હોય છે. ઉદ્યોત નામકર્મની સત્તા પહેલા ગુણસ્થાનકથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ક્ષપકશ્રેણીવાળા જીવોને હોય છે અને ઉપશમ શ્રેણીવાળા જીવોને એકથી અગ્યાર ગુણસ્થાનક સુધી સત્તા હોય છે.

## ૫. અગુરૂલઘુ નામકમ

જે કર્મના ઉદયથી જીવોને પોતાનું શરીર લઘુ એટલે હલકુય ન હોય

અને ગુરૂ એટલે ભારેય ન હોય પણ જેવું સમપ્રમાણમાં જોઇએ તેવા પ્રકારના શરીરની પ્રાપ્તિ થવી તે અગુરૂલઘુ નામકર્મ કહેવાય છે. એટલે કે પોતાના શરીરને ગમે ત્યારે ગમે તેટલી વાર બેસાડવું હોય તો બેસાડી શકે, ઉભુ રાખવું હોય તો ઉભું રાખી શકે, ચલાવવું હોય તો ચલાવી શકે, પગથીયા ચઢાવવા હોય તો પગથીયા ચઢાવી શકે. એકવાર ચઢીને ઉતર્યા પછી ફરીથી ચઢવું હોય તો એને કંટાળો આવે નહિ. એવી રીતે બેસવા આદિમાં પણ સમજવું. આવા શરીરની પ્રાપ્તિ થવી તેને અગુરૂલઘુ નામકર્મવાળું શરીર કહેવાય છે. આથી આ પુણ્યપ્રકૃતિ કહેવાય છે. ખ્યાલ આવ્યો ? ઘણાને બેઠા પછી ઉઠાતુ જ નથી. એને આ પુણ્યની પ્રકૃતિ બરાબર નથી એમ કહેવાય. એટલે કે અલઘુ છે પણ અગુરૂ નથી. બેઠા પછી ઉઠવું હોય તો કંટાળો આવે, કામ માટે વારંવાર ઉપર નીચે કે બહાર જવાનું આવે ત્યારે જે આનાકાની થાય છે તે આ શરીરની મંદતા, રાગ અને આસક્તિ આદિના ઉદયથી થાય છે. આવો સ્વભાવ પણ એના કારણે થાય છે. ગુરૂઆજ્ઞા તહત્તિ કરી જેટલી વાર જણાવે તેટલી વાર પરિણામ બગાડ્યા વગર કાર્ય કરેજ રાખવાનું. મન, વચન, કાયા ગુરૂ મહારાજને સમર્પિત કર્યા છે કે નહિ ? પછી તમારે ચિંતા કરવાની નહિ. એ ચિંતા તમારી યોગ્યતા પેદા કરવા માટે અને વિશેષ રીતે નિર્જરા કરવા માટે અને કોઇવાર કસોટી કરવા માટે તમારી પરીક્ષા કરવા માટે અને સ્થિરતાની ચકાસણી કરવા માટે ગુરૂ ભગવંતને જે ઠીક લાગે તે બધું કરી શકે છે.

અગુરૂલઘુ નામકર્મને વિષે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને અગુરૂ અને અલઘુ શરીરની પ્રાપ્તિ થાય. એટલે કે શરીર ગુરૂ પણ નહિ અને લઘુ પણ નહિ. જ્યાં બેસાડવા આદિનું કામ કરવું હોય એ બધું કામ સારી રીતે કરી શકે એવા શરીરની જે પ્રાપ્તિ થાય એ પુણ્યપ્રકૃતિ રૂપે કહેવાય છે. આજે તો જેનું પુણ્ય બરોબર ન હોય તો ગુરૂ અને અલઘુ એટલે કે ભારેશરીર અને હલકુ નહિ એવા શરીરની પ્રાપ્તિ થાય છે કે જે શરીરને બેસાડ્યા પછી ઉભુ કરી શકાય નહિ, ઉભુ કર્યા પછી બહુ ઉભુ રાખી શકાય નહિ, ચલાવવું

હોય તો બહુ ચલાવી શકાય નહિ, થોડું ચાલે અને થાકી જાય, ચઢાવવું હોય તો ચઢાવી શકાય નહિ. ઇત્યાદિ અનેક પ્રકારની તકલીફ શરીરને વિષે પ્રાપ્ત થતી જાય એટલું એનું પુણ્ય ઓછું ગણાય છે. કેટલાક જીવોને અગુરૂ અને લઘુ એવા શરીરની પણ પ્રાપ્તિ થાય છે કે જે શરીર ભારે નહિ અને હલકુ રહ્યા કરે. તે શરીરને વિષે ગમે તેટલી શક્તિ પેદા કરવા માટે શક્તિવાળા પદાર્થોનો આહાર લે તો પણ પોતાના શરીરની શક્તિ પેદા ન થવાથી સમતુલા જાળવી શકે નહિ. કારણ કે હલકુ હોવાથી શરીર જલ્દીથી થાકી જાય, ચલાવવું હોય તો બહુ ચલાવી શકાય નહિ, બેસાડવું હોય તો બહુ બેસાડી શકાય નહિ, પગથીયા ચડાવવા હોય તો ચઢતા ચઢતા શ્વાસ ચડે ઇત્યાદિ અનેક પ્રકારની તકલીફો પુણ્ય ઓછું હોવાથી શરીરને વિષે પ્રાપ્ત થતી જાય છે. જ્યારે અગુરૂ અને અલઘુ શરીરની પ્રાપ્તિ થાય ત્યારે એમાં કોઇપણ પ્રકારની તકલીફ પોતે જીવે ત્યાં સુધી પેદા થતી નથી. આ રીતે જીવોએ જેવા જેવા પ્રકારે અગુરૂલઘુ નામકર્મ પુણ્યરૂપે બાંધ્યું હોય એ પુણ્ય મુજબ એના શરીરને વિષે એ ઉપયોગી થાય છે. અગુરૂલઘુ નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાયા કરે છે. અગુરૂલઘુ નામકર્મનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી સતત હોય છે અને એની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી સતત રહેલી હોય છે માટે આ પ્રકૃતિ ધ્રુવબંધી, ધ્રુવોદયી અને ધ્રુવસત્તાવાળી કહેવાય છે.

શરીર જેવું પ્રાપ્ત થયેલું હોય એમાં સમાધિપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો છે. નાની ઉંમરમાં એકદમ સ્થૂળ શરીર હોય તે બીજા જીવોની અપેક્ષાએ પોતાના શરીરને જોઇને એને દુઃખ પેદા થતું હોય છે. કારણ કે બીજા જીવો પોતાના શરીરથી જલ્દી ચાલી શકે, દોડાવી શકે, બેસી શકે, ઉઠાડી શકે પણ સ્થૂળ શરીરવાળાને એ બધું જલ્દી થતું ન હોવાથી અંતરમાં દુઃખ થતું હોય છે. એવું દુઃખ પેદા થવા દેવાનું નહિ પણ મને મારા કર્મના ઉદય જે શરીર મને પ્રાપ્ત થયું છે એ રીતે મારે જીવવાનો પ્રયત્ન કરવો. જો આવી રીતે વિચારણા કરીને સમાધિપૂર્વક જીવવાનો પ્રયત્ન

ન કરે તો પોતાના શરીરથી દુઃખ પેદા કરતો કરતો શરીર પ્રત્યે દ્વેષબુધ્ધિ પેદા કરીને અલ્પરસવાળો અગુરૂલઘુ નામકર્મ બાંધતો જાય છે. જેના ઉદય ભાવિમાં આનાથી પણ ખરાબ શરીર પ્રાપ્ત ગશે. એટલે કે આપણને જેવું શરીર મળેલું હોય એ શરીરથી સમાધિપૂર્વક જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. હંમેશા મનુષ્યનું શરીર કફ, વાયુ અને પિત્ત એ ત્રણ પદાર્થોનું બનેલું છે. કેટલીકવાર શરીરમાં વાયુ વધી જાય તો શરીર સ્થૂળ થઇ જાય, કફ થઇ જાય તો શરીર ધીરે ધીરે અશક્ત થતું જાય અને પિત્ત વધી જાય તો અનેક પ્રકારની તકલીફો શરીરમાં પેદા કરીને શરીરમાં દુખાવા પેદા કરતું જાય છે એટલે કે માથુ દુઃખે, પગ દુઃખે, હાથ દુઃખે, કમ્મર દુઃખે એમ અનેક પ્રકારની તકલીફો અશક્તિના કારણે વધતી જાય. જે જીવોને ખોરાકનો કફ થતો હોય તેને બારે મહિના એનું શરીર શરદીવાળું રહ્યા કરતું હોય છે. જે જીવોના શરીરમાં વાયુ વધારે હોય તેને કોઇપણ પદાર્થ ખાતા ખાતા વાયુની વૃધ્ધિ થતી જાય છે અને શરીર ફુલતું જાય છે. માટે વાયુવાળા પદાર્થો ન લેવાય એની કાળજી રાખવી પડે. આવા જીવોનું શરીર નક્કર રહી શકતું નથી. માટે એવા જીવોના શરીરમાં જોઇએ એવી તાકાત પેદા થઇ શકતી નથી. શરીરમાં સપ્રમાણ શક્તિ બરાબર જોઇતી હોય તો કફ, વાયુ અને પિત્ત ત્રણે સપ્રમાણ રહે એ પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

પ્રશ્ન૦ આવુ અગુરૂલઘુ નામકર્મવાળાને થઇ શકે ?

ના તેને ન થાય. એવા જીવોને તો પથરાય પચે. ધ્યાન રાખવા છતાં તેને કોઇ વિપરિત આહાર આવી જાય છતાં પણ તેને તેના પુણ્યના પ્રતાપે બધુ પચી જાય. આપણા શરીરમાં કફ, પિત્ત અને વાયુ પ્રમાણસર જળવાઇ રહે તોજ સ્વસ્થતા, તાકાત, તાજગી આદી રહી શકે નહિતર પછી એને ગોળીયો લીધા કરવી પડે અને એ ગોળીઓ પણ પાછી પુણ્ય હોય તોજ અસર કરે. રોજ સવારે ઉઠીને જોવું પડે કે આજે શરીર કેવું છે ? અને જે પ્રમાણે શરીર હોય એ પ્રમાણે આખા દિવસનું કામ ગોઠવવું પડે આ બધું અગુરૂલઘુ નામકર્મ બરાબર નથી એમ કહેવાય. જેને અગુરૂલઘુનામકર્મ

પુણ્યરૂપે બરોબર હોય એને આમાંની કોઇપણ જાતની તકલીફ પેદા થતી નથી. કેટલાક જીવોને એવો સ્વભાવ પડેલો હોય છે કે જ્યારે જમવા માટે બેસે ત્યારે ભાણામાં જે ચીજ આવે કે તરતજ વિચાર કરે આને ખાવાથી તબીયત બગડશે નહિ ને ? આમ થશે તો ? જો કદાચ બગડશે તો ? એવા અનેક પ્રકારના વિચારો કરીને પછી એવા પદાર્થોનો ઉપયોગ કરે છે. એ જીવોને એનો જે ચંચળ સ્વભાવ એ એને હેરાન કરે છે અને પોતાના સ્વભાવમાં એવા ચંચળ સ્વભાવથી એવી ગ્રંથી બંધાયેલી હોય છે કે આ ખાવાથી મને આવું થશે. કોઇવાર કદાચ હવામાન અનુકૂળ ન હોય અને કોઇ ચીજ જો ખાવા માટે લીધેલી હોય અને એનાથી જો તબીયત બગડેલી હોય તો પછી એ પદાર્થ માટે એવી ગ્રંથી બંધાઇ જાય છે કે હવે એ પદાર્થ કદી લઇશ નહિ અને કોઇવાર એ પદાર્થ ભાણામાં આવે તો તરતજ એ દુર કરી દે છે પણ ખાતો નથી. આ બધા વિચારો મોહનીય કર્મના ઉદયથી જીવને રાગાદિ પરિણામ પેદા કરાવીને સંસાર વૃધ્ધિનું કારણ બને છે અને આ બધા વિચારો શરીરના રાગનું ટેન્શન વધારવામાં સહાયભૂત થાય છે.

સભા૦ જમતી વખતે વિચાર કરવા તો કયા વિચાર કરવા ?

શાસ્ત્રે કહ્યું છે કે અનુકૂળ પદાર્થો ભાણામાં આવેલા હોય તો એ પદાર્થ પ્રત્યે રાગ ન થઇ જાય, આસક્તિ પેદા ન થઇ જાય અને રાગ અને આસક્તિના કારણે અધિક ન ખવાઇ જાય એની કાળજી રાખવાની છે. કારણ કે અનુકૂળ પદાર્થો જો રાગપૂર્વક ખાવામાં આવે તો મોટે ભાગે પોતાને જેટલા ખોરાકની જરૂર હોય એના કરતા અધિક જરૂર ખવાઇ જાય છે અને એના કારણે પછી શરીર બગડ્યા વગર રહેતું નથી. એવી રીતે પ્રતિકૂળ પદાર્થ ભાણામાં આવેલો હોય તો એને દૂર કરવાને બદલે જેટલો ખોરાક ખાવાની ભૂખ હોય એના કરતાં અડધો કે ચારઆની ખોરાક તે વખતે ખાવામાં આવે અને પ્રતિકૂળ પદાર્થ પણ વાપરવામાં આવે તો કોઇપણ જાતનું નુક્શાન થતું નથી. આ રીતે જીવન જીવવા માટે ખોરાક લેવાનો વિધિ કહેલો છે. આનાથી વિપરિત રીતે જો લેવામાં આવે તો જરૂર જીવને શરીરમાં

અનેક પ્રકારની તકલીફો, વેદનાઓ પેદા કર્યા વગર રહેતી નથી. કારણ કે આજે લગભગ મોટેભાગે પ્રતિકૂળ પદાર્થ આવે તો એને ઉપયોગ ન કરવો એવી વિચારણા સહજ રીતે અંતરમાં રહેલી હોય છે અને એને દૂર કરી દે છે. તેમજ જમતી વખતે ભાણામાં જે જે પદાર્થો હોય તે પદાર્થોને જોઇને જમવાનું વિધાન કહેલું છે. કારણ કે જમતાં જમતાં એમાં જો કોઇ જીવજંતુ આવી જાય તો એ જીવ મરી ગયેલો હોય અથવા જીવતો હોય તો મરી ન જાય એનું લક્ષ રાખીને ખોરાકનો ઉપયોગ કરવાનું વિધાન કહેલું છે. એટલે કે ઇર્યાસમિતિનો જેમ ઉપયોગ રાખવાનો તેમ શરીરના રાગના કારણે અનુકૂળ છે કે પ્રતિકૂળ છે એવી વિચારણા કરવાનું વિધાન નથી. જો અનુકૂળ કે પ્રતિકૂળની વિચારણા કરીને ખોરાક લેવાની ટેવ પાડેલી હોય તો પછી આરાધનાનું લક્ષ એના અંતરમાં રહેતું નથી. કેટલીક વાર પ્રતિકૂળ ખોરાક લઇશ તો આરાધનામાં વિક્ષેપ પડશે અને ઘણા દિવસ સુધી મારાથી આરાધના નઇ થઇ શકે એવી પોતાની શરીરની શક્તિ લાગતી હોય તો કદાચ પ્રતિકૂળ ખોરાકને દૂર કરીને અનુકૂળ ખોરાકનો ઉપયોગ કરે તો જ્ઞાનીઓએ નિષેધ કરેલો નથી. શાથી ? કે આરાધનામાં વિક્ષેપ કરીને મારી એકાગ્રતાને બગાડશે. એ એકાગ્રતા ન બગડે એ માટે ઉપયોગ કરવો પડે તો ના નથી પાડી. પણ શરીરના રાગને પોષવા માટે અનુકૂળ આહારનો ઉપયોગ કરે તો જ્ઞાનીઓએ એ કરવાની ના પાડેલી છે. આ રીતે આજે મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ જીવન જીવી રહેલા છે. અત્યારે અહીં વર્તમાનમાં પણ કેટલાક મહાત્માઓ અનેક પ્રકારના આહારોનો પિંડ કરી કરીને ઉપયોગ કરે છે. એટલે કે એ આહારનો સ્વાદ ના આવે અને સ્વાદને જીતાય એ માટે આહારને પિંડરૂપે બનાવીને ઉપયોગ કરતા થયેલા છે અને સાધુ ભગવંતોને ખરેખર વાપરવાની વિધિ એજ કહેલી છે.

સભા૦ આ અનુકૂળ અને આ પ્રતિકૂળ એનું અત્યારે જ્ઞાન જાણી શકાય ? કે સાધુપણુ લીધા પછીજ જાણી શકાય ?

અત્યારે પણ શ્રાવકપણામાં આરાધનામાં આગળ વધવાના હેતુથી બધુ

જાણી શકાય. એ જાણ્યા પછી તેનો જો રાગાદિ વધારવા માટે ઉપયોગ કરો તે નુક્શાન તમને જ થાય પણ જણાવનારને ન થાય. જૈનશાસનમાં બધાનું વિધાન કહેલું છે. કોઇ ચીજ બહાર શોધવા જવું પડે એવું નથી. અગુરૂલઘુ નામકર્મનો ઉદય બરોબર ચલાવવો હોય તો તેને પછી કશુ વધારાનું લેવાનું મન થાય નહિ. કોઇ ગમે તેટલો આગ્રહ કરે તો પણ એને અધિક લેવાનું અને રાગપૂર્વક આહાર લેવાની ઇચ્છા પેદા થઇ શકે નહિ. આરાધનાના લક્ષપૂર્વક આનો ત્યાગ કરવાનો છે. આ વસ્તુ એને ઠીક રહેશે એમ નહિ પણ મળે તો સંયમપુષ્ટિ થશે અને ન મળે તો તપોવૃધ્ધિ થશે એ ભાવનાથી આહારને ગ્રહણ કરવાનો છે. આ ભાવ તેમાંથી પેદા થાય કે મળે તો સંયમપુષ્ટિ એવો ભાવ હોય તો શ્રાવકોને વૈરાગ્યપૂર્વક કેવી રીતે વાપરવું અને ન મળે તો કેવી રીતે સમાધિભાવ જાળવવો અને પ્રતિકૂળ આહાર મળે તો સમતાભાવ રાખીને કેવી રીતે ઉપયોગ કરવો એ બધું શીખવાનું છે. આ જો વિચારણા અંતરમાં ચાલુ થાય તો બહારનું ખાવા-પીવાનો કોઇપણ જાતનો પ્રશ્ન જ રહેતો નથી. પછી ગમે તે હોટલોમા, ગમે તે લારીઓ ઉપર કે ગમે ત્યાં ટોળાઓમાં એનો નંબર ના આવે. આજે ફ્રુટસલાડ કરવામાં આવે છે એનો ઉપયોગ વૈદક શાસ્ત્રોના જાણકાર વૈદોએ પણ વાપરવાનો નિષેધ કરેલો છે. કારણ કે દૂધ મીઠું હોય છે અને એની અંદર ફ્રુટ ખાટુ પણ તમે નાંખો છો જેમકે દ્રાક્ષ હોય, સફ્રજન પણ કેટલાક ખાટા આવે છે. નારંગી પણ ખાટી હોય માટે મીઠાશ અને ખટાશ એ બંન્ને વિપરીત ભેગા થવાથી શરીરને નુક્શાન કર્યા વગર રહેતા નથી. માટે એનો ઉપયોગ તમે ન કરો એમ અમારાથી સલાહ અપાય નહિ. આતો દાખલો આપ્યો. આવી રીતે દરેક પદાર્થોમાં તમારે સમજી લેવું જોઇએ. જૈનશાસનની અંદર આનુ બધુંજ વર્ણન આપેલું છે. કયા પદાર્થમાં શું નંખાય અને કયા પદાર્થમાં શું ન નંખાય એનું પણ વર્ણન જૈનશાસનમાં છે. કઇ ચીજ સાથે કઇ ચીજ ન ખવાય અને કઇ ચીજ સાથે કઇ ચીજ ખવાય એનું પણ વર્ણન જૈનશાસનમાં કરેલું છે. અમારાથી એનું વર્ણન વિશેષ રીતે થઇ શકતું નથી. કારણ કે એ પાપના કારણોનું વર્ણન છે. એનાથી સાવધ વ્યાપાર શ્રાવકોના જીવનમાં વધે છે માટે

અમારાથી એ વર્ણન થઇ શકે નહિ.

સભા૦ કયા ગ્રંથોમાં વર્ણન આવે છે ?

કોઇ એક ગ્રંથમાં આનું વર્ણન આવતું નથી. અલગ અલગ ગ્રંથોમાં જુદા જુદા પ્રકારે વર્ણન મહાપુરૂષોએ કરેલું છે કે જેના કારણે એની તમને જલ્દી ખબર પડે નહિ. વૈરાગ્યભાવમાં આગળ વધેલા જીવોને જો એ ગ્રંથોનો વાંચન કરીને ઉપયોગ કરે તો બધુ મળી શકે ? કઇ ઋતુમાં કયો આહાર ઔદારિક શરીરને અનુકૂળ રહે એનું વર્ણન પણ જૈનશાસનમાં છે. છએ ઋતુમાં કયો કયો આહાર વાપરવો તો શરીર અનુકૂળ રીતે આરાધનામાં ઉપયોગી થાય એ માટે પણ વર્ણન કરેલું છે. જેમકે કલ્પસૂત્રમાં એનું વર્ણન આવે છે એવી રીતે બીજા પણ શાસ્ત્રોમાં એનું વર્ણન આવે છે. સાધુપણામાં અનુકૂળ કે પ્રતિકૂળ એનો વિચાર કરવાનો હોતો નથી. જે જીવો સાધુપણું લેવા માટે આવે એને આ બધી બાબતમાં પૂછવુ પડે. તુ કઇ ચીજ વાપરે છે, કઇ નથી વાપરતો, ન વાપરતો હોય તો કેમ નથી વાપરતો, તને અનુકૂળ નથી માટે નથી વાપરતો, પ્રતિકૂળ પડે છે માટે નથી વાપરતો, એ બધા કારણો પૂછવામાં જો એ ગલ્લાતલ્લા કરે સાચા જવાબ ન આપે તો પછી એને સાધુપણુ આપી શકાતું નથી. સાધુપણુ લીધા પછી ગમે ત્યારે પ્રતિકૂળ આહાર આવે તો એને લેવો પણ પડે છે, તો તે વખતે હું નહિ લઉં એમ કહે તો ચાલે નહિ માટે સંસારમાં રહીને એ બધુ સારી રીતે લેતો થાય એવી ટેવ પાડ્યા પછીજ સાધુપણુ આપી શકાય છે. આ રીતે જૈનશાસનમાં અનેક રીતે આહારના ઉપયોગ કરવા માટેના કારણો પણ દર્શાવેલા છે કે જેના પ્રતાપે આરાધના કરતાં કરતાં અગુરૂલઘુ નામકર્મ પુણ્યાનુબંધી પુણ્યરૂપે બંધાતુ જાય અને એનો ઉપયોગ કરીને આત્મિક ગુણોને પેદા કરતો કરતો છેલ્લે ભવે પોતાના સંપૂર્ણ સ્વરૂપને પેદા કરી શકે એ માટે આ બધુ વર્ણન કરેલું છે.

## ૬. તીર્થંકર નામકર્મ અથવા જિન નામકર્મ

જે પ્રકૃતિના ઉદયથી જીવને ત્રણેલોકમાં એટલે કે ઉર્ધ્વલોકમાં,

અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં પૂજ્ય બનાવે એટલે કે એ ત્રણે પ્રકારના લોકમાં રહેલા જીવોના અંતરમાં પૂજ્યભાવ પેદા કરાવે એને તીર્થંકર નામકર્મ કહેવાય છે. આ નામકર્મનો બંધ સમકીતી જીવ જ કરી શકે છે. ક્ષયોપશમ સમકીતના કાળમાં જ એના બંધની શરૂઆત થાય છે અને પછી જીવ ક્ષાયિક સમકીત પામે અથવા ઉપશમ શ્રેણીનું ઉપશમ સમકીતની પ્રાપ્તિ કરે તો એ બંન્ને સમકીતના કાળમાં તીર્થંકર નામકર્મનો બંધ ચોથા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં રહેલા જીવો કરી શકે છે.

જે જીવોએ મનુષ્યપણામાં તીર્થંકર નામકર્મનો બંધ શરૂ કર્યો હોય અને નિકાચીત રૂપે બાંધ્યુ હોય તો એ જીવો નરકમાં જાય તો પણ એકથી ત્રણ નારકીમાં રહેલા એ જીવો તીર્થંકર નામકર્મનો બંધ કરી શકે છે પણ અહીંયા બંધ નિકાચીત રૂપે કરીને ગયા હોય તોજ. નિકાચીત કર્યા પછી એનો બંધ સતત ચાલુને ચાલુ રહે છે. આ આ નામકર્મની વિશેષતા છે. કારણ કે નિકાચીત રૂપે આ નામકર્મ બાંધ્યુ એટલે ત્રીજે ભવે અવશ્ય એ જીવ તીર્થંકર થવાનોજ. એટલે આઠમા ગુણસ્થાનકથી આગળ ન વધે ત્યાંસુધી એનો સતત બંધ ચાલુ જ હોય છે પછી એ જીવ નરકગતિમાં હોય, દેવગતિમાં હોય કે મનુષ્યગતિમાં રહેલો હોય આ એની વિશેષતા છે. અનિકાચીત રૂપે જેને તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તેને સતત બંધ ચાલુ રહેતો નથી.

જે જીવોએ મનુષ્યપણામાં પહેલે ગુણસ્થાનકે નરકાયુષ્યનો બંધ કર્યો હોય અને પછી ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરે અથવા ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે તો એવા જીવો એ ક્ષયોપશમ સમકીત કે ક્ષાયિક સમકીતના કાળમાં તીર્થંકર નામકર્મની નિકાચના કરે તો ક્ષાયિક સમકીતી જીવો પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં એ સમકીતને લઇને ત્રણ નારકી સુધી ઉત્પન્ન થઇ શકે છે અને તીર્થંકર નામકર્મનો બંધ ચાલુને ચાલુ જ રહે છે. ક્ષયોપશમ સમકીતી જીવો પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થાય એના એક અંતર્મુહૂર્ત પહેલા સમકીતથી પડીને પહેલા ગુણસ્થાનકે આવે. ત્યાં ભોગવાતુ આયુષ્ય પૂર્ણ કરી એકથી ત્રણ નરકમાં કોઇ કોઇ જગ્યાએ ઉત્પન્ન થાય ત્યાં પર્યાપ્ત થઇને

તરતજ ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરે અને સાથે તીર્થંકર નામકર્મનો બંધ પણ ચાલુ થાય જ. આ રીતે નિકાચીત તીર્થંકર નામકર્મવાળા જીવો નરકગતિમાં આ નામકર્મનો બંધ કર્યા જ કરે છે. આવા નિકાચીત તીર્થંકર નામકર્મ બાંધીને અત્યારે વર્તમાનમાં નરકગતિમાં રહેલા અસંખ્યાતા જીવો હોય છે. એવીજ રીતે દેવલોકમાં વૈમાનિક દેવલોકને વિષે તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને ગયેલા જીવો એ પણ અસંખ્યાતા હોય છે. મનુષ્યગતિમાં ગર્ભજ મનુષ્યો સદામાટે સંખ્યાતા હોવાથી સંખ્યાતા જીવો પ્રાપ્ત થાય છે.

કૃષ્ણ મહારાજાના જીવે ક્ષયોપશમ સમકીતના કાળમાં અઢાર હજાર સાધુ ભગવંતોને વંદન કરતાં કરતાં સાતમી નારકીનું આયુષ્ય જે બાંધેલું હતું એમાં ચાર નારકીનું આયુષ્ય ઓછું કરીને અને સાથે ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરીને ચાર નારકીના દુઃખોનો નાશ કર્યો અને ત્રણ નારકી સુધીના દુઃખોને ભોગવવા લાયક કર્મ બાકી રહ્યું એટલે વર્તમાનમાં ત્રીજી નારકીમાં ગયેલા છે. જો ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ થઇ ન હોત તો ચાર નારકી ઓછી કરી શકત નહિ. જેમ ચાર નારકી ઓછી કરી એમ કહીએ છીએ એની સાથે સાથે એમણે સાતમી નારકીનું તેત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવવા લાયક બાંધેલું હતું એમાં ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ થતા એ સમકીતી જીવો ત્રીજી નારકીના જઘન્ય આયુષ્ય + પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એટલા આયુષ્ય સુધીજ ત્રીજી નારકીમાં ઉત્પન્ન થઇ શકે છે પણ આગળ ઉત્પન્ન થતા નથી. માટે તેત્રીશ સાગરોપમમાંથી માત્ર ત્રણ સાગરોપમ સુધીનું ભોગવવા લાયક દુઃખ બાકી રાખ્યું, બાકીના ત્રીશ સાગરોપમના દુઃખોનો નાશ કર્યો. જો એ કૃષ્ણ મહારાજાના જીવે ત્રીજી નારકી સુધીનું એટલું પણ આયુષ્ય નિકાચીત બાંધેલુ ન હોત તો કદાચ પહેલી નારકી સુધીનું આયુષ્ય કરી શકત. પણ જ્યારે અઢાર હજાર સાધુ ભગવંતોને વંદન કરીને નેમનાથ ભગવાનને કહે છે કે ભગવન્ મેં મારા જીવનમાં ૩૬૦ યુધ્ધ કર્યા છે એમાં મને જેટલો થાક નથી લાગ્યો એના કરતાંય વધારે થાક વંદન કરવાથી પેદા થયો છે. ત્યારે નેમનાથ ભગવાને કહ્યું કે કૃષ્ણ તેં તો ઘણું કામ કરી નાંખ્યું. ચાર નારકીનો

તેં નાશ કર્યો. ત્યારે કૃષ્ણ ભગવાનને કહે છે કે હું ફરી ફરીને વંદન કરું જો મારી નારકીનો નાશ થતો હોય તો. ત્યારે ભગવાને કહ્યું કે- હવે એ નારકીનો નાશ થઇ શકશે નહિ. કારણ કે જે ભાવથી તેં વંદન કર્યું એવા ભાવ હવે તને પેદા થવાના નથી. કેમ કે ત્રણ નારકી સુધીનું આયુષ્ય તારું નિકાચીત રૂપે ભોગવવા લાયક બાંધેલું છે અને એ ભોગવ્યા વગર પૂરા થવાના નથી.

નિકાચીત કર્મ એજ કહેવાય કે જે ઉદયમાં ભોગવીનેજ નાશ થાય. શ્રવણ ભગવાન મહાવીર મહારાજાને સંસારમાં રહેવા લાયક ભોગાવલી કર્મો અઠ્યાવીશ વર્ષે પૂર્ણ થયેલા હતા. કારણ કે તે વખતે માતા-પિતા કાળધર્મ પામ્યા તો સંસાર છોડવો હોત તો જરૂર છોડી શકત પણ મોટાભાઇ નંદીવર્ધનની પાસે સંયમની માંગણી કરતાં મોટાભાઇએ કહ્યું કે- એક તો માતા-પિતા ગયા એના વિરહનું દુ:ખ હજી શમ્યું નથી અને એમાં જો તું પણ ચાલ્યો જાય તો હું જીવી શકું એમ મને લાગતું નથી. માટે મારી ખાતર બે વર્ષ ઘરમાં રહી જા. ભગવાને જ્ઞાનથી જોયું અને પોતે બે વરસ અધિક ઘરમાં રહેલા છે. ભોગાવલી કર્મના ઉદયથી રહેલા નથી, પણ નંદીવર્ધન ભાઇના આગ્રહથી રહેલા છે કારણ કે જો એ ન રહે તો મોટાભાઇ નંદીવર્ધન આર્તધ્યાન કરીને દુર્ગતિમાં ચાલ્યા જાય એમ લાગે છે. એની દુર્ગતિ ન થાય એટલા પૂરતુ રોકાયા છે. પણ સાથે એવો અભિગ્રહ કર્યો કે હું ઘરમાં જરૂર રહીશ પણ આજથી મારા માટે જે કંઇ ચીજો થતી હોય એને ઉપયોગમાં લઇશ નહિ અને ઘરને વિષે આઠ કલાક કાઉસ્સગ ધ્યાને રહી બે વર્ષનો કાળ સ્વાધ્યાયમાં પસાર કરીશ. આ રીતે સંસારમાં રહીને પોતે પોતાનું જીવન જીવી રહેલા છે. તીર્થંકર પરમાત્માના આત્માઓને ભોગાવલી કર્મ ભોગવવામાં પણ વૈરાગ્યની જ પ્રધાનતા હોય છે. જ્યારે આજે ધર્મક્રિયા કરનારા મોટાભાગના વર્ગને જે પોતે ભોગાવલી કર્મ ભોગવી રહેલો છે એ અંશ જેટલા વૈરાગ્યથી પણ ભોગવે છે ખરા ? એ વૈરાગ્યભાવ પેદા નથી થતો તો ક્યારે પેદા થાય એવી વિચારણા રાખીને પણ ભોગવાય છે ખરા ? જો એવી રીતે ભોગવવામાં આવે તોજ ભોગાવલી કર્મ ભોગવતાં દુર્ગતિમાં જવાલાયક કર્મનો બંધ થાય નહિ.

આજે તમે જે રીતે સંસારમાં ભોગાવલી કર્મના ઉદયથી જીવો છો એમાં તો મોટેભાગે દુર્ગતિમાં જવાલાયક કર્મો બંધાય એવું લાગે છે માટે અમને તમારી દયા આવે છે અને એ દયાના પ્રતાપે વારંવાર અમે બોલબોલ કરીએ છીએ. આટલું આટલું અમે બોલીએ છીએ છતાંય તમને વૈરાગ્યભાવ પેદા કરવાનું મન થાય છે ખરું ? વૈરાગ્ય એ એકદમ સામાન્ય કક્ષા છે. તે આજે તમને કેવળજ્ઞાન પામવા જેટલું અઘરું લાગે છે. જ્ઞાની ભગવંતોએ વૈરાગ્યને કે.જી ના ક્લાસ તરીકે કહેલું છે. અપુર્નબંધક અવસ્થા પ્રાપ્ત કરવી એ બહુ સહેલામાં સહેલી છે. પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખીને એને આઘા ખસેડવા એ કંઇ બહુ દુષ્કર કામ નથી. કદાચ આ કાળમાં સમકિત પામવું એ દુષ્કર બની શકે પણ રાગાદિ પરિણામને આઘા ખસેડીને જીવન જીવવું એ કંઇ દુષ્કર જેવું ગણાતું નથી. પણ એ ક્યારે બને કે પુણ્ય ઉપર બરોબર ભરોસો પ્રાપ્ત થાય તો. જો પુણ્ય ઉપર બરોબર ભરોસો પેદા થાય તો પુણ્યથી મળેલી સામગ્રીમાં મન પરોવીને જીવન જીવવાનું મન થાય નહિ. મન કદાચ આઘુપાછું થાય એવું બને એટલે એમાં સંકલ્પ વિકલ્પ રૂપ વિચારો પેદા થયા કરે પણ પુણ્ય ઉપરના વિશ્વાસથી એ સામગ્રી ચાલી જાય તો બહુ ચિંતા થાય નહિ. સમકીતી જીવોને જો કદાચ મન આઘુપાછુ થતું હોય તો તરતજ વિચારણાથી ઠેકાણે લાવી શકે છે.

સભા૦ આજે આ બધી સામગ્રી મળેલી છે, સાધુભગવંતોનો યોગ પણ છે આ બધું સાંભળવા પણ મળે છે એવો પણ પુણ્યોદય છે છતાં આવા ભાવ કેમ પેદા થતા નઇ હોય ? એટલે કે કેમ પેદા થતા નથી ?

મને પૂછો છો ? હું કહીશ એ તમને પસંદ પડશે ? ખૂબ વિચારી જોજો.

મહાવિદેહ ક્ષેત્રમાં એકલાખ પૂર્વે એટલે કે દરેક લાખ લાખ પૂર્વે ૨૦-૨૦ તીર્થંકરો ચ્યવન પામે છે. એ ચ્યવન પામેલા તીર્થંકરના આત્માઓ જન્મ પામે છે, જન્મ પામેલા આત્માઓ બાલ્યાવસ્થાને પામે છે. બાલ્યાવસ્થામાંથી કુમારઅવસ્થાને પામે છે, કુમારઅવસ્થામાંથી યુવાનઅવસ્થાને પામે છે અને યુવાનઅવસ્થામાંથી રાજ્યાવસ્થામાં રહેલા પણ હોય છે. આવા તીર્થંકરના

આત્માઓ અત્યારે ૧૬૮૦ ત્યાં વિદ્યમાન છે. વર્તમાનમાં કેવળી તરીકે વિચરતા ૨૦ તીર્થંકર પરમાત્માના આત્માઓ નિર્વાણ પામશે ત્યારે અથવા એ આત્માઓનું એક હજાર વરસનું આયુષ્ય ભોગવવાનું બાકી રહેશે ત્યારે બીજા ૨૦ તીર્થંકરના આત્માઓ પોતાનું ૮૩ લાખપૂર્વ વરસ ભોગવીને પૂર્ણ કરીને સંયમનો સ્વીકાર કરશે અને એક હજાર વર્ષ પછી ૨૦ કેવળી પરમાત્માઓ નિર્વાણ પામશે ત્યારે ૨૦ તીર્થંકરના સંયમી આત્માઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. આ કારણથી મહાવિદેહ ક્ષેત્રમાં કોઇકાળે તીર્થંકર પરમાત્માઓનો વિરહકાળ હોતો નથી, પણ સદા માટે તીર્થંકરના આત્માઓ વિદ્યમાન હોય છે. મોટાભાગના તીર્થંકરના આત્માઓ પોતાના તીર્થંકરના ભવથી આગલા ત્રીજેભવે સમકીતની પ્રાપ્તિ કરે છે અને એ આત્માઓ ક્ષયોપશમ સમકિતના કાળમાં તીર્થંકર નામકર્મ બાંધતા બાંધતા ઉત્કૃષ્ટ કોટિનો પરિણામ પ્રાપ્ત કરીને તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. એ નિકાચીત રૂપે એટલું જ થાય છે કે એમને પોતાના છેલ્લા તીર્થંકરના ભવમાં વિપાકથી એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી જેટલું પોતાનું ભોગવવાનું આયુષ્ય હોય એટલા કાળ સુધી ભોગવવા લાયક તીર્થંકર નામકર્મ નિકાચીત કરે છે. એટલે કે એનો અર્થ એ થયો કે મહાવિહેદ ક્ષેત્રમાં જે જે તીર્થંકરના આત્માઓ પેદા થાય છે તે દરેક આત્માઓ ૮૪ લાખ પૂર્વવરસના આયુષ્યવાળા હોય છે. એ ૮૪ લાખ વર્ષમાં ૮૩ લાખ પૂર્વ વરસ સુધી તીર્થંકર નામકર્મનો પ્રદેશ ઉદય હોય છે અને છેલ્લું એકલાખ પૂર્વવરસ બાકી રહે ત્યારે સંયમનો સ્વીકાર કરે છે. એ સંયમનો સ્વીકાર કરીને એક હજાર વરસ સુધી સંયમ પર્યાયમાં રહે છે, જેને છદ્મસ્થ કાળ કહેવાય છે. એ છદ્મસ્થકાળમાં પણ તીર્થંકર નામકર્મનો પ્રદેશ ઉદય હોય છે. જ્યારે એક હજાર વરસ પછી એ આત્માઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે ત્યારથી તીર્થંકર નામકર્મનો વિપાકોદય શરૂ થાય છે અને એ વિપાકોદય પોતાનું ૮૪ લાખ પૂર્વ વરસમાં એક હજાર વરસ ન્યૂન એટલા વરસ સુધી કેવળી પર્યાય અને તીર્થંકર નામકર્મના વિપાકોદયનો પર્યાય ગણાય છે. એટલી સ્થિતિ જ એ જીવોને નિકાચીત રૂપે

બંધાય છે. બાકીની બધી સ્થિતિ અનિકાચીત રૂપે બંધાય છે. પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે એક અવસરપિણી કાળમાં ચોવીશ તીર્થંકર પરમાત્માઓ થાય છે એમાં પહેલા તીર્થંકર પરમાત્માઓનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ વરસનું હોય છે. એ તીર્થંકરના આત્માઓ ૮૩ લાખ પૂર્વ વરસ સુધી ઘર સંસારમાં રહે છે અને છેલ્લા લાખ વરસ પૂર્વનું આયુષ્ય બાકી રહે ત્યારે સંયમનો સ્વીકાર કરે છે. એક હજાર વરસ સુધી સંયમ પાળે છે ત્યાર પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે ત્યારથી તીર્થંકર નામકર્મનો વિપાકોદય શરૂ થાય છે. એ એક હજાર વરસનું એકલાખ વરસ પૂર્વ સુધી તીર્થંકર નામકર્મનો વિપાકોદય રહે છે, એટલું જ એમને નિકાચીત કરેલું હોય છે. બાકીની બધી સ્થિતિ અનિકાચીત રૂપે રહેલી હોય છે. જ્યારે બાકીના તીર્થંકરો એજ તીર્થંકરોની વિપાકોદયની સ્થિતિ કેવળી પર્યાયથી શરૂ કરીને પોતાના ભોગવાતા આયુષ્ય સુધી તીર્થંકર નામકર્મનો ઉદય ભોગવાય છે એટલુજ નિકાચીત રૂપે હોય છે જેમકે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં અવસરપિણીકાળમાં છેલ્લા તીર્થંકર પરમાત્માઓનું ૭૨ વર્ષનું આયુષ્ય હોય છે તેમાં ૩૦ વર્ષે સંયમનો સ્વીકાર કરે છે, ૧૨ વર્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને ૨૦ વરસ સુધી કેવળી પર્યાયનો કાળ રહે છે. એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે ત્યાંથી શરૂ કરીને ૭૨ વરસ સુધી ભોગવાતા આયુષ્ય સુધી તીર્થંકર નામકર્મનો વિપાકોદય હોય છે. માટે એમનું તીર્થંકર નામકર્મ ૩૦ વરસ સુધીનું નિકાચીત ગણાય છે. ઉત્સરપિણી કાળમાં અવસરપિણી કાળ કરતાં વિપરીત રૂપે જાણવું. પહેલા તીર્થંકરનું ૭૨ વરસનું આયુષ્ય અને છેલ્લા તીર્થંકરનું ૮૪ લાખ પૂર્વવરસનું આયુષ્ય હોય છે. જ્યારથી આ જીવો ત્રીજે ભવે તીર્થંકરનામકર્મ બાંધે છે અને નિકાચીત કરે છે ત્યારથી સમયે સમયે અનિકાચીત રૂપે અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ બાંધતા જાય છે તે જ્યારે છેલ્લે ભવે તીર્થંકરપણે થાય અને ક્ષપકશ્રેણી માંડીને આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી રહેલા હોય ત્યાંસુધી એમનો બંધ સમયે સમયે ચાલુને ચાલુ જ હોય છે. છેલ્લે એ બધી સ્થિતિ એક સાથે ખપી જાય છે.

ત્રીજે ભવે જ્યારે નિકાચીત રૂપે બાંધેલી હોય ત્યારે અંતઃકોટાકોટી બાંધતા બાંધતા મોટાભાગના જીવો વૈમાનિક દેવલોકમાં ઉત્કૃષ્ટથી સંખ્યાતા સાગરોપમ કાળ સુધી સમયે સમયે એનો બંધ કર્યા જ કરે છે અને પ્રદેશોદયથી પણ એનો ભોગવટો પણ કરતા જાય છે. જે આત્માઓ નરકમાં ગયેલા હોય એ આત્માઓ ત્રણ સાગરોપમથી કાંઇક અધિક કાળ સુધી સમયે સમયે તીર્થંકર નામકર્મ બાંધતા જ જાય છે અને પ્રદેશોદય રૂપે ત્યાંપણ ભોગવતા જાય છે.

સભા૦ આ જીવોને નરકગતિમાં કેમ જવું પડે ?

પહેલે ગુણસ્થાનકે નરકાયુષ્ય બાંધેલું હોય છે માટે આ જીવોને નરકમાં જવું પડે છે. એવા આત્માઓ નરકમાં અસંખ્યાતા હોય છે. નરકમાં ગયેલા હોવાછતાંય એ જીવોને બીજા બધા નારકીના જીવો કરતાં દુઃખ ઘણું ઓછું હોય છે. જો તીર્થંકર પરમાત્માઓની જે ભવે તીર્થંકર નામકર્મ નિકાચીત કરવાના હોય એ ભવે પહેલા ગુણસ્થાનકે જાગ્રત રહેતા નથી અને પાપની તીવ્રતાના કારણે નરકનું આયુષ્ય બંધાય છે તો પછી આપણા જેવાની હાલત શું ? એ પણ ખાસ વિચારવા જેવું છે. ખ્યાલ છે ને શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના આત્માએ વિશ્વભૂતિના ભવમાં માસખમણને પારણે માસખણ જીંદગીભર સુધી કરીને અગ્યાર અંગનો અભ્યાસ કરીને એકાકી વિહાર કરતા થયા અને પોતાનું જીવન સુંદર રીતે જીવી રહેલા છે. એમાં વિશાખાનંદી મળ્યા અને તે વખતે ગાયે શીંગડુ માર્યું અને મહાત્મા પડી ગયા એ જોઇને વિશાખાનંદી હસ્યા એમાં છઠ્ઠા ગુણસ્થાનકનો અને સાતમા ગુણસ્થાનકનો પરિણામ પણ નાશ પામ્યો અને તે વખતે પહેલે ગુણસ્થાનકે જઇ નિયાણું કર્યું કે જો મારા તપ અને સંયમનું મને ફળ મળતું હોય તો હું આને મારનારો થાઉં અને તે વખતે જે ગાયે શીંગડાથી પાડી નાંખેલા એ ગાયનું શીંગડુ પકડી એને અધ્ધર કરી ત્રણવાર ભમાવી આકાશમાં ઉછાળી છે. એનાથી સાતમી નારકીમાં દુઃખ ભોગવવા લાયક કર્મોનો અનુબંધ નિકાચીત રૂપે બાંધ્યો. ત્યાંથી એ મહાત્મા દેવલોકમાં ગયા છે અને ત્યાંથી ત્રિપુષ્ટ વાસુદેવ થયા એ વાસુદેવના ભવમાં જે કર્મો નિકાચીત રૂપે સાતમી નારકીમાં લઇ

જવાલાયક બાંધેલા હતા એ ઉદયમાં આવ્યા એના પ્રતાપે સિંહને બે હાથથી ફાડી નાંખ્યો. સંગીતના રસના કારણે જે પહેરેગીર રાખેલો હતો એના કાનમાં તપાવેલું શીશુ રેડાવી મારી નાંખ્યો. આ રીતે અનેક પાપ કરીને સાતમી નારકીમાં ગયા અને એ સંગીતના રાગના કારણે તપાવેલું શીશુ કાનમાં નાખીને આનંદ પામ્યા એના પ્રતાપે સત્યાવીશમા ભવે સંયમપર્યાય પાળી રહેલા છે તે વખતે ગોવાળીયાના હાથે કાનમાં ખીલા ઠોકાણાં. એ ખીલા ઠોકાવવાનું કર્મ નિકાચીત રૂપે ત્રિપુષ્ઠ વાસુદેવના ભવમાં બાંધ્યું.

અવ્યવહાર રાશિમાં તીર્થંકર પરમાત્માઓના આત્માઓની એક જાતિ આખી જુદી હોય છે. ગણધર ભગવંતોના આત્માઓની યુગપ્રધાન આચાર્ય ભગવંતોની શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોની એમ જેટલી રીતે સિધ્ધિ ગતિમાં જીવો જાય છે એ દરેકના આત્માઓની જાતિ અવ્યવહાર રાશિમાં ભિન્ન ભિન્ન રૂપે રહેલી હોય છે અને દરેક જાતિમાં અનંતા અનંતા જીવો રહેલા હોય છે. તીર્થંકરના આત્માઓને અવ્યવહાર રાશિમાં પણ પરાર્થ વ્યસનીપણું એ ગુણ સ્વભાવ સિધ્ધ રૂપે રહેલો હોય છે. જેમ પથ્થરની ખાણ હોય અને સાથે રત્નની ખાણ હોય બંન્નેમાંથી જ્યારે એ પથ્થર રૂપે કાઢવામાં આવે ત્યારે બંન્ને પથ્થરો માટીથી યુક્ત થયેલા હોય છે. એમાં એના જેવો જાણકાર જીવ હોય તો એ પથ્થરોને જોઇને આ પથ્થર રૂપે પથ્થર છે અને આ રત્ન રૂપે પથ્થર છે એમ ઓળખાણ કરી શકે. એવી રીતે જ્યારે અવ્યવહાર રાશિમાંથી તીર્થંકરના આત્માઓ વ્યવહાર રાશિમાં આવે અને ક્રમસર આગળ વધતા જાય ત્યારે એમનામાં પરાર્થવ્યસનીપણાનો ગુણ સહજ રીતે ખીલતો જાય છે માટે એ આત્માઓનું તથાભવ્યત્વ એવા પ્રકારે ચાલતુ જ હોય છે.

તીર્થંકરના આત્માઓને નરકગતિમાં તીર્થંકરનામકર્મના પ્રદેશોદયના કારણે શુભ પુદ્ગલોનો આહાર હોય છે. માત્ર નરકગતિમાં જે રહેલા છે એને ક્ષેત્રજન્ય જે વેદનાઓ છે એ એમને હોય છે. પણ પરસ્પર નારકીની વેદનાઓ, પરમાધામી જીવોની વેદનાઓ એ બધી વેદનાઓનું દુઃખ તીર્થંકર પરમાત્માના આત્માઓને હોતું નથી.

આરાધના કરતાં કરતાં આપણું મિથ્યાત્વ જો મંદ પડેલું હોય તો આપણે બીજાના દુઃખે દુઃખી એટલે કે પોતાની સામગ્રીથી બીજાનું દુઃખ દૂર થઇ શકે એવી શક્તિ હોય તો દુઃખ દૂર કર્યા વગર રહી શકીએ નહિ. એવો ગુણ તો આપણામાં ખરો કે નહિ ? એની સાથે સાથે બીજાના સુખે આપણુ હૈયું સુખી બને એવું થાય છે કે નહિ ? કોઇપણ જીવોને આપણા કરતાં અધિક સુખી જોઇએ અથવા આપણા જેટલો સુખી જોઇએ તેની સુખની સામગ્રી જોઇને અંતરમાં આનંદ પેદા થાય ને ? જો આપણને ઇર્ષ્યા આવતી હોય, બીજાની અધિક સામગ્રી સુખની જોઇને બળાપો થતો હોય તો સમજી લેવાનું કે આરાધના કરવા છતાંય મિથ્યાત્વની મંદતા હજી થયેલી નથી અને એનાથી આગળ વધીને જો મિથ્યાત્વની મંદતા થયેલી હોય તો સામો જીવ ગમે તેટલું કષ્ટ આપે તો પણ એ કષ્ટ વેઠીને એને સુખ થતું હોય તો એને સુખી કરવા પ્રયત્ન કરીએ એવું પણ બને છે ખરું ?

સભા૦ આવી રીતે જો કરવા જઇએ તો આપણને કષ્ટ આપીને સુખ લેવાવાળા ઘણા છે તો શું કરવું ?

એની ચિંતા કરવાની નહિ. જ્યાંસુધી આપણી તાકાત હોય અને કષ્ટ કરવામાં સમાધિ રહેતી હોય ત્યાંસુધી કષ્ટ સહન કરીને બીજાને સુખી કરવાની ભાવના ચાલુ જ રાખવાની છે. જેમકે ઋષભદેવ ભગવાનનો આત્મા પહેલા ભવમાં ધનાસાર્થવા નામનો સાર્થવાહ હતો. એમનામાં જે ગુણોની ખીલવટ પેદા થયેલી કે બીજાના દુઃખે એમનું હૈયું દુઃખી થતું હતું. બીજાના સુખે એમનું હૈયુ સુખી બનતું હતું અને પોતે કષ્ટ વેઠીને પણ બીજાને સુખી કરવા પ્રયત્ન કરતા હતાં અને એના કારણે જ ગુરૂભગવંતનો ભેટો થયો અને ગુરૂભગવંતને ઘી વહોરાવતા વહોરાવતા સમકિતની પ્રાપ્તિ થઇ.

જે આત્માઓ તીર્થંકર ન થવાના હોય એ આત્માઓએ અનિકાચીત તીર્થંકર નામકર્મ બાંધ્યુ હોય તો એના પ્રદેશોદયથી ગણધરપણાને યુગપ્રધાન આચાર્યપણાને શાસનપ્રભાવક આચાર્યપણાને અને સંઘપતિપણાને પ્રાપ્ત કરી શકે છે. આ બધા જે કંઇ ગણધરાદિ વિશિષ્ટ ગુણયુક્ત જીવોનું જીવન જે

હોય છે તે તીર્થંકર નામકર્મનો અનિકાચીત રૂપે બાંધેલું હોય એનો પ્રદેશોદય કામ કરે છે. માટે આ બધા ગુણો એ પદમાંથી પેદા થાય છે. વર્તમાનમાં એમાંનો એકે ગુણ ન દેખાતો હોય પણ ભૂતકાળમાં એ જીવ સમકિત પામેલો હોય તો એ સમકિતની હાજરીમાં તીર્થંકર નામકર્મ અનિકાચીત રૂપે બાંધેલું હોય એમ માની શકાય. કારણ કે અનિકાચીત રૂપે તીર્થંકરનામકર્મ સમકિતની હાજરીમાંજ બંધાય છે. આના ઉપરથી વિચાર કરો કે જૈનશાસનમાં ગુણોની મહત્તા કેટલી બધી છે. આટલી મહત્તા તીર્થંકરનામકર્મ માટે જ્ઞાની ભગવંતો મૂકે છે એ કંઇ ઓછી છે ? અનિકાચીત વાળાને આવી પદવીઓ જો પ્રાપ્ત થઇ શકતી હોય તો નિકાચીત તીર્થંકર નામકર્મ એ શું કરે એમાં કંઇ વિચારવા યોગ્ય છે ખરું ? આજે જે શેઠ, શાહુકારો વગેરે કહેવાય છે એ ગુણયુક્ત શેઠ, શાહુકાર નથી.

સભા૦ એક તીર્થંકરનો આત્મા બીજા તીર્થંકરના આત્માને મળી શકે ખરો ?

તીર્થંકર તીર્થંકરના ભવમાં જ્યારે તીર્થંકર રૂપે થતા હોય તો એક તીર્થંકરનો આત્મા બીજા તીર્થંકરને મળી શકતા નથી અને એ તીર્થંકરના આત્માઓ સમકિત પામ્યા પછી પડીને સંસારમાં પરિભ્રમણ કરે તો એકેન્દ્રિયપણામાં શુભ પૃથ્વીકાય રૂપે, શુભ અપ્કાય રૂપે અને સારી સારી પ્રત્યેક વનસ્પતિકાય રૂપે એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થઇ શકે છે અને પંચેન્દ્રિયપણામાં સારા તિર્યંચોને વિષે અને મનુષ્યોને વિષે, દેવોને વિષે અને પચીત નરકને વિષે ઉત્પન્ન થઇ શકે છે પણ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિયપણામાં એ આત્માઓ પરિભ્રમણ કરતા નથી. આજ એ તીર્થંકર નામકર્મની વિશેષતા કહેલી છે.

તીર્થંકર નામકર્મ બાંધવા માટે સમકીતની હાજરી જોઇએ એમ મોટેભાગે પહેલા સંઘયણની હાજરી પણ જોઇએ છે. એટલે કે પહેલા સંઘયણના ઉદયકાળમાં તીર્થંકર નામકર્મ બાંધી શકે અને નિકાચીત કરી શકે. રાવણ અને લક્ષ્મણ અત્યારે ચોથી નારકીમાં છે. એ જીવોએ અનિકાચીત તીર્થંકર

નામકર્મ બાંધેલું છે અને જ્યારે એ ત્યાંથી મનુષ્યાદિ ગતિમાં પરિભ્રમણ કરતાં પોતાના તીર્થંકરના ભવથી ત્રીજે ભવે તીર્થંકર નામકર્મની નિકાચના કરશે અને તીર્થંકર રૂપે ઉત્પન્ન થશે.

તીર્થંકર નામકર્મ નિકાચીત કરતા પહેલા જે આત્માઓએ ભવનપતિનું આયુષ્ય બાંધેલું હોય તો એ આત્માઓ તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને પોતાનું ભોગવાતુ આયુષ્ય પૂર્ણ કરી ભવનપતિમાં દેવપણે ઉત્પન્ન થાય છે. પણ એ ભવનપતિના દેવના ભવમાં તીર્થંકર નામકર્મનો બંધ હોતો નથી માટે ત્યાં બાંધતા નથી. પોતાનું દેવનું આયુષ્ય જેટલું છે એટલુ ભોગવાય ત્યાંસુધી તીર્થંકર નામકર્મ બાંધતા નથી. ત્યાંથી મનુષ્યપણાને પામે ત્યારથી તીર્થંકર નામકર્મનો બંધ શરૂ થાય છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે જીવનમાં કદાચ પાપ થઇ જાય પણ એ પાપના વખાણ કરવા નહિ. એ પાપના વખાણ કરવાથી અને એનો આનંદ કરવાથી કર્મો નિકાચીત બંધાય છે. જેમકે ખંધક મુનિએ આગલા ભવમાં કોઠીમડાની છાલ ઉતારતા એવી સુંદર છાલ ઉતારી કે એમના સાથીદાર અને સહવાસી જેટલા જીવો હતા એ બધાને એ કોઠીમડુ બતાવતા બતાવતા બોલ્યા કે મેં કેટલી સરસ છાલ ઉતારી છે. એક રેસો પણ રહેવા દીધો નથી. એ રીતે વખાણ કરતાં કરતાં સાથીદારો પણ એના વખાણ કરતાં જાય છે અને એમાં આનંદ પામે છે એના પ્રતાપે એમને બીજે જ ભવે ખંધક મુનિના ભવમાં જીવતા પોતાની ચામડી ઉતરે એવું નિકાચીત કર્મ બાંધ્યું અને જીવતા એમની છાલ ઉતરી પણ સમતાભાવ એવો ઉંચી કોટિનો પ્રાપ્ત કર્યો કે જેના પ્રતાપે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી, અનશન કરીને દુષ્કૃતોની ગ્રહા કરી સુકૃતોની અનુમોદના કરી, અંતર્મુહૂર્તમાં ક્ષપકશ્રેણી માંડી ચારે ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, આયુષ્ય પૂર્ણ કરીને સિધ્ધિ ગતિને પામ્યા. આ જીવે પોતે પોતાના આત્માને સમતાભાવમાં એવી રીતે કેળવી લીધેલો છે કે જેના કારણે જીવતા ચામડી ઉતારનારા ઉતારે છે એની વેદના પણ થાય છે તો પણ ચામડી ઉતારનારા સેવકોને કહે છે કે

મારા શરીરમાં લોહી, માંઉસ નથી એકલા હાડકા જ છે. માટે તમને કોઇપણ જાતની ચામડી ઉતારતા તકલીફ ન થાય એ રીતે તમે કહો એ રીતે હું ઉભો રહું. આવા ચામડી ઉતારનારા મનુષ્યોને પોતાના ભાઇ કરતાં પણ ઉપકારી છે એમ માને છે અને એના પ્રતાપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શક્યા.

તીર્થંકર નામકર્મનો વિપાકોદયથી ઉદય તેરમા ગુણસ્થાનકે અને ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે. જ્યારે પ્રદેશથી ઉદય ચોથા ગુણસ્થાનકથી શરૂ થઇને જ્યાંસુધી તેરમા ગુણસ્થાનકને ન પામે ત્યાંસુધી ચાલુને ચાલુ જ હોય છે. વિપાક એટલે પોતાના સ્વરૂપથી ઉદયમાં આવવું તે અને પ્રદેશોદય એટલે પોતાના સ્વરૂપે કે ઉદયમાં ના આવતા બીજાના સ્વરૂપે ઉદયમાં આવવું તે એ તીર્થંકર નામકર્મનો પ્રદેશોદય પરાઘાત નામકર્મની પ્રકૃતિમાં ઉચ્છવાસ નામકર્મની પ્રકૃતિમાં, અગુરૂલઘુ નામકર્મની પ્રકૃતિમાં નિર્વાણ નામકર્મની પ્રકૃતિમાં, આદેય નામકર્મની પ્રકૃતિમાં અને યશ નામકર્મની પ્રકૃતિમાં એના રસનો વધારો થતો જાય છે એને પ્રદેશોદય કહેવાય છે. તીર્થંકર નામકર્મનો બંધ કરનારા દરેક જીવોના અધ્યવસાય એક સરખા હોતા નથી. કેટલાય જીવોના અધ્યવસાય એકદમ વિશુધ્ધ હોય છે જ્યારે કેટલાક જીવોના અધ્યવસાય એટલા વિશુધ્ધ રૂપે હોતા નથી એવું પણ બને છે. જ્યારે જીવો ક્ષપક શ્રેણી શરૂ કરે અને નવમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી સમયે સમયે ભૂતકાળમાં જે જીવો આ ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સિધ્ધિ ગતિમાં ગયા વર્તમાનમાં જે જીવો આ ગુણસ્થાનકને પામે છે અને ભવિષ્યમાં અનંતાકાળ સુધી જેટલા જીવો આ ગુણસ્થાનકને પામશે એ દરેકના અધ્યવસાય વિશુધ્ધિ રૂપે એક સરખાજ હોય છે. જ્યારે બાકીના ગુણસ્થાનકોમાં એકસરખા અધ્યવસાયો હોતા નથી.

એકથી છ ગુણસ્થાનક સુધી અશુભ લેશ્યાનો પરિણામ હોય છે. ત્રીજી નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય દશ સાગરોપમનું હોય છે પણ ત્યાં કૃષ્ણલેશ્યા હોતી નથી પણ કાપોતલેશ્યા હોય છે. ક્ષયોપશમ સમકીતવાળા જીવોને ક્ષાયિક સમકીત પામવા માટે દર્શનમોહનીય કર્મની સાત પ્રકૃતિઓ જે દર્શન સપ્તક

રૂપે કહેવાય છે એનો ક્ષય કરી શકે છે પણ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય એ જીવો નરકાયુષ્ય બાંધેલું હોય તે ભવમાં કરી શકતા નથી. શ્રીપાળ મહારાજાએ પૂર્વભવમાં શ્રીકાંત નામનો રાજા હતો તે વખતે શિકાર કરવા માટે જંગલમાં જતો હતો એમાં એકવાર પોતાના મિત્રોથી દૂર નીકળી ગયા અને હરણની પાછળ દોડે છે ત્યાં નદીના કાંઠે એક મહાત્માને ઉભેલા જોયા, અંતરમાં એકદમ તીવ્ર ગુસ્સો પેદા થયો અને ઘોડા ઉપરથી ઉતરીને મહાત્માને નદીમાં ફેંકી દીધા તે વખતે એમને સમુદ્રમાં ફેંકાવા જેવું કર્મ બાંધ્યું. પણ મહાત્માને ડુબતા જોયા કે તરત જ અંતરમાં વિચાર આવે છે કે આ મહાત્મા ડુબીને મરી જશે. એટલે તરતજ ઉપાડીને બહાર કાંઠા ઉપર મૂક્યા. આનાથી જે એમને સારો પરિણામ પેદા થયો એના કારણે એ શ્રીકાંત રાજાને શ્રીપાળના ભવમાં સમુદ્રમાં ફેંકાયા પછી કિનારે પહોંચી શક્યા. કારણ કે જે વખતે ધવલ શેઠીયાએ વહાણમાંથી શ્રીપાળ મહારાજાને સમુદ્રમાં નાંખ્યા તે વખતે ત્યાં નીચે મોટો મગર પસાર થતો હતો એ મગરની પીઠ ઉપર પડ્યા. મગરને થયું કે મારી ઉપર કોઇ મને મારવા માટે મોટું જનાવર પડ્યું છે. એટલે જલ્દી દોડતો દોડતો કોંકણ દેશના કિનારે જઇ અને પીઠ ઉપરથી એને ઠાલવી દીધું. આ રીતે શ્રીપાળ રાજાનો જીવ કોંકણ દેશના કિનારે બહારના ભાગમાં રહ્યા છે અને બચી જાય છે. આજે આપણો મોટો કાળ જે રીતે જીવન જીવી રહેલા છીએ એ રીતે જો વિચાર કરીએ તો અશુભ પરિણામનો કાળ વિશેષ જતો હોય એમ લાગે છે. શુભભાવવાળો કાળ જો વિચારીએ તો સ્વાર્થ પરિણામ પૂર્વકના શુભ વિચારો વિશેષ હોય છે. નિઃસ્વાર્થ ભાવના શુભ પરિણામ આખા દિવસમાં આપણા અંતરમાં કેટલા પેદા થાય છે એ આપણે રોજ વિચારવાનું છે. જો નિઃસ્વાર્થ ભાવને બદલે સ્વાર્થ સાથે એ સારા પરિણામ ભરે તો સારા પરિણામનું જે ફળ મળવું જોઇએ તે ફળ મળી શકતું નથી. જીવનમાં જે કંઇ આરાધના કરો છો એ આરાધના કરવાનો સમય નિશ્ચિત કરેલો છે ખરો ? જો એ આરાધનાના સમયમાં સંસારનું કોઇ મહત્વનું કારણ આવી જાય તો આરાધનાને ગૌણ કરીને તે વખતે સંસારનું કાર્ય કરો છો ને ? કે એ ટાઇમે

સંસારનું કાર્ય ગૌણ જ બનાવો છો ? આ પણ ખુબ વિચારવાનું છે. ઘેર બેઠા બેઠા સારા પરિણામ તમે કંઇ પેદા કરવાના નથી. કારણ કે ઘરે ગયા પછી અશુભ કામની પ્રવૃત્તિઓ એટલી બધી લઇને બેઠેલા હો છો કે તમે છોડી શકવાના નથી.

તીર્થંકર નામકર્મની સત્તા પહેલા ગુણસ્થાનકે એક અંતર્મુહૂર્ત સુધીજ હોય છે. બીજા અને ત્રીજા ગુણસ્થાનકે એની સત્તા હોતી નથી અને ચોથા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી તીર્થંકર નામકર્મની સત્તા હોય છે. આ રીતે તીર્થંકર નામકર્મ પૂરું થયું.

## ૭. નિર્માણ નામકર્મ

જે કર્મના ઉદયથી જીવો પર્યાપ્ત થયા પછી અને અપર્યાપ્ત અવસ્થામાં આહારના પુદ્ગલોને ગ્રહણ કરતો કરતો રસરૂપે પરિણમાવી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરીને એમાંથી શરીર બનાવતો જાય, શરીરને જોઇતા અંગોપાંગ બનાવતો જાય એ અંગોપાંગને યથાસ્થાને ગોઠવવાનું કર્મ તેને નિર્વાણ નામકર્મ કહેવાય છે એટલે કે એ રસવાળા પુદ્ગલોથી જે જે અંગોપાંગના સ્પેરપાર્ટ બનાવેલા હોય એને કઇ જગ્યાએ ક્યાં ગોઠવવા એનો નિર્ણય આ નિર્વાણ નામકર્મ કરે છે. જેવા રસવાળું નિર્વાણ નામકર્મ બાંધ્યું હોય એવા રસપૂર્વક અંગોપાંગની ગોઠવણ શરીરને વિષે પ્રાપ્ત થાય છે.

અત્યારે બધા જે વિશિષ્ટ અંગોપાંગ વાળા જીવો પેદા થાય છે એમાં કેટલાક જીવોને એક આંખ હોય અને એક આંખ નથી હોતી. કેટલાકને એક આંખ મોટી હોય અને એક આંખ ઝીણી હોય. કોઇને એક કાન દબાયેલો હોય, બીજો કાન ખુલ્લો હોય, કોઇને શરીરને વિષે બે પગમાંથી એકે પગ ન હોય અને કમરથી ઉપરનું બધુ શરીર હોય, કેટલાક જીવોને એક હાથ હોય છે અને એક હાથ નથી હોતો. લાંબા-ટુંકા હાથ પગ વગેરે પણ પ્રાપ્ત થાય છે. આ બધુ જે કાંઇ બને છે એ નિર્વાણ નામકર્મ જેવા રસવાળું બાંધેલું હોય એવા રસ પ્રમાણે અંગોપાંગ નામકર્મથી જેવા અંગોપાંગ

બનાવેલા હોય એવી રીતના એ અંગોપાંગની ગોઠવણ થાય છે. જેમકે મિસ્ત્રી સારો હોય તો ફર્નીચર સારૂં બનાવે. સામાન્ય મિસ્ત્રી હોય તો ફર્નીચર એને અનુરૂપ બનાવે. ગમે તેવો મિસ્ત્રી કે એક્સપર્ટ હોતા નથી માટે પહેલા અંગોપાંગ તૈયાર થાય એને ગોઠવવાનું કામ આ મિસ્ત્રીની જેમ નિર્વાણ નામકર્મ કરે છે. આ નિર્વાણ નામકર્મ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાયા કરે છે માટે એ ધ્રુવબંધી પ્રકૃતિ કહેવાય છે. પહેલા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનકના અંત સમય સુધી સતત એનો ઉદય રહેલો હોય છે માટે એ ધ્રુવોદયી પ્રકૃતિ કહેવાય છે. પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી સતત સત્તામાં હોય છે માટે એ ધ્રુવસત્તા પ્રકૃતિ કહેવાય છે. આ રીતે આ નિર્વાણ નામકર્મ આજે મનુષ્યગતિને વિષે અનેક પ્રકારની વિચિત્રતાવાળું પ્રત્યક્ષ દેખાય છે. એવીજ રીતે તિર્યંચગતિને વિષે નિર્વાણ નામકર્મ પણ અનેક પ્રકારની વિચિત્રતાવાળું પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ તેમજ નરકગતિમાં રહેલા જીવોને વૈક્રીય શરીરથી જે અંગોપાંગની પ્રાપ્તિ થયેલી હોય એ અંગોપાંગ પણ નિર્વાણ નામકર્મનો રસ ઉદયમાં મંદ કોટીનો રહેલો હોવાથી બધા અંગોપાંગ વિચિત્ર રીતે ગોઠવાયેલા હોય છે. દેવગતિમાં રહેલા દેવોના જીવોને નિર્વાણ નામકર્મનો રસ શુભરૂપે ઉદયમાં રહેલો હોવાથી એમના શરીરને વિષે અંગોપાંગ સારી રીતે ગોઠવાયેલા હોય છે. આ રીતે પ્રત્યેક નામકર્મના સાતભેદ પૂર્ણ થયા.

## ત્રસ નામકર્મના ૧૦ ભેદોનું વર્ણન

(૧) ત્રસનામકર્મ, (૨) બાદરનામકર્મ, (૩) પર્યાપ્તનામકર્મ, (૪) પ્રત્યેકનામકર્મ, (૫) સ્થિરનામકર્મ, (૬) શુભનામકર્મ, (૭) સુભગનામકર્મ, (૮) સુસ્વરનામકર્મ (૯) આદેયનામકર્મ અને (૧૦) યશનામકર્મ.

## (૧) ત્રસનામકર્મનું વર્ણન

જે કર્મના ઉદયથી જીવોને સુખ મેળવવાની ઇચ્છાથી અને દુઃખના

નાશની ઇચ્છાથી એક સ્થાનેથી બીજે સ્થાને જવા માટેની શક્તિ પ્રાપ્ત થાય એટલે કે જઇ શકે અને એ જતા થોડીઘણી પ્રતિકૂળતા દૂર કરી શકે અને થોડીઘણી સુખની સામગ્રીને પ્રાપ્ત કરી શકે એને ત્રસનામકર્મ કહેવાય છે. આ નામકર્મનો ઉદય બાદર નામકર્મવાળા જીવોનેજ હોય છે. ગમે તેટલા સૂક્ષ્મ રૂપે આંખેથી ન જોઇ શકાય એવા કુંથુ વગેરે જીવો પેદા થયેલા હોય એમનું શરીર જલ્દી હલન ચલન ન કરી શકે એવું પણ દેખાતુ હોય અને લાંબાકાળ સુધી સ્થિર રહેલા હોય એવા પણ જણાતા હોય તો પણ એ જીવો બાદર નામકર્મના ઉદયવાળા કહેવાય છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જે રાત્રિએ નિર્વાણ પામ્યા તે રાત્રિએ જગતને વિષે એવા સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ પેદા થઇ છે કે જે જીવોને આંખેથી જોઇ શકાય નહિ, હલન-ચલન કરી શકે નહિ, થોડીકવાર ઉભા રહીને જોઇએ તોજ ખબર પડે કે આ બાદર જીવો છે. આવા જીવોની ઉત્પત્તિ થોડા મહિનાઓ સુધી ચાલુને ચાલુ રહેલી હતી તે વખતે હાલવા-ચાલવામાં આવા જીવોની વિરાધાન ઘણી થતી હતી માટે એ વિરાધનાથી બચવા માટે ઘણા સાધુ-સાધ્વી ભગવંતોએ અનશનનો સ્વીકાર કરી પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું. કારણ કે ત્રસ નામકર્મના ઉદયવાળા કુંથવા વગેરે જીવો થોડુક ચાલે પાછા અટકી જાય હલન-ચલન કરે પાછા સ્થિર થઇ જાય. આવી રીતે વારંવાર એવા જીવોને જોતા સાધુ-સાધ્વી ભગવંતોને એમ થયું કે અત્યારે હલન-ચલન કરીશું તો એ જીવો પગ નીચે આવી જશે તો મરી જશે. આવી વિચારણા કરીને હલન-ચલન પણ બંધ કરીને પોતાના આત્માનું કલ્યાણ સાધવા માંડ્યું. જ્યાંસુધી ભગવાન હયાત હતા ત્યાં સુધી એમના અતિશયના પ્રતાપે આવા જીવોની ઉત્પત્તિ પેદા થયેલી નહોતી. અતિશયવાળા પુણ્યશાળી જીવો જગતને વિષે નાશ પામે એટલે આવા જીવોની યોનિ તરતજ પ્રાપ્ત થાય અને એ જીવો ઉત્પન્ન થઇ જાય છે. આ ત્રસનામકર્મ પુણ્યરૂપે પ્રકૃતિ એટલા માટે કહેવાય છે કે જીવ જો આ પુણ્યરૂપી પ્રકૃતિથી આત્મકલ્યાણ સાધવા માંગે તો એક સ્થાનેથી બીજે સ્થાને જતા સુખની ઇચ્છાનો નાશ કરીને ભગવાનની આજ્ઞા

મુજબ ઇર્યાસમિતિનું પાલન કરતાં કરતાં કોઇપણ જીવની હિંસા ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવતા થાય અને એ જીવોને બચાવવા માટે ગમે તેટલી પ્રતિકૂળતા આવે, પરિસહો વેઠવા પડે, ઉપસર્ગો વેઠવા પડે તો વેઠવાની તૈયારી રાખીને ત્રસનામકર્મના ઉદયથી ઉપયોગ પૂર્વક ઇર્યાસમિતિ પાળતા પાળતા અત્યાર સુધીમાં અનંતા જીવોએ ક્ષપકશ્રેણી માંડી, મોહનો નાશ કરી વીતરાગ દશાને પામી, કેવળજ્ઞાનને પામીને અઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરી સિધ્ધિ ગતિને પામ્યા છે. વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉપયોગ પૂર્વક ઇર્યાસમિતિનું પાલન કરતાં કરતાં કંઇક જીવો છઠ્ઠા સાતમા ગુણસ્થાનકના પરિણામને પામીને પોતાના આત્માનું કલ્યાણ સાધી રહેલા છે અને કેટલાય જીવો ક્ષપક શ્રેણી માંડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી મોક્ષમાં પણ જઇ રહેલા છે. અત્યારે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે પાંચમો આરો ચાલતો હોવાથી ઇર્યાસમિતિનું પાલન કરતાં કરતાં છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી રહેલા હોય છે અને સાતમા ગુણસ્થાનકને પણ પ્રાપ્ત કરી શકે છે પણ આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતા નથી.

બોલો ભાઇ ચાલવાની શક્તિ આપણને પ્રાપ્ત થઇ છે એનો ઉપયોગ સુખ મેળવવા માટે કરીએ છીએ કે આત્મકલ્યાણ માટે કરીએ છીએ ? જેમકે અહિંયા અત્યારે બેઠા છીએ અને જો સ્થાન પ્રતિકૂળ લાગે તો આપણે ત્યાં સમતાપૂર્વક પ્રતિકૂળતાને વેઠીએ ખરા ? કે અનુકૂળતા માટે ઝટ દઇને ઉભા થઇને ચાલવાની શક્તિ જે પ્રાપ્ત થઇ છે એનો ઉપયોગ કરી અનુકૂળતાને પ્રાપ્ત કરીએ. પ્રતિકૂળતામાં કોઇ વિચાર આવે કે આમ ઉભી કરીને પ્રતિકૂળતાને વેઠત નહિ પણ સામેથી આવી પડી છે તેને શાંતિથી વેઠી લઉં એવો કોઇ વિચાર આવે ખરો ? સાવદ્ય પ્રવૃત્તિ માટે ગમણા ગમણ કરતો હોય અને એમાં જો ઇર્યાસમિતિ પાળતા પાળતા ચાલતો હોય તો સાવદ્ય પ્રવૃત્તિને પણ નિર્વદ્ય રૂપે બનાવી શકે છે. પણ એ ક્યારે બને ? અંતરમાં સુખની પ્રધાનતાને બદલે ધર્મની પ્રધાનતા જોઇએ. આત્માના કલ્યાણની જ પ્રધાનતા અંતરમાં હોય તો શાસ્ત્ર કહે છે કે ઇર્યાસમિતિ પાળતો પાળતો,

જોતો જોતો ચાલતો હોય, કોઇ જીવ મારાથી મરી ન જાય એની કાળજી રાખીને ચાલતો હોય અને કદાચ કોઇ જીવ પગ નીચે આવી જાય અને મરણ પામે તો પણ એ જીવને હિંસાનું પાપ લાગતું નથી અને ચાલતા ચાલતા સંસારના વિચારો કરતાં કરતાં ચાલતા હોય અને તે વખતે કોઇ જીવ ન મરે છતાં પણ જીવની હિંસાનું પાપ લાગે છે. ઘરેથી નીકળીને બજારમાં આજીવિકા માટે પૈસાનુ સાધન મેળવવા માટે જતા હોય તો તે વખતે આ મારે ભરણપોષણ કરવા માટે જવું પડે છે માટે જવું છું, ક્યારે એવો દિવસ આવે કે બજારમાં જવાનુ બંધ થઇ જાય. આવી વિચારણા રાખીને બજારમાં જાય તો સાવદ્ય પ્રવૃત્તિ કરવા છતાં જીવને અલ્પકર્મબંધ થાય છે. એની સાથે સાથે ધર્મમાર્ગે પરિવાર જોડાય અને સારી રીતે ધર્મ કરતાં કરતાં ધર્મમાં સ્થિર થાય એવો વિચાર જોઇએ. આના સિવાયનો બીજો કોઇ વિચાર કે હેતુ અંતરમાં હોવો જોઇએ નહિ. શાસ્ત્ર કહે છે કે શ્રાવકને કમાવવા જતી વખતે આવા ભાવ જોઇએ. આજે વર્તમાનમાં તમે પૈસો કમાવવા જતા અંતરમાં આત્મકલ્યાણની પ્રધાનતા ન હોવાથી, સુખની પ્રધાનતા રહેલી હોવાથી જેમ જેમ કમાણી થતી જાય તેમ તેમ તમને આનંદ પેદા થતો જાય છે અને આત્મકલ્યાણની વાત અંતરમાં તમને સ્મશાન વૈરાગ્ય જેવી લાગે છે. શાસ્ત્ર કહે છે કે આ રીતે કુટુંબને સુખી કરવાનો ભાવ અને અને માટે પૈસા મેળવીને આનંદ પામવાનો ભાવ એ મિથ્યાત્વ કહેવાય છે. કુટુંબ ધર્મમાર્ગે જોડાય એ માટે પૈસાની વૃધ્ધિ પણ કરવી પડે, પૈસાને સાચવવા પણ પડે આ બધું જીવનમાં સાવદ્ય ક્રિયા ચાલુ પણ રાખવી પડે. પણ એમાં રોજ આત્મા સાવચેત રહેતો હોય કે આ કરું છું એ કરવા ખાતર કરું છું મારું કુટુંબ ધર્મરહિત ન બની જાય અને ધર્મ પામીને સ્થિર થાય એ માટે એ જે માંગે છે તે લાવીને આપું છું. બાકી આ બધાને સાચવવા જેવા નથી. કારણ કે જો એમના રાગાદિ પરિણામ કરતો રહીશ તો મને દુર્ગતિમાં લઇ ગયા વગર રહેશે નહિ માટે ત્રસ નામકર્મના ઉદયથી ત્રસપણાની પ્રાપ્તિ થઇ છે, હાલવા-ચાલવાની શક્તિ જે પેદા થઇ છે એનો ઉપયોગ પોતે ધર્મ પામવા માટે કરે, પોતાના ગણાતાને ધર્મ પમાડવા

માટે કરે અને પોતે તેમજ પોતાનાને ધર્મમાં સ્થિર કરવાની ભાવનાથી એવી શક્તિ પેદા કરવા માટે જે કરવું પડે તે કરતો હોય. શાસ્ત્ર કહે છે કે ઘરવાળાનું મોઢું કેટલું ? એને તમે દર મહિને થોડુક ખરચવા માટે આપી દો એટલે પછી બીજી કોઇપણ ચીજ માંગશે નહિ. જેમકે દાખલા તરીકે મહિનામાં જે તમારી કમાણી હોય એમાંથી બસો રૂપિયા કે પાંચસો રૂપિયા એને એના હાથમાં એવુ કહીને આપવા કે આ તમારા પોતાના સ્વતંત્ર છે. તમારે પોતાને સ્વતંત્ર ખરચવા માટે આ આપીએ છીએ. એનો તમારે જે રીતે ઉપયોગ કરવો હોય એ રીતે કરી શકો છો. તો એમને પછી બીજી કોઇપણ ચીજ માંગવા કરવાની ઇચ્છા પેદા થશે નહિ. ધર્મ પમાડવાના હેતુથી આ રીતે કરે તો કોઇ બાધ નથી.

સભા૦ ચેલના રાણીએ શ્રેણિક મહારાજા પાસે રત્નકંબળ માંગી હતી ને ? તો પણ શ્રેણિક મહારાજાએ ના પાડી.

શ્રેણિક મહારાજાએ ના પાડી હતી એનું કારણ ઘરમાં ઘણી રત્નકંબલો પડેલી છે અને જે રત્નકંબલો વેચવા માટે વેપારીઓ આવેલા હતા એની કિંમત શ્રેણિક મહારાજાને અધિક લાગી માટે ના પાડી. પણ જ્યાં ચેલનાયે યાદ કરાવ્યું એટલે તરતજ માણસને પૈસા આપીને વેપારીઓ પાસે રત્નકંબળ લેવા માટે મોકલ્યા છે અને તે વખતે વેપારીઓએ કહ્યું કે અમારી બધી સોળે સોળ રત્નકંબળો શાલીભદ્રની માતા ભદ્રામાતાએ ખરીદી લીધેલી છે. અત્યારે અમારી પાસે એકેય નથી. રાજાનો માણસ પૈસા લઇને શાલીભદ્રની માતા પાસે ગયો છે ત્યારે શાલીભદ્રની માએ કહ્યું કે એ રત્નકંબળોના બબ્બે ટુકડા થઇ ગયા અને શાલીભદ્રની પત્નીઓએ શરીર લુસીને ખાળમાં ફેંકી દીધા છે. સેવક પાસે વાપરેલી રત્નકંબળો ઘણી પડી છે પણ નવી નથી માટે હું આપી શકતી નથી. આ વાત માણસે રાજા પાસે જઇને કરી ત્યારે શ્રેણીક મહારાજા સમકિતી હોવાથી અંતરમાં થાય છે કે મારી નગરીમાં ભોગપુણ્યને ભોગવનારા પુણ્યશાળી જીવો પણ જીવે છે. જો આ રીતે કરવામાં આવે અને પહેલેથી એને ખરચવા માટેના પૈસા આપી દેવામાં આવે તો કોઇ દિવસ

કોઇપણ ચીજ મંગાવવામાં એ કદિ હા કહશે નહિ. આ બધુ વર્ણન અમારા શાસ્ત્રોમાં જ્ઞાની ભગવંતોએ લખેલું છે પણ શા માટે લખ્યું છે એ ખાસ વિચારવાનું છે. સુખની પ્રધાનતા રાખીને એ રીતે જીવાય નહિ પણ આત્મકલ્યાણની પ્રધાનતા રાખીને આ બધી પ્રવૃત્તિ કરી શકાય. પોતાનાથી સાવદ્ય પ્રવૃત્તિ છૂટે અને એ પણ સાવદ્ય પ્રવૃત્તિ છોડવાની તાકાતવાળા બને એ માટે બધું કરી શકાય.

આજે તમારો સંસાર કેવો ચાલે છે એ કહેવા જેવું નથી. અમને બોલતા પણ શરમ આવે છે જેમકે તમારા મહેમાન આવે ત્યારે કેવી રીતે સચવાય છે અને ઘરવાળાના મહેમાન આવે ત્યારે કેવી રીતે સચવાય છે એમાં ફેર પડે કે નહિ ? કે બંન્નેમાં સરખો ભાવજ રહે.

તથા ભવ્યત્વને ખીલવવા માટેના આ બધા ઉપાયો ભગવાને બતાવ્યા છે. એકલી ભગવાનની ભક્તિ જ કરવાથી આજે સુધરે એવું દેખાતું નથી. કયા જીવોને કઇ રીતે આગળ વધારી શકાય એ જોઇને જો કહેવામાં આવે તો જરૂર જૈનકુળમાં જન્મેલા જીવો થોડાઘણા જે સંસ્કાર લઇને આવેલા છે તો ધર્મની પ્રાપ્તિ કરી શકે અને જો એ સંસ્કારો એનામાં ટકેલા ન હોય અને ખલાસ થયેલા દેખાય તો પછી એ જીવ ધર્મની પ્રાપ્તિ કરી શકતો નથી. આવી રીતે ઘરમાં વર્તાવ કરીને પોતાના કુટુંબ સાથે જીવન જીવે તો આજે લગભગ ધર્મ પામ્યા વગર રહેશે નહિ. એમાં શાસ્ત્રમાં દાખલો આવે છે કે એક શેઠને ત્યાં એના છોકરાની સાથે લગ્ન કરીને ઘરમાં વહુ આવેલી છે. એ વહુ બધુ કામકાર્જ કરે છે એમાં એકવાર સસરાથી તેલ ઢોળાયું તો બધું તેલ લઇ લીધું અને છેલ્લે જે થોડુઘણું પણ રહ્યું એને જોડા લાવીને જોડા ઉપર ઘસ્યું ત્યારે છોકરાની વહુ વિચાર કરે છે કે જરૂર મારે મારા સસરાની પરીક્ષા કરવી જોઇએ કે મારો સસરો કરકસરીયો છે કે કંજુસ છે. જો કરકસરીયો હોય તો તો એ ગુણરૂપી છે પણ જો કંજુસ હોય તો આ ઘરમાં મેં આવવામાં મેં ભૂલ કરી છે એમ લાગે એટલે પછી કઇ રીતે જીવન જીવવું એ હું મારો પ્રયત્ન કરી શકું. એટલા માટે એક વાર પરીક્ષા કરવા માટે ઘરમાં પડી અને

મારું માથુ બહુ દુઃખે છે સહન થતું નથી એમ રાડો પાડવા માંડી. છોકરો, માબાપ બધા એની પાસે બેસીને એની સેવા કરે છે, વૈદ્યો અને ડોક્ટરોને બોલાવે છે. તો પણ એના માથાનો દુઃખાવો જરાય ઓછો થતો નથી. એક દિવસ પસાર થયો, બે દિવસ પસાર થયા, ત્રણ ત્રણ દિવસ પસાર થયા તો પણ કોઇપણ જાતની અસર દવાની થતી નથી. એટલે સસરો વિચાર કરે છે કે શું કરવું ? કઇ રીતે આનું દરદ મટાડવું એમ વિચાર કરીને સસરો એકલો વહુની પાસે બેસીને કહે છે કે વહુ બેટા આ દુઃખાવો તમને આજે પહેલીવાર થયો છે કે તમારા ઘરે કોઇવાર થયો હતો. જો તમારા ઘરે એ દુખાવો થયો હોય તો તમારા બાપે શું ઉપચાર કરેલો કે જેથી એ દુખાવો નાશ પામી ગયો. ત્યારે વહુ કહે છે કે એ ઉપાય તો મારા બાપજ કરી શકે આપ કરી શકશો નહિ એટલે હું કહેતી નથી. ત્યારે સસરાએ કહ્યું કે કોઇ જાતની ચિંતા ન કરો જે ઉપાય હોય તે કહો મારી શક્તિ હશે તો જરૂર એ ઉપાય કરીશ. આવી રીતે વારંવાર સસરા પાસે બોલાવીને વહુએ કહ્યું કે તે વખતે મને દુખાવો થયેલો ત્યારે મારા બાપે તીજોરીમાંથી સાચા મોતી કાઢીને એને લસોટી એનો લેપ કરીને મારા માથે લગાડ્યો હતો. ત્યારે મારા માથાનો દુખાવો શાંત થયો હતો. ત્યારે સસરાજી કહે છે કે આમાં શું મોટી વાત છે પહેલેથી કીધું હોત તો આટલા દિવસ સહન કરવું પડત નહિ એમ કહીને તીજોરી ખોલી સાચા મોતી કાઢી એનો ઢગલો કરે છે અને જ્યાં લસોટવા જાય છે ત્યાં વહુ કહે છે કે એને લસોટતા નહિ મારો દુખાવો મટી ગયો. આ તો મેં પરીક્ષા કરવા માટે જ આ રીતે કર્યું હતું. વિચાર કરો કે જો એ કંજુસ હોત તો આ ઉપાય કરી શકત ખરો ? કરકસરીયો મારો સસરો છે એમ ખબર પડી એટલે પોતે જે ધર્મ પામેલી છે એ ધર્મ આખા કુટુંબને પમાડી શકી.

એટલા માટે ઇર્યાસમિતિનું પાલન કરતાં કરતાં અહિંસાનો પરિણામ આપણા હ્રદયમાં પેદા કરવાનો છે અને એ પરિણામ લાંબાકાળ સુધી ટક્યો રહે એવો પ્રયત્ન કરવાનો છે અને એ પરિણામના પ્રતાપે જો સારોકાળ હોય તો જીવો લઘુકર્મી બનીને ગુણસ્થાનકની પ્રાપ્તિ કરતા કરતા અત્યારે આ

કાળમાં છઠ્ઠા ગુણસ્થાનક સુધીના અને સાતમા ગુણસ્થાનક સુધીના પરિણામને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે આપણે ત્રસ નામકર્મનો ઉદય જે આપણને પ્રાપ્ત થયેલો છે એનો જે આપણે ઉપયોગ કરીએ છીએ એના ચોવીસ કલાકમાંથી આ રીતે ઉપયોગ કેટલો કરીએ છીએ એ રોજ વિચારતા થવાનું છે. હિંસા માટે અથવા કોઇપણ જાતના પાપ કરવા માટે ત્રસનામકર્મનો જેટલો ઉપયોગ કરે એનાથી ભવાંતરમાં ત્રસ નામકર્મની પ્રાપ્તિ ન થાય એવો કર્મબંધ થયા કરે છે અને જો અહિંસાનો પરિણામ પેદા કરવા માટે એ પરિણામને લાંબાકાળ સુધી ટક્યો રહે એ માટે જો ત્રસ નામકર્મનો ઉપયોગ કરવામાં આવે તો ભવાંતરમાં વારંવાર ત્રસ નામકર્મની પ્રાપ્તિ થતાં થતાં એક દિવસ એવો આવે કે સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરી શકીએ.

ત્રસ નામકર્મનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી થાય છે એમાં પહેલા ગુણસ્થાનકે ત્રસ નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે. એટલે કે જ્યારે જીવો સ્થાવર નામકર્મ બાંધતા હોય ત્યારે ત્રસ નામકર્મ બાંધતા નથી અને ત્રસ નામકર્મ બાંધતા હોય ત્યારે સ્થાવર નામકર્મ બાંધતા નથી. આનો અર્થ એ થાય છે કે જ્યારે જીવો એકેન્દ્રિયમાં જવા લાયક કર્મબંધ કરતા હોય છે ત્યારે એની સાથે નિયમા સ્થાવર નામકર્મ બંધાય છે. અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિયપણામાં જવાલાયક જીવ કર્મબંધ કરતો હોય ત્યારે ત્રસ નામકર્મનો બંધ કરે છે. બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી ત્રસ નામકર્મ સતત બંધાય છે. ત્રસ નામકર્મનો ઉદય જીવને એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે અને એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી એની સત્તા હોય છે.

## (૨) બાદર નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને સૂક્ષ્મ શરીરની અપેક્ષાએ સ્થૂલ એટલે બાદર શરીરની પ્રાપ્તિ થવી તે બાદર નામકર્મ કહેવાય છે. બાદર નામકર્મનો

બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. એમાં પહેલા ગુણસ્થાનકે સૂક્ષ્મનામકર્મ બંધાતુ હોય તો બાદર નામકર્મ બંધાતુ નથી. બાદર નામકર્મ બંધાતુ હોય તો સૂક્ષ્મ નામકર્મ બંધાતુ નથી માટે પરાવર્તમાન રૂપે બંધાય છે. એકેન્દ્રિય જાતિની સાથે સૂક્ષ્મ નામકર્મ પણ બાંધી શકે છે અને બાદર નામકર્મ પણ બાંધી શકે છે પણ બંન્ને સાથે બંધાતા નથી માટે પરાવર્તમાન રૂપે બંધ હોય છે. જ્યારે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિને યોગ્ય કર્મબંધ જીવો કરતા હોય ત્યારે નિયમા બાદર નામકર્મ જ બંધાય છે. આથી પહેલા ગુણસ્થાનકે બાદર નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે એમ કહેવાય છે અને બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બાદર નામકર્મ સતત બંધાય છે. એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી ઉદયમાં હોય છે અને ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી સત્તામાં હોય છે.

## (૩) પર્યાપ્ત નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને જેટલી જેટલી પર્યાપ્તિઓ કહેલી છે એટલી પર્યાપ્તિઓ સંપૂર્ણ પ્રાપ્ત કરવી તેને પર્યાપ્ત નામકર્મ કહેવાય છે. એકેન્દ્રિય જીવોને આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇંદ્રિય પર્યાપ્તિ અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ એ ચાર પર્યાપ્તિઓ કહેલી છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવોને આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ અને ભાષા પર્યાપ્તિ એમ પાંચ પર્યાપ્તાપ્તિઓ કહેલી છે. સન્ની પંચેન્દ્રિય જીવોને આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ એમ છ પર્યાપ્તિઓ કહેલી છે. જે જે જીવોને જે જે પર્યાપ્તિઓ કહેલી છે તેમાં દરેક જીવોને પહેલી આહાર પર્યાપ્તિ એક સમયની હોય છે. શરીર પર્યાપ્તિ દરેક જીવોને એક અંતર્મુહૂર્તની હોય છે. બાકીની પર્યાપ્તિઓ દેવતાને એક સમયની હોય છે, નારકીને પણ એક સમયની હોય છે. જ્યારે મનુષ્ય અને તિર્યંચોને બાકીની

બધી પર્યાપ્તિઓ એક એક અંતર્મુહૂર્ત કાળ જેટલી હોય છે. પર્યાપ્ત નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. તેમાં પહેલા ગુણસ્થાનકે અપર્યાપ્ત નામકર્મ પણ બંધાતુ હોવાથી પર્યાપ્ત નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે. બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી પર્યાપ્ત નામકર્મ સતત બંધાય છે. પર્યાપ્ત નામકર્મનો ઉદય પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે અને એની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે.

અપર્યાપ્તાનો કાળ નિયમા એક અંતર્મુહૂર્તનો હોય છે. જ્યારે જીવ એક સ્થાનેથી બીજે સ્થાને મરણ પામીને જાય ત્યારે શરૂઆતમાં એક અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્ત અવસ્થામાં રહેલો હોય છે, ત્યાર પછીજ પર્યાપ્ત થાય છે. એટલે કે પોતાને જેટલી પર્યાપ્તિઓ હોય એ સંપૂર્ણ પૂર્ણ ન કરે ત્યાંસુધી અપર્યાપ્ત રૂપે કહેવાય છે. જ્યારે કેટલાક આચાર્યો શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાંસુધી અપર્યાપ્તા કહે છે. ત્યારબાદ પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ગણાય છે. જ્યારે જે જીવો પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા હોય છે તે જીવો વિગ્રહગતિથીજ પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા હોય છે. માત્ર પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાંસુધી અપર્યાપ્ત અવસ્થાકાળ એમને રહેલો હોય છે અને એ પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવો અધુરી પર્યાપ્તિએ મરણ પામતા નથી. નિયમા પોતાની સંપૂર્ણ પર્યાપ્તિઓને પૂર્ણ કરે છે.

## (૪) પ્રત્યેક નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને એક શરીરની પ્રાપ્તિ થાય તેને પ્રત્યેક નામકર્મ કહેવાય છે. એક શરીરમાં એક જીવ, બે જીવ, સંખ્યાતા જીવ કે અસંખ્યાતા જીવો એક સાથે રહી શકે એને પણ પ્રત્યેક નામકર્મના ઉદયવાળા કહેવાય છે. જ્યારે એક શરીરમાં અનંતા જીવો રહેલા હોય તેને પ્રત્યેક શરીર નામકર્મવાળા કહેવાતા નથી, આવા વિકલ્પો ઘણા છે. અત્યારે એ

વિકલ્પોને આપણે અડતા નથી કારણ કે એમાં વિષયાંતર થઇ જાય એવું છે. જ્યારે અનુકૂળતા હશે ત્યારે જોઇશું. પ્રત્યેક નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે એમાં પહેલા ગુણસ્થાનકે સાધારણ નામકર્મ પણ બંધાતુ હોવાથી પ્રત્યેક નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે એમ કહેવાય છે. બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી પ્રત્યેક નામકર્મ સતત બંધાય છે. પ્રત્યેક નામકર્મનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે અને એની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય આ બધા સૂક્ષ્મ શરીરવાળા હોય કે બાદર શરીરવાળા હોય તો પણ એ દરેક પ્રત્યેક નામકર્મના ઉદયવાળા ગણાય છે. પ્રત્યેક વનસ્પતિકાયના જીવો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો સઘળાય પ્રત્યેક નામકર્મના ઉદયવાળા ગણાય છે.

## (૫) સ્થિર નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને શરીરને વિષે હાડકા વગેરે સ્થિર રૂપે પ્રાપ્ત થાય તેને સ્થિર નામકર્મ કહેવાય છે. આનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે. પણ એકથી છ ગુણસ્થાનક સુધી અસ્થિર નામકર્મ બંધાતુ હોવાથી છ ગુણસ્થાનક સુધીમાં સ્થિર નામકર્મ પરાવર્તમાનરૂપે બંધાય છે અને સાતમા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સ્થિર નામકર્મ સતત બંધાય છે. સ્થિર નામકર્મનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે અને એની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે.

સામાન્ય રીતે અહીં જે અર્થ કરવામાં આવેલો છે એ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને ઔદારિક શરીરની પ્રધાનતાને આંખ સામે રાખીને કરવામાં આવેલો છે કારણ કે ઔદારિક શરીરમાં હાડકા હોય છે, પણ વૈક્રીય શરીર આદિને વિષે હાડકા હોતા નથી. એકેન્દ્રિય જીવોના શરીરમાં પણ હાડકા

હોતા નથી છતાં પણ એમના શરીરના પુદ્‌ગલો જે રીતે પરિણામ પામેલા હોય છે એ રીતે શરીરને વિષે સ્થિર રૂપે રહેલા હોય છે. એ પ્રમાણે ત્યાં સ્થિર નામકર્મ જાણવું. દેવતાના શરીરમાં દાંત પણ વૈક્રીય શરીર રૂપે રહેલા હોય છે. સફેદ પુદ્‌ગલો સુંદર રીતે એવી રીતે ગોઠવાયેલા હોય કે ત્યાંથી ખસતા નથી અને એની સુવાસ ચારેબાજુ ફેલાયા કરે છે. માટે પરિણામ પામેલા પુદ્‌ગલો સ્થિર રૂપે રહેવું એ પણ સ્થિર નામકર્મ કહેવાય છે.

## (૬) શુભ નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને શરીરનો એકબાજુનો ભાગ શુભરૂપે પ્રાપ્ત થાય તેને શુભ નામકર્મ કહેવાય છે. જેમકે મનુષ્યના શરીરને વિષે નાભીનો ઉપરનો ભાગ શુભ નામકર્મના ઉદયવાળો કહેવાય છે અને નાભીની નીચેનો ભાગ અશુભ નામકર્મના ઉદયવાળો કહેવાય છે. સામાન્ય રીતે જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને વિગ્રહગતિથી શરૂ કરીને જ્યાંસુધી ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત ન કરે ત્યાંસુધી શુભ નામકર્મનો ઉદય અને અશુભ નામકર્મનો ઉદય સદા માટે રહેલો હોય છે અને કર્મગ્રંથને વિષે શુભ નામકર્મની વ્યાખ્યા જે કહેલી છે તે સન્ની પર્યાપ્તા જીવોની અપેક્ષાએ કરેલી છે. જ્યારે સઘળા જીવોને આશ્રયીને વિચાર કરીએ તો દરેક જીવોને આઠ આત્મપ્રદેશ ગાયના આચળના સંસ્થાનની જેમ એક એક આકાશ પ્રદેશ ઉપર એક એક આત્મપ્રદેશો રહેલા છે જેને આઠ રૂચક પ્રદેશ કહેવાય છે અને એ આઠ આત્મપ્રદેશો સદા માટે કર્મરજથી સંપૂર્ણ રહિત હોય છે. માટે સદા માટે એ આઠે આત્મપ્રદેશો ઉપર કેવળજ્ઞાન રહેલું હોય છે અને એ આઠ આત્મપ્રદેશો દરેક જીવોને પોતાના શરીરની અવગાહનાની બરોબર મધ્યભાગમાં સ્થિર રૂપે રહેલા હોય છે. એની એક બાજુની અવગાહનાનો ભાગ શુભનામકર્મના ઉદયવાળો કહેવાય છે અને બીજી બાજુનો ભાગ અશુભ નામકર્મના ઉદયવાળો કહેવાય છે. છેક વિગ્રહગતિથી આની શરૂઆત થાય ત્યારે મધ્યભાગ પ્રાપ્ત થાય ત્યારથી શુભનામકર્મનો ઉદય હોય તો મધ્યભાગની ઉપરના ભાગમાં

અંગોપાંગ વગેરે અવયવો શુભ લક્ષણોવાળા પ્રાપ્ત થાય છે અને બીજી બાજુનો ભાગ અશુભ નામકર્મના ઉદયવાળા ગણાય છે, એટલે કે પગ વગેરે પ્રાપ્ત થાય તે અશુભ નામકર્મવાળા ગણાય છે. માટે મધ્યની આજુબાજુમાં ઉપર અને નીચેના ભાગને શુભ અને અશુભ રૂપે ગણાય છે.

જીવો ગમે તેટલું જ્ઞાનાવરણીય કર્મ ગાઢ બાંધે તો પણ એ અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન એને ક્ષયોપશમ ભાવે રહેલું હોય છે. તો પણ દરેક જીવોને મધ્યભાગમાં રહેલા પોતાના આઠ આત્મપ્રદેશો કેવળજ્ઞાનથી સદા માટે યુક્ત હોય છે. એ આત્મપ્રદેશો કર્મપુદ્ગલોથી કદી અવળાતા નથી. જ્ઞાનાવરણીય કર્મને આંખા પાટા બાંધવા જેવું કહ્યું છે. એ આંખ ઉપર ગમે તેટલા પાટા બાંધો, ટાઇટ બાંધો તો પણ બે આંખની વચમાં નાકનું ટેરવુ આવતું હોવાથી સાઇડમાંથી સામાન્ય ભાગ ખુલ્લો રહેવાનોજ. એ સાઇડમાંથી સામાન્ય ભાગમાં ઝીણી સોય પેસાડવી હોય તો કપડાને કાણુ કર્યા વગર અંદર પેસી શકે છે. એવી રીતે જીવ ગમે તેટલા જ્ઞાનાવરણીય કર્મ ગાઢ બાંધે અને દરેક આત્મપ્રદેશ ઉપર એના કર્મના અનંતા અનંતા પુદ્ગલો પડ રૂપે રહેલા હોય તો પણ તેમાં જેમ આંખમાં ઝીણું છીદ્ર હોય છે એવી રીતનો અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ ઉઘાડો જ રહે છે. જ્ઞાની ભગવંતોએ પોતાના જ્ઞાનમાં આ બધી ચીજો જોઇને એટલી સુંદર રીતે મુકેલી છે કે એમાં આપણને કોઇપણ પ્રકારની શંકા પેદા થાય નહિ. કોઇપણ જાતની દ્વિધા પણ પેદા થઇ શકતી નથી. જ્યારે જીવ એક સ્થાનેથી મરણ પામીને બીજે સ્થાને જતો હોય ત્યારે બધા આત્મ પ્રદેશો મધ્યભાગમાં ભેગા થાય અને પછી જે ભાગેથી જવાનો હોય ત્યાં બધા આત્મપ્રદેશો સાથે જઇ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના કરીને જીવ શરીરમાંથી છુટી જાય છે, ત્યારે એ જીવનું મરણ થયું એમ કહેવાય છે. જેમકે જે જીવો દૂર્ગતિમાં જવાના ન હોય એ જીવોના આત્મપ્રદેશો પગમાંથી ખેંચાતા ખેંચાતા મધ્યભાગમાં આવીને પછી ઉપરના ભાગના શરીરમાંથી સદ્ગતિમાં જ્યાં જવાનો હોય એ પ્રમાણે આત્મપ્રદેશો ભેગા થઇને નીકળી જાય છે.

નાભીની ઉપરનો ભાગ શુભ નામકર્મના ઉદયે પ્રાપ્ત થાય છે અને નાભીની નીચેનો ભાગ અશુભ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. જેમકે કોઇ જીવનો હાથ આપણને અડી જશે તો એટલો ગુસ્સો પેદા થશે નહિ પણ જો કોઇનો પગ અડી જશે તો ઝટ દઇને ગુસ્સો પેદા થશે.

દરેક જીવોને પોતાના આત્મપ્રદેશોની સંખ્યા ચૌદ રાજલોકના જેટલા આકાશ પ્રદેશો છે એટલા આત્મપ્રદેશો હોય છે. લોકાકાશના જેટલા પ્રદેશો હોય છે એટલા દરેક જીવને પોતાના આત્મપ્રદેશો હોય છે. ધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો હોય છે, અધર્માસ્તિકાયના જેટલા પ્રદેશો હોય છે એટલા એટલે કે એટલી સંખ્યાવાળા દરેક જીવોને પોતાના આત્મપ્રદેશો હોય છે, એટલે કે અસંખ્યાતા આત્મપ્રદેશો હોય છે. આથી અત્યારે આપણો આત્મા જે શરીરની અવગાહનામાં રહેલો છે એમાં જેટલા આકાશ પ્રદેશો આવે એ દરેક આકાશ પ્રદેશની એક એક આકાશ પ્રદેશની સંખ્યા ઉપર અસંખ્યાતા અસંખ્યાતા આત્મપ્રદેશો રહેલા છે અને એ દરેક આત્મપ્રદેશો ફરતા હોય છે અને દરેક આત્મપ્રદેશ ઉપર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ એક સરખો હોતો નથી. એ આત્મપ્રદેશો ફર્યા કરે છે માટે જે આત્મપ્રદેશ ઉપર જે રીતનો ક્ષયોપશમ ભાવ જ્ઞાનાવરણીય કર્મનો રહેલો હોય એ પ્રમાણે જીવને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે કોઇવાર યાદશક્તિમાં વધારો થાય છે, કોઇવાર યાદશક્તિમાં ઘટાડો થાય છે આ બધું આત્મપ્રદેશો ફરતા છે માટે બને છે. જ્ઞાની ભગવંતોએ આત્માના પાંચ ભાવ કહેલા છે. તેમાં પારિણામિક ભાવ આવે છે એ પારિણામિક ભાવના કારણે આત્મપ્રદેશો ફરતા રહે છે અને પરિણમન પામતા જાય છે. અત્યારે આપણને ત્રણ ભાવ વિદ્યમાન છે. પહેલો ક્ષયોપશમ ભાવ કે જે ક્ષયોપશમ ભાવના કારણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો છે. બીજો ઔદયકિ ભાવ એ ઔદયિક ભાવના કારણએ વેદનો ઉદય, કષાયનો ઉદય, મિથ્યાત્વનો ઉદય ઇત્યાદિ અનેક પ્રકારે ઔદયિક ભાવ રહેલો છે અને ત્રીજો પારિણામિક ભાવ કે જે આત્મપ્રદેશો શરીરને વિષે પરિણમન

કર્યા જ કરે છે. જેમકે આજે નાના નાના લાઇટોના બલ્બ રોશની રૂપે લગાડવામાં આવે છે એ લાઇટો ફરતી પણ દેખાય, સ્થિર પણ દેખાય, વિશેષ રીતે પણ ચક્કર રૂપે ફરતી દેખાય એમ એજ રીતે આપણા આત્મપ્રદેશો છેક તેરમા ગુણસ્થાનક સુધી આ રીતે જે શરીરની અવગાહના પ્રાપ્ત કરેલી હોય એમાં ફર્યા જ કરે છે. જ્યારે જીવ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરશે ત્યારે એ આત્મપ્રદેશો ફરતા અટકશે. અનાદિકાળથી આ પરિણમન ચાલુને ચાલુ જ છે. આ રીતે પરિણમન કર્યા કરતા હોવાછતાં પણ કોઇપણ જાતનો થાક આપણને લાગતો નથી. દુનિયાના પદાર્થો ફરતા ફરતા આંખ સામે આવે તો જોવાની ના નથી પણ તે જોઇને વિચાર શું કરવાનો ? પુદ્‌ગલમાં મુંઝવણ પેદા ન થાય એ રીતે પદાર્થોને જોવાનું વિધાન કહેલું છે. આજે આપણે એવી રીતે પદાર્થો જોઇએ છીએ કે જાણે કોઇ દિવસ જોવાજ ન મળ્યું હોય એવા ગાંડાતુર થઇને એ પદાર્થોને જોયા જ કરીએ છીએ. આ સ્વભાવ આપણો જ્યાંસુધી ન બદલાય ત્યાંસુધી આપણું ઠેકાણું પડે કેવી રીતે ? આત્મપ્રદેશોને ફરવાની જે સ્પીડ છે એની આગળ પ્રકાશની ગતિ, સૂર્યની ગતિ, કોઇપણ ગતિ કોઇ હિસાબમાં નથી. ફરવું તે અસ્થિર નામકર્મનો ઉદય કહેવાય છે. સિધ્ધ પરમાત્માના આત્મપ્રદેશો સ્થિર રૂપે રહેલા છે. આપણી જેમ ફરતા નથી.

## (૭) શુભગ નામકર્મ

જે કર્મના ઉદયથી શરીર બેડોળ હોય, અંગોપાંગ લક્ષણથી રહિત હોય, શરીરના વર્ણાદિ અશુભ તીવ્રરસવાળા હોય એટલે કે જેનું શરીર કાળુ કુબડુ અનેક પ્રકારના રોગોથી ભરેલું હોય છતાં પણ એવા શરીરવાળા જીવોને બોલાવવાનું મન થાય, રમાડવાનું મન થાય, હસાવવાનું મન થાય એ એ જીવનો શુભગ નામકર્મનો ઉદય ગણાય છે. ખ્યાલ આવ્યો ? કોઇ એને બોલાવવા ન માંગે એવું ન બને. ઘણા એમ પણ કહે કે- તારામાં શું છે એ અમને ખબર પડતી નથી, તને બોલાવ્યા વગર રહેવાતું નથી. એવીજ રીતે દુર્ભગ નામકર્મના ઉદયવાળા જીવોને એનું શરીર ગમે તેટલું સારૂં હોય,

દેખાવમાં રૂપાળું હોય તો પણ એને બોલાવવાનું મન ન થાય. એ દુર્ભગ નામકર્મના ઉદય વખતે આવશે. આ શુભગ નામકર્મનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે તેમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે દુર્ભગ નામકર્મ બંધાતુ હોવાથી પહેલા અને બીજા ગુણસ્થાનક સુધી શુભગ નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે અને ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાય છે. શુભગ નામકર્મનો ઉદય એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે અને સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે.

## (૮) સુસ્વર નામકર્મ

જે કર્મના ઉદયથી જીવોને ગમે તેવા શરીરની પ્રાપ્તિ થયેલી હોય તો પણ તેનો કંઠ એવો મધુર હોય કે એ બોલે તે સાંભળવાની ઇચ્છા પેદા થાય એને સુસ્વર નામકર્મ કહેવાય છે. કેટલાય જીવોનું શરીર અનેક પ્રકારના રોગો આદિથી ભરેલું હોય છતાં પણ એની ભાષા મીઠ્ઠી હોય એના સ્વરમાંથી નીકળતી ભાષા સાંભળવાની ઇચ્છા પેદા થાય તો એ જીવનો સુસ્વર નામકર્મનો ઉદય ગણાય છે. સુસ્વર નામકર્મનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે એમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે દુષ્વર નામકર્મ પણ બંધાય છે. માટે પહેલા અને બીજા ગુણસ્થાનક સુધી સુસ્વર નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે અને ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાય છે. સુસ્વર નામકર્મનો ઉદય પહેલા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી હોય છે અને એની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે.

## (૯) આદેય નામકર્મ

જે કર્મના ઉદયથી અરિહંત પરમાત્માના આત્માઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જગતમાં રહેલા પદાર્થોને જેવા સ્વરૂપે જોયેલા છે અને જાણેલા

છે એનાથી વિપરિત રૂપે પદાર્થોની પ્રરૂપણા કરે તો પણ તે સાંભળનાર જીવો આ ગ્રહણ કરવા યોગ્ય છે એવું જેને લાગે તે બોલનાર જીવનું આદેય નામકર્મ કહેવાય છે. જેમકે ગમે તેટલી વિપરિત પ્રરૂપણા કરે છતાં એ પ્રરૂપણા સાચી જ લાગે. જ્યાંસુધી સામા જીવનું આદેય નામકર્મ કામ કરતું હોય છે ત્યાંસુધી ઉસ્તૂત્ર ભાષન કરનારા જીવોનું વચન સામેના જીવોને સાચું જ લાગે છે. એના કારણે બંન્ને જીવોનું અકલ્યાણ થતું જાય છે. જ્યારે અનાદેય નામકર્મનો ઉદય આવે ત્યારે ભગવાને કહ્યા પ્રમાણે સાચી રીતે પણ પ્રરૂપણા કરવા છતાંય સામા જીવોના અંતરમાં એ વચનો ગ્રાહ્ય ન બને એટલે કે સ્વીકારવા યોગ્ય ન બને તે બોલનારનું અનાદિ નામકર્મ કહેવાય છે.

આજે લગભગ પાર્શ્વનાથ ભગવાનની ખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ઠા અને એમના વચનો વિશેષ રીતે જીવોને ગ્રહણ કરવા યોગ્ય લાગે છે. એનું કારણ એ છે કે પાર્શ્વનાથ ભગવાનના શિષ્યો મોટેભાગે ભવનપતિ, વ્યંતર દેવોમાં ગયેલા છે. એ પોતે અવધિજ્ઞાનથી જોઇને જાણીને અમારા ગુરૂનો ઉત્કર્ષ કેમ વધે, લોકો અમારા ગુરૂભગવંતના નામને કેમ યાદ કરે અને એમનું વચન કેમ વિશેષ રીતે ગ્રહણ કરનારા બને એ માટે એ પ્રયત્ન કરે છે માટે એમનું આદેય નામકર્મ કામ કરી રહેલું છે. બાકી ચોવીશે તીર્થંકર પરમાત્માઓનું આદેય નામકર્મ ત્રણ ચોવીશી સુધી ઉદયમાં રહેલું હોય છે. આદેય નામકર્મનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે તેમાં એકથી છ ગુણસ્થાનક સુધી અનાદેય નામકર્મ બંધાતુ હોવાથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી આદેય નામકર્મ પરાવર્તમાન રૂપે બંધાય છે અને સાતમા અને આઠમા ગુણસ્થાનક સુધી સતત બંધાય છે. આદેય નામકર્મનો ઉદય એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે અને સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે.

## (૧૦) યશ નામકર્મ

જે કર્મના ઉદયથી આલોકમાં જે જે જીવો પોતાના કાર્યના વખાણ

કરે એટલે કે જે શેરીમાં રહેતો હોય, જે નગરમાં રહેતો હોય એ બધા જીવો પોતાના કાર્યોની પ્રશંસા કરતા જાય તેને યશ નામકર્મ કહેવાય છે અને પોતાના નગર સિવાય બીજા નગરો અને દેશોને વિષે પોતાના ગુણગાનના વખાણ થતા જાય એને કીર્તિ કહેવાય છે. યશ અને કીર્તિ બંન્ને ભેગા થઇને યશ નામકર્મ કહેવાય છે. આ યશ નામકર્મનો ભંગ પહેલા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે એમાં પહેલા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી આ યશ નામકર્મ પણ બંધાય છે માટે ત્યાંસુધી યશ નામકર્મનો બંધ પરાવર્તમાન રૂપે હોય છે અને સાતમા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી યશ નામકર્મ સતત બંધાય છે. યશ નામકર્મનો ઉદય એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે. યશ નામકર્મની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે. આ યશ નામકર્મના પુદ્ગલો તીર્થંકરના આત્માઓ જ્યારે નિર્વાણ પામતા હોય છે ત્યારે જગતમાં ચારે બાજુ એ પુદ્ગલો એમના આત્મપ્રદેશો ઉપરથી ખરીને ફેલાયેલા હોય છે. એના પ્રતાપે એમની કીર્તિ અને યશ ચૌદે રાજલોકને વિષે ત્રણ ચોવીશી સુધી એટલે કે ભૂતકાળની દશ કોટાકોટી સાગરોપમ રૂપે એક ચોવીશી, વર્તમાનકાળની દશ કોટાકોટી સાગરોપમ કાળ સુધીની બીજી ચોવીશી અને ભવિષ્યકાળની દશ કોટાકોટી સાગરોપમ કાળ સુધીની ત્રીજી ચોવીશી એમ ત્રણ ચોવીશી સુધી એનો યશ અને કીર્તિ ફેલાયેલા રહે છે માટે નિર્વાણ પામેલા તીર્થંકર પરમાત્માઓના નામ ત્રણે લોકમાં ત્રણ ચોવીશી સુધીમાં જેટલા સન્ની પર્યાપ્તા જીવો પેદા થાય એ યાદ કર્યા કરે છે. એ એમના યશ અને કીર્તિના પુદ્ગલોના કારણે બને છે.

જીવો જ્યારે સ્થાવર નામકર્મનો બંધ કરતો હોય છે ત્યારે એની સાથે અપર્યાપ્ત નામકર્મ બાંધતો હોય તો તે વખતે બાદર નામકર્મ અને પ્રત્યેક નામકર્મ વિકલ્પ રૂપે બાંધે છે. એટલે કે કોઇક જીવ સૂક્ષ્મ નામકર્મનો બંધ કરી કોઇ જીવ બાદર નામકર્મનો બંધ કરે, કોઇ જીવ પ્રત્યેક નામકર્મનો બંધ કરે અને કોઇ જીવ સાધારણ નામકર્મનો પણ બંધ કરે છે માટે સ્થાવર

સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ એ ચાર પ્રકૃતિઓ બંધાતી હોવા છતાંય એના આ રીતે ચાર વિકલ્પો થાય છે. જે જીવો અનુકૂળ પદાર્થોને વિષે ગાઢ રાગ કરતો કરતો જીવતો હોય અને પ્રતિકૂળ પદાર્થોને વિષે ગાઢ દ્વેષ કરતો કરતો જીવતો હોય તો ચૌદ રાજલોકમાં ગમે તે સ્થાનમાં ઉત્પન્ન થવા લાયક સૂક્ષ્મ સાધારણ નિગોદમાં અપર્યાપ્ત રૂપે ઉત્પન્ન થવા લાયક કર્મનો બંધ કરતો જાય છે. જેમકે ઘરનું મમત્વ, દાગીનાનું મમત્વ, હીરા-માણેક, સોનાનું મમત્વ, ખાવા-પીવાની સામગ્રી વગેરેનું મમત્વ જેમાં જે જે જીવોને ગાઢ રાગ પેદા થતો હોય અને એના વિષયોની વાતોચીતો એકાગ્ર ચિત્તે કરવામાં અને સાંભળવામાં આનંદ આવતો હોય તો એ વખતે એ જીવ આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ અતિ તીવ્ર પરિણામે બાંધતો જાય છે. આ પદાર્થોનો અત્યંત આનંદ જીવોને મમત્વ બુધ્ધિ પેદા કરીને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિમાં ફરવા માટે લઇ જાય છે. જેમકે બંગલો બનાવ્યો હોય તો તેમાં જાત જાતનું રાચ-રચીલું અને ફર્નીચર કરાવતો જાય છે. તેમાં પોતાના બેડરૂમની અંદર કયા કયા ઉંચી કોટિના પદાર્થો મૂકવા એ બધી ચીજો રાગપૂર્વક લાવીને સારામાં સારી રીતે ગોઠવાવે છે. એ બધા પદાર્થો એકેન્દ્રિયપણામાંથી અત્યારે અચેતન રૂપે બનેલા છે માટે એના મમત્વ અને રાગાદિ પરિણામથી સ્થાવર નામકર્મ અને એકેન્દ્રિય જાતિ બંધાતી જાય છે. વિચાર કરીએ તો પદાર્થની કિંમત સામાન્ય રૂપે પણ હોય બહુ બહુ તો હજાર રૂપિયાવાળી પણ હોય, પાંચ હજાર રૂપિયાવાળી પણ હોય પણ પરિણામની એકાગ્રતા સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો અને અનંતા ભવોના અનુબંધ બંધાવવામાં સહાયભૂત થાય છે. એ લાવેલી સામગ્રીને જોવામાં બીજાની પાસે બોલવાની ઢબ, એની વિચારવાની ઢબ આખુ બધુ બદલાઇ જાય છે. એમાં એનો રસ કેટલો ? મકાનમાં જેટલા પૈસા ખર્ચે એના કરતા બેડરૂમમાં વધારે ખર્ચો કરે એવું પણ બને છે ને ? જેને બાથરૂમ અને સંડાસમાં વાર લાગતી હોય તો બાથરૂમ અને સંડાસમાં પણ સારી સારી ચીજો નાંખીને એમાં પણ પૈસા વધારે ખર્ચે છે એવું પણ બને છે ને ? આખું મકાન પોતાનું હોવાછતાંય ઘરમાં પ્રવેશ કર્યા

પછી પોતાનો વિશેષ કાળ પોતાના રૂમની અંદર જ મોટેભાગે પસાર કરતા હોય છે. માટે ત્યાં બહારના રૂમો કરતા એ રૂમમાં કિમતી ચીજો વિશેષ દાખલ કરેલી હોય છે. એની અપેક્ષાએ તમારી પાસે રહેલા ધાર્મિક ઉપકરણો કેટલાના હોય ? એ ખૂબ વિચાર કરવા લાયક છે અને એ ધાર્મિક ઉપકરણો કેવી રીતે રાખો છો એ બધી તમને ખબર છે ને ? તમારા બીજા કપડા કેવી રીતે રાખો છો અને ધાર્મિક ઉપકરણો કેવી રીતે રાખો છો એ બંન્નેમાં ફેર ખરો ને ? કબાટમાં પોતાના કપડા મુકેલા હોવા છતાંય એમાં કરચલી ન પડી જાય માટે કબાટમાં પણ હેંગરમાં લટકાવીને કપડા રાખે છે. જ્યારે પૂજાના કપડા કેવી રીતના રહેલા હોય એ વિચારી જોજો ? બધી ચીજો ઉપર રાગ હોવા છતાંય અમૂક અમૂક પદાર્થો પ્રત્યે વિશેષ રાગ રહેલો હોય છે. બધાનો રાગ એક સરખો હોતો નથી એ રાગ પદાર્થો પ્રત્યે બદલાતો પણ જતો હોય છે. જે અધિક ગમતું હોય તેની વાતો વધારે કરે, કોઇ એની વાતો કરતું હોય તો સાંભળવામાં રસ આવે અને એ પદાર્થો માટે બીજી બધી પ્રવૃત્તિઓ ગૌણ કરવા માટે પણ તૈયાર થાય અને સામાન્ય રાગવાળા પદાર્થોની વાતોચીતો થતી હોય તો તે બહુ સાંભળવા માટે મન થાય નહિ. આ શું સૂચવે છે એ વિચારજો. જેમકે મકાન જ્યારે લેવાનું હોય ત્યારે બાઇઓને મકાન જોવા માટે લઇ જાવ છો તો પહેલે નંબરે બાઇઓ રસોડું જોયા કરે, પછી બીજે નંબરે બેડરૂમ કેવો છે એ જુવે કારણ કે એમાં વિશેષ સમય પસાર કરવાનો હોય છે. તેમજ જેને પોતાના કપડા ચોખ્ખા, વાસણ વગેરે ચોખ્ખા જોઇતા હોય અને એ રીતે જીવન જીવતો હોય તો ચોકડી કેવી છે એ બધી વિચારણા કરતા જાય અને ચોવીસે કલાક પાણીની સગવડ છે કે નહિ એ પણ સાથે જોતા જાય. આ બધું રાગ પૂર્વક કરવા છતાંય બહાર કોઇ પૂછે તો શું બોલે ? અમારે તો દેરાસર ઉપાશ્રય નજીક હોય એવી જગ્યાએ મકાન લેવું છે. કારણ કે છોકરાઓમાં સંસ્કાર સારા પડે એટલા માટે અને આરાધના પણ અમારે સારી રીતે થાય એ માટે અમે મકાન જોવા જઇએ છીએ. બોલો આ વાત એમની સાચી છે ? દેરાસર ઉપાશ્રય નજીક હોય,

આરાધના સારી રીતે થઇ શકે એવું સ્થાન મળતું હોય પણ ચોવીશ કલાક પાણીની સગવડ ન મળે એવું હોય તો ત્યાં મકાન લેવા તૈયાર થાય ખરા ? છતાં બહાર બોલે શું ? માટે અંતરમાં ચીજ જુદી છે અને બહાર બોલવાની ચીજ જુદી છે. અંતરમાં મંદિર ઉપાશ્રય એ ગૌણરૂપી છે. પ્રધાનતા રૂપે વિચાર કરીએ તો પોતાની અને પોતાના કુટુંબની અનુકૂળતાની સગવડતા એજ પ્રધાનપણે અંતરમાં બેઠેલી છે. આખુ ધ્યેય બદલાઇ ગયેલું દેખાય છે. આજે લગભગ તમારે મન પ્રથમ નંબરે તમારી અને તમારા પરિવારની અનુકૂળતાની વિચારણાઓ મુખ્ય હોય છે અને સાધુ-સાધ્વી મંદિર ઉપાશ્રય એ બધી ચીજો ગૌણરૂપે રહેલી હોય છે તો વિચાર કરો કે આવી રીતે મંદિર અને ઉપાશ્રયની બાજુમાં રહેવા છતાં પણ એને કર્મબંધ જે પેદા થાય એ કયા કર્મનો રસ વધારે બાંધે એ ખાસ વિચારવા યોગ્ય લાગે છે. આવા જીવોને એકેન્દ્રિયમાં જવાલાયક કર્મ બંધાય એમાં કંઇ આશ્ચર્ય છે ? મંદિર અને ઉપાશ્રયની નજીક મકાન લો છતાં ભગવાન પ્રત્યે અને ઉપાશ્રય પ્રત્યે રાગ ન વધે તો પછી એ રાગ વધશે ક્યારે ? છોકરાઓને પણ વાતોચીતો કરીને રાગાદિ વધારવા હોય તો કયા વધારાય છે ? નજીકમાં હોય તો પણ વ્યાખ્યાનમાં, દેરાસરમાં એની રોજ હાજરી હોય ખરી ?

સભા૦ ઘરવાળાને મંદિર ઉપાશ્રયની સગવડતા કરી આપી એ લાભ નહિ ?

તમને શું લાભ ? ઘરમાં રહેલા બધાના કલ્યાણની ઇચ્છા છે કે એકલા ડોશા ડોશીની જ વિચારણા છે. તમે વિચારણા કરો તો શું વિચારણા કરો ? છોકરાઓના લેસનની એને ભણાવવાની જેટલી ચિંતા છે એટલી ચિંતા છોકરો દેરાસરે દર્શન કરવા જાય છે કે નહિ ? પૂજા કરવા જાય છે કે નહિ ? એ સામાયિક કરતો કેમ થાય એની ચિંતા કેટલી ? જેમકે છોકરાની સ્કૂલનો ૬ અને ૩૦ કલાકનો ટાઇમ હોય જવાનો તો છ વાગે લગભગ ઉઠાડે અને એને જલ્દીથી તૈયાર કરીને મંદિરે જવા કરવાની વાત-ચીતની વિચારણા કર્યા વગર સિધ્ધો એને સ્કુલે મોકલી દે છે. દર્શન કરાવવા માટે

મોકલવાની વિચારણા થાય ? આ ઉપરથી વિચારો તમારો રાગ ક્યાં વધે છે એ જ ખૂબ વિચારણા માંગે છે.

સ્થાવર, બાદર, અપર્યાપ્ત અને સાધારણ આ ચાર પ્રકૃતિઓ એક સાથે બાંધતા હોય ત્યારે સ્થાવર, અપર્યાપ્ત અને સાધારણ એ ત્રણ પાપપ્રકૃતિઓ છે. જ્યારે બાદર નામકર્મ એ પુણ્યપ્રકૃતિ છે માટે આ જીવો આ ચાર પ્રકૃતિઓનો એક સાથે બંધ કરતાં કરતાં કાંઇક અંતરમાં શુભ પરિણામ ચાલતો હોય તોજ એ પુણ્યપ્રકૃતિ રૂપે બાદર નામકર્મનો બંધ કરી શકે છે. અનુકૂળ પદાર્થોનો તીવ્ર રાગ અંતરમાં રહેલો હોય તો સ્થાવર અને સાધારણની સાથે સૂક્ષ્મને બદલે બાદલ નામકર્મ બાંધતો જાય છે. બાદર નામકર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી કંઇક શુભ પરિણામ અંતરમાં સાથે ચાલે છે એમ કહી શકાય. તોજ આ જીવો સ્થાવર અને સાધારણની સાથે બાદર નામકર્મનો બંધ કરી શકે છે. શુભ પરિણામ એટલે પોતાના એકાકી પ્રત્યે વિચારણા નહિ. પોતાના એકલા કુટુંબ પૂરતો વિચાર નહિ. ઘરમાં પોતે અને પોતાના કુટુંબ માટે જે કંઇ ચીજો લાવે તો તે વખતે સાથે સાથે અંતરમાં એવો વિચાર પણ હોય કે આનો ઉપયોગ તો અમે કરવાના છીએ પણ સાથે સાથે બીજાના ઉપયોગમાં આવે, બીજાના કામમાં આવે તો પણ મને લાભ મળે આવી વિચારણા અંતરમાં આવતી હોય અને તે વખતે કોઇને ખબર પડે અને તમારી પાસે એ ચીજ માંગવા માટે આવે તો ત્યારે તે વખતે તમને આપવામાં આનંદ થાય તો એની સાથે બાદર નામકર્મ જીવ સ્થાવર નામકર્મની સાથે બાંધતો હોય છે. જ્યારે અત્યંત રાગથી પોતે ચીજ લાવેલો હોય અને પોતે અને પોતાના કુટુંબ સિવાય બીજાના ઉપયોગમાં ના આવે એવી વિચારણા હોય તો તે વખતે કોઇને ખબર પડે અને કોઇ માંગવા માટે આવે તો તે વખતે કહે કે આ ચીજ હું લાવ્યો નથી. આનાથી બાદર નામકર્મ બંધાતુ નથી પણ સૂક્ષ્મ નામકર્મ બાંધતો જાય છે. આ કોઇ પરિણામ કોઇકને આપવાનો ખુલ્લો રાખ્યો એટલો શુભ પરિણામ કહેવાય છે. એની સામે ચીજ લાવતી વખતે આ ચીજ તો કોઇને આપવાની જ નહિ એવો જે વિચાર

રાખીને લાવે તે અશુભ પરિણામ કહેવાય છે.

સ્થાવર સૂક્ષ્મ, અપર્યાપ્ત અને પ્રત્યેક જે પદાર્થો પ્રત્યે અત્યંત આસક્તિ હોય તે પોતાના ઉપયોગમાં લેતા અને બીજાના ઉપયોગમાં આપવા છતાં પણ અત્યંત આસક્તિ ઓછી ન થાય તો સ્થાવર અને સૂક્ષ્મ નામકર્મની સાથે જીવ પ્રત્યેક નામકર્મ બાંધે છે અને એની સાથે અપર્યાપ્ત નામકર્મ પણ બાંધતો જાય છે. બીજા કોઇને વાપરવા આપતો જાય અને ચીજના પોતે વખાણ કરતો જાય અને બીજાની પાસે પણ તેના વખાણ કરાવતો જાય એનાથી પોતે આનંદ પામતો જાય અને આવી રીતે કેવી નવી ચીજ છે ? કેટલી સુંદર હું લાવ્યો છું. એ કેવી સુંદર લાગે છે. એવી રીતે અનેક રીતે વિચારણાઓ કરીને જેમ જેમ એ વિચારણામાં એકાગ્ર થતો જાય તેનાથી એ જીવ સ્થાવર નામકર્મ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાથે સાથે પ્રત્યેક નામકર્મ બાંધે છે.

સ્થાવર, બાદર, અપર્યાપ્ત અને પ્રત્યેક પોતે લાવેલી સામગ્રી અને એ સામગ્રીનો અત્યંત આસક્તિ પૂર્વક ઉપયોગ કરતો જાય એમાં રાજી થતો જાય એ પદાર્થ પોતાના નિકટના ગણાતા સ્નેહી સંબંધી હોય એને જરૂર પડે ત્યારે આપતી વખતે એ પદાર્થોના વખાણ કરી કરીને આપે અને સાથે સાથે એમ પણ કહે કે આ પદાર્થોનો ઉપયોગ કર્યા પછી બીજા પદાર્થો હું લાવું તો તમને ગમશે કે નહિ ? કેવો સરસ આ પદાર્થ છે એવા પરિણામથી જીવ પોતે સ્થાવર નામકર્મ બાંધતો જાય છે પણ બીજાને આપવાની વૃત્તિ અને એને પણ ઉપયોગ કરાવવામાં સહાયભૂત થવાની વૃત્તિ એ બાદર નામકર્મ અને પ્રત્યેક નામકર્મ બાંધવામાં સહાયભૂત થાય છે. બાદર નામકર્મ અને પ્રત્યેક નામકર્મ એ પુણ્યપ્રકૃતિ છે અને સ્થાવર નામકર્મ અને અપર્યાપ્ત નામકર્મ બંન્ને પાપપ્રકૃતિઓ છે.

આના ઉપરથી વિચાર કરો કે તમે તમારું જીવન આમાંના કયા વિચારોથી વર્તમાનમાં જીવી રહેલા છો. આ ચારે વિકલ્પોમાં જીવો જેટલી આસક્તિથી વાતો-ચીતો અને પદાર્થોના વખાણ કરતો જાય છે એટલો એ જીવ અયશ નામકર્મ પણ તીવ્રરસે બાંધતો જાય છે અને અયશ નામકર્મની

સમતાથી વેઠીને યશ નામકર્મ બાંધતો જાય. સ્થિર અને શુભ બંન્ને પ્રકૃતિઓ આ ચારે વિકલ્પોની સાથે અસ્થિર અને અશુભ એ પાપ પ્રકૃતિઓની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે એના પણ ચાર વિકલ્પ પડે છે. પહેલો વિકલ્પ સ્થિર અને શુભ, બીજું સ્થિર અને અશુભ, ત્રીજું અસ્થિર અને શુભ, ચોથો અસ્થિર અને અશુભ. પહેલો વિકલ્પ પુણ્યપ્રકૃતિ રૂપે છે, બીજો અને ત્રીજો વિકલ્પ પુણ્ય અને પાપ બંન્નેના મિશ્રણ રૂપે છે, અને ચોથો વિકલ્પ એકલી પાપપ્રકૃતિ રૂપે છે. આ ચારે એ ઉપરના ચાર વિકલ્પોની સાથે વિચારતા જવાના માટે ચારની સાથે વિચારતા સોળ વિકલ્પો થાય. આ બધી વિચારણા અને વિકલ્પો એટલા માટે કરવાના છે કે આપણે પોતાનું જીવન અનુકૂળ પદાર્થોમાં આખો દિવસ જે જીવી રહેલા છીએ એમાં આમાંના વિચારો કેટલી વાર કરીએ છીએ એ આપણને ખ્યાલ આવે. આ બધું લખાણ હું પાંચમા અને છઠ્ઠા કર્મગ્રંથને આધારે તમને લખાવી રહેલો છું. છઠ્ઠા કર્મગ્રંથને જ્ઞાની ભગવંતોએ દ્રષ્ટિવાદનું ઝરણું કહેલું છે. એ છઠ્ઠા કર્મગ્રંથના પદાર્થોને આવી રીતે વિચારીએ તો આપણને આત્મિક ગુણોને આસ્વાદ રૂપે આનંદ કેવો પેદા થતો જાય ? એ ઝરણા રૂપે રહેલા છઠ્ઠા કર્મગ્રંથના ઉપરથી જો એક સામાન્ય આસ્વાદનો આનંદ આવો પેદા થાય તો ચૌદ પૂર્વધર દ્રષ્ટિવાદ પોતે ભણતા હોય, બીજાને ભણાવતા હોય અને એનો સ્વાધ્યાય કરતા હોય તે વખતે એમનો આનંદ કેવો પેદા થતો હશે અને કેવા આનંદમાં પોતાનો કાળ પસાર કરતા હશે એ આના ઉપરથી વિચારવાનું છે.

જગતમાં રહેલા જે જે જીવો એકેન્દ્રિયને લાયક, અપર્યાપ્તાને લાયક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અપર્યાપ્તાને લાયક, અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તાને લાયક તેમજ સન્ની પંચેન્દ્રિય તિર્યંચ અને સન્ની પંચેન્દ્રિય મનુષ્ય અપર્યાપ્તાને લાયક કર્મબંધ કરતા હોય ત્યારે એ કર્મબંધ ક્લીષ્ટ પરિણામથી એટલે કે સંકલેશ પરિણામથી પેદા થતો હોવાથી અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધે છે અને તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓ મંદરસે બાંધે છે. જેમકે બાદર નામકર્મ બંધાય, ત્રસ નામકર્મ, પ્રત્યેક નામકર્મ, અગુરૂલઘુ નામકર્મ,

નિર્વાણ નામકર્મ આ બધી શુભ પ્રકૃતિઓ મંદરસે બંધાય છે. જ્યારે અપર્યાપ્ત નામકર્મની સાથે અસ્થિ અને અશુભ નામકર્મનો બંધ નિયમા થાય છે.

સ્થાવર સૂક્ષ્મ, પર્યાપ્ત અને સાધારણ આ રીતે એકેન્દ્રિયપણાને યોગ્ય આ ચાર પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે કેટલાક જીવો સ્થાવર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને પ્રત્યેક એમ ચાર પ્રકૃતિઓનો પણ બંધ કરતા હોય છે. કેટલાક જીવો સ્થાવર, બાદર, પર્યાપ્ત અને સાધારણ એ ચાર પ્રકૃતિઓનો પણ બંધ કરતાં હોય છે. અંતરમાં કંઇક શુભ પરિણતી અશુભ પરિણામની તીવ્રતાની સાથે રહેલી હોય ત્યારે એને સ્થિર, શુભ આદિ ચાર વિકલ્પો બંધાતા જાય છે.

જે જીવો સ્થાવર, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક એકેન્દ્રિયની સાથે આ ચાર પ્રકૃતિઓનો બંધ કરતો હોય ત્યારે એની સાથે સ્થિર, શુભ અને યશ અને એની પ્રતિપક્ષી અસ્થિર, અશુભ અને અયશ પરાવર્તમાન રૂપે પ્રકૃતિઓ બંધાતી હોવાથી એના આઠ વિકલ્પમાંથી કોઇને કોઇ એક વિકલ્પનો બંધ એક સાથે કરતો હોય છે. એ આઠ વિકલ્પો આ પ્રમાણે. (૧) સ્થિર, શુભ, યશ. (૨) સ્થિર, અશુભ, યશ. (૩) અસ્થિર, શુભ, યશ. (૪) અસ્થિર, અશુભ, યશ. (૫) સ્થિર, શુભ, અયશ. (૬) સ્થિર, અશુભ, અયશ. (૭) અસ્થિર, શુભ, અયશ. (૮) અસ્થિર, અશુભ, અયશ. આ આઠમાંથી કોઇને કોઇ એક વિકલ્પ એક સાથે બાંધે છે. આ પ્રકૃતિઓનો બંધ નરકગતિ સિવાય તિર્યંચગતિના જીવો, મનુષ્યગતિના જીવો અને દેવગતિમાં રહેલા દેવો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો તેમજ પહેલા કિલ્બીષ્યા દેવો બાંધે છે. જ્ઞાની ભગવંતોએ આપણને આ બધા વિકલ્પો બતાવ્યા. તે જીવો કયા પરિણામથી પુણ્યપ્રકૃતિઓ કઇ રીતે બાંધે છે અને અશુભ પરિણામની સાથે શુભ પ્રકૃતિઓનો બંધ કેવી રીતે ચાલુ રહેલો હોય છે એ સમજવા માટે કહેલા છે. પરિણામ અતિ ક્લિષ્ટ હોય ત્યારે તેની સાથે યશ નામકર્મ બંધાતુ નથી. સૂક્ષ્મ નામકર્મને બાંધવા જેટલો ક્લિષ્ટ પરિણામ જોઇએ એટલો સાધારણ નામકર્મને બાંધવા ક્લિષ્ટ પરિણામ

જોઇએ છે અને એટલો જ ક્લિષ્ટ પરિણામ અપર્યાપ્ત નામકર્મને બાંધવા માટે જોઇએ છે. જ્યારે બાદર નામકર્મને બાંધવા માટે એટલો તીવ્ર પરિણામ જોઇતો નથી. આથી સૂક્ષ્મ સાધારણ અને અપર્યાપ્ત નામકર્મના બંધની સાથે યશ નામકર્મ બંધાતુ નથી. આપણી અંદર નિઃસ્વાર્થ ભાવ શુભ પરિણામ લાંબાકાળ સુધી ટકતો નથી. કારણ કે સ્વાર્થભાવ અને અશુભ પરિણામ મોટે ભાગે ચોવીશ કલાકમાંથી ચાલતો હોય છે. જો આજ પરિસ્થિતિ આપણી ચાલતી હોય તો પછી શુધ્ધ પરિણામ પેદા થઇ શકે ક્યાંથી ? અશુભ પરિણામનો અભ્યાસ લાંબાકાળનો છે તેને તોડવા વિશેષ પ્રયત્ન કરવો જ પડશે. એટલા માટે અશુભ પરિણામ લાંબાકાળ સુધી જે રહે છે એને બદલે શુભ પરિણામ લાંબાકાળ સુધી ટકે એવો પ્રયત્ન કરવો પડે. એ માટે અશુભ નિમિત્તોને દૂર કરતા જવાનું અને શુભ નિમિત્તોને લાંબાકાળ સુધી ટકે એ રીતે ટકાવવાનો પ્રયત્ન કરતા જવાનો. એ માટે જ્ઞાની ભગવંતો કહે છે કે ઘર ઉપર જેટલો રાગ છે એટલો રાગ મંદિર ઉપર કરવાનો. મંદિર ઉપર વર્તમાનમાં જે રાગ છે એ ઘર ઉપર કરવાનો, બસ આટલું ચાલુ થઇ જાય તો આ મનુષ્ય જન્મ આપણા માટે સાર્થક થવા માંડે અને મંદિર ઉપરનો રાગ નિઃસ્વાર્થ ભાવે કરતા જવાનો છે. કારણ કે ભગવાન મારા આત્માને માટે ઉપકારી છે, જગતમાં અરિહંત સિવાય બીજા કોઇ મારા આત્માને માટે ઉપકારી નથી, કેમકે એ આત્માએ મારા આત્માના હિતની જે ચિંતા વિચારી છે, ચિંતા કરી છે એવી ચિંતા મા-બાપ પણ કરતા નથી. મા-બાપ બહુ બહુ તો દિકરાની ચિંતા કરે તો એ દિકરો ભણીગણીને તૈયાર થઇ સુખ-સાહ્યબી-સંપત્તિ ભોગવતો થાય અને સુખના કાળમાં સારી રીતે જીવતો થાય તેમજ આવેલા દુઃખોને દૂર કરવાનો પ્રયત્ન કરતો જાય એટલી જ એ વિચારણા કરે છે. જ્યારે અરિહંતના આત્માઓએ આ આત્માઓ ક્યારે મારા જેવા જલ્દી બને અને વિષયના પરિણામોથી એ આત્મા જે દુઃખને પામે છે એ દુઃખથી કેમ જલ્દી છૂટે અને આત્મિક ગુણોને પેદા કરતો એનો આસ્વાદ લઇને જીવતો થાય એવી હિતબુધ્ધિ એ આત્માઓએ પેદા કરેલી છે. માટે સૌથી પહેલા ઉપકારી અરિહંત પરમાત્મા

સિવાય આપણા માટે બીજા કોઇ નથી.

ભગવાનની ભક્તિ શરીર, ધન અને કુટુંબને અનુલક્ષીને કરવામાં આવે તે સ્વાર્થ બુધ્ધિ કહેવાય છે અને આત્મકલ્યાણની ભાવનાથી ભગવાનની ભક્તિ કરવામાં આવે તે નિઃસ્વાર્થ ભાવ કહેવાય છે. પોતાના આત્માના કલ્યાણનો સ્વાર્થ તે નિઃસ્વાર્થ ભાવ જ છે. બોલો આટલું જ કરવાનું છે. આ જન્મમાં આટલું થઇ શકે એવું છે ? જેમકે મંદિર સૌનું છે એ બુધ્ધિ અંતરમાં બેઠેલી છે એની બદલીમાં મંદિર મહારું છે એવી બુધ્ધિ પેદા કરવાની છે અને ઘર મારું છે એવી બુધ્ધિ જે અંતરમાં રહેલી છે એની બદલીમાં ઘર એ સૌનું છે એવી બુધ્ધિ પેદા કરવાની છે. બોલો આરાધના કરતાં કરતાં આટલું થઇ શકે એવું લાગે છે ખરું ? આ રીતે રાગને નરમ પાડ્યા વગર આરાધનામાં અને સાધનામાં આપણો નંબર આવવાનો નથી. જે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધી રહેલા છીએ તે અલ્પરસ મંદિર એટલે મહારું એવી બુધ્ધિથી વિચાર કરીએ તો જ થતો જાય. માટે આની રોજ એક માળા ગણવાની રાખો કે જેથી ઘર ઉપરનો રાગ ઓછો થતો જાય. જો ઘર ઉપરનો રાગ ઘટાડવો હોય તો ઘર એ મારું છે એમ બોલવાનું નહિ, મંદિર એજ મારું છે એમ બોલ્યા કરવાનું અને આ રીતે બોલતા બોલતા ત્યાંનો રાગ મંદિર ઉપર આવશે અને મંદિરનો અલ્પ રાગ ઘર ઉપર જશે તોજ ભગવાન ઉપકારી તરીકે અંતરમાં આપણને લાગશે. જેમ સમૂહમાં પડેલું વરસાદનું પાણી કોઇ પીએ તો એ પાણી પેશાબ રૂપે બનીને પણ નીકળી જાય. કેટલાક મત્સ્ય એ પાણી પીએ તો મોતી બને, સાપના મોઢામાં એ પાણી જાય તો ઝેર બને. એમ પાણી એકનું એક હોવાછતાં જે રીતે એનો ઉપયોગ કરવામાં આવે એ રીતે એ પરિણામ પામે છે એમ આ બધી બાબતમાં પણ સમજવું.

ત્રસ નામકર્મની સાથે નિયમા બાદર નામકર્મ અને પ્રત્યેક નામકર્મ જ બંધાય છે. માટે ત્રસ, બાદર, અપર્યાપ્ત અને પ્રત્યેક આની સાથે બેઇન્દ્રિય જાતિ, તેઇન્દ્રિય જાતિ, ચઉરીન્દ્રિય જાતિ અને અસન્ની પંચેન્દ્રિયને લાયક

તેમજ સન્ની પંચેન્દ્રિયને લાયક કર્મબંધ થઇ શકે છે અને અપર્યાપ્ત નામકર્મ બાંધતો હોવાથી એની સાથે નિયમા અસ્થિર, અશુભ અને અયશ નામકર્મ બંધાય છે.

ત્રસ, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક આ ચાર પ્રકૃતિઓ બેઇન્દ્રિય જાતિની સાથે બંધાય, તેઇન્દ્રિય જાતિની સાથે બંધાય, ચઉરીન્દ્રિય જાતિની સાથે બંધાય અને અસન્ની પંચેન્દ્રિયં તિર્યંચની સાથે બંધાય તો એની સાથે છેલ્લું સંઘયણ અને છેલ્લું સંસ્થાન તેમજ અશુભ વિહાયોગતિ નિયમા બાંધે છે. જ્યારે સ્થિર, શુભ અને યશ એની સાથે પરાવર્તમાન રૂપે અસ્થિર, અશુભ અને અયશ એ છ પ્રકૃતિઓના આઠ વિકલ્પોમાંથી કોઇપણ એક વિકલ્પ બંધાય છે. (૧) સ્થિર, શુભ, યશ. (૨) સ્થિર, અશુભ, યશ. (૩) અસ્થિર, શુભ, યશ. (૪) અસ્થિર, અશુભ, યશ. (૫) સ્થિર, શુભ, અયશ. (૬) સ્થિર, અશુભ, અયશ. (૭) અસ્થિર, શુભ, અયશ. (૮) અસ્થિર, અશુભ, અયશ.

દેવગતિના બંધની સાથે એટલે કે દેવગતિમાં જવાલાયક કર્મપ્રકૃતિઓના બંધની સાથે ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક પ્રકૃતિઓ બાંધતા બાંધતા પહેલું સંસ્થાન શુભ વિહાયોગતિ નિયમા બંધાય છે અને સ્થિર, શુભ, યશ અને એની પ્રતિપક્ષી અસ્થિર, અશુભ અને અયશના આઠ ભાંગામાંથી કોઇપણ એક ભાંગો એક સાથે બંધાય છે. એ આઠ વિકલ્પો આ પ્રમાણે.

(૧) સ્થિર, શુભ, યશ. (૨) સ્થિર, અશુભ, યશ. (૩) અસ્થિર, શુભ, યશ. (૪) અસ્થિર, અશુભ, યશ. (૫) સ્થિર, શુભ, અયશ. (૬) સ્થિર, અશુભ, અયશ. (૭) અસ્થિર, શુભ, અયશ. (૮) અસ્થિર, અશુભ, અયશ.

સન્ની પર્યાપ્તા તિર્યંચ પ્રકૃતિને લાયક અને સન્ની પર્યાપ્તા મનુષ્યોને લાયક ૨૯ પ્રકૃતિઓનો બંધ જીવો કરતા હોય ત્યારે ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક આ ચાર પ્રકૃતિઓ નિયમા બંધાય છે. એની સાથે છ સંઘયણમાંથી

કોઇપણ એક સંઘયણ છ સંસ્થાનમાંથી કોઇપણ એક સંસ્થાન અને બે વિહાયોગતિમાંથી કોઇપણ એક વિહાયોગતિ પરાવર્તમાન રૂપે બંધાય છે. માટે એ ત્રણેના થઇને વિકલ્પો ૬ X ૬ X ૨ = ૭૨ વિકલ્પો થાય છે. એવીજ રીતે સ્થિર અને અસ્થિર, શુભ અને અશુભ, શુભગ અને દુર્ભગ, સુસ્વર અને દુસ્વર આદય અને અનાદેય, તેમજ યશ અને અયશ આ છ બબ્બેના યુગલમાંથી એકસાથે પરાવર્તમાનરૂપે કોઇપણ છ પ્રકૃતિઓ બંધાય છે એના વિકલ્પો ૨ X ૨ X ૨ X ૨ X ૨ X ૨ = ૬૪. એ ૬૪ X ૭૨ = ૪૬૦૮ વિકલ્પો થાય છે. એક જ સમયે એકસાથે મનુષ્યગતિને લાયક તેમજ તિર્યંચગતિને લાયક ૪૬૦૮ જીવો બંધ કરતા હોય ત્યારે દરેકના બંધની અંદર પોતપોતાના પરિણામની તરતમતાના કારણને અસંખ્યાતા ભેદો પડી શકે છે. આ રીતે એકજ સમયે એક સાથે ૪૬૦૮ વિકલ્પ રૂપે મનુષ્યગતિને લાયક તેમજ તિર્યંચગતિને લાયક પ્રકૃતિઓનો બંધ જીવો કરી શકે છે. આ રીતે વિચારણા કરીએ તો સ્થુલ પરિણામને કદાચ આપણે પકડી શકીએ પરંતુ સૂક્ષ્મ પરિણામને પકડવા હોય તો કેવળી ભગવંતોજ પકડી શકે. આપણા માટે એ સૂક્ષ્મ પરિણામોને પકડવા બહુજ દુષ્કર કહેલા છે. કારણ કે એકસાથે ૨૯ પ્રકૃતિઓ જે બંધાતી હોય છે તેમાં શુભ નામકર્મની પ્રકૃતિઓ પણ હોય છે અને સાથે સાથે અશુભ નામકર્મની પ્રકૃતિઓ પણ બંધમાં હોય છે. આના કારણે અત્યારે વર્તમાનમાં જે રીતે જીવન જીવી રહેલા છીએ એમાં અશુભ પરિણામની વિચારણા અને તેની તીવ્રતા મોટેભાગે વારંવાર પેદા થયા કરે છે. જ્યારે શુભ પરિણામની અને એની તીવ્રતા મોટેભાગે લાંબાકાળ સુધી રહેતા નથી અને થોડાકાળ માટે પણ શુભ વિચાર પેદા થાય એ પણ કાંઇક ને કાંઇક રાગાદિ પરિણામથી લેપાયેલા પરિણામ પૂર્વકની શુભ વિચારણાઓ ચાલતી હોય છે. માટે આ બધી વિચારણા કરતાં અરિહંત પરમાત્માઓ આપણા પ્રત્યે જે ઉપકાર કરી ગયા અને મહાપુરુષોએ પ્રાણના ભોગે સાચવી સાચવીને આપણા સુધી આ બધું જ્ઞાન પહોંચાડ્યું એ ઉપકારને યાદ કરીને રોજ વિચારણા કરતાં કરતાં આપણા પરિણામો કેમ બદલાતા જાય એની

વિચારણા કરવી જ પડશે. જો એ વિચારણા કરતા રહીએ તો વર્તમાનમાં ધર્મની સામગ્રી એટલી સુંદર પ્રાપ્ત થયેલી છે કે ગ્રંથીભેદ કરવા ધારીએ તો જરૂર આપણે ગ્રંથીભેદ કરી શકીએ. જેમ મદારી કરંડીયામાં સાપ રાખેલો હોય એ લઇને પોતાની આજીવિકા માટે બધે ફરતો હોય, શેરીમાં બધાને ભેગા કરીને કરંડીયો ખોલીને સાપ બહાર કાઢે એ સાપને ગળે ટીંગાડે, હાથે ટીંગાડે, આખા શરીર ઉપર ગમે ત્યાં ફેરવે તો પણ એ સાપથી જેટલો સાવચેત હોય છે કારણ કે એ જાણે છે કે જો હું સાવચેત ન રહું તો આ સાપ મને ડંખ મારીને ખતમ કરી નાંખે. માટે જેઓ એને ડંખ લાગે કે તરતજ પોતાની પાસે જે જડ્ડી બુટ્ટી રાખેલી હોય એ જડ્ડીબુટ્ટી રાખીને ફેરવી દે છે માટે એ બચી શકે છે અને પોતાની આજીવિકા ચલાવી શકે છે. એવી રીતે આપણે પણ ભગવાનની ભક્તિ કરતાં કરતાં, સાધુની સેવા કરતાં કરતાં, ધર્મની આચરણા કરતાં કરતાં, સાધર્મિક ભક્તિ કરતાં કરતાં અને જ્ઞાનની પ્રાપ્તિ કરતાં કરતાં મોહરાજાની જેટલી વિચારસરણીઓ છે એ બધી સાપ કરતાં પણ વધારે ભયંકર છે એમ માનીને રાગાદિ પરિણામ જેવા પેદા થાય કે તરત જ જ્ઞાની ભગવંતોએ કહેલા વિચારો શરૂ કરી દઇએ તો એ જડીબુટ્ટી રૂપે કામ લાગીને રાગાદિ પરિણામનું ઝેર ચઢવા દે નહિ અને જે રાગાદિ પરિણામથી જન્મ મરણની પરંપરા વધવાની હતી એ વધવાને બદલે જડીબુટ્ટીનો ઉપયોગ કરતાં કરતાં રાગાદિ પરિણામનો ઢાળ બદલી નાંખતા જન્મ મરણની પરંપરા ઓછી થતી જાય છે. અત્યારે આપણા માટે મનુષ્યજન્મમાં ખરેખર કરવા લાયક હોય તો આજ છે એમ વિચારણા કરીને આને લાંબાકાળ સુધી ટકાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

જ્યારે મનુષ્યગતિને લાયક પ્રકૃતિઓનો જીવ બંધ કરતો હોય છે ત્યારે જીવોને આ પરિણામની વિચિત્રતાના કારણે રસબંધમાં ફેરફાર થાય છે. કેટલાક જીવો ચાર ઠાણીયો તીવ્રરસ બાંધે છે, કેટલાક જીવો ચાર ઠાણીયો તીવ્રતર રસ બાંધે છે, કેટલાક જીવો ચાર ઠાણીયો તીવ્રતમ રસ બાંધે છે, કેટલાક જીવો જઘન્ય મંદરસ બાંધે છે, કેટલાક જીવો જઘન્ય મંદતરરસ

બાંધે છે અને કેટલાક જીવો જઘન્ય મંદતમ રસ બાંધે છે. આ દરેકમાં એક એક ગુણ અધિક, બે ગુણ અધિક ઇત્યાદિ ગુણોનો ભેદ પડવાથી તેમજ એકગુણ હીન, બે ગુણહીન, સંખ્યાતા ગુણહીન, અસંખ્યાતા ગુણહીન એવી રીતે ભેદો પડતા પડતા અસંખ્યાતા ભેદો પડી શકે છે. એનુ વર્ણન આપણે કરી શકીએ એવી તાકાત નથી. માટે જ્ઞાની ભગવંતોએ ૬૪ ભેદ જે થાય છે અને બતાવ્યા છે તે અહીં બતાવીએ છીએ.

## ૬૪ ભેદનું વર્ણન

૧. સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય અને યશ.
૨. સ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, આદેય અને યશ.
૩. અસ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય અને યશ.
૪. અસ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, આદેય અને યશ.
૫. સ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને યશ.
૬. સ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને યશ.
૭. અસ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને યશ.
૮. અસ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને યશ.
૯. સ્થિર, શુભ, શુભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૦. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૧. અસ્થિર, શુભ, શુભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૨. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૩. સ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૪. સ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૫. અસ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૬. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને યશ.
૧૭. સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૧૮. સ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને યશ.

૧૯. અસ્થિર, શુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૦. અસ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૧. સ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૨. સ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૩. અસ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૪. અસ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને યશ.
૨૫. સ્થિર, શુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૨૬. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૨૭. અસ્થિર, શુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૨૮. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૨૯. સ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૩૦. સ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૩૧. અસ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૩૨. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને યશ.
૩૩. સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૪. સ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૫. અસ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૬. અસ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૭. સ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૮. સ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને અયશ.
૩૯. અસ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને અયશ.
૪૦. અસ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, આદેય અને અયશ.
૪૧. સ્થિર, શુભ, શુભગ, દુસ્વર, આદેય અને અયશ.
૪૨. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, આદેય અને અયશ.
૪૩. અસ્થિર, શુભ, શુભગ, દુસ્વર, આદેય અને અયશ.
૪૪. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, આદેય અને અયશ.

૪૫. સ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને અયશ.

૪૬. સ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને અયશ.

૪૭. અસ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને અયશ.

૪૮. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, આદેય અને અયશ.

૪૯. સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૦. સ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૧. અસ્થિર, શુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૨. અસ્થિર, અશુભ, શુભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૩. સ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૪. સ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૫. અસ્થિર, શુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૬. અસ્થિર, અશુભ, દુર્ભગ, સુસ્વર, અનાદેય અને અયશ.

૫૭. સ્થિર, શુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૫૮. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૫૯. અસ્થિર, શુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૬૦. સ્થિર, અશુભ, શુભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૬૧. સ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૬૨. સ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૬૩. અસ્થિર, શુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

૬૪. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને અયશ.

કષાયથી સ્થિતિબંધ થાય છે અને લેશ્યાસહિત કષાયથી રસબંધ થાય છે. એના જે અસંખ્યાતા ભેદો એ ચૌદપૂર્વધરોજ જાણી શકે છે. બાકી અત્યારે આપણે એને જાણી શકીએ એવી આપણી તાકાત નથી. સાતમી નારકીના પહેલા અને બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો મનુષ્યગતિનો બંધ કરતા નથી. તેમજ તેઉકાય અને વાઉકાયમાં રહેલા જીવો મનુષ્યગતિનો બંધ કરતા નથી. આ સિવાયના બાકીના જગતમાં રહેલા સઘળાય જીવો

પોતપોતાની યોગ્યતા મુજબ મનુષ્યગતિને યોગ્ય પ્રકૃતિઓનો બંધ કરી શકે છે. દુર્ભગ, દુસ્વર અને અનાદેય એ નામકર્મ જેમ જેમ ગુણસ્થાનકમાં આગળ વધીએ તેમ તેમ એનો બંધ નાશ પામે છે. કારણ કે બે ગુણસ્થાનક સુધીજ દુર્ભગ, દુસ્વર અને અનાદેય એ ત્રણ પ્રકૃતિઓ બંધાય છે. આગળના ગુણસ્થાનકમાં ન બંધાતી હોવાથી પછી એના વિકલ્પો થતા નથી.

**આ રીતે નામકર્મના ૩૭ ભેદોનું વર્ણન પૂરું થયું.**

## ૪૨. ઉચ્ચગોત્ર

જે કુલને વિષે જે જે જીવો ઉત્પન્ન થયેલા હોય એ કુલોમાં જે ધર્મનો વ્યવહાર ચાલતો હોય એ ધર્મને અને નીતિને સાચવીને જીવન વ્યવહાર ચલાવવો તે ઉચ્ચગોત્ર કહેવાય છે. આજે દાળ, ભાત, રોટલી, શાક ખાવા હોય તો એને માટે અનીતિ કરવી પડે એવો કાળ નથી. સવારનો નાસ્તો ચા, દૂધ અને ખાખરો મળી શકે પણ તેમાં બીજા ટેસ્ટફૂલ નાસ્તા જોઇતા હોય તો તે મળે નહિ. બપોરે દાળ, ભાત, રોટલી, બે શાક, સાંજે ભાખરી, ઓસામણ અને શાક આટલું જોઇતું હોય તો નીતિથી કમાતા જીવોને ખાવા-પીવા માટે પોતે અને પોતાના કુટુંબના ભરણપોષણ માટે મજેથી મળી શકે એવો કાળ છે. પણ તમારે જે રીતે જરૂરિયાત વધારીને ખાવા-પીવાના પદાર્થો પણ સ્વાદને આધીન થઇને ટેસફૂલ ખાવા-પીવા જોઇએ તો એ બધું નીતિથી કમાતા મળે નહિ. એ બધુ મેળવવા માટે અનીતિના સહારે જવુ પડે છે એનું જો અંતરમાં દુઃખ હોય તોય કાંઇક હજી ધર્મ પામવાની યોગ્યતા અંતરમાં બેઠેલી છે એમ કહી શકાય અને એ દુઃખ અંતરમાં રહેલું હોય તો કોઇવાર તાકાત આવશે તે ઇચ્છાઓને દબાવવા માટે આ ઉચ્ચકુળ જે તમને મળ્યું છે એને આંખ સામે રાખીને જીવન જીવવાનું મન થશે. જો લુલી બાઇની ઇચ્છાઓ મુજબ ખાવા-પીવાના પદાર્થોમાં સ્વાદ કરવાના હેતુથી અનીતિ આદિ કરતો રહીશ તો અહિંથી મરીને ઉચ્ચકુળમાં પેદા થઇ શકીશ નહિ અને જો નીચકુળમાં ચાલ્યો જઇશ તો મારું શું થશે એનો વિચાર કરવો જોઇએ.

આજે સુખના રાગના કારણએ અને પૈસાના લોભના કારણએ તમે તમારું જીવન ખલાસ કરી નાંખ્યું છે.

સભા૦ સૌથી પહેલા ઇન્કમટેક્ષની શરૂઆત થઇ ત્યારે કેટલા શ્રાવકો ટકેલા ?

ત્યારે પણ શ્રાવકો નીતિમત્તાથી જીવન જીવીને ઘણાખરા ટકેલા હતા. એમને એમના જીવનમાં અનીતિ કોઇ દિવસ કરી નથી. તકલીફ વેઠીને પણ જીવન જીવતા હતા. અત્યારે એમના વારસદારો અનીતિ કરીને જીવન જીવવા લાગ્યા છે. તકલીફો વેઠવામાં સત્વ ખોળવતા નથી પણ અનીતિ આદિમાં સત્વ ખોરવીને અધિક પૈસા કમાવવા માટેનો પ્રયત્ન કરતા જાય છે. શ્રાવક છદ્મસ્થ છે અને અજાણતા જુઠ્ઠું બોલાઇ જાય તો તેનું પ્રાયશ્ચિત લેવાય છે. બાર વ્રતના સ્થૂલ મૃષાવાદ વ્રતમાં મારે જીવનમાં જાણી બુઝીને જુઠ્ઠું બોલવું નહિ તથા કોઇની પાસે બોલાવવું નહિ એટલી પ્રતિજ્ઞા હોય છે. વ્રત ન લીધા હોય એને પણ એજ પ્રમાણે વર્તવા માટે અને એનો અભ્યાસ પાડવા માટે જ્ઞાની ભગવંતોએ વિધાન કીધેલું છે. એવી રીતે ચોરી આદિના વ્રતમાં પણ જાણવું. સયાજીરાવ ગાયકવાડ વડોદરાના ગાયકવાડ થઇ ગયેલા છે. એ ભરવાડના દીકરા હતા. ભરવાડના દીકરા તરીકે સવારના રોજ રોટલો અને છાશ ખાતા હતા. જ્યારે ગાયકવાડ બન્યા ત્યારે રસોઇયાને કહી દીધેલું છે કે હું જમવા બેસું ત્યારે સૌથી પહેલો મારો જે ખોરાક લુખ્ખો રોટલો અને છાશ એ મને આપો, ત્યાર પછી બીજી ચીજો આપવી અને બપોરે પોતાના દીવાનખાનામાં આરામ કરતા ત્યારે બારણા બંધ કરીને પોતાનો ભરવાડનો જે પોષાક એ પહેરીને સુઇ જતા હતા. કારણ કે એમને પોતાને ખબર હતી કે આ ગાયકવાડપણાની ખુરશી મને પુણ્યથી મળેલી છે. ક્યારે આ પુણ્યપુરુ થશે એ કહેવાય નહિ. ભવિષ્યમાં કદાચ આ ખુરશી ઉપરથી ઉતરી જવું પડે તો મને મારો ભરવાડનો પોષાક પહેરતાં અને લુખ્ખો રોટલો અને છાશ ખાતા જરાય આંચકો આવવો જોઇએ નહિ અને સંકોચ પેદા થવો જોઇએ નહિ. આવી વ્યક્તિઓ સદા માટે ઓછીજ હોય છે.

ભગવાન મહાવીરના કાળમાં પણ આવા જીવો ઓછાજ મળતા હતા.

ઉચ્ચગોત્રનો બંધ એકથી દશ ગુણસ્થાનક સુધી હોય છે. તેમાં પહેલા અને બીજા ગુણસ્થાનકે નીચગોત્ર બંધાતુ હોવાથી નીચગોત્રની સાથે પરાવર્તમાનરૂપે ઉચ્ચગોત્રનો બંધ થાય છે અને ત્રીજા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી ઉચ્ચગોત્ર સતત બંધાય છે.

એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધની સાથે બેઇન્દ્રિયમાં જવાલાયક કર્મબંધની સાથે, તેઇન્દ્રિયમાં જવાલાયક કર્મબંધની સાથે, ચઉરીન્દ્રિયમાં જવાલાયક કર્મબંધની સાથે અને અસન્ની પંચેન્દ્રિયપણામાં જવાલાયક કર્મબંધની સાથે નિયમા નીચગોત્રજ બંધાય છે.

સન્ની પંચેન્દ્રિય તિર્યંચમાં જવાલાયક કર્મબંધની સાથે નિયમા નીચગોત્ર જ બંધાય છે.

નારકીમાં જવાલાયક કર્મબંધની સાથે નિયમા નીચગોત્રજ બંધાય છે.

મનુષ્યગતિમાં જવાલાયક કર્મબંધની સાથે પહેલા અને બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો નીચગોત્ર અને ઉચ્ચગોત્ર પરાવર્તમાનરૂપે બાંધે છે કારણ કે મનુષ્યગતિમાં જવાલાયક કર્મબંધ અનાર્યક્ષેત્રમાં ઉત્પન્ન થવાલાયક કર્મબંધ પણ હોય છે. આર્યક્ષેત્રમાં પણ હલકા કુલોમાં, હલકી જાતિમાં જવાલાયક કર્મબંધ પણ થઇ શકે છે. જેમકે બ્રાહ્મણ કુલ સુધીના જેટલા કુલો છે, ભિક્ષુકકુલ સુધીના જેટલા કુલો છે, જેટલા જગતમાં ગણાતા હોય એ બધા કુલોને વિષે ઉત્પન્ન થવા લાયક કર્મબંધ મનુષ્યગતિનો થતો હોય ત્યારે નીચગોત્ર બંધાય છે. ઇક્ષ્વાકુ કુલ, રાજન્ય કુલ ઇત્યાદિ આર્યક્ષેત્રમાં સારાકુલોને વિષે ઉત્પન્ન થવાલાયક મનુષ્યગતિનો બંધ થતો હોય ત્યારે જીવો ઉચ્ચગોત્રનો બંધ કરે છે.

દેવગતિમાં ઉત્પન્ન થવાલાયક કર્મબંધ થતો હોય ત્યારે નિયમા ઉચ્ચગોત્રનો બંધ થાય છે.

ખ્યાલ આવ્યો ? ઉચ્ચગોત્ર બાંધવુ કેટલું દુર્લભ છે એ આના ઉપરથી સમજવાનું છે. પુણ્યપ્રકૃતિ હોવાછતાંય મોટાભાગના જીવો નીચગોત્રનો બંધ

કરે છે. એટલા માટે આ બધા કારણોથી જૈનશાસનમાં કહેલું છે નવમા ગ્રૈવેયકમાં જવા લાયક કર્મબંધ અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો, ભારેકર્મીભવ્ય જીવો એકવાર પ્રાપ્ત કરે અને પછી ત્યાંથી પડીને એ જીવો મનુષ્યગતિનો જે બંધ કરે એ અનાર્યક્ષેત્રમાં ઉત્પન્ન થવાલાયક મનુષ્યગતિનો બંધ કરે છે અને એની સાથે નીચગોત્રનો બંધ કર્યા કરે છે અને એ નીચગોત્રનો બંધ તીવ્રરસે બાંધ્યા જ કરે છે. આથી નિશ્ચિત એ થાય છે કે કોઇપણ જીવના સુખની ઇર્ષા કરવાથી, અદેખાઇ કરવાથી, અશુયાપણુ પેદા કરવાથી, કોઇ મારાથી આગળ ન આવી જાય એની કાળજી રાખીને જીવન જીવવાથી, કોઇ આગળ આવી ગયો હોય તો એને નીચો પાડવાની વિચારણાથી તેમજ હાથી, ઘોડા, ગાય વગેરે એની ચાલની રમત રમવાથી જીવો નીચગોત્રનો બંધ કરે છે. ઋષભદેવ ભગવાનના ચરિત્રમાં આવે છે કે પાંચ મિત્રોએ ભગવાનની આંખમાંથી તણપલુ કાઢવા માટે એક ઘોડો બન્યો છે, એના ઉપર બીજાએ ચઢીને આંખમાંથી તણખલું કાઢ્યું. એ ઘોડો બનનાર મનુષ્યને એવો આનંદ પેદા થયો કે તેના કારણે તીવ્રરસે કર્મ બાંધ્યુ કે બીજા ભવમાં તિર્યંચમાં ઘોડા રૂપે ઉત્પન્ન થયો. ભગવાનની ભક્તિ ઘોડો બનીને કરી પણ તેમાં ઘોડાના સ્વરૂપે બનવાનો આનંદ હતો, ભક્તિનો આનંદ નહોતો એના પ્રતાપે તિર્યંચગતિ બંધાયેલી છે. જ્યારે જન્માભિષેક વખતે ઋષભનું રૂપ કરીને ભગવાનનો અભિષેક કરે છે, તેમાં ઋષભ બન્યો એનો આનંદ નથી પણ એ રીતે જે ભક્તિ કરે છે એનો આનંદ છે. માટે આ જીવનમાં આવા બધા વિચારો કરીને રસપૂર્વક જે વાતોચીતો કરીએ છીએ એનાથી તિર્યંચગતિ આદિના કેટલા પાપકર્મો આપણે બાંધીએ છીએ એનો ખૂબ વિચાર કરવા જેવો છે.

સુખની દ્રષ્ટિથી અંતરમાં ઇર્ષ્યા આદિ વિચારો કરવા તે ઇર્ષા કહેવાય છે અને ગુણની દ્રષ્ટિથી બીજાના ગુણો જોઇને અંતરમાં ખુશી થવાને બદલે ખરાબ વિચાર કરવા તે અશુયા કહેવાય છે. એટલે કે મારાથી કોઇ ગુણમાં આગળ આવી ન જાય એની કાળજી રાખીને એની વિચારણા કર્યા કરવી

એને અશુયા નામનો દોષ કહેવાય છે. જેમકે આજે કોઇ આપણી પાસે કોઇ બીજા જીવોના ગુણોનું વર્ણન કરીને અનુમોદના કરતો હોય તો તે વખતે ઝટ દઇને બોલવાનું મન થાય કે એ વ્યક્તિને તુ જેટલું ઓળખે છે એના કરતા હું વધારે ઓળખું છું. એને એ શા માટે કર્યું છે એ તને ખબર નથી. આ ગુણ પ્રત્યેની અશુયા કહેવાય છે. આ બધાની વ્યાખ્યાઓ શાસ્ત્રોમાં વિસ્તારથી આપેલી છે. દેવગતિમાં નવમા ગ્રૈવેયકમાં રહેલા દેવો અભવ્યાદિ જીવો ત્યાં ઉત્પન્ન થયા પછી ઇર્ષ્યા અને અશુયા ભાવવાળા થાય છે કે જેના પ્રતાપે એકત્રીશ સાગરોપમ સુધી મનુષ્યગતિનો બંધ કરતા હોવા છતાંય એની સાથે ઉચ્ચગોત્રનો બંધ કરતા નથી પણ નીચગોત્રનો બંધ કર્યા કરે છે. આના ઉપરથી આપણી પણ સ્થિતિ શું છે એ પણ વિચારજો. [ભગવાન મહાવીરના આત્માએ મરીચિના ભવમાં કુલનો મદ કરતાં કરતાં નીચગોત્રનો રસ એવો નિકાચીત બાંધ્યો કે પોતાના સ્થુલ ૨૭ ભવોમાંથી છેલ્લે સત્યાવીશમા ભવે એ નીચગોત્રનો ઉદય ૮૨ દિવસ સુધી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં રહીને ભોગવવો પડ્યો. તીર્થંકરનો આત્મા હોવાછતાંય એમણે બાંધેલું કર્મ આવી રીતે ભોગવવું પણ પડે છે તો પછી આપણા જેવા જીવોને વિચારણા કરીએ તો આપણી વાત કંઇ થાય એવી છે ?]

જગતમાં રહેલા જીવો ઇર્ષ્યાદિ પરિણામોથી નીચગોત્રનો બંધ કરતા હોય છે. આપણે ઇર્ષ્યા કરવીજ હોય તો આપણા દોષોની ઇર્ષા કરવાની આટલું આટલું કરવા છતાં ક્રિયાને વધારવાનું મન બહુ થાય છે પણ પરિણામ સુધારવાનું મન થતું નથી. આજે લગભગ સાધુનું ચોમાસું ચાર મહિનાનું અને તમારું ચોમાસું લગભગ પર્યુષણ સુધીનું પર્યુષણ પૂરા થાય એટલે શ્રાવકો દોડાદોડ કરે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે ચોમાસાના ચાર મહિના શ્રાવકોને માટે આરાધના કરવી એ પ્રધાનપણે છે. જ્યારે લગભગ વિચાર કરીએ તો આજે ચાર મહિના સારી રીતે આરાધના કરનારા શ્રાવકો કેટલા મળે ? આજીવિકાનો પ્રશ્ન કદાચ હોય તો આજીવિકા પૂરતુ આઠ મહિના આજીવિકા મેળવવાની મહેનત કરે પણ ચાર મહિના તો સારી રીતે પોતે આરાધનામાં

પસાર કરે. ચોમાસાની આરાધના સુખનો રાગ ઘટાડવા માટે છે કે જેના કારણે જ્યાં ચોમાસું પુરુ થાય એટલે શ્રાવકને અંતરમાં વિચાર આવે કે હવે ફ્રીથી જલ્દી ચોમાસાના દિવસો ક્યારે આવે કે જેના કારણે આ ચોમાસામાં જેટલી આરાધના કરી એના કરતા હું વિશેષ આરાધના કરતો થાઉં કે જેના પ્રતાપે એ આરાધના કરતાં કરતાં વૈરાગ્યભાવ પેદા થતો જાય અને એમ કરતાં કરતાં સંયમ લેવાની તાકાત આવે. આજે આરાધના કરનારા જીવોમાં વૈરાગ્ય કેટલા જીવોને હોય છે એ પણ એક વિચારણીય છે. ત્યાગ કરનારા જીવ મળશે પણ વૈરાગ્ય પેદા કરવો એ જરૂરી નથી. એવી માન્યતાવાળા મોટાભાગના જીવો મળશે.

સભા૦ વૈરાગી હોવાનું લક્ષણ શું ?

જ્ઞાની ભગવંતો કહે છે કે સુખનો રાગ દુ:ખરૂપ લાગે એનું નામ વૈરાગ્ય. ભરપુર સુખવાળાને ત્યાગની ભાવના થઇ હોય, વૈરાગ્ય પમાડવાની યોગ્યતા જણાતી હોય તો એને ત્યાગના નિયમ અપાય. પણ વૈરાગ્યની યોગ્યતા ન દેખાતી હોય તો વૈરાગ્યની યોગ્યતા પેદા કરવા માટે પણ કદાચ ત્યાગના નિયમો આપી શકાય. આથી જૈનશાસનમાં વૈરાગ્યપૂર્વક ત્યાગની કિંમત છે પણ વૈરાગ્ય વગરના ત્યાગની જરાય કિંમત કહેલી નથી.

આપણી વાત અસુયાદિ પરિણામ દૂર કરવા માટે છે.

સભા૦ મદ અને ગૌરવમાં ભેદ શું ?

ગૌરવ કરતાં કરતાં ગર્વ પેદા થાય અને તેમાં આનંદ આવે તેનું નામ મદ અને ગુણ પ્રાપ્તિ ઉચ્ચગોત્રમાં બાંધવામાં સહાયભૂત થાય છે. ગુણપ્રાપ્તિનો ગર્વ પેદા થાય એને ગૌરવ કહેલો છે. એમાં મદ થતો નથી. બ્રાહ્મણકુળ નીચગોત્ર કહેવાય છે કારણ કે તે માંગણ કુળ છે માટે હલકું કહેલું છે. તેમાંય કોક કોક સારા કુળો નીકળે છતાં કુળની પ્રધાનતાથી એ જાતિ નીચ કહેવાય છે. હું એટલે શ્રાવક મારાથી આમ ન જ થાય એવું સ્વાભિમાન જોઇએ. આ સ્વાભિમાન પ્રશસ્ત કોટિનું કહેલું છે અને આવું સ્વાભિમાન શ્રાવકે કરવાનું કહેલું છે. માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં ત્રીજો

ગુણ સમાન કુળ સાથે વિવાહ કરવો અતિ શ્રીમંત કે અતિ દરિદ્ર ન લેવાય. પોતાને સમાન હોય તેજ ગુણવિકાસમાં અને ગુણોમાં આગળ વધવામાં સહાયક બની શકે છે. પોતાનાથી અતિ શ્રીમંત કે અતિ દરિદ્રમાં વિખવાદ પેદા થવાનો કોઇપણ જાતનો ભય હોતો નથી. આજે તો બધુ બગડી ગયેલું છે. જૈનની છોકરીઓ મુસ્લિમોને ત્યાં અને ખ્રીસ્ચનોની સાથે પણ જાય છે અને ત્યાંની છોકરીઓ જૈનોના ઘરમાં પણ આવે છે. આ કંઇ પૂર્વભવના ઋણાનુબંધ જેવું નથી પણ મર્યાદાઓ તોડેલી છે એનું પરિણામ છે.

ઉચ્ચગોત્રનો ઉદય એકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે. સામાન્ય રીતે ઉચ્ચગોત્રમાં જન્મેલા જીવો જે સંસ્કારો લઇને આવેલા હોય છે એ સંસ્કારોને ટકાવવા પ્રયત્ન કરે નહિ, કષ્ટ વેઠીને પણ સાચવવા પ્રયત્ન કરે નહિ અને એ સંસ્કારોને વધારવામાં પ્રયત્ન કરે નહિ તો અનાદિના સંસ્કારોના કારણે સારા સંસ્કારોનો નાશ થઇ જાય અને ખરાબ સંસ્કારોની ટેવોના કારણે ખરાબ સંસ્કારવાળો બની જાય છે. એટલે કે નીચગોત્રના ઉદયવાળો બન્યા વગર એ જીવ રહેતો નથી. ત્યાર પછી એના કુળમાં જે જે જીવો ઉત્પન્ન થાય તે કુળ સુખ-સાહ્યબી, સંપત્તિવાળું હોવાછતાંય ધર્મના સંસ્કારો અને નીતિના સંસ્કારો નાશ પામેલા હોવાથી નીચગોત્રના ઉદયવાળા કહેવાય છે.

કેટલાક જીવો નીચગોત્રના કુળમાં ઉત્પન્ન થયેલા હોવાછતાં એને સારા સંયોગની પ્રાપ્તિ થઇ જાય. સારા સંસ્કારોની વાતોચીતો સાંભળવા મળે અને જાણવા મળી જાય તો એ જીવો ખરાબ સંસ્કારોનો નાશ કરી સારા સંસ્કારોને પ્રાપ્ત કરતો જાય છે. ત્યારે એ જીવો પોતાના નીચગોત્રના ઉદયને નાશ કરતો કરતો ઉચ્ચગોત્રના ઉદયવાળો થઇ શકે છે. આ કારણોથી મનુષ્યગતિને વિષે ઉચ્ચગોત્ર અને નીચગોત્રનો ઉદય પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાનરૂપે હોય છે. ચોથા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવોને નિયમા ઉચ્ચગોત્રનો ઉદય હોય છે. બીજું અને ત્રીજું ગુણસ્થાનક સમકીતથી પડતા જીવોને પ્રાપ્ત થતું હોવાથી બંન્ને પ્રકારના ગોત્ર પરાવર્તમાન

રૂપે ઉદયમાં હોય છે. [મનુષ્યગતિ સિવાય ઉચ્ચગોત્ર અને નીચગોત્ર બીજી કોઇ ગતિમાં પરાવર્તમાનરૂપે હોતું નથી. કારણ કે એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય તિર્યંચ સુધીના જીવોને નારકીના જીવોને નિયમા નીચગોત્રનો જ ઉદય હોય છે. દેવગતિમાં રહેલા દેવોને નિયમા ઉચ્ચગોત્રનો જ ઉદય હોય છે માટે મનુષ્યગતિને વિષે પરાવર્તમાન રૂપે ગોત્રકર્મનો ઉદય ગણાય છે.]

સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચોને વિષે નીચગોત્રનો ઉદય એકથી પાંચ ગુણસ્થાનક સુધી હોય છે છતાં પણ સમકીતી અને દેશવિરતિવાળા તિર્યંચોનું સમકીતનું પાલન અને દેશવિરતિના પાલનની વાતો સાંભળતા અંતરમાં અહોભાવ પેદા થતો જાય છે તો એ જીવોને તે વખતે નીચગોત્રનો ઉદય હોવાછતાં ઉચ્ચગોત્રના ઉદયવાળા ગણાય છે. એવીજ રીતે દેવગતિમાં રહેલા દેવો ઉચ્ચગોત્રના ઉદયવાળા હોવાછતાં પણ ભારેકર્મનો બંધ કરીને ઉચ્ચગોત્ર મંદરસે બાંધેલું હોય તો કિલ્બીષીયા આદિ હલકી જાતિના દેવોરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાંય દેવોને ઉચ્ચગોત્રનો ઉદય હોવાછતાં નીચગોત્રના ઉદયવાળા ગણાય છે. જ્યારે મનુષ્યગતિને વિષે જે કુળમાં ઉત્પન્ન થયેલો હોય ત્યારે જે કુળ હોય એ કુળવાળા ગણાય છે. એ કુળમાં જન્મ્યા પછી સારા ઉચ્ચકુળમાં રહીને નાનપણથી મોટો થતો હોય અને સારાજ કુળમાં રહીને જુવાન વય પામે તો પણ બીજાને ખબર ન હોવાથી વ્યવહારથી ઉચ્ચગોત્રવાળો ગણાય છે પણ જે કુળમાં જન્મ પામેલો હોય છે એના બીજના કારણે ઉચ્ચકુળમાં જુવાનવય પામે તો પણ નીચકુળના સંસ્કાર નાશ પામતા નથી માટે નીચગોત્રના ઉદયવાળો ગણાય છે. દાખલા તરીકે હરીકેસરી મુનિ કે જે ચંડાળકુળમાં ઉત્પન્ન થયેલા અને રાજકુળમાં ઉછરીને મોટા થયેલા છતાં પણ એમના ચંડાળકુળના સંસ્કાર અંતરમાંથી ગયેલા નથી. દેવે આવીને પ્રતિબોધ કર્યા પછીજ પુરૂષાર્થ કરીને નીચગોત્રના સંસ્કાર નાશ કર્યા ત્યાર પછીજ ઉચ્ચગોત્રના સંસ્કારની પ્રાપ્તિ થઇ છે. આથી સામાન્ય રીતે નીચકુળમાં જન્મેલા હોય એ જીવો વ્રત, નિયમ, પચ્ચખાણ કે જૈનશાસનના તપનું અનુકરણ કરતા હોય તો સહજ રીતે આપણને અંતરમાં અહોભાવ પેદા થતો જાય છે.

એ અહોભાવના પ્રતાપે નીચકુળમાં રહેલા તપ વગેરે કરનાર જીવનું ઉચ્ચગત્ર ઉદયમાં ચાલે છે એમ કહેવાય છે. ખ્યાલ આવ્યો ? આજે જૈનકુળમાં જે નોકર ચાકર આદિ ઇતર દર્શનના રાખેલા હોય તે કર્મ તિથિના દિવસે તપ વગેરે કરે તે વખતે તેના પ્રત્યે આપણને અહોભાવ પેદા થાય છે એ એનું ઉચ્ચગોત્ર સૂચવે છે. કારણ કે એનું જન્મથી સંસ્કારીર્થ ઉચ્ચગોત્ર રૂપે એ કુલ નથી. જેવું બીજ તેને જન્મથી ગર્ભમાં મલ્યું હોય તેવા સંસ્કાર લઇને તે જન્મે છે. જેમકે તેલનો વેપારી તેલીયો કહેવાય. એ તેલીયો એના પુણ્યોદયથી રાજા થાય તો એ રાજી થાય પણ કોઇના ઉપર ખુશ થાય તો આપી આપીને શું આપે ? બે ચાર તેલના ડબ્બા આપે. એટલે કે બે ચાર તેલના ડબ્બા લઇ જજે એમ કહે જ્યારે ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલા રાજા થાય અને એ કોઇના ઉપર ખુશ થાય તો ગામના ગામ આપી શકે છે. આથી બીજ પ્રમાણે સંસ્કારો દેખાય છે. કુમારપાળ મહારાજા ભરવાડના દીકરા છે, એ જેટલું દાન આપે છે એના કરતાં એનો મંત્રી દાન વધારે આપે છે. એવીજ રીતે સિધ્ધરાજ રાજા હતા એનામાં અઠ્ઠાણું ગુણો હતા અને બે દોષ હતા એ બે દોષમાં પરસ્ત્રીની છાતી આપતો હતો અને યુધ્ધમાં પીઠ પાછળ ઘા કરતો હતો. આના કારણે એના અઠ્ઠાણું ગુણો દબાઇ જતા હતા. જ્યારે કુમારપાળ મહારાજામાં અઠ્ઠાણું દોષો હતા અને બે ગુણ હતા. એ કુમારપાળ કોઇકાળે પરસ્ત્રીને છાતી આપતો નહોતો અને યુધ્ધમાં પીઠ પાછળ ઘા કરતો નહોતો. એ બે ગુણોના પ્રતાપે એના અઠ્ઠાણુ દોષો દબાઇ જતા હતા. એકવાર સિધ્ધરાજના નોકરો પોતાને ત્યાં કામ કરી રહેલા છે એમને ખાનગી બોલાવીને અભયવચન આપીને કુમારપાળ મહારાજા પુછે છે કે દાન હું વધારે દઉં છું કે સિધ્ધરાજ દેતા હતા. ત્યારે તે વખતે એ નોકરોએ કહ્યું છે કે સિધ્ધરાજ જે દાન આપતા હતાં એ તમે આપી આપીને શું આપી શકો. દાન તો સિધ્ધરાજનું કારણ કે સિધ્ધરાજનું ઉચ્ચકુળ હતું એટલે ક્ષત્રિયકુળ હતું.

શ્રાવકકુળમાં જન્મ્યા એટલે એ જીવોને દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય આદિનો ક્ષયોપશમ ભાવ

વિશેષ પેદા થયેલો હોય એનો એ ઉપયોગ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં સારી રીતે કરતો થાય. આજે એવા શ્રાવકકુલો દેખાતા નથી પણ શ્રાવકકુલો વાણિયાના કુલો થઇ ગયેલા હોય એવું દેખાય છે. આગળના કાળમાં દીકરી આપવી હોય તો કયા સંસ્કારવાળું કુળ છે એ ખાસ જોવાતું હતું. આજે સંસ્કાર જોવાને બદલે સુખની પ્રધાનતા પેદા થઇ ગયેલી છે. એવીજ રીતે દીકરાને માટે પારકા ઘરમાંથી જે પાત્ર લાવ્યા હોય એ પાત્રમાં પણ આજે લગભગ સંસ્કાર જોવાને બદલે સુખ-સાહ્યબી, સંપત્તિ જોવાય છે. એના પ્રતાપે ઘરમાં આવ્યા પછી થોડા દિવસ થાય એટલે એના કુટુંબના સંસ્કાર એ લઇને જે આવી હોય એ તરફનો ઢળાવ પેદા થયા વગર રહેતો નથી. આનો મતલબ એ છે કે ઉચ્ચકુળના સંસ્કારોને જાળવવા, કેળવવા અને ટકાવી રાખવા માટે ખુબ ઉદ્યમની જરૂર છે એમ સમજવાનું છે.

તિર્યંચોને વિષે જે તિર્યંચો દેશવિરતિના નિયમોને પાળે છે, જે તિર્યંચો સમકીતી હોય છે, એ તિર્યંચો તેમજ યુગલિક તિર્યંચો ઉચ્ચગોત્રના ઉદયવાળા કહેવાય છે. કારણ કે એવા તિર્યંચોના ગુણોને જોઇને આપણને અંતરમાં અહોભાવ પેદા થાય છે. જૈનશાસનની થીયરી મુજબ આપણે જો વિચાર કરીએ તો આપણી પાસે આજે સારામાં સારી સામગ્રી પ્રાપ્ત થયેલી છે એનો જો સારામાં સારો ઉપયોગ કરતા થઇએ તો ભાવિમાં ઉચ્ચગોત્રના ઉદયથી આના કરતાં સારામાં સારી સામગ્રી પ્રાપ્ત કરીને આત્મકલ્યાણમાં જરૂર આગળ વધી શકીએ.

તિર્યંચગતિમાં મોટેભાગે સમકિત પામતા તિર્યંચો જાતિ સ્મરણજ્ઞાનથી પામતા હોય છે, કેટલાક તિર્યંચોને સાધુભગવંતોનો યોગ પણ પ્રાપ્ત થાય છે. કેટલાક તિર્યંચોને અરિહંત પરમાત્માઓનો પણ ભેટો થઇ શકે છે અને કેટલાક તિર્યંચોને સમુદ્રોને વિષે અરિહંતોની મૂર્તિના આકાર રૂપે માછલાઓનું શરીર રહેલું હોય છે એ આકૃતિને જોતાં જોતાં જાતિસ્મરણજ્ઞાન પેદા થાય અને એનાથી સમકીત પામે છે. એટલે એ જીવો પોતાનું તથાભવ્યત્વ આવા અનેક પ્રકારના કારણોથી વિચારણા કરતાં કરતાં પેદા કરી શકે છે. જ્યારે

આજે આપણને આપણું તથાભવ્યત્વ પકવવું હોય તો એ તિર્યંચો કરતાં ઉંચામાં ઉંચા સાધનો અને સામગ્રીઓ પ્રાપ્ત થયેલી છે પણ આપણને તથાભવ્યત્વ પકવવાનું મન છે ખરું ? માંડ માંડ અનુકૂળ પદાર્થોના દર્શન થયા, શહેરમાંથી શહેર છોડીને સિમેન્ટના જંગલમાં આવ્યા અને હવે તમે આ ધર્મ એ સુખને દુઃખરૂપ માનવાનું લગાડવાનું અનુકૂળતાના રાગને તોડવાની વાતો કરે એ તમને જચે ખરી ? તો પછી તમારું ઠેકાણું પડશે ક્યારે ? કારણ કે અહીં આટલી બધી સામગ્રી મળેલી હોવાછતાંય અનેક પ્રકારના નિમિત્તોના વારંવાર બહાના કાઢ્યા કરો છો. આગળના જીવોને જે સુખની સામગ્રી પ્રાપ્ત થયેલી હતી એની અપેક્ષાએ કચરા જેટલી પણ સુખની સામગ્રી પ્રાપ્ત થયેલી નથી તો પણ એ સુખની સામગ્રી જો મળે છે અને એ જોઇને મન વિહવળ બને છે તો પછી પુણ્યોદયથી આગળ આનાથી સારી સામગ્રી કદાચ મળશે તો તે વખતે તમે શું કરશો ? એવા કોઇ વિચારો પેદા થાય છે ખરા ? કચરા જેવી સામગ્રી પણ જરાક આઘીપાછી થાય એટલે મન વિહવળ બને છે અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પેદા થઇ જાય છે. તો પછી વિચાર કરો કે આજે તમારી સ્થિતિ કેવી છે ?

તીર્થંકર પરમાત્માના હાથે જે દાન લે છે એને ઘરમાં પૈસો રાખવાની ઇચ્છા થતી નથી. દાનમાં મળેલી સામગ્રી સંગ્રહ કરવાની વૃત્તિ પેદા થવા દેતી નથી અને પોતાના અંતરમાં એમ થાય છે કે આ ચીજ હું એકલો કેમ વાપરું બીજાને આપીને વાપરું એ રીતે જ વિચારણા ચાલ્યા કરે છે. જ્યારે આજે એજ તીર્થંકર પરમાત્માની ભક્તિ કરતાં કરતાં જે પુણ્ય બંધાય એ પુણ્યથી જે સામગ્રી મળે એ સામગ્રી હું એકલો ન ભોગવું પણ બીજાને આપીને પછીજ હું ભોગવું બીજાના ઉપયોગમાં આવે તો વધારે સારું આવું મન થાય છે ખરું ? આજે તમે દીન, અનાથ, દુઃખી વગેરેને દાનમાં જે પૈસા આપો છો એ પૈસા પણ કેવી રીતે આપો છો ? એ વિચારવા જેવું લાગતું નથી ? ગજવામાં શોધી શોધીને પેલાને પાંચ પચ્ચીસ ડગલા પોતાની સાથે ચલાવીને પછી એ કાઢીને આપે છે તો તે વખતે લેનારના અંતરમાં એવા પણ

વિચારો પેદા થઇ શકે કે શેઠે મને બહુ કિંમતી ચીજ આપી છે. માટે એ લેનાર જીવ જેટલા ટાઇમ સુધી લીધેલી ચીજ પ્રત્યે મમત્વ બુધ્ધિ કરીને એનો સંગ્રહ કરે એનું બધું પાપ આપનારને લાગે છે. આ વાતમાં કંઇ ખબર પડે છે ખરી ? આ સંસ્કારને દૂર કરવા હોય તો હાથમાં જે આવે, જે હોય એ આપી દેવું એવો નિયમ કરવો જોઇએ.

ધર્મના સંસ્કાર પામ્યાનું બેરોમીટર જ્ઞાનીઓએ એ કહ્યું છે કે અનુકૂળ પદાર્થોનું સુખ દુઃખરૂપ લાગવું જોઇએ. દર્શન કરવા આવવું હોય તોય સુખને દુઃખરૂપ લગાડીને આવવાનું કહેલું છે અથવા સુખને દુઃખરૂપ લગાડવા માટે આવવાનું કહેલું છે. તોજ દર્શન સફળ થશે નહિતર ભગવાનનું દર્શન પણ એને ડુબાડશે. એટલે કે સર્વજ્ઞ પરમાત્માઓએ જે છોડ્યું છે તે છોડવાની ભાવનાથી એમના દર્શન કરવા માટે આવવાનું છે. જો એમને જે છોડ્યું છે એ મેળવવા માટે દર્શન કરવા આવવાની વિચારણા હશે તો અરિહંત પરમાત્માનું દર્શન સંખ્યાતા ભવો સુધી, અસંખ્યાતા ભવો સુધી કે અનંતાભવો સુધી પ્રાપ્ત થશે નહિ. આથી નિશ્ચિંત એ થાય છે કે સુખ માટે ધર્મ કરીએ એ પાપાનુબંધી પુણ્ય બંધાવનારું છે. એટલે કે એનાથી સુખની સામગ્રી પ્રાપ્ત થાય પણ એ સુખમાં રાગાદિ પરિણામ તીવ્રપણે વધારીને સંસારમાં રખડપટ્ટી કરાયા વગર રહેતી નથી માટે સુખ માટે ધર્મ ન થાય એવું જ્ઞાનીઓ કહે છે. આજે સુખ માટે ધર્મ કરનારા જીવોને ધર્મ કરતાં કરતાં જે ભગવાનની ભક્તિ એ કરતો હોય અને એ ભગવાનથી એ સુખી થયેલો હોય તો એની પાસે એ ભગવાન છોડાવવા બહુજ દુષ્કર બની જાય છે. જો એને એ છોડાવવા માટે પ્રયત્ન કરો તો એને ગુસ્સો પેદા થાય છે કારણ કે એને ભગવાનનો રાગ નથી પણ આ ભગવાનથી મારે જે જોઇએ છે એ અનુકૂળ પદાર્થો મળે છે એનો રાગ છે માટે એને ધર્મ જોઇએ છે એમ કહેવાતું નથી. તમે કેવા છો ? ક્યાં સુધી ધર્મ કરતાં કરતાં પહોંચ્યા છો ? મારા છો કે બીજાના છો ? એ બધું ખાસ વિચારવાનું છે. તથાભવ્યત્વ ખીલવવા માટે આ બધી વિચારણા ખાસ કરવાની છે. કારણ કે આ જન્મમાં આપણે જૈનશાસન પામવાનું છે,

ધર્મ પણ પામવાનો છે અને એ ધર્મ પામીને આપણે આપણું કલ્યાણ કરવાનું છે અને સાથીદારોનું પણ કેમ કલ્યાણ થાય એની વિચારણા પણ કરતાં જવાની છે. ગોત્રકર્મના ઉદયથી આપણે દાન, શીલ, તપ અને ભાવ રૂપે ધર્મ કહેલો છે એ કેવી રીતે કરીએ છીએ એની ખબર પડી શકે છે. તપ કરનારને, શીલ પાળનારને અને શુભ ભાવનામાં રહેનારને એની સાથે દાનધર્મ જોઇએ જ. પોતાની પાસે જેટલા પ્રમાણમાં હોય એ પ્રમાણે દાન દેતો જ હોય. આજે તમારી પાસે અત્યાર સુધીમાં જેટલી મુડી ભેગી થયેલી હોય અને વ્યાજે મુકેલી હોય એનો તમે ઉપયોગ કરતાં નથી પણ બાર મહિનાનો ખરચો ખાવા-પીવાદિનો મહેનત કરીને તમે મેળવીને એ ખરચ પૂરો કરો છો. તો બાર મહિનાનું જેટલું વ્યાજ આવે એ આ બેઠેલા બધા જો નક્કી કરે કે એ ભેગું કરવાને બદલે ધર્મમાં ખરચી નાંખવું. આ રીતે જો ખરચવાનો વિચાર કરે તો પણ આજે સાધારણ ખાતાનો તોટો નહિ. દરેક સંઘોમાં સાધારણ ખાતું તરતું થઇ જાય. બોલો આ ભાવના છે ? આ ભાવના પેદા કરીને બાર મહિનામાં માત્ર વ્યાજ જ ખરચવાનું એવી પણ વિચારણા પેદા થાય છે ? જો એ રીતે પણ દાન કરવામાં આવે તો જે કંઇ જીવનમાં શીલ પળાય છે અને તપ કરાય છે એ બધો લેખે લાગે. એટલે કે જન્મ મરણની પરંપરાનો નાશ કરી શકે. જો આ સંસ્કાર કે આવી ભાવના ન હોય તો એ જીવનમાં ગમે તેટલો તપ કરે, શીલપાળે, સારી વિચારણામાં રહે તો પણ સંસાર ઓછો થતો નથી. જે જીવો વર્ધમાન તપની ઓળીઓ કરે છે એ જીવો બાર મહિનામાં છ મહિના આયંબિલ કરે તો છ મહિના સુધી એ ઘરે ખાતો નથી. આયંબિલ ખાતામાં આયંબિલ કરે છે તો પણ એ જીવોને છ મહિનાની ખાધાખર્ચી પોતાની કેટલી થાય એ પ્રમાણે આયંબિલ ખાતામાં દાન દેવાનું કે ધન આપવાનું મન થતું નથી. એ ધનનો લોભ એને સંસારસાગરથી તારે કે ડુબાડે ? એમાં એનું ધનનું મમત્વ જ કામ કરે છે. જો એને આયંબિલ ન કર્યા હોય તો છ મહિના સુધી ઘરે ખાય તો ઘરમાં એનો ખરચો આપત કે નહિ ? માટે આયંબિલ કરનારે કમસેકમ પ્રામાણિકપણે પોતાના ખોરાકનો

જેટલો ખર્ચો થાય એટલો આપી દેવો જોઇએ. બીજા ક્ષેત્રોમાં તમે જે કંઇ પૈસા ખર્ચો છો એ નામ ખાતર ખર્ચો છો એમાં કંઇ નવાઇ નથી, પણ જ્યાં આવી રીતે જે જે ધર્માદા સ્થાનોમાં જમતા હો તો ત્યાં તમારે પ્રામાણિકપણે એટલા પૈસા આપી દેવા જોઇએ. આ બધું તમારા જીવનમાં ચાલતુ હોવાથી અને સાથે ધનનું મમત્વ જોરદાર રહેલું હોવાથી અમને તમારા તપાદિના વખાણ કરવાનું મન થતું નથી. ઘરેથી પૈસા ખરચવાની વિચારણા કરીને નીકળ્યા હોય, દીકરાએ કહ્યું હોય કે બે હજાર, પાંચ હજાર લખાવીને આવજો પણ બાપા એવા હોય છે કે એ સો રૂપિયાજ લખાવે. એ અધિક લખાવી શકે જ નહિ અને જ્યારે દીકરાને ખબર પડે ત્યારે દીકરો આવીને ખાનગી લખાવી જાય તો સાચું બોલજો એમાં પુણ્ય સારામાં સારું કોને બંધાય ? આજે આવા બાપાઓ પણ છે ને ? અને દીકરાઓ પણ વિદ્યમાન છે ને ?

***ઉચ્ચગોત્રની સત્તા :-*** પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી સત્તા હોય છે. પહેલા ગુણસ્થાનકે ઉચ્ચગોત્રની સત્તા પ્રાપ્ત કર્યા પછી જો એ જીવ તેઉકાય કે વાઉકાયમાં ઉત્પન્ન થાય અને ત્યાં અસંખ્યાત કાળ સુધી રહેવાનો હોય તો એ જીવ તેઉકાય, વાઉકાયમાં ઉત્પન્ન થતાની સાથેજ સત્તામાંથી ઉચ્ચગોત્રનો નાશ કરતો જાય છે અને સંપૂર્ણ ઉચ્ચગોત્રની સત્તારહિત બની શકે છે. તે ઉચ્ચગોત્રની સત્તા વગરના જીવો, એક નીચગોત્રની સત્તાવાળા જીવો તેઉકાય, વાઉકાયમાંથી મરણ પામીને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીમાં ગમે ત્યાં ઉત્પન્ન થઇ શકે છે અને એ એકેન્દ્રિયપણામાં કે પંચેન્દ્રિયપણામાં ઉત્પન્ન થયેલા જીવો મનુષ્યગતિનો બંધ ન કરે ત્યાંસુધી એક નીચગોત્રની સત્તા જ રહે છે. કારણ કે મનુષ્યગતિની સાથે ઉચ્ચગત્રનો બંધ થાય છે અને ત્યારથી ઉચ્ચગોત્રની સત્તા શરૂ થાય છે. બીજા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી બે ગોત્રની સત્તા હોય છે અને ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે એક ઉચ્ચગોત્રનીજ સત્તા હોય છે.

## ઉચ્ચગોત્રનું વર્ણન સંપૂર્ણ

## પુણ્યતત્વના ૪૨ ભેદોનું વર્ણન સંપૂર્ણ

# પુણ્યતત્વ જાણવાનો ઉદ્દેશ

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એકેન્દ્રિયથી શરૂ કરીને અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા સુધીના જીવો અનાદિકાળથી પાપનો પરિણામ ચાલુ રહેલો હોવાથી તેમજ મિથ્યાત્વ અવિરતિ, કષાય અને યોગ એનો પણ પરિણામ સાથેને સાથે રહેલો હોવાથી પાપનો અનુબંધ સદા માટે કરતા જાય છે. એટલે કે પાપનો અનુબંધ અનાદિકાળથી જીવ કર્યા જ કરે છે. જ્યારે એ જીવોને વિશેષ સંજ્ઞા પ્રાપ્ત થયેલી ન હોવાથી એટલે કે દીર્ઘકાળિકી સંજ્ઞા પ્રાપ્ત થયેલી ન હોવાથી પુણ્યનો અનુબંધ પેદા કરી શકતા જ નથી. માત્ર દુઃખ વેઠવાથી અને દુઃખ વેઠતા વેઠતા અકામ નિર્જરા કરવાથી સહજ રીતે અકામ નિર્જરા થઇ જવાથી પુણ્યનો બંધ થાય છે. એ બાંધેલું પુણ્ય એકઠું થતાં થતાં જ્યારે અનંતુ પુણ્ય ભેગું થાય ત્યારે એ જીવોને મનુષ્યગતિ, આર્યદેશ, આર્યજાતિ, ભગવાનના શાસનની સામગ્રી પ્રાપ્ત કરી શકે એવું પુણ્ય બાંધી શકે છે. તેમજ લાંબુ આયુષ્ય, પંચેન્દ્રિય જાતિની પૂર્ણતા, નિરોગી શરીરની પ્રાપ્તિ થવી એવું પુણ્ય પણ અકામ નિર્જરાથી બાંધી શકે છે અને જો સાથે સાથે લઘુકર્મીતા પેદા થયેલી હોય તો એ જીવો મનુષ્યપણામાં આવીને સમજણ શક્તિ પેદા થાય ત્યારથી પોતાના આત્માના ગુણોની પ્રાપ્તિની પ્રધાનતા રાખીને જીવન જીવતાં પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે. જો એમાં વચમાં વચમાં જેટલે અંશે સુખની પ્રધાનતા પ્રાપ્ત થતી જાય એટલે અંશે પુણ્યના અનુબંધને બદલે પાપનો અનુબંધ પણ બંધાતો જાય છે. આ રીતે જ્યારે જ્યારે સરળ સ્વભાવ કેળવી નિઃસ્વાર્થભાવ કેળવી, ગુણપ્રાપ્તિની પ્રધાનતા રાખીને જીવન જીવવામાં આવે તો પુણ્યાનુબંધી પુણ્ય કરતાં કરતાં ગુણની પ્રાપ્તિ કરતાં કરતાં બીજા કર્મો જો નિકાચીત બંધાયેલા ન હોય તો અને સારો કાળ પ્રાપ્ત થયેલો હોય તો એજ ભવમાં સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરી, સિધ્ધિગતિને પ્રાપ્ત કરી શકે છે.

સન્નીપણામાંથી મરણ પામીને જીવો સન્નીરૂપે ઉત્પન્ન થાય એવા જીવો

જો નરકગતિમાંથી મનુષ્યગતિમાં આવેલા હોય તો અશુભ વિચારોના સંસ્કારો વિશેષ રીતે મજબૂત થયેલા હોવાથી મનુષ્યપણામાં પણ એ અશુભ વિચારોના સંસ્કારોથી જીવન જીવતા એની પ્રધાનતા રાખીને જીવન જીવવાથી જીવો સન્નીપણાના ભવોને વધારતો જાય છે અને પોતાના આત્માને દુઃખી કરતો જાય છે. તિર્યંચગતિમાંથી મનુષ્યગતિમાં આવેલા જીવોને આહારસંજ્ઞા આદિસંજ્ઞા વિશેષ રીતે રહેલી હોવાથી એ જીવો મનુષ્યપણામાં એ સંજ્ઞાને મજબૂત કરીને એનાજ વિચારોમાં રહીને એની પ્રધાનતાથી જીવન જીવતાં જીવતાં સન્નીપણાના દુઃખોને ભોગવવા લાયક ભવોની પરંપરા વધારતો જાય છે. જો એમાં સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત થઇ જાય ભગવાનની વાણી સાંભળવા મળી જાય અને પોતાના આત્માની યોગ્યતા પ્રાપ્ત કરી શકે એવી સ્થિતિ પ્રાપ્ત થયેલી હોય તો પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા બાંધતા અશુભ વિચારોના સંસ્કારોને નાશ કરી, શુભ વિચારોના સંસ્કારોને પ્રાપ્ત કરી, લાંબાકાળ સુધી ટકાવતાં ટકાવતાં શુધ્ધ પરિણામને પ્રાપ્ત કરી સંજ્ઞાઓના સંસ્કારનો નાશ કરતો કરતો એ સંજ્ઞાઓનો સંયમ કરતાં કરતાં વૈરાગ્યભાવ પ્રાપ્ત કરીને સમ્યક્ત્વ આદિ ગુણોને પ્રાપ્ત કરી શકે છે પણ જો યોગ્યતા પેદા થયેલી ન હોય તો સદ્ગુરૂના યોગેને પામીને ભગવાનની વાણી સાંભળવા છતાં પણ સુખની પ્રધાનતા રહેલી હોવાથી એ વાણીના શબ્દો સુખની પ્રધાનમતામાં કેમ ઉપયોગી થાય એ રીતે વિચારણા કરીને અશુભ વિચારોના સંસ્કારોને મજબૂત કરી દુઃખ ભોગવવા લાયક ભવોની પરંપરા વધારતો જાય છે. મનુષ્યપણામાંથી મનુષ્યપણું પામેલા જીવો સુખની પ્રધાનતાથી અશુભ વિચારોના સંસ્કારોને મજબૂત કરીને મનુષ્યપણું પામેલા હોય તો એ મનુષ્યપણામાં મોટેભાગે સુખની પ્રધાનતા રાખીને અશુભ વિચારોના સંસ્કારોને મજબૂત કરીને સાથે સાથે ધર્મની આરાધનાથી પુણ્યબંધ કરતો કરતો, પાપનો અનુબંધ વિશેષ કરતો કરતો પોતાના આત્માના દુઃખની પરંપરા રૂપ સંસારને વધારતો જાય છે. જો એમાં પુણ્યયોગ્ય સદ્ગુરૂ મળી જાય અને સુખની પ્રધાનતાને બદલે ગુણની પ્રધાનતા રાખીને અશુભ વિચારોના

સંસ્કારોનો નાશ કરતો કરતો ગુણની પ્રાપ્તિ કરતો કરતો સમ્યક્ત્વ આદિ ગુણોને પ્રાપ્ત કરી સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરવા સુધી પહોંચી શકે છે. દેવગતિમાંથી મનુષ્યગતિમાં આવેલા હોય એવા જીવોને દેવગતિમાં લોભને પરવશ થઇ પરિગ્રહના સંસ્કારો મજબૂત કરેલા હોય તો એ સંસ્કારોના પ્રતાપે દેવગતિ કરતાં અલ્પ પરિગ્રહ હોવાછતાં પણ પરિગ્રહનું મમત્વ જોરદાર કરતો કરતો ધર્મની આરાધના કરતાં કરતાં એ પરિગ્રહના સંસ્કારોને મજબૂત કરી સાથે થોડું પુણ્ય ઉપાર્જન કરી દુર્ગતિના દુઃખોને ભોગવવા લાયક કર્મબંધ કરતાં જાય છે. જો સદ્‌ગુરૂનો યોગ પ્રાપ્ત થતાં વારંવાર ભગવાનની વાણી સાંભળતાં સાંભળતાં પોતાના આત્માને યોગ્યતા પેદા કરવાનો પ્રયત્ન કરતો જાય અને પરિગ્રહની સંજ્ઞાનું મમત્વ નાશ કરવાનો પ્રયત્ન કરતો જાય તો પુણ્યાનુપુણ્ય બાંધતો બાંધતો ગુણોની પ્રાપ્તિ કરતો જાય છે અને સમ્યક્ત્વ આદિ ગુણો પ્રાપ્ત કરી જ્યાં સુધી સંપૂર્ણ ગુણો પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જો કોઇ નિકાચીત કર્મ બાંધેલું ન હોય તો ગુણપ્રાપ્તિની પ્રધાનતા પ્રાપ્ત થાય એવી સદ્‌ગતિને પામતો પામતો દરેક ભવોમાં સાધના કરતો કરતો છેલ્લે ભવે મનુષ્યપણું પામીને સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે.

આથી નિશ્ચિત થાય છે કે પુણ્યાનુબંધી પુણ્ય બાંધેલું હોય તોજ સરળ સ્વભાવથી, નિઃસ્વાર્થભાવથી ગુણોની પ્રાપ્તિ થઇ શકે છે અને જીવને સુખની પ્રધાનતાને બદલે ગુણની પ્રધાનતાનું લક્ષ સંસ્કાર રૂપે મજબૂત થતું જાય છે. આજ પુણ્યતત્વ જાણવાનો ઉદ્દેશ કહેલો છે.

બોલો ભાઇ ! આપણી સ્થિતિ પુણ્યબંધમાં આરાધના કરતાં કરતાં આમાં આપણો નંબર આવે એવો છે ખરો ? જીવનમાં ધર્મની આરાધના અમે અમારી શક્તિ મુજબ અને તમે તમારી શક્તિ મુજબ કરો છો. કેટલાક શક્તિ કરતાં ઓછો પણ કરે છે.

સભા૦ શક્તિ કરતાં ઓછો કરીએ છીએ એમાં અમને કર્મનો ઉદય કામ કરે છે.

પૈસા કમાવવામાં શું કરો છો ? બાઇઓ શક્તિ કરતાં ઓછી રસોઇ

કરે તો તમને શું થાય ? બધુંજ બને છે કર્મના ઉદયથી. ઝાડો, પેશાબ પણ સમયસર થાય છે એ પણ પુણ્યના ઉદયથી. જો અહિંયા પુરૂષાર્થ કરવાનું મન ન થતું હોય તો શાસ્ત્ર કહે છે કે ટાંગાટોળી કરીને પણ પુરૂષાર્થ કરવાનું વિધાન છે. શુભમાંથી શુધ્ધ પરિણામ પુરૂષાર્થથી પેદા કરવાના અને અશુભમાંથી શુભમાં આવવા માટેના પ્રયત્ન કરવાના. જ્યાંસુધી જીવનમાં સુખની પ્રધાનતા છે એને તોડીને ગુણની પ્રધાનતા ના આવે ત્યાંસુધી ગમે તેટલો ધર્મ કરવા છતાં પુણ્યાનુબંધી પુણ્ય બંધાતું નથી. મનુષ્યગતિ પામવા માટે સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થભાવ આ બે ગુણ જરૂરી છે. જે જીવો પોતાના આત્મામાં રહેલી આહારાદિ સંજ્ઞાઓને દબાવવાનો પ્રયત્ન કરે એજ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકે. જો એ સંજ્ઞાઓ સામાન્ય રૂપે હોય તો તો દબાવવામાં સહેલી પડે છે પણ એ સંજ્ઞાઓ મજબુત રીતે દ્રઢ કરેલી હોય તેને દબાવવામાં અને તોડવામાં બહુ અઘરુ પડે છે. દરેક જીવોને આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા એ ચારે સંજ્ઞાઓ રહેલી હોય છે. નરકગતિમાંથી આવેલા જીવોને મોટેભાગે ભયસંજ્ઞા રહેલી હોય છે. તિર્યંચગતિમાંથી આવેલા જીવોને આહારસંજ્ઞા વિશેષ હોય છે. મનુષ્યગતિમાંથી આવેલા જીવોને મૈથુન સંજ્ઞા વિશેષ રહેલી હોય છે અને દેવગતિમાંથી આવેલા જીવોને પરિગ્રહસંજ્ઞા વિશેષ રહેલી હોય છે. દરેકને ચારે સંજ્ઞાઓ હોવાછતાં પ્રધાનતાની અપેક્ષાએ મહાપુરૂષોએ આ રીતે વર્ણન કરેલું છે.

જ્યારે જીવો પુરૂષાર્થ કરીને શુધ્ધ પરિણામને પ્રાપ્ત કરશે ત્યારે એ જીવોને સંજ્ઞાઓ દુઃખરૂપ લાગવાની અને એને તોડવા માટે વિશેષ રીતે પ્રયત્ન કરતો થશે. આના ઉપરથી જાણવાનું એ છે કે અનાદિકાળનો સ્વભાવ જ્ઞાનીઓએ જે આ પ્રધાનતાઓ મૂકેલી છે તે તેને વધારે પરેશાન કરે છે. તેનો ઉપયોગ બીજે હોય છતાં તેને જે તે ભવમાં આ સંજ્ઞાઓ પજવ્યા વગર રહેતી નથી. દેવ કોઇપણ જગ્યાએ જાય તો મૂળ શરીર દેવી પાસે મૂકીને જ જાય અને જ્યાં જાય ત્યાં ઉત્તર વૈક્રીય શરીરથીજ જાય છે. સામાન્ય માં સામાન્ય દેવને મનુષ્યપણામાં રહેલા ચક્રવર્તિને જેટલી રિધ્ધિ સિધ્ધિ હોય

એટલી રિધ્ધિ સિધ્ધિ મળે છે. એટલે કે ઓછામાં ઓછું એટલું તો એની પાસે હોય જ. આખી જિંદગીમાં જરાય વધારો થાય નહિ અને ઘટાડો પણ થાય નહિ છતાં એ દેવના જીવો જો સંજ્ઞાઓને સંયમ રાખીને જીવન જીવતાં ન હોય તો પરિગ્રહસંજ્ઞાથી એને સાચવી સાચવીને પોતાના આત્માનો દુઃખમય સંસાર વધારતા જાય છે. જો જીવ અહિંથી ગુણપ્રાપ્તિનો સંસ્કાર સાથે લઇને દેવલોકમાં જાય તો ત્યાં પરિગ્રહસંજ્ઞા સંયમીત રહી શકે છે માટે એને મળેલો પરિગ્રહ એટલો હેરાન કરતો નથી. બાકી અહીં સામાન્ય રિધ્ધિ સિધ્ધિમાં વૈરાગ્યભાવ પેદા થઇ શકતો નથી. ગુણપ્રાપ્તિના સંસ્કારોની પ્રધાનતા પણ આવતી નથી તો ત્યાં પુણ્યના ઉદયથી મળેલી આટલી રિધ્ધિ સિધ્ધિની સામગ્રીમાં વૈરાગ્યભાવ પેદા થઇ શકશે ખરો ? ગુણપ્રાપ્તિનો સંસ્કાર પ્રધાનપણે પેદા કરી શકાશે ખરો ? એ ખૂબ વિચારવાનું છે. જ્ઞાની ભગવંતો તો કહે છે કે અહીંથી ગુણપ્રાપ્તિનો સંસ્કાર લઇને દેવલોકમાં ગયેલા હોય પણ અહીંયા અલ્પસામગ્રી હતી એટલે સંસ્કાર પેદા કરેલો હતો અને ત્યાં રિધ્ધિ સિધ્ધિ આદિની સામગ્રી અધિક પ્રાપ્ત થતાં એ સંસ્કાર ટકાવવો બહુજ દુષ્કર છે. અહીંથી કેટલાક આચાર્યો દેવલોકમાં ગયેલા છે તે કેમ અહીંયા આવતા નથી ? શાસ્ત્ર કહે છે કે અવધિજ્ઞાનથી એ દેવતાઓ ઉત્પન્નથતાની સાથેજ હું ક્યાંથી આવ્યો છું એ જુવે છે. મારા માટે જીવો કેટલા શોક કરે છે, રડે છે, અને દુઃખી થાય છે એ પણ જુવે છે, પણ ત્યાંની રિધ્ધિ સિધ્ધિની સામગ્રી અને દેવીઓના હાવભાવ જોતાની સાથે વિચાર પેદા થાય છે કે હમણા થોડાક ટાઇમ પછી હું જાઉં છું. આ વિચારણા પ્રાપ્ત થતાં બીજા વિચારમાં ચઢી જતાં હજારો વર્ષો પસાર થઇ જાય છે. ફરી પાછો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જુવે છે કે હું ક્યાંથી આવેલો છું તો એમને માટે શોક કરનારા, રડનારા અને દુઃખી થનારા કોઇ દેખાતા નથી પણ એ જીવો ક્યાંયને ક્યાંય સંસારમાં પરિભ્રમણ કરવા માટે ચાલ્યા ગયેલા દેખાય છે માટે એ દેવો પછી આવતા નથી. આ કારણથી મનુષ્યપણામાં દેવો આવી શકતા નથી. જ્યારે ગુણની પ્રધાનતાના સંસ્કારોને પેદા કરીને જે મહાત્માઓ કાળ કરી દેવલોકમાં

ગયા હોય અથવા શ્રાવકો દેવલોકમાં ગયા હોય, સમકીતી જીવો પણ દેવલોકમાં ગયા હોય તો એ જીવો ત્યાં ગુણની પ્રધાનતાના પ્રતાપે રિધ્ધિ સિધ્ધિની સામગ્રીમાં વૈરાગ્યભાવ ટકાવીને પોતાના આત્મામાં રાગાદિ પરિણામ વધી ન જાય એની કાળજી રાખીને જીવન જીવતા હોય છે અને જે આત્માઓ અહિંયા ભગવાનના શાસનની આરાધના કરતાં હોય એ જીવોને કોઇ વિઘ્ન આવતા હોય, કોઇ પરિષહ પેદા થતા હોય, ઉપસર્ગો વગેરે પેદા થતા હોય તો અવધિજ્ઞાનથી જોઇને એ મહાત્માઓના પરિસહો અને ઉપસર્ગો આદિને દૂર કરવા માટે પ્રયત્ન કરતાં જાય છે અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરતાં જાય છે. તીર્થંકર પરમાત્માની વાણી સાંભળવા પણ જાય છે માટે દેવગતિમાં સમકીતી દેવો આ રીતે પોતાના આત્માના કલ્યાણનો માર્ગ સાચવીને પ્રયત્ન કરતાં જાય છે.

સરળ સ્વભાવ કેટલીકવાર દંભરૂપે પણ હોય છે, છતાં પણ એનાથી મનુષ્યગતિ મળી જાય તો પણ એ મનુષ્યગતિમાં એ જીવોને આત્મકલ્યાણ કરવાનું મન થતું નથી. માટે મોટાભાગના જૈનકુળોમાં આજે વર્તમાનમાં જન્મેલા જીવો મનુષ્યગતિને એવી રીતે પ્રાપ્ત કરેલી છે કે સંસારમાં પરિભ્રમણ કરવા માટે પાપનો પૂરવઠો ખુટી ગયેલો એ ભેગો કરવા માટે જૈનકુળમાં ઉત્પન્ન થયેલા દેખાય છે. એ જીવો ધર્મની નિંદા કરતાં કરતાં ગુરૂઓની નિંદા કરતાં કરતાં અને ધર્મી આત્માઓની નિંદા કરતાં કરતાં પાપનો પુરવઠો ભેગો કરી દુર્ગતિમાં ભટકવા માટે ચાલ્યા જાય છે. જે જીવોને મનુષ્યપણામાં જીવન જીવતાં જીવતાં પાપનો રસ તીવ્ર બંધાઇ જાય તો અનાર્યદેશ અને અનાર્યકુળ આદિમાં પણ પેદા થવું પડે. જ્યાં ધર્મ શબ્દ સાંભળવા ન મળે એવા ક્ષેત્રોને અનાર્યક્ષેત્ર કહેવાય છે અને જ્યાં ધર્મ સાંભળવા મળે તેવા દેશો અને ક્ષેત્રને આર્યદેશ કહેવાય છે.

ચૌદપૂર્વધર ભગવાન ભદ્રબાહુસ્વામિજીએ પોતાના કાળમાં જ્યારે વિચરતા હતાં તે વખતે ચંદ્રગુપ્ત મોર્ય રાજા હતો એને સોળ સ્વપ્નો આવેલા છે. એ સોળે સ્વપ્નો જોઇને એ રાજા ગભરાઇ ગયો છે અને ભગવાન

ભદ્રબાહુસ્વામિજી પાસે આવી એમને જણાવ્યા ત્યારે ભગવાન ભદ્રબાહુસ્વામિજીએ એ સ્વપ્નોનો ફળાદેશ ભગવાનના શાસન ઉપર આખો ઉતારેલો છે કે હવે પાંચમા આરામાં ભગવાનના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જે થશે એ કેવા પ્રકારના થશે એ બધું એમાં જણાવી ગયા છે.

સાવધ થઇ જાવ નહિતર ભલે સદ્ગતિ બંધાય પણ આયુષ્ય બાંધતી વખતે જો પરિણામ બરાબર નહિ રહે તો દુર્ગતિનું આયુષ્ય બંધાઇ જશે અને દુર્ગતિમાં ચાલ્યા જશો. આયુષ્યબંધ વખતની પરિણામની ધારા સારી હોય તોજ આયુષ્ય સારૂં બંધાઇ શકે. આજે આરાધના કરનારા એવા આપણી પોતાની ફળશ્રુતી આપણે બોલવી હોય અથવા વિચારવી હોય, આપણી સ્થિતિ શું છે એ ખૂબ વિચાર માંગે છે. એટલે કે વર્તમાનમાં આપણા પરિણામની વિચારણા કરીએ તો સ્થિતિ શું છે એ ખૂબ વિચાર કરવા લાયક લાગે છે. કારણ કે આયુષ્ય બંધ વખતે અશુભ અધ્યવસાય આવી જવાના ચાન્સ વધારે લાગે છે, એ ઘટાડવાનો પ્રયત્ન કરવો જ પડશે. આયુષ્યબંધ કરતી વખતે રાધા વેધની જેમ પ્રત્યક્ષ ક્ષણે ક્ષણે જાગૃત રહેવાની છે. કૃષ્ણ મહારાજા છેલ્લે ભૂલ્યા તો એમને નરકનું આયુષ્ય બંધાઇ ગયું. એમણે બાંધેલું આયુષ્ય નિકાચીત હતું માટે એમને નરકે જવું પડ્યું. આપણને નિકાચીત નથી માટે આપણે સાવચેત થઇ જવાનું છે. ગમે તેટલું જાણવા છતાં જેમ કરતા હોઇએ એમ કર્યાજ કરીશું તો આપણું ઠેકાણું પડશે નહિ.

મનુષ્યગતિમાં નીતિથી મળતું ઘર, પેઢી, કુટુંબ, પરિવાર અને પૈસો-ટકો એ મેળવીને પોતાનું જીવન જીવતો હોય અને સુખની પ્રધાનતા રાખીને જીવન જીવતો હોવાછતાં પણ એને પાપાનુબંધી પુણ્ય બંધાય છે પણ એવા જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકતા નથી. એવીજ રીતે નીતિના પાલનના નિયમની સાથે અંતરમાં દયાનો પરિણામ ન હોય તો એ નીતિ પણ પાપાનુબંધી પુણ્ય બંધાવે છે [નીતિના જીવનની સાથે અંતરમાં ગુણપ્રાપ્તિની પ્રધાનતા હોય તો સંસારમાં રહીને નીતિથી જીવન જીવવા છતાં પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે કારણ કે ગુણપ્રાપ્તિની પ્રધાનતા અંતરમાં રહેલી છે. એના કારણે

નીતિથી મળતી સુખની સામગ્રીઓ દુ:ખરૂપ છે, છોડવાલાયક છે અને અધર્મરૂપે છે એમ લાગ્યા કરે છે. આથી નિશ્ચિત એ થાય છે કે મનુષ્યપણું પામેલા જીવોને પુણ્યાનુબંધી પુણ્ય બાંધવું એ કેટલું દુર્લભ ગણાય છે.]

બોલો, આપણે પુણ્યાનુબંધી પુણ્ય બાંધીએ છીએ કે પાપાનુબંધી પુણ્ય એ નક્કી કરો. અત્યાર સુધી દેવની ભક્તિ આદિ ધર્મ આરાધના જે કંઇ કરી એનાથી આપણે કેવું પુણ્ય બાંધ્યું એ પણ નક્કી કરો. પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો ધર્મ કરવા છતાં પણ મોક્ષમાર્ગમાંદાખલ થઇ શકતા નથી. એ જીવોને મોક્ષમાર્ગમાં દાખલ થવું હોય તો ભગવાનની ભક્તિ આદિથી સૌથી પહેલાં પાપનો અનુબંધ તોડવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. એ જેટલે અંશે પાપનો અનુબંધ તુટે એટલે અંશે સૌથી પહેલા સુખનો રાગ ઓછો થાય અને સુખની સામગ્રીઓ જે કંઇ પ્રાપ્ત થયેલી છે એ દુ:ખરૂપ લાગે જ તોજ કહી શકાય કે પાપનો અનુબંધ તૂટી રહેલો છે. જ્યારે જ્યારે એ સુખની સામગ્રીમાં રાગાદિ પરિણામ પેદા થતા જાય તો તેજ વખતે એને અંતરમાં ખટક પેદા થતી જાય આ રીતની પરિણામની ધારા ચાલુ થાય તોજ પાપનો અનુબંધ તૂટી રહેલો છે અને પુણ્યના અનુબંધની શરૂઆત થઇ રહેલી છે એમ કહેવાય. બોલો આ કક્ષામાં આપણો નંબર ખરો ? પાપાનુબંધી પુણ્ય બાંધીને આપણે આવ્યા છીએ એ પાપનો અનુબંધ તોડવાનું મન આપણને થાય છે ? કે એ પાપનો અનુબંધ સુખનો રાગ સુખની લાલસાઓ સુખની આસક્તિ સુખનું મમત્વ વધારતા જાય છે. જો આ અનુબંધને તોડવાનો પ્રયત્ન નહિ કરું તો હું ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં મોક્ષમાર્ગમાં દાખલ કઇ રીતે થઇશ. આવી વિચારણા રોજ કરતા થશો તોજ પુણ્યથી મળેલી સુખની સામગ્રી દુ:ખરૂપ લાગશે.

સભા૦ ભગવાન પાસે આવું રોજ માંગીએ છીએ.

જો ખાલી માગવાથી મળી જતું હોય તો મંદિરમાંથી કોઇને બહાર જ નીકળવા ન દઉં. જ્યાંસુધી એ ન મળે ત્યાંસુધી મંદિરમાંજ પૂરી દેવા જોઇએ પણ એવી રીતે વગર મહેનતે આવા પરિણામની ધારાઓ મળે ખરી ? નિમિત્તો

અનાદિકાળથી આપણને જેવા પ્રાપ્ત થયા એવા મળ્યા જ કરવાના છે અને ભગવાનની ભક્તિથી એ નિમિત્તોમાં આધીન થઇ અને પાપનો અનુબંધજ પાડ્યા કરીશું તો પછી આપણું ઠેકાણું કોઇ કાળે પડશે નહિ. બોલો હવે લક્ષ બદલવાનો વિચાર છે ? કમસે કમ પાપનો અનુબંધ ન પડી જાય એની કાળજી રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. પાપનો અનુબંધ ન પડી જાય એ માટે જ ધર્મની આરાધના કરવી છે એવો પણ વિચાર છે ? જો આવો પણ વિચાર અંતરમાં પેદા થાય તો ગુણપ્રાપ્તિનું લક્ષ પેદા થતું જાય. જો પાપના અનુબંધને દૂર કરવાનું લક્ષ અંતરમાં ન હોય તો ગુણપ્રાપ્તિનું લક્ષ પેદા થતું નથી. સુખની લાલસા અંતરમાં પડેલી છે અને સુખના પદાર્થોમાં સુખની બુધ્ધિનો રસ જેટલો છે એવો રસ ગુણપ્રાપ્તિમાં હજી સુધી પેદા કરવાની ભાવના પણ નથી. માટે ધર્મ કરતાં કરતાં સફળતા નથી મળતી એનું મૂળ કારણ આ છે. જેમ નાનું છોકરું જન્મેલું હોય અને જ્યાંસુધી એ બેઠું થતાં શીખ્યું ન હોય ત્યાંસુધી સુતુજ રહે છે તો પણ એની આંખ બંધ રહેલી હોય છે. વચમાં વચમાં જેમ આંખ ખુલે અને પાછી બંધ કરી દે એમ મોહરાજાની નિંદ્રામાંથી વારંવાર આંખને પટપટાવવા જેટલો પણ ઉઘાડ અંતરમાં પેદા થયેલો છે ખરો ? જો આટલો પણ ઉઘાડ અંતરમાં પેદા થાય તો સમજવું કે એટલે અંશે મિથ્યાત્વની મંદતા અંતરમાં થઇ રહેલી છે અને જરૂર પુણ્યાનુબંધી પુણ્ય બાંધી રહેલા છીએ. બોલો આટલું પણ જીવનમાં બને છે ખરું ? જો આટલું પણ ન થતું હોય તો સમજવું કે આપણા માટે પુણ્યાનુબંધી પુણ્ય બાંધવુ એ દુર્લભ છે. [સુખની બુધ્ધિવાળા જીવોને જેમ સુખ ગમે છે એમ ગુણની પ્રાપ્તિની પ્રધાનતાવાળા જીવોને ગુણ ગમે છે પણ સુખેય ગમે અને ગુણેય ગમે એવું કોઇકાળે બને નહિ. બંન્ને ગમતા હોય તો સમજવું કે હજી આપણું ઠેકાણું પડ્યું નથી. દુનિયાનો પણ નિયમ છે કે જેને સુખ ગમે એને દુઃખ ગમતું જ નથી. શ્રીમંતાઇ ગમે એને દરિદ્રતા ગમતી જ નથી. ગોળ મીઠો લાગે એને ખોર મીઠો લાગતો જ નથી એમ અહિંયા ગુણ ગમે એને સુખ ગમતું જ નથી એમ કહેવાય છે અને જેને સુખ ગમતું હોય એને ગુણ

ગમતા જ નથી એમ કહેવાય છે.]

દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં એના પુરૂષાર્થથી ગુણપ્રાપ્તિનું લક્ષ રાખીને આપણા પરિણામોમાં ફેરફાર કરવાનો છે, આશયો બદલવાના છે, આ બધું ભણેલું, સાંભળેલું, વાચેલું જો આટલો પણ ફેરફાર કરવામાં સહાયભૂત નઇ થાય તો આત્મકલ્યાણ સાધવામાં આ બધું સહાયભૂત થઇ શકશે નહિ. લોભથી ખેંચાતા હોવ તો તેનો ખેદ ચાલુ કરો કે મારો લોભ કેવો જોરદાર છે કે જેના કારણે હું એનાથી ખેંચાઇ રહેલો છું. તોજ એ જીવ મોક્ષની ઇચ્છાવાળો બની શકશે. મહાપુર્નબંધક દશાને પ્રાપ્ત કરી શકશે. આજે આપણે મોક્ષની ઇચ્છા, મોક્ષની રૂચિ જે કંઇ બોલીએ છીએ અને મોક્ષ માટે ધર્મ કરું છું એમ કહીએ છીએ તો વાસ્તવિક રીતે આત્માને પૂછો કે એ મારી મોક્ષની રૂચિ કે મોક્ષની ઇચ્છા અંતરની છે કે ખાલી મોઢેથી બોલવાની છે ? બોલો જ્ઞાની ભગવંતોએ આપણા આત્માને માટે સાચી સમજણ પેદા કરવા માટે આ લક્ષણો મૂક્યા છે. એમાં તમે જે કહેશો એ હું સ્વીકારવા તૈયાર છું જો હું એમાં ના કહું તો મારો સંસાર વધે. બોલો આપણા અંતરની મોક્ષની રૂચિ છે કે બોલવાની જ છે. અત્યાર સુધી સંસારમાં પરિભ્રમણ કરતાં દેવલોકમાં અનંતીવાર ઉત્પન્ન થઇ એની સામગ્રી ભોગવીને આપણે અહિં આવ્યા છીએ છતાં પણ જો એમાંનો રાગ જરાય ના ઘટે તો આપણી સ્થિતિ કેટલી દયાયુક્ત છે એ ખાસ વિચારવા યોગ્ય છે. સુખની બુધ્ધિથી મનુષ્યગતિ અને દેવગતિ બાંધવાની નથી. સુખની બુધ્ધિવાળાને કદાચ મનુષ્યગતિ કે મનુષ્ય આયુષ્ય બંધાઇ જાય, દેવગતિ કે દેવાયુષ્ય બંધાઇ જાય અને ત્યાં ઉત્પન્ન થાવ તો એ સામગ્રીમાં રાગાદિ પરિણામ પેદા કરીને જન્મ મરણની પરંપરા વધારતો જાય છે. ગુણપ્રાપ્તિથી મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય બંધાય અથવા દેવગતિ કે દેવાયુષ્ય બંધાય તો એનાથી મનુષ્યગતિ કે દેવગતિ પ્રાપ્ત થાય તો એ જીવો ત્યાં રહેલી ભોગની સામગ્રીમાં રાગાદિ પરિણામ વધારવાને બદલે વૈરાગ્યભાવ વધારતો વધારતો જન્મ મરણની પરંપરાનો નાશ કરતો જાય છે. બસ આ લક્ષ રાખીને પુણ્યપ્રકૃતિના ૪૨

ભેદોમાંથી જે ભેદમાં આપણને બંધાતા હોય એ ગુણપ્રાપ્તિના લક્ષ રાખીને એવી રીતે પુણ્યાનુબંધી પુણ્યરૂપે બાંધીએ કે એનો ઉદય ગુણપ્રાપ્તિમાં સહાયભૂત થતાં થતાં સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરવામાં સહાયભૂત થઇને સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરાવે. આ રીતે સૌ પુણ્યતત્વને જાણીને આત્મકલ્યાણ સાધવામાં આગળ વધો એ અભિલાષા.........

## પુણ્યતત્વ સમાપ્ત

## પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી ★ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૫. | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |
| ૨૬. | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭. | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ)★ | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧★ | | ૩૮-૦૦ |
| ૧૩. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨★ | | ૩૮-૦૦ |
| ૧૪. | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ)★ | | ૧૪-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮. | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત★ | | ૩૮-૦૦ |
| ૨૩. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | ------- |
| ૨૪. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | | ------- |

| ક્રમ | પુસ્તક | રૂં. પૈસા |
| --- | --- | --- |
| ૨૫. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧★ | ૪૫-૦૦ |
| ૨૬. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | ------- |
| ૨૭. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | ------- |
| ૨૯. | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | ------- |
| ૩૦. | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧. | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨. | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩. | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | ------- |
| ૩૪. | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ | ------- |
| ૩૫. | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯★ | ------- |
| ૩૬. | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦★ | ------- |
| ૩૭. | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮. | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯. | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦. | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧. | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨. | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩. | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન★ | ૪૦-૦૦ |
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો★ | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |
| ૬૨. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧ | ૪૫-૦૦ |
| ૬૩. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૨ | ૪૦-૦૦ |
| ૬૪. | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી<br>શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૪ પ્રત-૭ | |
| ૬૫. | પ્રવચન પ્રશ્નોત્તરી પુસ્તક-૧ | ૮૦-૦૦ |
| ૬૬. | શ્રી અષ્ટપ્રકારીપૂજાનું વર્ણન (બીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (ત્રીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૮. | છ આવશ્યકના રહસ્યો (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૬૯. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૧ | ૭૫-૦૦ |
| ૭૦. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૨ | ૬૫-૦૦ |
| ૭૧. | શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧ | ૮૦-૦૦ |
| ૭૨. | મિથ્યાત્વ શલ્ય | ૪૫-૦૦ |
| ૭૩. | નવતત્વ ચિંતન ભાગ-૧ (જીવતત્વ-અજીવતત્વ ચિંતન) | ૧૫૦-૦૦ |
| ૭૪. | નવતત્વ ચિંતન ભાગ-૨ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧) | ૮૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૭૫. | નવતત્વ ચિંતન ભાગ-૩ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૨) | ૮૦-૦૦ |
| ૭૬. | નવતત્વ ચિંતન ભાગ-૪ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૩) | ૧૨૦-૦૦ |

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

પદાર્થ દર્શન ટ્રસ્ટ